પાટીદારગાથા

ડૉ. દિવ્યા પટેલ



પાટીદારગાથા

ડૉ. દિવ્યા પટેલ



realpatidar.com

પાટીદારગાથા

ડૉ. દિવ્યા પટેલ

જ્ઞાનમંદિર પ્રકાશન
૧૭૬૦, ગાંધી રોડ, બાલાહનુમાન પાસે, અમદાવાદ ૩૮૦ ૦૦૧

Patidargatha
By Dr. Divya Patel
Pub. by Gnyanmandir Prakashan, Gandhi Road, Ahmedabad 380 001
2013

ISBN 978-93-82614-02-9

પ્રકાશક
કુણાલ મદ્રાસી
જ્ઞાનમંદિર પ્રકાશન
1760, ગાંધીમાર્ગ, બાલાહનુમાન પાસે,
અમદાવાદ 380001

❒

પ્રથમ આવૃત્તિ : 2013

❒

❒

₹ 100-00

❒

મુદ્રક
રાજ પ્રિન્ટર્સ ઍન્ડ બાઈન્ડર્સ
11, પુનાજી એસ્ટેટ, દૂધેશ્વર, અમદાવાદ 380 004



અર્પણ

ગુરૂ બ્રહ્મા, ગુરૂ વિષ્ણુ, ગુરૂ દેવો મહેશ્વરઃ ।
ગુરૂ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરૂવે નમઃ ॥

માનવજીવનમાં પડેલા અજ્ઞાનને દૂર કરી જ્ઞાનરૂપી દીપક પ્રગટાવનાર

ગુરુવર્ય સંત શ્રી તુલશીબાપા

અને

સંતશ્રી શાંતિદાસજી મહારાજને

મારા અજ્ઞાનને દૂર કરી જ્ઞાનરૂપી જ્યોતિના પ્રકાશમાં લઈ જનાર મારા બંને ગુરુજીઓને આ પુસ્તક અંતઃકરણપૂર્વક સાદર અર્પણ કરું છું.

●

ડૉ. દિવ્યા પટેલ

પ્રસ્તાવના

મહાભારતના આદિપર્વમાં એવો ઉલ્લેખ છે કે જગતપિતા બ્રહ્મા દ્વારા જ્યારે કર્તવ્યશક્તિ ઉત્પન્ન થઈ તેનું નામ વૈવશ્વત મનુ હતું. તેણે અથવા બ્રહ્માજીએ વિરાટ પુરુષથી પ્રાણીની સૃષ્ટિનું સર્જન કર્યું. ત્યારબાદ બ્રહ્માજીએ દસ પુત્રોનું સર્જન કર્યું. બ્રહ્માના આ દસ પુત્રોમાં છ ઋષિઓ હતા. આ છ ઋષિઓ પૈકીના એક મરીચિ ઋષિ હતા. તેમનો પુત્ર કશ્યપ હતો અને કશ્યપથી બધી પ્રજા ઉત્પન્ન થઈ હોવાનું મનાય છે. કૂર્મ અને કશ્યપ એક જ શક્તિ અને વ્યક્તિનાં નામ છે.

પ્રોફેસર એમ. વિલિયમકૃત સંસ્કૃત-અંગ્રેજી શબ્દકોશમાં કૂર્મીઓનો અર્થ 'અતિશક્તિમાન પુરુષ' એવો કરાયો છે. વેદોના વિખ્યાત ભાષ્યકાર સાયણે વેદોમાં આપેલ 'તૂવિકૂર્મી'ની વ્યાખ્યા કરતાં લખ્યું છે, કૂર્મી એટલે 'એક એવો પરમવીર પુરુષ જે યુદ્ધમાં દુર્લભથી દુર્લભ વીરોચિત નિપુણતા દર્શાવી શકે.' ઈન્દ્રને વેદો અનુસાર પરમવીર, આદર્શ ક્ષત્રિયના સંપૂર્ણ ગુણસંપન્ન કહેવાયો છે. 'કૂર્મી' એ ઈન્દ્રના પર્યાયવાચી શબ્દ મળવાના ઉલ્લેખો પણ મળે છે.

'કુમ્બ'નો અર્થ થાય છે એક ગૃહસ્થ, પશ્ચિમ ભારતની એક મહાન કૃષકજ્ઞાતિ. જોકે આદિ શબ્દનું સંસ્કૃત રૂપ હોઈ શકે. આ નામ ઉત્તર ભારતમાં કૂર્મી (કૂરમી) રૂપે પણ પ્રચલિત છે. જ્યાં આ જ્ઞાતિનાં લોકો ગંગા નદીના કિનારા વિસ્તારમાં, તેના તટ પ્રદેશમાં તથા દક્ષિણનાં ક્ષેત્રોમાં બહોળી સંખ્યામાં વસેલા છે. આ જ જ્ઞાતિના લોકોને ગુજરાતમાં કણબી-કનબી-કુણબી તથા મહારાષ્ટ્રમાં તથા મધ્યપ્રદેશમાં કુનબી તથા દક્ષિણ ભારતના કુનબીની તુલના મદ્રાસ, તેલુગુ પ્રદેશના નાયડુ, કામ્પૂસ, રેડ્ડી અને અન્યત્ર વિવિધ નામે આ જ્ઞાતિ ઓળખાય છે. પાદરી ડૉ.જહોન વિલિયમના મત અનુસાર કુરમી, કુનબી અને કુમ્બી એક જ જ્ઞાતિનાં રૂપાંતરિત નામ છે. જોકે સંસ્કૃત ધાતુ 'કૂમ' યા 'કુલમી'થી બને છે. જેનો અર્થ થાય છે કૃષિકાર્ય કરનારા નૃવંશશાસ્ત્રી. સર ડબલ્યુ. વિલિયમ કૂકના મતે કૂરમી એટલે એક મહત્ત્વપૂર્ણ કૃષક જાતિ જે બધે જ વસેલી છે. અન્ય કેટલાકના મતે તેની વ્યુત્પત્તિ સંસ્કૃતના 'કૃષિ' શબ્દમાંથી થઈ છે જ્યારે અન્ય કેટલાકના મતે આ શબ્દ 'કૂર્મ'થી ઉત્પન્ન થયેલો છે.

પ્રો.જે.ઑફ હેવિટે પોતાના પુસ્તક 'ધી રૂલિંગ રેસીસ ઑફ પ્રિહિસ્ટોરિક ટાઈમ્સ' નામના અંગ્રેજી પુસ્તકમાં કુરમી, કુમ્બસ, કુદમ્બસ, કુદમ્બવીસ, ભારતની સિંચિત ખેતી કરનારી મહાન જ્ઞાતિઓ હતી જે કુર (કચ્છપ) એટલે કે કૂર્મના સંતાનો છે.

ઇતિહાસ માનવજાતને મળેલી ત્રીજી આંખ છે. ઇતિહાસ માત્ર ભૂતકાળની નોંધ જ નથી કરતો. તેમાં ભૂતકાળ સાર્થક કે અનર્થકાળ હતો તે પણ ઢાંકીને મૂકેલો હોય છે. ઇતિહાસ જીવાતા જીવન સામે અતૂટ સંબંધ ધરાવે છે અને જીવન ભૂતકાળમાં હતું, વર્તમાન છે તે ભવિષ્યમાં હશે જ એ કેવું હશે તેનો આધાર ભૂલી અને વર્તમાન ઇતિહાસને સમજવામાં છે. માણસ ભૂલો કરે છે અને માણસ જ તેને સુધારે છે. 'પાટીદાર જ્ઞાતિ' ભારતના કૂર્મીઓમાં અગ્રગણ્ય જ્ઞાતિમાંની એક છે. તેમાં કચ્છ-કડવા પાટીદાર પોતાની ભાતીગળ સંસ્કૃતિને કારણે કચ્છી પાટીદાર અને સદ્દગુણોથી અલંકૃત છે. એનું હૃદય સાગર જેવું ગંભીર અને વિશાળ છે. અંતઃકરણ ઉદાર અને નિર્મળ છે. મન શુદ્ધ અને સરળ છે, એનામાં વટ અને વિવેક છે. જીવન રસિક અને સંસ્કારી છે. સ્વભાવે સ્વતંત્ર અને અભિમાની છે. એનામાં વીરતા અને સ્થિરતા છે. તે નીડર અને સાહસિક છે, તેનું શરીર પહાડ જેવું છે. એમાં સિંહનું બળ છે અને એ બળનો ઉપયોગ હંમેશા નિર્બળની રક્ષા કરવામાં જ કરે છે. ઇતિહાસના હૃદય સ્થાનમાં સંપૂર્ણપણે માનવી રહ્યો છે. માનવીની વિકાસગાથા ઇતિહાસ છે.

ગુજરાતના ઇતિહાસનું આનુવંશિક પરિપ્રેક્ષ્યમાં પરિશિલન કરવામાં આવે તો સ્પષ્ટ થશે કે ગુજરાતી પ્રજાનો સિંહ ભાગ બહારથી આવીને અત્રે વસી ગયો છે. એ જ રીતે કચ્છના ઇતિહાસનું અધ્યયન કરવાથી પણ મોટાભાગની કચ્છી પ્રજા બહારથી આવીને ત્યાં વસી ગયેલી દેખાય છે. પાટીદારો પણ આ રીતની એક ફરારી જાતિ તરીકે સ્થળાંતર કરતાં-કરતાં પંજાબમાંથી માળવા થઈને ગુજરાતમાં આવ્યા.

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે પંજાબમાંથી માળવા થઈને ઉત્તર ગુજરાતના ઊંઝાની આસપાસના વિસ્તારમાં સ્થાયી થયેલા આ કૂર્મી ક્ષત્રિય જાતિ સમયાંતરે મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં સ્થળાંતર કરી ગઈ. પરંતુ કચ્છી સાધનો પરથી એવી એક સંભાવના ઊભી થાય છે કે ઈસુની ત્રીજી સદીના અંતમાં કૂર્મી ક્ષત્રિયોનું એક જૂથ પંજાબમાંથી સીધું કચ્છમાં આવ્યું હતું.

આ જૂથ કચ્છમાં તળ ગુજરાતની માફક પોતાની ઓળખ કણબી પાટીદાર તરીકે પ્રસ્થાપિત કરવાને બદલે ક્ષત્રિય ખત્રી તરીકે ઓળખાયું. આજે પણ કચ્છના હિંદુ અને મુસ્લિમ ખત્રીઓની અરોરા જેવી પંજાબી શાખો આ બાબતને સમર્થન આપે છે.

તદ્દુપરાંત એક અનુશ્રુતિ મુજબ કચ્છમાં બાજરાનું સર્વપ્રથમ વાવેતર પાટીદારોએ કર્યું હતું. બાજરાનું મૂળ નામ 'શીતળો' હતું અર્થાત્ આ ધાન્ય ઠંડા પ્રદેશમાં થતું અને ઠંડા પ્રદેશની પ્રજાનો ખોરાક હતો. આનો અર્થ એ થાય કે પાટીદારોનો પ્રથમ જથ્થો કચ્છમાં ઉત્તર ગુજરાતના ગરમ પ્રદેશને બદલે ઉત્તર ભારતના પંજાબ જેવા ઠંડા પ્રદેશમાંથી કચ્છમાં આવ્યો હશે. શીતળાને તો કચ્છીઓ પચાવી શક્યા તેથી 'ભા-જયો' અર્થાત્ 'બાજરો' નામ મળ્યું.

ગુજરાતની ભૂમિ ખેત ઉત્પાદન માટે ઘણી સારી છે એવું જણાતાં કણબી ભાઈઓએ જુદે-જુદે સ્થળે વસવાટ કર્યો. તેમાં ખાસ કરીને જે કણબીઓએ કચ્છમાં વસવાટ કર્યો

હતો તે પાછળથી કચ્છ છોડીને ગુજરાતના અનેક જિલ્લાઓમાં ગયા. જે કણબીઓએ કચ્છમાંથી સ્થળાંતર કર્યું તેવા કણબીઓને કચ્છી પટેલ તરીકે ઓળખવામાં આવે છે.

પાટીદારગાથા વિશેનો મારો આ નાનકડો પ્રયત્ન છે. મારો આ નાનો પ્રયત્ન સંશોધકો અને અભ્યાસુઓ માટે ખૂબ ઉપયોગી બની રહેશે. આ પુસ્તક લખવાની પ્રેરણા, માર્ગદર્શન અને લેખનકાર્ય દરમિયાન સદૈવ સહકાર આપનારા એવા મારા પીએચ.ડી.ના માર્ગદર્શક સાહેબ શ્રી ડૉ. લલિતભાઈ એસ. પટેલ તેમજ કૉલેજકાળથી વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને અભ્યાસ માટેની નવી દિશા સૂચવનાર વિદ્યાગુરુ ડૉ.વસંતભાઈ આર. પટેલ સાહેબનો પણ હૃદયપૂર્વક આભાર માનું છું.

વળી, જેમણે જન્મ આપી પાળી-પોષી અને આગળ વધવાની મોકળાશ કરી આપી તેવાં પૂજ્ય મમ્મી-પપ્પા તથા ભાઈ-ભાભી તેમજ મારા ઉપર હંમેશા આશીર્વાદ રહ્યા છે એવા દાદી-દાદા તેમજ મારા સાસુ અને મારા પતિ ડૉ.રાજુ માવાણીનો પણ ખૂબ ખૂબ આભાર માનું છું.

આ સાથે પુસ્તક પ્રકાશિત કરવામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અનેક લોકો સહભાગી થયાં છે તે બદલ તેમનું ઋણ અદા કરું છું. તેમજ આ પુસ્તકનું કામ સુપેરે પૂરું કરવા બદલ જ્ઞાનમંદિર પ્રકાશનના કુણાલભાઈ મદ્રાસીનો તેમજ તેમના પરિવારનો પણ આભાર માનું છું.

– ડૉ. દિવ્યા પટેલ

મુ. કોઠીકંપા
પો. વડાલી, જિ. સાબરકાંઠા

અનુક્રમણિકા

૧

પાટીદાર ઈતિહાસ – કડવા, લેઉવા સૌ રઘુવંશી

પ્રાચીન કાળના પૌરાણિક ગ્રંથો, સ્મૃતિઓ વગેરે ગ્રંથોનો અભ્યાસ કરતાં પ્રાચીન કાળમાં ક્ષત્રિય જાતિઓના ઉલ્લેખો મહદઅંશે 'વંશ' તરીકે જોવા મળે છે. જેવા કે સૂર્યથી સૂર્યવંશી, ચંદ્રથી ચંદ્રવંશી, રઘુથી રઘુવંશી, યદુથી યદુવંશી, નંદથી નંદ, કુરુથી કૌરવ, પાંડુથી પાંડવ, પુરુથી પૌરવ, મૂરથી મૌર્ય, ગુપ્તથી ગુપ્ત, બુદ્ધથી બૌદ્ધ, તે જ રીતે લવથી લેવાવંશ, કુશથી કુશવંશ. જો કે અન્ય મત મુજબ તે લવ-કુશના વિસ્તારના કૂર્મી-કૃષિકાર હતા. પણ કણબીનું હાલ ગોત્ર કશ્યપ દર્શાવાય છે અને તેઓ બ્રહ્માના પુત્ર મરીચિ ઋષિના પુત્ર હોવાનું મનાય છે. જો કે ગોત્ર સ્પષ્ટ ન હોય તેને કશ્યપ ગોત્ર ફાળવવાની પરંપરા છે.

ઈતિહાસ અને પુરાણકથાના તારતમ્ય :

અન્ય સંદર્ભ મુજબ કૂર્મ અવતાર જ મૂળે વિષ્ણુનું સ્વરૂપ મનાય છે અને આ જ કુર્મ (કાચબો) અવતાર એ જ કશ્યપ (કાચબો) એવું પાટીદારોના કેટલાક ઈતિહાસોમાં રજૂઆત થયેલી જોવા મળે છે.

સમુદ્ર-મંથન કરતાં કરતાં ૧૮ રત્નો અને અમૃત મળતાં દેવ અને દાનવો વચ્ચે અમૃતની અને અપ્સરા માટે પડાપડી ચાલી, પણ કણબી પાટીદાર પછી લેઉવા હોય કે કડવા તેની અનેકવિધ દંતકથાનું મંથન કરતાં તારણો દર્શાવવામાં આવે છે. તેમાં એકંદરે યુગપલટાના નિર્દેશનો મળતાં રહે છે. કણબી કૂર્મી હોય તો તેને કૂર્મ અવતારના ઠરાવ્યા છે. પ્રાચીન ગ્રંથો મુજબ તેઓ મહર્ષિ કૂર્મી ઋષિના વંશજો છે. તેમ જ કૂર્મના વંશની ગણના ક્ષત્રિયમાં થયેલ છે.[૧]

આ પછી બીજી દંતકથામાં પૃથુ ભગવાનનાં વંશની સાથે અનુસંધાન કરવામાં આવેલ છે. પૃથુના પિતા વેને પૃથ્વીની કૃષિ સંસ્કૃતિનો નાશ કરેલ, આથી સર્વત્ર વિનાશ થતાં જીવસૃષ્ટિ મરવા લાગી. ઋષિમુનિઓએ આ જંગલી માનવને મારી નાખ્યો પણ તેના વંશની જરૂર પડતાં તેના મૃતદેહમાંથી માનવ નિર્માણ કર્યો તે જંગલી જણાતાં તેને જંગલમાં ભગાડી દીધો અને ત્યાં વનમાં તેના વંશજો ખેતી કરતા થયા તે આદિવાસી ગણાયા. આ પછી ઋષિઓએ બીજો પુરુષ નિર્માણ કર્યો તે પૃથુ. તેણે પૃથ્વી એટલે

ધરતી જે રસાતાળ હતી તેને ધનધાનથી ભરી દીધી. ગોપાલન અને કૃષિસંસ્કૃતિ ફરી ચેતનવંત બની. આથી કૃષિકારો, ખેડૂતો, કૂર્મીઓ, કણબીઓ અને ગોપાલકો પોતાને પૃથુ ભગવાનના વંશજો કહેવડાવે છે. હકીકતે વનેવનમાં આદિવાસી વનસંસ્કૃતિ નિર્માણ કરી અને કૃષિકારોએ મેદાની વિસ્તારોમાં કૃષિ નિર્માણ કરી. અહીં યુગપલટાના નિર્દેશ મળે છે. આ સમયથી જંગલી પ્રણાલીમાંથી કૃષિસંસ્કૃતિ અલગ વિકસવા લાગી.

બીજી એક દંતકથા મુજબ શંકર-પાર્વતી ફરતાં ફરતાં આ વિસ્તારમાંથી પસાર થતાં હતાં. ત્યાં તેમણે જોયું કે ખેતી તેમને આવડતી નથી. કૃષિકારોને ધાન કઈ રીતે પકવવું તે જ્ઞાન ન હતું. પાંખી ખેતી હતી. તેથી કણબી આઘાપાછા થતાં શંકરે ત્રિશૂળની ત્રણ ધારથી ખેતરમાં ચાસ પાડ્યા અને કણબીએ જે દાણા છૂટા નાખવા ટોપલામાં રાખ્યા હતા તે ચાસમાં વ્યવસ્થિત રીતે દાબી દીધા અને તે પછી ચાલ્યા ગયા. કણબી પાછા આવ્યા અને તેમના ખેતરમાં ચાસના લીટા કરનારા માટે અને દાણા તેમાં દાબી દેવા માટે અસહ્ય ગાળો દેવા માંડ્યા. કડવું બોલવા લાગ્યા. જ્યારે કેટલાક કણબી ચૂપ રહ્યા. પણ વરસાદ આવતાં ધાનની સારી ફસલ થઈ અને કણબીઓ ખુશ થયા. કડવું બોલનારા કડવા કહેવાયા અને બાકીના લેઉવા કહેવાયા. મતલબ કે આ કાળથી કણબી ચાસ પાડી ખેતીની સારી ફસલ લેવા માંડ્યો. આજેય ક્યારેક તેમની આખીબોલીનો અનુભવ થતો રહે છે. તે સ્વભાવ પ્રકૃતિગત છે. તેમાં તે દોષિત નથી. પણ કડવાના સ્વભાવ તરફ દંતકથાકારે ભારે પ્રકાશ સફળતાપૂર્વક પાડ્યો ગણાય. આમ કડવાની બોલી કડવી રહી નથી. આખાબોલા ખરા પણ તે જાતિગત લક્ષણને બદલે પ્રાદેશિકતાને અંશ મહદઅંશે જણાય છે.

વળી એક મંતવ્ય મુજબ આ વર્ગ મનુ વૈવસ્વતના સૂર્યવંશી ઈક્ષ્વાકુના રઘુવંશી છે. તેઓ રામના પુત્રો લવકુશના વંશજો છે. તેવું દંતકથામાં દર્શાવવામાં આવે છે. અને તે કાળથી તેઓ કૃષિકાર હોવાનું દર્શાવે છે અને રામના સમયથી કૃષિ સંસ્કૃતિ, ગોપ સંસ્કૃતિ, આસુરી સંસ્કૃતિથી અલગ પડી. આ ઘટના કાળસૂચક છે. લવકુશનાં માતા સીતામા ધરતીપુત્રી ગણાય છે. જનકરાજા હળથી ખેતરમાં ચાસ પાડતા. આમ, જનક જેવા રાજાને પણ કૃષિનું મહત્ત્વ હતું અને જાતે ખેતી કરતા તેવું પ્રતિપાદન થાય છે. વળી સીતાનાં લગ્ન રાજવી સાથે થયાં. તે પણ રાજા રામ જેવા સાથે. રાજાઓ પણ ખેતી કરતા અને રાજવી ખેડૂતની પુત્રી રાજાઓને વરતી હતી. આ ઘટના પણ કાળસૂચક છે. સીતાજીને દુઃખના દહાડાનો પાર ન હતો. તેમણે ગર્ભધારણ કરેલ તેની રામને પણ ખબર ન હતી. પ્રસવ વાલ્મીકિ મુનિના આશ્રમમાં થયો. જોડકાં બાળકો જન્મ્યાં. રઘુવંશી હોવા છતાં નામ વંશ મુજબ પાડવા બાબતે ધર્મસંકટ ઊભું થાય. વળી જન્મ પણ ઘાસમાં થયો. તો દર્ભમાંથી એક દર્ભનું નામ 'કુશ' હતું. અને બીજાનું નામ 'લવ' હતું તેથી લવકુશ નામ પાડ્યાં. આમ તો કુશ એ કડપ (ઘાસ) છે તે કુશ ઉપરથી કડપ (કડવા) કહેવાતા અને લણવાનું કામ કરનારા લવણ યા લણનારાં લેઉવા કહેવાતા. આમ, ખેતીની ઊપજનાં બે કાર્યોનો તેમના નામમાં નિર્દેશ થયેલો

જણાય છે.

વળી લવ અને કુશને પોતાના વંશની ખબર પડવા દેવામાં આવી ન હતી. છતાં રામચરિત્રથી તે વાકેફ હતા. પણ રામ જ તેમના પિતા છે તેની ખબર ન હતી. તેમ જ રાજવંશી ક્ષત્રિય હોવાની પણ ખબર ન હતી. તેમને તેમના કુળની જાણ ન હતી. વંશની ખબર ન હતી. તેથી કોના વંશજ, કોના બીજના છે તે તેમને ખબર ન હતી. તેથી 'કણબી' કહેવાયા. એવાં અનુમાનો પણ રજૂ થતાં આવ્યાં છે. ભલે તે રસપ્રદ હોય વાસ્તવિક રીતે રામબાળ લવકુશ ખેતીવાડીના વાતાવરણમાં પણ ક્ષત્રિય તરીકે ઊછર્યા હતા. કણબી પણ સારા કૃષિકાર હોવાં છતાં ક્ષત્રિય મનાય છે. એટલું તારવી શકાય.

આમ આદિ અનાદિકાળમાં એટલે વેદકાળ પૂર્વેથી આ પ્રજા કૃષિકાર છે અને વેદકાળ પૂર્વે શાક્ત ધર્મ અને શક્તિપૂજા હતી અને શંકર (શિવશક્તિ)ની પૂજા-અર્ચના પૂર્વ વેદકાળથી આવેલી છે. તે મૂળે આદિ પ્રજાના આરાધ્ય દેવ ગણાય છે. જુઓ તેમનાં વસ્ત્રો, વ્યાઘ્રચર્મનું સિંહાસન, હાથમાં ડમરુ તથા ત્રિશૂળ, ગળામાં સર્પની માળા, ખેતીના પ્રતીકરૂપ બળદ પોઠિયો, તેમનું બીજું સ્વરૂપ લિંગ, ગમે ત્યાં જંગલમાં તેમની સ્થાપના જોવા મળે છે. માત્ર બીલીપત્રથી તે ખુશ. આદિ પ્રજા કે પ્રાચીન વિષ્ણુના સ્વરૂપને ધરાતાં સોનાનાં આભૂષણો, વસ્ત્રો, શણગાર સર્જવાની સ્થિતિ ન હતી.

શિવ તે આદિવાસીના મૂળ દેવ હતા. વિષ્ણુપૂજા તો શ્રીમંતોને પોષાય. વળી શક્તિની આરાધના માટે શિવ સર્વથી શ્રેષ્ઠ મનાતા. ભૂત, વળગાડ કાઢવામાં પણ તેમનો માનીતો આરાધ્ય દેવ શિવ વળી પાર્વતી તો મહાશક્તિ મનાયાં. પ્રથમ પત્ની તો આર્યકુળની હતી. જ્યારે શિવ તો અજન્મા આદિવાસી. તેથી આર્યો દ્વારા અનાર્યોની ઉપેક્ષા કેટલી હદ સુધી હતી તે આ ઉપરથી ફલિત થાય છે.

પાર્વતીનાં શંકર સાથેનાં લગ્ન તે આર્યો અનાર્યોના મિલનનું પ્રતીક છે. પણ પ્રથમ પુત્રને પાછળથી સૂંઢ લગાડી તે ગણેશ કહેવાયા. કદરૂપા સ્વરૂપે નિર્માણ થયા છતાં પણ તે પૂજ્ય બન્યા. વિઘ્નહર્તા થયા. આમ કણબીના પૂર્વજો શંકર અને શક્તિના આરાધક હોવાથી આર્યોની પૂર્વે પણ હતા. જો કે આર્યો એ બહારથી આવ્યા જ નથી. જેઓ વર્ણાશ્રમ-વ્યવસ્થા સ્વીકારતા ગયા તેઓ આર્યો કહેવાતા ગયા. કણબી ભલે પામીરથી આવ્યા હોય કે કડપ અને લેવાહથી આવ્યા હોય, ઈતિહાસકારો અને અન્ય સંશોધકો સૌ સૌની રીતે સાચા છે. અહીં તો નૃવંશશાસ્ત્ર અને સમાજશાસ્ત્રની દૃષ્ટિને લક્ષ્યમાં લઈ છણાવટ કરવા પ્રયત્ન કરેલ છે. કોઈની પણ અવહેલના કર્યા સિવાય ઉપરની દૃષ્ટિએ પૂરકતા કરવામાં આવી છે.

અગાઉ જોયું તેમ શંકર-પૂજા અને પાર્વતી-પૂજામાં મૂળ શાક્ત ધર્મના અંશો જળવાયેલા જોવા મળે છે. આ પછી તો મા અંબાભવાની તેમની આદ્ય દેવી મનાતી તે પણ દુર્ગા અને પાર્વતીનું સ્વરૂપ મનાય છે. આ તો શક્તિસાધના માટે જ, પણ કૃષિવિકાસ માટે અન્નપૂર્ણાદેવી તેમની કુળદેવી થઈ. વેપારી દુકાનમાં લક્ષ્મીની આરાધના કરે છે. લક્ષ્મી

માટે, જ્યારે વિદ્યા મંદિરમાં માતા સરસ્વતીની આરાધના થાય છે. અખાડામાં તો હનુમાન જ હોય, જ્યારે અન્ન અને કૃષિ માટે અન્નપૂર્ણા જ હોઈ શકે. લેઉવામાં કૃષિ માટે અન્નપૂર્ણાદેવી તેમની કુળદેવી છે. મનોવિજ્ઞાનની દૃષ્ટિને તો જુદા જુદા હેતુ-ઉદ્દેશ માટે સંકલ્પ-બળ દઢ કરવા યા એકાગ્ર ચિત્તે જે- તે વિષય યા ઉદ્દેશની સિદ્ધિ માટે આ બધું આવશ્યક છે. તેમાંથી માર્ગ મળતો રહે છે. વાસ્તવમાં આ એક બાહ્ય વસ્તુના માધ્યમ દ્વારા એકાગ્રતામાંથી આંતરિક દઢ સંકલ્પશક્તિની ઊર્જા નિર્માણ કરવાની આ એક મનૌવાજ્ઞાનિક પ્રક્રિયા છે.

મા ઉમિયા આદિશક્તિ છે. સૃષ્ટિની રચના થઈ તે પહેલાં માત્ર શિવતત્ત્વ હતું. જેને આપણે ભગવાન શિવ તરીકે પૂજીએ છીએ. આ શિવતત્ત્વને રમણ કરવાની ઇચ્છા થઈ. જેથી તે એકનાં અનેક થયાં. તેમણે ભગવાન વિષ્ણુને પ્રગટ કર્યા. ભગવાન વિષ્ણુની નાભિમાંથી બ્રહ્મા પ્રગટ થયા. શિવે બ્રહ્માને સૃષ્ટિની રચના કરવાનો આદેશ આપ્યો. સૃષ્ટિની રચનામાં શક્તિ આવશ્યક છે. આથી શિવતત્ત્વે સતીને પ્રગટ કર્યાં. આ સતી એ જ મા ઉમા. તે પછી શિવના આદેશથી મૈથુનીસૃષ્ટિ પેદા કરવામાં આવી. તે માટે બ્રહ્માજીએ દક્ષ પ્રજાપતિ અને વિરીણીને ઉત્પન્ન કર્યા. તેમનામાંથી સૃષ્ટિની રચના કરવામાં આવી. તેમણે ઋષિઓ અને કન્યાઓને પ્રગટ કરી. સતીએ દક્ષ પ્રજાપતિને ત્યાં જન્મ લીધો. તેમનાં ભગવાન શિવ સાથે લગ્ન કરવામાં આવ્યાં. શિવ અને પાર્વતી કૈલાસ પર્વત પર નિવાસ કરે છે.

એકવાર રામાવતારના સમયે શિવજી પાર્વતીજીને શ્રી રામચંદ્રજીની કથા કહી રહ્યા હતા. રામચંદ્રજી ભગવાન શિવના ઇષ્ટ છે. રામચંદ્રજી અવતારી પુરુષ હોવાથી માનવી સહજ લીલા કરી રહ્યા છે. સીતાજીના રાવણ દ્વારા હરણને લઈને શ્રી રામચંદ્રજી સીતાના વિરહમાં વિહ્વળ બની ભટકે છે. આ વાતથી પાર્વતીજીને રામ બ્રહ્મ છે - તે વિશે શંકા જાગે છે. આ વાત તેઓ ભગવાન શિવને જણાવે છે. શિવજીની આજ્ઞા લઈ તેઓ રામચંદ્રજી બ્રહ્મ છે કે નહિ — તે અંગે પરીક્ષા કરવા સીતાનો વેશ ધારણ કરી રામચંદ્રજી પાસે જાય છે. રામચંદ્રજી તેમને ઓળખી લઈ ભગવાન શંકર અંગે પૂછે છે. ત્યારે સતીના ભ્રમનું નિરસન થાય છે અને પોતે શરમીંદગી અનુભવે છે. ભગવાન શિવ પાસે આવી તેઓ આ વાત છુપાવે છે, પરંતુ ભગવાન શિવ ધ્યાનથી આ વાત જાણે છે. ત્યારથી મનોમન શિવજી તેમના તરફ વિરાગી બને છે. આ દરમિયાન સર્વ દેવતાઓનાં વિમાનો કૈલાસ પર્વત પરથી જઈ રહ્યાં છે. દક્ષજીએ શિવને અપમાનિત કરવા યજ્ઞ કર્યો છે. દક્ષજીને તેમના જમાઈ ભગવાન શિવ પ્રત્યે તિરસ્કાર પેદા થયેલો છે. આથી તેમણે યજ્ઞમાં શિવ-પાર્વતીને આમંત્રણ આપ્યું નથી. અંતર્યામી શિવ બધી વાત જાણે છે. પાર્વતીજીના દેવોના વિમાન ક્યાં જાય છે તેવી પૃચ્છા કરે છે. શંકર ભગવાન વાત ટાળે છે. સતી આગ્રહ કરે છે ત્યારે શિવજી દક્ષના યજ્ઞ વિશે તેમને જણાવે છે. સતીને પિતાજીના યજ્ઞમાં જવાનું મન થાય છે પણ શિવજી વિના આમંત્રણે ન જવા જણાવે છે. સતી હઠાગ્રહ કરે છે. શિવજી પોતાના ગણોને તેમની સાથે દક્ષજીના

યજ્ઞમાં જવા રજા આપે છે. ત્યાં માત્ર તેમની માતા વિરીણી સિવાય સતીને કોઈ આવકાર આપતું નથી. યજ્ઞમાં સર્વ દેવતાઓ હાજર છે. ભગવાન શિવનો યજ્ઞભાગ રાખવામાં આવ્યો નથી. સીતાને પોતાને આવકાર ન મળવાના અપમાન કરતાં તેમના પતિ ભગવાન શિવનું અપમાન સહન થતું નથી. તેઓ દક્ષજીનાં પુત્રીરૂપી શરીરને યજ્ઞવેદીમાં પડી બાળી નાખે છે. શિવજીએ મોકલેલ ગણો વીરભદ્ર વગેરે યજ્ઞનો વિધ્વંસ કરે છે. ભગવાન શંકર આવે છે. તેઓ પણ કોપાયમાન થાય છે. દક્ષને મારી નાખવામાં આવે છે. આમ સતીનો દક્ષ પ્રજાપતિનો પુત્રી તરીકેનો પ્રથમ અવતાર પૂરો થાય છે.

અત્રે શક્તિપીઠોની ઉત્પત્તિ વિશે ટૂંકમાં જણાવવું યોગ્ય ગણાશે. ભગવાન શિવ યજ્ઞભંગ કરી, યજ્ઞવેદીમાં બળતા સતીના શબને ઉઠાવી લે છે. સતી પ્રત્યેના લગાવને લીધે કોપાયમાન શિવ આખી સૃષ્ટિને ખેદાનમેદાન કરતાં માર્યા માર્યા ફરે છે. સર્વ સૃષ્ટિને, દેવો વગેરે ત્રાહિમામ પોકારે છે. સર્વે વિષ્ણુને શિવના કોપથી સૃષ્ટિને બચાવવા પ્રાર્થના કરે છે. ભગવાન વિષ્ણુ જાણે છે કે જ્યાં સુધી શંકર ભગવાન પાસે સતીનું શબ હશે - ત્યાં સુધી તેમને શાંત કરવા મુશ્કેલ છે. આથી ભગવાન શ્રી વિષ્ણુ પોતાના સુદર્શન ચક્રથી સતીના શબના ટુકડા કરે છે. એ દરેક ટુકડો જ્યાં જ્યાં પડ્યો તે સ્થળ શક્તિપીઠ બન્યું. આ પૃથ્વી પર સતીના શબના કુલ બાવન ટુકડા કરવામાં આવ્યા. જે બાવન શક્તિપીઠો તરીકે આજે પણ પૂજાય છે. ઊંઝામાં બિરાજતાં ઉમા એ સતીનું આદ્યશક્તિરૂપે પૂર્ણ સ્વરૂપ છે, જે પૂર્ણરૂપે શક્તિનું મૂળ આદ્યસ્થાન ગણાય ! શક્તિપીઠે તો માના એક અંગની પૂજા થાય છે, જ્યારે ઊંઝામાં મા ઉમા આદ્યશક્તિરૂપે શક્તિનાં પૂર્ણ સ્વરૂપે બિરાજે છે. બાદ સતીનો બીજો અવતાર હિમાલય અને મૈનાની પુત્રી ઉમા તરીકે થાય છે. તેઓ ભગવાનં શિવને પતિ તરીકે આરાધે છે. કઠિન તપ કરે છે. નારદજી ભવિષ્યવાણી કરે છે કે — તેમને પતિ તરીકે ભગવાન શિવ મળશે. તેમની તપશ્ચર્યા દરમિયાન સાત ઋષિઓ પરીક્ષા કરે છે, તેમાં સતી પાર ઊતરે છે. ઋષિઓના આશીર્વાદ મળે છે.

બીજી બાજુ ભગવાન શિવ દક્ષના યજ્ઞમાં સતી ભસ્મ થઈ જવાથી વિરાગી બની ગયા છે. સૃષ્ટિ પર તાડકાસુરનો ભયંકર આતંક વર્તાય છે. તે દેવોને કનડે છે. ઋષિઓના યજ્ઞો ભંગ કરે છે. તેનો ભગવાન શિવના પુત્રથી જ નાશ થાય તેવું તેને વરદાન છે. આથી સર્વ દેવતાઓ ભગવાન શિવને લગ્ન માટે વિનવે છે અને હિમાલયપુત્રી ઉમા સાથે તેમનાં લગ્ન થાય છે. તેમના પુત્ર કાર્તિકેય દેવોના સેનાપતિ બની તાડકાસુરનો વધ કરે છે.

આમ શિવ-પાર્વતી કૈલાસ પર નિવાસ કરે છે. ભગવાન શિવને અવારનવાર અસુરોના વિનાશ માટે જવાનું બને છે. એક વાર દંડકારણ્યમાં અસુરોનો ત્રાસ વધી ગયો હતો. ઋષિમુનિઓના યજ્ઞોનો તેઓ ભંગ કરે છે. આથી ઋષિમુનિઓ ભગવાન શિવની સ્તુતિ કરે છે. ભગવાન શિવ પ્રસન્ન થાય છે અને પ્રગટ થઈ ઋષિમુનિઓને અસુરોનો નાશ કરવાનું આશ્વાસન આપે છે. ભગવાન શિવ આજે જ્યાં ઊંઝા છે —

તે દંડકારણ્ય (કે જેનો હેડંબાવન એ ભાગ છે — જેમાં પાંડવોના સમયમાં હેડંબા રહેતી હતી અને ભીમની પત્ની બની હતી. આજે તે હેડંબાની મૂર્તિ ઊંઝામાં મોલ્લોતોના ચોરા પાસે છે. સમગ્ર ભારતમાં હેડંબાની મૂર્તિ બીજી કોઈ જગ્યાએ નથી) તે વનપ્રદેશમાં અસુરોના સંહાર માટે આવે છે, સાથે મા ઉમિયાજી પણ હોય છે. ભગવાન શિવ મા ઉમાને સરસ્વતીકિનારે મૂકી અસુરો પાછળ જાય છે. મા ઉમા સરસ્વતીકિનારે રમણીય પ્રદેશથી પ્રફુલ્લિત થાય છે. તેઓ એકલાં હોવાથી સરસ્વતીકિનારે માટીનાં પૂતળાં બનાવે છે. ભગવાન શિવ અસુરોનો સંહાર કરી પરત આવ્યા. તેમને આ સુંદર પૂતળાં બતાવ્યાં. ભગવાન શિવે ઉમિયાના વખાણ કર્યાં. મા ઉમા આથી ભગવાનને આગ્રહ કર્યો કે આ સુંદર પૂતળાંઓને આપ સજીવન કરો. ભગવાને તેમના આગ્રહથી બાવન પૂતળાંને સજીવન બનેલાં. પૂતળાઓએ શિવ-પાર્વતીને નમસ્કાર કર્યા. મા ઉમિયાએ તેમને આશીર્વાદ આપ્યા કે, 'તમો એકવાર વાવશો ને ત્રણવાર લણશો. તમે સુખી, સમૃદ્ધ અને આબાદ બનશો. તમારા કુળનો વિસ્તાર વધશે. તમો સર્વના પોષણકર્તા બનશો અને તમારાં સારાં કાર્યોથી પૃથ્વીલોકમાં નામ અમર કરશો.'[૩] આ બાવન પુરુષો એ કડવા પાટીદારોની બાવન શાખાના આદિપુરુષો બન્યા. મા ઉમાએ તેમને પ્રગટ કર્યા આથી મા ઉમા પાટીદારોની 'કુળદેવી' પ્રસ્થાપિત થયાં. આ સમયે ભગવાન શિવ પણ પ્રસન્ન થયા અને મા ઉમાની ઉમાપુર-ઊંઝા ખાતે સ્થાપના કરી. હાલ ઊંઝા ખાતે ભગવાન શિવે જ મા ઉમાની સ્થાપના કરી છે. આમ કડવા પાટીદારોને મા ઉમિયાએ જ ઉત્પન્ન કર્યા છે.

બીજી પૌરાણિક કથામાં પાટીદારો શ્રી રામચંદ્રજીના પુત્રો લવ અને કુશના વંશજો હોવાનું દર્શાવાય છે. સીતામાતા મા ઉમિયાની પૂજા કરતાં હતાં. સીતાજીને શ્રી રામજીનાં પ્રથમ દર્શન બગીચામાં થયાં હતાં અને તેમણે મા ઉમિયાને શ્રી રામ પતિ તરીકે મળે તેવી પ્રાર્થના કરી હતી. મા ઉમિયાએ તેમને આશીર્વાદ આપી તેમની મનોકામના પૂર્ણ કરી હતી. સીતાજી જ્યારે ધરતીમાં સમાય છે ત્યારે તેઓ લવ-કુશને મા ઉમિયાને સોંપે છે. ત્યારથી લવ-કુશ મા ઉમિયાની પૂજા કરતા હતા. તેમના વંશજો લવના 'લેઉવા' અને કુશના 'કડવા' તરીકે ઓળખાયા. લેઉવાઓએ મા ઉમિયાની પૂજા છોડી દીધી, પરંતુ કડવા પાટીદારોએ છેકથી મા ઉમિયાની પૂજા ચાલુ રાખી. મા ઉમિયાએ હરદમ તેમની મનોકામના પૂરી કરી છે. તેઓ કુલરક્ષક હોવાથી 'કુળદેવી' તરીકે સ્વીકારાયાં છે. કુશવંશ સૂર્યવંશમાં આવે છે. કુશે કુશાવતીનું રાજ્ય સ્થાપ્યું. બાદમાં તેઓ અયોધ્યા આવ્યા. તેમના વંશજોમાં અગ્નિવર્ણ થયા. સ્કંન્દપુરાણમાં સહ્યાદ્રિખંડમાં વર્ણન છે કે, અગ્નિવર્ણના વંશમાં અશ્વપતિ રાજા થયા. તેમણે પુત્રેષ્ટિ યજ્ઞ કર્યો. તે પરિણામે ૧૨ પુત્રો થયા. અનુજ, દેવક, પૃત, ઋતપર્ણ, જય, સુશિભુ, સૌદામ, સુમન્તુ, કૌડિન, મન્ડૂક, કુશિક અને માર્તન્ડ તેમનાથી કુશવંશ ચાલ્યો. કુશવંશથી ઉદ્ભવેલા 'કુર્મી'ઓ છે. આ કુશવંશના કુર્મિ ગુજરાતમાં 'કડવા' નામથી ઓળખાય છે. અને જ્યાં જ્યાં કુશના વંશજો કડવા પાટીદારો ગયા ત્યાં ત્યાં મા ઉમિયાની પૂજા કરતાં આવ્યા છે.

કડવા પાટીદારો રામચંદ્રજી પ્રત્યે વધુ લગાવ ધરાવે છે. જ્યાં જ્યાં કડવા પાટીદાર વર્ચસ્વનાં ગામ છે, ત્યાં ત્યાં રામમંદિર અવશ્ય હોય છે. શ્રીરામચંદ્રજીનાં ગૃહમંદિરો પણ કડવા પાટીદારોમાં જોવા મળે છે. જે કડવા પાટીદારોને કુશના વંશજો છે — તેમ જણાય છે.

વળી સીતાજીના પિતાજી જનક વિદેહી ખેતી કરતા હતા. હળ હાંકતાં જમીનમાંથી તેમને અયોનિજા સીતા મળ્યાં હતાં. પાટીદારોનો મૂળગત વારસામાં મળેલ વ્યવસાય ખેતી જ છે, જે બતાવે છે કે સીતાજી મા ઉમિયાની પૂજા કરતા હતા અને તેમનું વાહન નંદીશ્વર (પોઠિયો) ખેતી માટેનું મુખ્ય પાત્ર છે. જેથી પાટીદારો ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા છે અને સીતાજી તથા લવ-કુશનાં આરાધ્ય દેવી મા ઉમિયાને 'કુળદેવી' તરીકે પૂજતા આવ્યા છે.

આ સિવાય પણ સૂર્યવંશમાં થયેલા કશ્યપઋષિના પુત્રો તરીકે પાટીદારોનું ગોત્ર ગણાય છે. કુર્મિ ઋષિના પુત્રો તરીકે પણ પાટીદારોને ઓળખવામાં આવે છે. વળી, એક માન્યતા એવી પણ છે કે ભગવાનનો કુર્માવતાર થયો હતો. પાટીદારોને તેમના વંશજો પણ ગણવામાં આવે છે.

આ બધી કથાઓથી સાબિત થાય છે કે પાટીદારો ક્ષત્રિયો હતા અને તેમની કુળરક્ષક તરીકે કુળદેવી મા ઉમિયા જ છે.

માનવસંસ્કૃતિની શરૂઆત મધ્ય એશિયાથી થઈ, તેમ દુનિયાના સર્વ ઇતિહાસકારો આ વાતે સંમત છે. મધ્ય એશિયાથી આર્યો ઈરાન-અફઘાનિસ્તાન થઈ હિંદુ કુશના ખૈબરઘાટ જેવા રસ્તે થઈ હિંદુસ્તાનના કાશ્મીર પ્રદેશમાં આવ્યા. ત્યાંથી જીવનસંઘર્ષને લઈને આગળ વધ્યા. સારી જમીન અને પાણીની વ્યવસ્થા મળી ત્યાં વિચરણ કરતાં આગળ વધતા ગયા. પશુપાલન અને ખેતી એ તેમનો વ્યવસાય હતો. આ ટોળીઓ જ્યાં જ્યાં સારી સુવિધા મળી, ત્યાં ત્યાં આગળ વધતી ગઈ. કોઈ ગંગા-જમનાનાં મેદાનો અને કિનારે કિનારે પંજાબથી યુ.પી. બિહાર, નેપાળ સુધી ગયા. કોઈ મ.પ્રદેશ ગયા. ગુજરાતના પાટીદારો પંજાબથી રાજસ્થાનની મરુભૂમિ છોડી જૂની સરસ્વતીના કિનારે કિનારે ગુજરાત આવ્યા. અહીંથી મધ્યપ્રદેશ, યુ.પી. તરફ પણ ગયા અને મહારાષ્ટ્ર, કર્ણાટક અને તમિલનાડુ સુધી ગયા છે. આમ છેક વેદખાળથી આ પ્રજા વિચરણ કરતી રહી છે. પંજાબથી ગુજરાત આવ્યા બાદ આર્યો પાટીદાર બન્યા. જમીનની મોટી 'પાટી' ધારણ કરનાર 'પાટીદાર' કહેવાયા. પછીથી પટેલ થયા. પાટીદારો ખેતીની કુશળતાને લીધે જ્યાં ગયા ત્યાં આગેવાન પ્રજા તરીકે જીવ્યા. ગામમાં જે આગેવાન હોય તેને ગાયકવાડી સરકારે 'પટેલ'નો હોદ્દો આપ્યો. જ્યાં જ્યાં પાટીદાર પ્રભુત્વવાળાં ગામ હતાં તેના આગેવાન 'પટેલ' કહેવાયા. તે રીતે પછી સર્વ પટેલ કહેવાયા. સંઘર્ષમય જીવન વખતે તલવાર ધારણ કરનાર 'ક્ષત્રિય' હતા. ઉત્તર ભારતમાં 'કુર્મિ ક્ષત્રિય' તરીકે ઓળખાતી આ પ્રજા ગુજરાત આવી કુલમી-કુનબી-કણબી તરીકે ઓળખાઈ. આ પ્રજા પંજાબથી ગુજરાત આવી ઠરીઠામ થઈ, પરંતુ ઉત્તર ભારતનાં જે-જે ગામ,

પ્રદેશમાંથી આવ્યા તે નામ ધારણ કર્યાં. જેમ કે, મોલ્લોત માંડલેહથી, રૂસાત રોહિતગઢથી તેમ અવધથી આવ્યા તે અવધિયા, કનૌજથી આવ્યા તે કનોજિયા તરીકે તે પ્રદેશને પોતાની અટકમાં ધારણ કર્યાં.

યુ.પી. અને બિહારની સરહદે માધાવતીના રાજા વ્રજપાલજી મહેત દેશના રાજા ચંદ્રસેન સાથેની લડાઈમાં હાર્યા અને ત્યાંથી પોતાના રસાલા સાથે ગુજરાત બાજુ નીકળ્યા. સાથે સાથે શ્રીસ્થળ (આજનું સિદ્ધપુર)માં માતૃશ્રાદ્ધ કરવાની ઇચ્છાથી સિધ્ધપુર આવ્યા. શ્રાદ્ધવિધિ પૂર્ણ કરી-ઊંઝા આવ્યા. અહીં ગુજરાતમાં વસેલા પોતાના સ્વજાતિ બંધુઓએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું અને અહીં જ રોકાઈ જવા આગ્રહ કર્યો. રાજા વ્રજપાલજીને રાત્રે મા ઉમિયાએ દર્શન આપી અહીં રોકાઈ જવા જણાવ્યું. પરિણામે વ્રજપાલજી પોતાના રસાલા સાથે સ્વજાતિ બંધુઓના આગ્રહથી અહીં રોકાઈ ગયા. આ ખડતલ અને મહેનતુ પ્રજા સંઘર્ષમય જીવન જીવનારી હતી. સાથે સાથે શક્તિપૂજા પણ લઈને આવી હતી. વેદો શાખ પૂરે છે કે મા ઉમિયા ધન-ધાન્યની દેવી છે. આથી આ કૃષિકાર પ્રજા મા ઉમિયાની છેક વેદકાળથી પૂજા કરતી આવી છે. પાંચ હજાર વર્ષોથી એકધારી શક્તિપૂજા કરનારી આ પ્રજાનો ઇતિહાસમાં વિરલ અને બેજોડ દાખલો છે. આજે પણ ઊંઝા આસપાસનાં ગામોમાં 'પલ્લીઓ' ભરાય છે. જે ઇન્દ્રપૂજા છે. રાજા વ્રજાપાલજીએ સંવત ૨૧૨માં ઈ.સ.ની બીજી સદીમાં ૧૫૬ની સાલમાં મા ઉમિયાનું ઊંઝામાં પ્રથમ મંદિર બનાવ્યું અને પ્રથમવાર મા ઉમિયાની પ્રાણપ્રતિષ્ઠા કરી અને મોટો યજ્ઞ પણ કર્યો. તે વખતે ઊંઝા ઉમાપુર તરીકે ઓળખાતું હતું.[૪]

એક અહેવાલ એમ પણ જણાવે છે કે, મા ઉમિયાનું મંદિર પ્રથમ રાજા અવનિપતે બંધાવ્યું. તેણે મોટો યજ્ઞ કર્યો હતો. તે બાદ ત્રણ-ચાર વાર મંદિર બન્યું. આમ મા ઉમિયાનું પ્રાગટ્ય સ્થાન ઊંઝા જ છે.

આર્યો પ્રથમથી જ હિંદમાં વસતા હશે અથવા તો મધ્ય એશિયાના પામિર પ્રદેશમાં ગયા હોય, પરંતુ વેદો જોતાં તેમના મૂળ સ્થળનું નામ ભરતખંડ હોય તેમ માલૂમ પડે છે. તે પરથી એમ માની શકાય કે ભરતખંડની મર્યાદા હાલે જે પંજાબની સરહદ પર સુલેમાન અને હાલા પર્વત તથા હિમાલયથી અંકાય છે, તેને બદલે અફઘાનિસ્તાન તથા ઉત્તરના પામિરવાળા ઉચ્ચપ્રદેશનો ભાગ પણ તેની હદમાંનો હોવો જોઈએ. રામાયણ અને મહાભારતના વખતની ભરતખંડની હદ હાલના હિંદુસ્તાન જેટલી મર્યાદિત ન હતી. પરંતુ ઘણી વિસ્તૃત હતી. ઋગ્વેદના મંત્રો પરથી જણાય છે કે સપ્તસિંધુ એ આર્યોની મૂળ ભૂમિ રહી. ત્યાંથી આર્યીકરણ માટે ઋષિમુનિઓની સૂચનાથી પ્રસરતા રહ્યા. તેના એક ભાગરૂપે આર્યોએ અફઘાનિસ્તાનના પ્રદેશમાં પ્રાચીન કુંભા નદી પર ઘણા કાળ સુધી શાંતિથી વાસ કર્યો છે. આર્યોએ પોતાની ધાર્મિક કાર્યકીર્તિને પશ્ચિમના પંજાબ તરફ ફેલાવી, પણ આ તરફ સપ્તસિંદુને વટાવી ક્રમે ક્રમે મથુરા તરફ આગળ વધવાનું માલૂમ પડે છે. તેમના મૂળ પુરુષ ભગવાન કશ્યપ ઋષિ હોવાનું આપણાં શાસ્ત્રો બતાવે છે. લગ્ન પ્રસંગે પાટીદારોમાં આજે પણ કશ્યપગોત્રનો ઉલ્લેખ કરવામાં

આવે છે. કૂર્મી જાતિ સૂર્ય-વંશીય ગણાય છે.

ભારતીય પરંપરા અનુસાર વેદમંત્રોના શબ્દો પરથી પૃથ્વી પર મોજૂદ સર્વ પ્રકારના પદાર્થો અને તેના ગુણધર્મો તેમ જ કર્મોના ઉપયોગના અનુસંધાને તેમનાં નામકરણ કરાયેલાં જોવા મળે છે.

આવા પુરુષોમાં શ્રેષ્ઠ એવા પુરુખા રાજાને ત્રપુ નામે પુત્ર થયો. તેને આયુ નામનો લઘુ ભ્રાતા હતો. આ ત્રપુ તથા આયુ બંને પુરુષોના વંશની વૃદ્ધિ થયેલી છે, તેમાં આયુના વંશનો વિસ્તાર મહાભારતના વિસ્તારમાં વિશેષ કરી વર્ણવ્યો છે. આ ત્રપુનું વંશનું વિવેચન સ્કંધપુરાણમાં કરેલું છે. આ ત્રપુનું નામ વામ હતું, અને વામનો પુત્ર કુશ થયો. એના વંશની વૃદ્ધિ કરનારા મહાપુરુષોની સ્કંદપુરાણમાં બે શ્લોકોમાં સારી સ્તુતિ કરી છે. તેઓ ધૈર્યવાન અને આ પ્રાકૃત પરાક્રમવાળા લોકોમાં પ્રસિદ્ધ પુરુષાર્થ કરવાવાળા અને દીર્ઘદૃષ્ટિ મહાત્માઓ હતા.

એ રીતે મહાન પ્રભાવશાળી મહાન પુરુષોના કૂર્મ ઋષિના વંશનું સ્કંદપુરાણમાં વિવરણ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે કૂર્મી શબ્દપ્રયોગ કેવી રીતે થયો છે તથા તેનો અર્થ અને મહત્તા શું છે તે વિસ્તારથી આ પ્રમાણે બતાવવામાં આવ્યું છે.

એક મત એવો છે કે તેઓ રામના વંશજો હતા અને લવ ઉપરથી લેઉવા અને કુશ ઉપરથી કડવા અટકો શરૂ થઈ. જગતપિતા બ્રહ્માથી જ્યારે કર્તવ્યશક્તિ ઉત્પન્ન થઈ ત્યારે તેનું નામ વૈવસ્વત મનુ હતું. એવું વર્ણન મહાભારતના આદિપર્વમાં જોવા મળે છે. તેણે અથવા બ્રહ્માજીએ વિરાટ પુરુષથી પ્રાણીસૃષ્ટિનું સર્જન કર્યું તે અગાઉ વનસ્પતિઓ ઉત્પન્ન કરી. અનેક પ્રકારની સૃષ્ટિના સર્જન બાદ બ્રહ્માજીએ દસ પુત્રોનું સર્જન કર્યું. બ્રહ્માના આ દસ પુત્રોમાં છ ઋષિઓ હતા. તેઓ તેમના માનસપુત્રો કહેવાયા. આ ઋષિઓને વેદઋચા સાંભળીને તેનું માનવભાષામાં અર્થઘટન કરવા કહેવાયું. આ ઋષિમુનિઓએ તેમના જ્ઞાનનો લાભ લોકો સુધી પહોંચાડ્યો. આ ઋષિઓ પૈકી મરીચિ હતા. તેમનો પુત્ર કશ્યપ હતો. જેની ઉત્પત્તિ અમૈથુનીય હતી અને કશ્યપથી બધી પ્રજા ઉત્પન્ન થઈ હોવાનું મનાય છે. કૂર્મ અને કશ્યપ એક જ શક્તિ અને વ્યક્તિનાં નામ હોઈ શકે. જુદી જુદી પુરાણકથાઓમાં આ બાબતે થોડા આંશિક ફેરફાર જોવા મળે છે.

કશ્યપે જ બાકીની પ્રજા ઉત્પન્ન કરી. જેમ કે શ્રી આદિશરાયણે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ નિર્માણ કર્યા. તેમાં બ્રહ્માએ ૧૦ માનસપુત્ર નિર્માણ કર્યા તેમાં મરીચિથી કશ્યપ અને કશ્યપનાં અદિતિ પત્નીથી ૧૨ સૂર્ય થયા. તેમાં વૈવસ્વતમુનિ, મનુના સાતમા અવતાર મનાન્તર કહેવાય છે અને સૂર્યવંશના તે આદ્ય પૂર્વજ મનાય છે.

'બ્રાહ્મણો ઉત્પત્તિ માર્તંડ' ના કર્તા શ્રીકૃષ્ણ શર્મા કડવા તથા લેઉવા પાટીદારોના સંબંધમાં તેમની ઉત્પત્તિ લવ-કુશમાંથી બતાવે છે. લવ-કુશ ઊંઝાનાં ઉમિયા માતાનાં દર્શને આવ્યા હતા તેવું તે લખે છે અને તેમણે માતાની પૂજાની વ્યવસ્થા કરી હતી.

લસુન્દ્રાના ભટ્ટ ગોવર્ધનરામે લેઉવા પુરાણ કાવ્યની રચના કરી તેમાં ભીમ કવિનો

આધાર લીધો છે. અયોધ્યાના રાજા રામચંદ્રના પુત્ર લવના વંશજ સભ્ય મહારાજ પછી નરપુરુષ થયા. પછી પુરુંજય નામનો રાજા થયો. પુરુંજયને કોઈ પુત્ર ન હતો. શિવની પૂજા કરી પછી પુરુંજયને બલિ અને ભદ્ર પુત્ર થયા. પછી બલિ રાજા થયો. ભ્રમકવરાજ થયો. બલિને લેહક અને ભદ્રને કૈટક નામનો પુત્ર થયો. લેહકને તેર અને કૈટકને આઠ રાણીઓ હતી. તેર સ્ત્રીથી ૧૨૧ અને ૮ સ્ત્રીથી ૮૦ પુત્રો થયા. આ ૧૨૧ પુત્રોના વંશજો લેહક ઉપરથી એટલે લેઉવા અને ૮૦ પુત્રોના વંશજો કૈટક પરથી કડવા કહેવાયા.

નીચેના કાવ્ય પરથી બીના જાણી શકાય છે.

'ક્ષત્રિયોથી તમે વૈશ્ય થયા છો,
મુનિદુર્વાસા શાપેજી.
જે બગડ્યું તે હવે ન સુધરે,
બળશો નહિ સંતાપે જી.
કૃષિ અને વ્યાપાર મહીં,
તમે ઉત્તમ જશને પામો જી.
સંપ કરીને સુખ વધારો,
વેદના સઘળી વાળો જી.
લેહક પુત્ર સરવ કહાવે,
લેઉવાથી ઓળખાય જી.
કૈટભથી હોય કડવા,
જગમાં જાહિર થાયે જી.'[૫]

ઋગ્વેદ અને અવેસ્તામાં કણબી આર્ય શબ્દના પર્યાયરૂપે મળી આવે છે. ઉત્તરપ્રદેશ, બિહાર, ઓરિસા, મધ્યપ્રદેશ, ગુજરાત, મૈસુર, મહારાષ્ટ્ર વગેરેમાં કૂર્મી, કુનબી, કુળબી, કુટુંબી આ એક જ હોય એમ મનાય છે.

મહારાષ્ટ્રમાં કુળુબી અને કણબી બંને શબ્દો વપરાય છે. બંગાળ, બિહાર, માળવા, ગુજરાત, મહારાષ્ટ્ર અને મદ્રાસ સુધીના જૂના લેખો તે તામ્રપત્રોમાં 'કુટુંબીન' શબ્દ વપરાયેલો મળી આવે છે.

ઈ.સ. પૂર્વે લખાયેલ બુદ્ધ અને જૈન સાહિત્યમાં એક વર્ગ તરીકે કુટુંબી અથવા ગૃહપતિ શબ્દ વપરાય છે. ઈ.સ. પૂર્વે ૬૨૩થી ઈ.સ. પૂર્વે ૫૪૪માં રચાયેલા બુદ્ધ જાતકોમાં કુટુંબીકો ખેતી સાથે વેપાર કરતા હોવાના ઘણા દાખલા છે. ઈ.સ. પૂર્વે ૩૧થી ઈ.સ. ૨૯૭ની પૂર્વે લખાયેલ કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં પણ કુટુંબીન શબ્દનો ઉલ્લેખ છે. મેગેસ્થનીસનાં વૃત્તાંતોમાં બ્રાહ્મણો પછી બીજા નંબરે કણબીઓ એટલે કે કુટુંબીકોને મુકાયા છે. પ્રાકૃત સાહિત્યમાં કુટુંબીય શબ્દ આવેલો છે.

કૂર્મી શબ્દ વેદોમાં વિશેષ ગુણોથી સંપન્ન દેવરાજ ઇંદ્ર માટે પ્રયોજાયો છે. ઇન્દ્રને પરાક્રમી ક્ષત્રિય તથા કુશળ ખેડૂત પણ કહ્યો છે. અને તે પોતાના અનુયાયીઓને બધા

પ્રકારની વિપત્તિઓમાંથી સુરક્ષા આપે છે. તેનાથી તે નિષ્કર્ષ નીકળે છે કે કૂર્મી શબ્દનો પ્રયોગ ઋગ્વેદમાં દેવરાજ ઇન્દ્રને અનેકવાર તુવી કૂર્મી અથવા 'તુવી કૂર્મીન' અને તુવી કૂર્મતમ શબ્દોથી સંબોધિત કરવામાં આવે છે. અહીં તુવી શબ્દ મહાનતાનું સૂચક છે. અને કુર્મી પૃથ્વીને ખેડનાર કર્મશીલ ખેડૂત માટે પ્રયુક્ત થયો છે.

ઋગ્વેદમાં પરિવારને કુટુંબ અથવા કુળ કહ્યું છે. પ્રત્યેક કુળના વડાને કુલુપ અથવા ગૃહપતિ કહેવાતો. તેવાં પ્રકારનાં કુળ ભેગાં થાય તો ગ્રામ બનતું અને ગ્રામનો વડો ગ્રામીણ કહેવાતો. પણ મોટા ભાગનાં ગામોમાં પટેલ અને મુખીના મહત્ત્વનાં પદો પર પાટીદારો હતા.

પાટીદાર અને પટેલ બંને શબ્દો એક જ છે. એવું સામાન્ય રીતે ઘણા લોકો માને છે, પણ આ માન્યતા ખોટી છે. કણબી શબ્દ ઘણા પુરાણા કાળથી ચાલતો આવે છે, તેમ પટેલ શબ્દ પણ એટલો જ જૂનો છે. પટેલ માટે મૂળ સંસ્કૃત શબ્દ પટ્ટલિક છે. ગામના ખેતરોની જમીન અને ઘરથાળની જમીનના જે વેચાણ કે ગીરો દસ્તાવેજ થતાં તેની એક નકલ ગામમાં રહેતી. અને તે નકલ ગામનો જે મુખ્ય માણસ હોય તેની પાસે રહેતી. આ માણસને પટ્ટલિક કહેતા, કારણ કે પટ્ટાઓ (પટ્ટ-વસ્ત્ર) ઉપરના લેખો સાચવવાની જવાબદારી એની હતી. સેંકડો વર્ષથી આ શબ્દ ગામના આગેવાનો માટે વપરાતો આવ્યો છે. અને તે આજે પણ ચાલુ છે.

કણબીઓને વેચાણ કે ગીરો દસ્તાવેજ સાચવવાનું કામ રાજાઓ એટલા માટે સોંપતા હતા કે તેઓ પ્રામાણિક અને ઉદાર હતા. કોઈનું કદી હરામનું પડાવી ન લેવું, બીજાને મદદરૂપ થવાની ભાવના રાખવી, ન્યાયની બાબતમાં સ્પષ્ટ કહેવું — આ બધા જન્મજાત ગુણોથી કસબીઓ તરફ બીજી જ્ઞાતિઓ આકર્ષાઈ હતી તે ગામનો વહીવટ જ્યાં કણબીઓ હોય ત્યાં તેઓને સોંપાતો. આથી પટ્ટલિક ઉપરથી 'પટેલ' શબ્દ આવ્યો.

વીર વિક્રમે હૂણ, શકોને હરાવીને હિંદુસ્તાનની સરહદ બહાર કાઢી મૂક્યા અને અવન્તી (માળવા)નો પ્રદેશ કબજે કર્યો. આ પ્રદેશ ઉજ્જડ હતો. એને ફળદ્રુપ બનાવવા શું કરવું ? છેલ્લે વીર વિક્રમને મનમાં થયું કે કણબીઓને આ વિસ્તારમાં વસાવવામાં આવે તો તેઓ આ વિસ્તારને પોતાની મહેનતથી ફળદ્રુપ બનાવશે. આથી વીર વિક્રમે પંજાબથી કૂર્મી કુટુંબોને માળવામાં તેડાવ્યાં ને તેઓનું સન્માન કર્યું અને અનેક કુટુંબને એક એક ગામ વસાવવા આજ્ઞા કરી. તેથી કૂર્મીઓએ પોતાની યોગ્યતા પ્રમાણે નાનાં મોટાં ગામો વસાવ્યાં. રાજાએ ત્રણસો ગામોના કૂર્મીઓને પટેલના ખિતાબો આપ્યા. સમય જતાં તેમની વસતી વધતી ગઈ અને પોતે પટેલ તરીકે પોતાની અટક લખાવવા લાગ્યા. માળવામાંથી ગુજરાતમાં પટેલો આવ્યા અને ગુજરાતમાં પણ અટક શરૂ થઈ ગઈ.

પાટીદાર શબ્દ હિંદીમાં 'પતિદાર' તરીકે વપરાય છે જે અપભ્રંશ થઈ 'પતીદાર' બન્યો. 'પતિ' અગર 'પાતી' એટલે ગુજરાતમાં 'પાંતી' શબ્દ પણ પ્રચલિત છે. પાટી

એટલે જમીનનો એક ટુકડો પતીદાર શબ્દનો ગુજરાતીમાં 'પાટીદાર' શબ્દ થયો.

આ ઉપરથી સમજી શકાય છે કે પાટીદાર શબ્દ ધંધા ઉપરથી આવ્યો છે ને 'પટેલ' શબ્દ ખિતાબ કે પદવી ઉપરથી આવ્યો છે. સમય જતાં પાટીદાર શબ્દ લખવામાં લાંબો હોવાથી ને પટેલ શબ્દમાં માનસિક રીતે ખુમારી અને શૂરાતનનો ભાવ છુપાયેલો હોવાથી સમગ્ર પાટીદાર કોમે આજે પટેલ શબ્દને અપનાવી લીધો છે.

કૂર્મ શબ્દના અનેક અર્થો થાય છે : પૃથ્વી, રસ, સ્વર્ગ અને પ્રાણ. એટલે કૂર્મી શબ્દનો અર્થ થયો અત્યંત પરાક્રમી, તેજસ્વી, પ્રાણવાન, બળવાન, પૃથ્વીપતિ, ભૂપતિ. આ બધા ગુણો એક ક્ષત્રિયના છે. માટે કૂર્મીવંશી ક્ષત્રિય હોય તે અશક્ય નથી.

મહર્ષિ કૂર્મ કુરમીવંશી તરીકે ઓળખાય છે. સૂર્યવંશી અને ચંદ્રવંશી જેવા મુખ્ય બે વંશોમાંથી ક્ષત્રિયોથી ઉત્પત્તિ માનવામાં આવે છે. આ બંને વંશોના પેટા ભાગમાં બ્રહ્મવંશ, શેષવંશ, યદુવંશ, રઘુવંશ, રામવંશ, લવવંશ, કુરુવંશ, ભરતવંશ વગેરે આવેલા છે. લવવંશના લેઉવા અને કુશવંશના કડવા પાટીદાર ગણાયા.

ઈતિહાસની દષ્ટિએ કણબીઓ લવ, કુશના અથવા તેમના રાજ્યની પ્રજાના વંશજો હોય તો પ્રથમ રામના વંશજો અંગે વિચારવું ઘટે. રામાયણ ઉત્તરકાંડમાં દર્શાવ્યા મુજબ રામચંદ્રજીએ પોતાની હયાતી દરમિયાન જ પોતે ચારે ભાઈઓના આઠ પુત્રો વચ્ચે રાજ્યવિસ્તારો વહેંચી દીધેલ. પોતાના નાના ભાઈ શત્રુઘ્નના જયેષ્ઠ પુત્રને મથુરાનું તથા બીજા પુત્ર શૂરસેનને ચૈદી (ચંદેરી, માલવા)નું રાજ સોંપ્યું.[૬] આ પછી ભારતના જયેષ્ઠ પુત્ર પુષ્કરને પુષ્કરાવતી (પેશાવર) અને તેના બીજા નાના પુત્રને તક્ષનું (તક્ષશિલા)નું રાજ સોંપ્યું.[૭] જ્યારે લક્ષ્મણના જયેષ્ઠ પુત્ર અંગદને અંગદિયા (કે જે હાલ પાકિસ્તાનમાં આવેલ સિંધુ નદીના કાંઠે આવેલ અજોડ શહેર)નું રાજ્ય સોંપ્યું તથા લક્ષ્મણના બીજા પુત્રને ચંદ્રહેતુની ઉત્તરે આવેલ મલ્લ દેશમાં આવેલ ચન્દ્રકાન્તા નામના નગરનું રાજ્ય સોંપેલ.[૮]

તે કાળનો મલ્લદેશ એટલે તેમાં ગોરખપુર, કુશીનગર અને નેપાળના વિસ્તારનો સમાવેશ થતો હતો. જ્યારે ચંદ્રકાન્તા નગરનો વિસ્તાર ગઢવાલ, અંચલ, ચમોલી અથવા હિમાલય પ્રદેશ હોઈ શકે. બીજી માન્યતા મુજબ ચંદ્રકાન્તા એ હાલના કૌશલ પ્રદેશમાં હોઈ શકે.

આમ રાજા સામે ત્રણ ભાઈઓના પુત્રો વચ્ચે સમાન સંપત્તિની વહેંચણી કરેલ. આ પછી બચેલ રાજ્ય ભાગમાંથી કુશાવતી કુશને આપી કે જે આજનું બિહાર કે જે કાળે મગધ દેશ ગણાતો હતો, જ્યારે લવને તો અયોધ્યાની આસપાસનો ભાગ કે જે શ્રાવસ્તી ગણાતો, જે તેને સોંપ્યો.[૯]

લવ અને તેના પિત્રાઈ ભાઈ અંગદ કે જેનું શાસન સપ્તસિંધુમાં હતું. ત્યાં લવપુર (લાહોર) વસાવ્યું હતું. અને કુશે પણ 'કસૂર' વસાવ્યું. તે પણ હાલ પાકિસ્તાનમાં છે. આ ઉપરાંત કુશે સૌરાષ્ટ્રમાં દ્વારકા પાસે કુશસ્થલી પણ વસાવ્યું.[૧૦]

આ વિગતો ભારતના ઈતિહાસમાં પણ ઉપલબ્ધ છે. તેમ જ ઐતિહાસિક સ્થાનાવલી

પાનું, ૮૧૭, ૮૧૮ પર સ્પષ્ટ દર્શાવેલ છે. લાહોરના કિલ્લામાં હાથીદ્વારની અંદર પ્રવેશ કરતાં જ લવના પ્રાચીન મંદિરનાં દર્શન થાય છે. અગાઉ આપણે જોઈ ગયા તે મુજબ પાટીદાર કોમના મંતવ્ય મુજબ રામના પુત્ર લવ અને કુશે પંજાબ બાજુ રાજ્ય વિસ્તારેલું અને લવે જે નગર વસાવેલ તે આજનું લાહોર છે. બીજા મત મુજબ પંજાબમાં સિંધુ ખીણમાં બંધ વિસ્તાર ઉપર લવનું અને કરડ વિસ્તાર ઉપર કુશનું આધિપત્ય હતું અને તે પ્રજા એમને લેવા કહેવડાવતી. ઇતિહાસનાં પાનાં ઉથલાવતાં કુશે વસાવેલ કુશસ્થલીનું સ્થાન તો વિંધ્યાચલ અને નર્મદાની ખીણ પ્રદેશના ઉત્તરના વિસ્તારમાં આવેલ હાલનો બુંદેલખંડનો વિસ્તાર હોય તેમ લાગે છે. અને આજે જ્યાં રામનગર છે તે સ્થળની આસપાસ કુશસ્થલી હોવાનું મનાય છે. પરંતુ કુશે કરડ પ્રદેશ વિસ્તારેલ અને તેની રાજધાની તે આજનું લાહોર છે. એવો પણ મત પ્રવર્તે છે. તો પછી બેટદ્વારકા આગળ કૃષ્ણે કુશસ્થલીના સ્થાન પાસે દ્વારકા વસાવ્યાનો ઉલ્લેખ છે. તો આ કુશસ્થલી કુશાન કોઈ વંસજોએ વસાવેલી કે કેમ તેવા પ્રશ્નો અણઉકલ્યા રહ્યા હતા, પણ કેટલાક ઇતિહાસકારોના મત મુજબ કુશે વસાવેલ કુશસ્થલીને જ દ્વારકા માની હતી. ઇતિહાસોના તે કાળના સંદર્ભો જોતાં સૌરાષ્ટ્ર તો રામાયણ કાળથી સુપ્રસિદ્ધ હતું. રામે પિતૃતર્પણ અર્થે સોમનાથ આવેલ તે કાળે ઉત્તર ગુજરાત વિસ્તાર પણ આનર્ત તરીકે ઓળખાતો અને પ્રજા પણ આનર્તકો તરીકે ઓળખાતી અને આ પ્રદેશની રાજધાની આનર્તપુરી હતી. તેવા સંદર્ભો મળે છે અને હાલ જે વડનગર છે તે જ સ્થળે યા તેની આજુબાજુ આનર્તનગરી હોવાનું મનાય છે. આ આનર્તનગરી અને આનર્તપ્રજા પણ ભરત કુળની મૂળ પ્રજા હતી અને કૃષિકાર પણ આજના કણબીના પૂર્વજો હતા. અન્ય કૃષિકારો તે જંગલોના આદિવાસીઓ ડુંગરોમાં જ વસતા.

કૃષ્ણકાળમાં આ આનર્ત પ્રદેશના રાજાની આણ પૂર્વ ભારતમાં વિંધ્યાચલ અને કૌશળ પ્રદેશ સુધી હતી અને સૌરાષ્ટ્રમાં સમગ્ર વિસ્તાર સુધી પ્રસરેલી હતી. આ દરમિયાન યયાતિના પુત્ર રોહમાન કે જે રેવતના પિતા હતા તેમણે અથવા તેમના પુત્ર કે જે રૈવ અથવા કાકુદમને સૌરાષ્ટ્રમાં હાલ જે બેટદ્વારકા કહે છે ત્યાં કુશસ્થલી નામનું નવું નગર વસાવ્યું અને આનર્તનો વેપાર દરિયાપારના દેશો સુધી વિકસે અને સંબંધો વધે તે તેનો આશય હશે. આ દરમિયાન રૈવત રાજાની પુત્રી રેવતીનાં લગ્ન કૃષ્ણના મોટાભાઈ બલરામ સાથે યોજવામાં આવ્યાં. આમ, બલરામનો સસુરપક્ષ આનર્તના રાજવી રૈવત બનતાં બલરામનો આવરોજાવરો અત્રે વધ્યો અને તેને કુશસ્થલી વિકસાવવા નિશ્ચય કર્યો. તે દરમિયાન કુશસ્થલીમાં રૈવતની ગેરહાજરી દરમિયાન પુણ્યજનક વિનાશ કર્યો. આથી દૂર તે જ સ્થળે નવી કુશસ્થલી વસાવી તથા શ્રીકૃષ્ણે યાદવકુળો અને આહિરકુળો સાથે કુશસ્થલી પાસેની હાલની દ્વારકા નગરીની જાહોજલાલી ખૂબ જ વિકસાવી. દરિયાપારના દેશો સાથેના દ્વાર તરીકે દ્વારકાનગરી વસાવી ત્યાં પોતાની રાજધાની સ્થાપી કૃષ્ણ સ્થાયી થયા.

પરંપરાગત કથા વાર્તા તેમ જ ઐતિહાસિક સંદર્ભો મુજબ તેઓ જો રાજા રામના

પુત્ર લવ અને કુશના વંશજ હોય તો લવ અને કુશ બંને જોડિયા ભાઈ હતા. અને તે અર્થમાં કડવા અને લેઉવા મૂળે બંને એક વંશના એક માતાની કૂખે જન્મેલ એક સમયે જન્મેલા બે નાના ભાઈઓ હોય તો નવાઈ નહિ. કારણ કે આજે કડવા અને લેઉવા કણબીની પરંપરાગત સ્થિતિ જોતાં તેઓ મૂળે એક જ વંશના હોવા બાબતમનું અનુમોદન આપમેળે મળી રહે છે. વળી લવ અને કુશ એ સીતા માતાની કૂખે જન્મેલ પણ લવકુશને ખબર ન હતી કે તેઓ પોતે રાજા રામનાં સંતાનો છે. બીજી તરફ તેઓ રામના પરમ ભક્ત હતા. રામચરિતની વાતો તેમને કંઠસ્થ હતી. આજે પણ કણબીવાસમાં રામજીનું મંદિર અચૂક હોય છે. રામજી મંદિર ઉપરથી જ ગ્રામ વિસ્તારમાં કણબી વાસનો ખ્યાલ આવી જ જાય છે. વળી લવ અને કુશના નામકરણ વિધિ સમયે પણ ગૂંચવાડો હતો. રામને ખબર જ ન હતી કે સીતાનો ત્યાગ કરતી વખતે તે ગર્ભવતી હતાં. આ હકીકત માત્ર વાલ્મીકિઋષિ જ પામી ગયા હતાં. લવ-કુશ કોના વંશજ છે તેની ખબર નહોતી આથી સૂર્યવંશી કે ચંદ્રવંશી કે રઘુવંશીનો ઉલ્લેખ કર્યા વગર જ રાજવંશનાં નામો કઈ રીતે વચગાળામાં પાડવાં તે પ્રશ્ન હતો.

બીજી તરફ સીતા માતા મૂળે તો વૈદેહીના રાજા જનક જ્યારે પુત્રપ્રાપ્તિ માટે યજ્ઞ કરવા માટે (મિથિલા નગરીમાં) જમીન તૈયાર કરતા હતા. તે સમયે ચાસમાંથી સીતાજી બાળકીરૂપે મળેલ. આમ, સીતા માતા ધરતીપુત્રી હતાં. અહીં તેમનાં સંતાનોને તે પ્રસંગની સુસંગતતા જાળવવા લવકુશના જન્મપ્રસંગે નજીકની ધરતીમાં ઊગેલ દર્ભ ખાસ જાતના ઘાસ-કુશના આધારે એકનું નામ વાલ્મીકિ ઋષિએ 'કુશ' અને બીજાનું નામ 'લવ' પાડ્યુ. આમ તે ધરતીપુત્રી જાનકીના સંતાનોને ધરતીમાંથી ઊગેલ દર્ભના નામો ઉપરથી નામકરણ કરવામાં આવેલ. વસ્તુતઃ આમ લવકુશને ધરતીના પુત્ર-કૃષિકાર તરીકે પ્રથમ નવાજ્યા. જો કે કૃષિયુગ તો ક્યારનોય આરંભાઈ ચૂક્યો હતો, પણ તેને સમૃદ્ધ કરવાનાં જ કાર્યો રામના વંશજોને સોંપાયાં. એવો નિર્દેશ ઉપરોક્ત ઘટનામાંથી મળે છે. વળી, અશ્વમેધ યજ્ઞ સમયે આ કૃષિકારોએ લક્ષ્મણને શિકસ્ત આપી. ક્ષતિ કરતાં કૃષિનું સામર્થ્ય વધ્યાના સંકેતો છુપાયેલા છે. ક્ષત્રિધર્મ, કૃષિ (વૈશ્ય) ધર્મ અનિવાર્યપણે સંકળાવા લાગ્યો. કણબીઓ વર્ણાશ્રમ ધર્મ મુજબ વૈશ્ય છે છતાં મૂળે ક્ષત્રિયોમાં જ ગણતા આવ્યા છે.

આમ, આ લવ-કુશનાં માતા ધરતીપુત્રી સીતા માતા હતા. જનક રાજા વિદેહી રાજ્યના રાજવી હતા. તેમના ભાઈની બંને પુત્રીને એટલે સીતાના કાકાની પુત્રીઓ શ્રુતાકીર્તિને તેના દિયર (રામના ભાઈ) શત્રુઘ્ન સાથે અને માધવીને રામના ભાઈ ભરત સાથે પરણાવવામાં આવેલ. આ દ્વારા ક્ષત્રિયો કૃષિકારો પણ થતા રહ્યા અને કૃષિકારો ક્ષત્રિયધર્મમાં પણ પ્રવેશવા લાગ્યા. કૃષિકારો અને ક્ષત્રિયોના ગુણધર્મના તાણાવાળા વણાતા જોવા મળે છે. અને તે પ્રથાના પરંપરાગત વંશજો તે હાલના કૃષિકાર કણબીઓ હોવાના સંકેતો સાંપડે છે.

કૃષિ પરાસારમાં ઉલ્લેખ થયા મુજબ તો વિવિધ ખેતીકાર્યોના અલગ અલગ

વર્ગોના નિર્મામ થતાં ગયેલ, પણ કૃષિકાર તરીકે પરસ્પરના સામાજિક સંબંધમાં એકરૂપ મનાતા. આ બાબતને સમાજશાસ્ત્રની દૃષ્ટિએ વધારે સમર્થન આપી શકાય. અહીં કડપ નામના ઘાસ વાઢનાર કડપ કહેવાયા હશે અને અનાજ લણનારા લેવા, લેઉવા, લેયા વગેરે નામોથી સંબોધાયા હોવાનો સંભવ છે. આજે રામના કાળથી પરિવર્તિત થયેલ ક્ષત્રિય અને કૃષિસંસ્કૃતિના સંયુક્ત ધારકો તે આજના કણબીઓને ગણાવી શકાય. એવા આજે બહુધા મત છે. આજે તેનો મોભો પાટીદારોમાં અને પટેલ તરીકે સતત બદલાઈ પટેલ નામની જાતિ-કોમમાં સ્થિર થઈ રહ્યો છે.

અનેક વિદ્વાનોના મંતવ્ય મુજબ ભરતખંડના અનેકવિધ લોકસમૂહો પછી તે કણબી હોય કે કોળી હોય, તેમાંના સૌ મૂળે ભરતખંડના જ વતની છે. એકાદ બે અપવાદ સિવાય કોઈ ભરતખંડની બહારથી આવેલા નથી. જે કોઈ આવ્યા છે તે પણ મૂળે ભરતખંડમાંથી જ આર્યાકરણ માટે બહાર ગયેલા અને કાળાંતરે પરત આવ્યા જણાય છે.

બાકી બારોટોએ જે વંશાવલી જાળવી રાખેલ છે તે મહદ અંશે સાચી અને સચોટ છે. પણ તેઓએ પૌરાણિક કથાનાં નામાંકિત પાત્રોના વંશજો સાથે જે અનુસંધાનો કરી આપે છે તે તો પોતાના હસ્તકની જે-તે વર્ગની પ્રશંસા માટે અને અન્ય સમૂહોથી ક્યાંય નીચા ન દેખાય તે રીતે તેમનો ઉચ્ચતમ મોભો જાળવવા કરેલ છે અને એ વલણ દાખવવું તેમને માટે અનિવાર્ય હતું. આથી જ લોહાણાને પણ રઘુવંશી પ્રસ્થાપિત કરેલ છે અને કણબીને પણ લવ-કુશના વંશજ પ્રસ્થાપિત કરેલ છે એટલે કે રઘુવંશી દર્શાવ્યા છે.

કચ્છ કડવા પાટીદારોની કુળદેવી ઉમિયા માતાજી, ઊંઝા :

ભાટ વહીવંચાદિ એવી વાતો કરે છે કે પ્રાચીનકાળમાં શંકર ભગવાનને સ્વહસ્તે હાલ જ્યાં ઊંઝા છે ત્યાં પોતાનાં પટરાણી દેવીશ્રી ઉમિયાજીની સ્થાપના કરી હતી અને તેથી તે સ્થાન કેટલાક કાળ સુધી ઉમિયાપુરીના નામથી પિછાનાતું હતું. પરંતુ કાળના વહન સાથે ધીમે ધીમે તે નામનો અપભ્રંશ થયો તેને બદલે ઊંઝા કહેવાવા લાગ્યું. બીજો આધારવાળો એવો ઉલ્લેખ છે કે ઈ.સ. ૧૫૬માં, સંવત ૨૧૨માં દેસાઈ પટેલોના પૂર્વજ વ્રજપાલજી નામના માધાવતીના રાજવી હતા. તેઓ પોતાનું રાજ્ય ગુમાવી બેઠા અને શ્રીસ્થળમાં માતૃગયા કરવા આવ્યા હતા, ત્યાંથી તેમને પાછા ફરતાં પોતાના ઘણા કૂર્મીભાઈઓ મળ્યા. તેમના અતિ આગ્રહથી ત્યાં રહેવાનો ઠરાવ કર્યો અને સઘળાઓને ત્યાં વસાવી શ્રી ઉમિયાજીની સ્થાપના કરી અને તે પરથી શ્રી ઉમાપુર અને ઊંઝા નામ પડ્યું. તે વખતે માતાજીની સ્થાપના થઈ ત્યારે દેવળની શી સ્થિતિ હતી તે વિશે વધારે કાંઈ જાણવામાં આવ્યું નથી. પરંતુ આસપાસ વસતા સઘળા કૂર્મીઓ દેવીશ્રીને કુળદેવી માની ત્યાં વારંવાર યાત્રા, બાધા, પૂજન અર્ચન, નૈવેધ વગેરે કરવા આવતા. તેઓનો પુરોહિત નાગર ગોર દેવીશ્રીની પૂજા કરતો હતો. તેથી જ્ઞાતિબંધુઓનો

તેના પ્રતિ ઘણો પૂજ્યભાવ હતો. તેના દ્વારા વનરાજના સમયમાં પ્રધાન ચાંપરાજે આ લગ્નપદ્ધતિમાં ફેરફાર કરાવ્યો હોય તેવી ગાથાઓ સાંભળીએ છીએ. ત્યારથી લગ્ન નિર્માણ કરવાનું સ્થાન માતાજીનું મંદિર બન્યું અને મહિમામાં વૃદ્ધિ થતી ચાલી. આ પ્રમાણે અણહીલપુરના રાજઅમલમાં એટલે સંવત ૮૦૦ ઈ.સ. ૭૪૬થી ૧૨૯૭ સુધી ગુજરાતમાં મુસલમાની રાજઅમલ થયો, ત્યાં સુધી કણબીઓની ચડતી હતી. એટલે દેવીશ્રીના ધામની પણ પૂર્વ સ્થિતિ ઘણી પ્રશંસનીય હતી. ત્યાર પછીથી દેવસ્થાનો વગેરે માથે વિટંબણાઓ આવી તેમાં આ કુળદેવીનું ધામ પણ જોખમાયું હોય તેમ મનાય છે. પાછળથી તે દેવળ, જ્ઞાતિબંધુઓએ ઈંટ-ચુનાનું બંધાવ્યું હતું તે તેજ સ્થિતિમાં છેક ઈ. ૧૮૪૦-૫૦ સુધી ચાલ્યું. જયારથી ના. અંગ્રેજ સરકારનું રાજ્ય આવ્યું અને દેશમાં લૂંટારા વગેરેનો દોર તદ્દન દફે થઈ ગયો અને સર્વત્ર શાંતિ વ્યાપી રહી. ત્યારથી લોકોનો દેશ-પરદેશ સાથેનો સંબંધ વધતો ગયો, તેમ તેમ યાત્રાદિ પ્રવૃત્તિ વધવા લાગી. આ કુળદેવીની પણ કૂર્મીભાઈઓએ યાત્રાઓ શરૂ કરી. જર્જરિત થઈ ગયેલા દેવળનો જીર્ણોદ્ધાર કરાવવા સહુ યાત્રાળુઓને ઇચ્છા થાય પણ જ્યાં સુધી આગળ પડી કોઈ કરનાર ન મળે ત્યાં સુધી આવાં સાર્વજનિક કોઈ પણ કામ થઈ શકતાં નથી. તેજ પ્રમાણે દેવળને સમરાવવા જ્ઞાતિ-બંધુઓમાં ઊપડેલી તીવ્ર ઇચ્છા ઇ.સ. ૧૮૬૦ સુધી તૃપ્ત થઈ નહિ. તે સમયમાં અમદાવાદના રા.રા. રામચંદ્ર મનસુખરામ નામના જ્ઞાતિ બંધુના હૃદયમાં કુળદેવીએ પ્રેરણા કરી અને જ્ઞાતિ બંધુઓની એક સભા બોલાવી. તેમાં સર્વાનુમતે આખી જ્ઞાતિમાંથી ઉઘરાણું કરવા ઠરાવ થયો. તે પરથી પાટડી, વીરમગામ, અમદાવાદ, વડોદરા, ભરૂચ, સુરત, કડી પ્રાંત, દક્ષિણમાં વરાડ અને ખાનદેશ તથા નિમાડ, કાઠિયાવાડ વગેરે જે-જે ભાગમાં કણબીઓની વસ્તી છે, તે-તે ભાગમાં ઉઘરાણું કરાવ્યું અને માતાજીની કૃપા વડે લગભગ એક લાખ રૂપિયા એકઠા થયા. જે પરથી જ્ઞાતિના સદ્‌ગૃહસ્થોએ મળી પથ્થરનું દેવાલય બાંધવા ઠરાવ કર્યો અને તે કામ માતાજીના પરમભક્ત રા. રામચંદ્ર મનસુખરામ અમદાવાદવાળાને સોપ્યું. (ઈ.સ. ૧૮૬૫)

ઈંટ-ચૂનાના દેવળની જગાએ પથ્થરનું નવું દેવળ, ઈંટ-ચૂનાના ઘૂમટવાળી ચોકીઓ, મંડપ, નીચે ભોંયરું વગેરે તૈયાર થયાં. પરંતુ કેટલુંક કામ અપૂર્ણ રહ્યું હતું. તે ઘણા વખત સુધી તે જ સ્થિતિમાં રહ્યું. રાવબહાદુર બહેચરદાસ લશ્કરી શેઠે તે પૂર્ણ કરી બીજું નવું કામ કરવા પણ ધારણા કરી. આ હેતુને બર લાવવા જ્યારે ગાયકવાડ સર સયાજીરાવ ઈ.સ. ૧૮૮૨માં કડી પ્રાંતમાં પધાર્યા ત્યારે તેમના ખાનગી કારભારી તથા કડી પ્રાંતનાં સૂબા સાહેબ રાવબહાદુર લક્ષ્મણરાવ જગન્નાથ દ્વારા નજીકનું ઉમિયાદેવીનું ધામ જોવાને તથા અપૂર્ણ કામ પૂરું કરવામાં તથા ધર્મશાળા બાંધવામાં યોગ્ય મદદ આપવાને તેઓશ્રીને વિનંતી કરાવી. તે પરથી ના. ગાયકવાડ સરકાર પધાર્યા, પણ ત્યાં કોઈ આગળ પડતો નર ન હોવાથી દ્રવ્યસંબંધી કોઈએ કશી માગણી કરી નહિ, પરંતુ તે સંબંધી સૂબા સાહેબનો રા.બા. બહેચરદાસ પર પત્ર હતો, જેમાં જણાવ્યું હતું કે, 'જો તમે યોગ્ય રકમ એકઠી કરશો તો શ્રીમંત મહારાજા સાહેબ પણ બહોળે

હાથે મદદ કરશે.'[૧૧]

આ પ્રમાણેની સૂચના મળવાથી રા.બ. બહેચરદાસ શેઠે પોતાના ત્યાં તા. ૧૮-૧-૧૮૮૩ના દિવસે માતાજીના અપૂર્ણ દેવળને પૂરું કરવા અને તેને અંગે એક સારી ધર્મશાળા બંધાવવા વિશે વિચાર કરવા, મોટાં મોટાં બાસઠ ગામોના પાટીદારોને પોતાને ત્યાં તેડાવી એક અઠવાડિયા સુધી રાખ્યા, ને યોગ્ય સેવાચાકરી કરી. તે ગામોના લગભગ ચારસો પ્રતિનિધિઓ આવ્યા હતા. તેમને માતાજીના દેવળ વિશે, ધર્મશાળા વિશે તથા સૂબા સાહેબના પત્ર વિશે કામની સમજણ પાડી કે તરત જ સહુએ મળી ત્યાં જ રૂ. ૫૨૮૬ ભરી આપ્યા. ત્યાર બાદ આ કાર્યમાં રૂ. ૧૦૦૧ ના પાટડીના દરબાર શ્રીએ તથા રૂ. ૧૦૦. રા.બ. બહેચરદાસે અને બીજા પરચૂરણ ગામોએ રૂ. ૨૦૦૪ ભરી આપ્યા. એટલે કુલ રૂ. ૯૨૯૧ થયા. આ પ્રમાણે ભરાયેલી રકમ વિશે તથા નેક નામદાર ગાયકવાડ સરકાર તરફથી યોગ્ય મદદ મેળવવા શેઠજીએ કડી પ્રાંતના સૂબા સાહેબ રા.બ. લક્ષ્મણરાવને પત્ર લખ્યો. તા. ૧૪-૧૦-૧૮૮૩ તે ઉપરથી સૂબા સાહેબે હજૂરમાં લખાણ કર્યું. તા. ૪-૧૨-૧૮૮૩ જેના પ્રત્યુત્તરમાં મહારાજા સાહેબે આ કામમાં રૂ. ૧૫૦૦ સિક્કાઈ આપવા. તા. ૨૬-૧૨-૮૩એ હુકમ કર્યો અને શેઠને તે રકમ મળી.

સને ૧૮૮૪ના જાન્યુઆરીની ૨૪મી તારીખે, ઊંઝા સંસ્થાનમાં કેટલાક આગેવાનોની કમિટી મળી અને તેમાં, આખા દેશમાં જ્યાં જ્યાં કડવા કણબીઓ વસતા હોય ત્યાંથી ઘર દીઠ એક એક રૂપિયો ઉઘરાવવા ઠરાવ કર્યો અને વિશ્વાસપાત્ર માણસો રાખી ઉઘરાણું શરૂ કરાવ્યું. બીજી તરફથી તા. ૨૫-૧-૧૮૮૫ના દિવસે શેઠે મકાનો અને ધર્મશાળાનાં કામોનો નમૂનો તથા ખર્ચનો અડસટેલો આંકડો રૂ. ૧૩૦૫૧ વગેરેનાં કાગળિયાં મિટિંગમાં મૂક્યાં. તે સહુને ગમ્યાં; અને તે પ્રમાણે કામ કરાવવા અને નજરમાં આવે તો યોગ્ય સુધારાવધારા સાથે તે કામ પૂરું કરવાની સત્તા આપી. જુદાં જુદાં ગામોનું ઉઘરાણું આવ્યા બાદ સને ૧૮૮૬ના ઓક્ટોબર સુધીમાં કુલ રૂ. ૨૫,૦૬૫ માં રા.રા. રામચંદ્ર મનસુખરામભાઈના હાથથી અપૂર્ણ રહેલું કામ તથા માતાજીના પથ્થરના ભવ્ય અને નકશીદાર દેવાલયને ફરતી ૨૫ ફૂટ જગાની છૂટ રાખી, યાત્રાળુઓનો ઉપયોગ સારુ પથ્થર તથા ચૂનાથી વિશાળ ધર્મશાળા-યાત્રાળુઓના ઉપયોગ સારુ બાંધવાના કામમાં રૂ. ૧૭,૫૩૮ ખર્ચ થયા. તે વિશાળ ધર્મશાળા પૂર્વ પશ્ચિમ ૧૮૫ ફૂટ લાંબી છે તથા ઉત્તરે ૧૬૦ ફૂટ તથા દક્ષિણે ૧૪૮ ફૂટ છે. તેમાં ૬૧ વિભાગ છે, તે ખંડને મહેરાબહાર દરવાજા છે. થાંભલા, કમાનોનાં મથાળાં અને ભોંયતળિયાંની કિનારીમાં સઘળે પથ્થરો વાપર્યા છે અને ધર્મશાળા ઉપર છોબંધ મજબૂત ધાબું બનાવી ચોગરદમ ફરતી અગાસી કરી છે. ધર્મશાળાનાં ચારે ખૂણે ચાર ઘુંમટ છે. તે દૂરથી તેની શોભા અને ભવ્યતામાં ઓર વધારો કરે છે. આ ઘુમ્મટની નીચે સગવડવાળાં બારી અને ઝરૂખાદાર ઓરડાઓ છે, જેમાં કુટુંબો સાથે યાત્રાળુઓ રહી શકે છે. ખંડોમાં તમામ ઠેકાણે ભોયતળિયે ચોરસા જડી લીધેલા છે. ધર્મશાળાની ઘણી બાજુએ અંદર ઓટલો છે, તેના પર લોખંડના

થાંભલા ઊભા કરી જસતનાં પતરાં જડી દીધાં છે, જેથી ચોમાસામાં વાવાઝોડા વેળા અંદર વાછોટ આવી શકે નહિ. પૂર્વ બાજુના પ્રવેશવાના દરવાજે ૨૨ ફૂટ લાંબી અને ૧૧ ફૂટ પહોળી ઓરડી ગવૈયાને રહેવા સારુ કરી છે, તેમ જ દક્ષિણ ભણી પણ ગવૈયા સારુ એક ઓરડી કરી છે. આ વિશાળ ધર્મશાળામાં ત્રણ હજાર યાત્રાળુઓની ખુશીથી સગવડ થઈ શકે તેવી ગોઠવણ છે. આ ધર્મશાળાની ઉત્તર તરફના દરવાજા ઉપર ઘુમ્મટ તથા નકશીદાર ખૂબસૂરત પથ્થરની કમાનો છે. દેવળમાં રંગબેરંગી આરસપહાણની શોભાયમાન ફરસબંધી કરી છે. મંડપની નીચે એક ભોંયરું બનાવ્યું છે અને તેનું તળિયું પણ મજબૂત કર્યું છે. મંડપને પણ ત્રણે તરફ બારીક નકસી કામની કમાનો બનાવી છે. તે જોતાં હિંદુસ્તાનની પ્રાચીન શિલ્પકલાની તારીફ કર્યા વિના કોઈ પણ પ્રેક્ષકને ચાલે તેમ નથી.

માતાજીના દેવળને લગતી ધાબાબંધ મુખ્ય ધર્મશાળા ઉપરાંત બીજી ૧૨૫ ફૂટ લાંબી અને ૧૦૨ ફૂટ પહોળી નાની ધર્મશાળા બાંધવામાં આવી છે, જેમાં રૂ. ૩૪૭૬ ખર્ચવામાં આવ્યા છે. તેમાં પ્રવેશવા ગામ તરફ દ્વાર છે ત્યાં એક લાકડાનો દરવાજો બનાવ્યો છે. પૂર્વ-પશ્ચિમ દિશાએ પડાળીઓ છે તે ઉપરાંત ઉત્તર બાજુ સાત ખંડ છે. ભોંયતળિયાના પાંચ ઓરડાઓ દુકાનો તરીકે વપરાય છે અને બાકીના બે ઓરડાને મેડા તથા ધાબાં છે, તેમાં પૂજારી તથા માતાજીના સંસ્થાનના વહીવટદાર રહે છે. આ ધર્મશાળામાં પણ ૫૦૦ માણસોની સગવડ છે. આ પ્રમાણે ખર્ચ થવા ઉપરાંત રૂ. ૩૨૬૨ માતાજીના દેવળમાં આરસપહાણ માટે તથા રૂ. ૧૫૩૭ નોકરોના પગાર વગેરેના મળી કુલ ખર્ચ રૂ. ૨૫૮૧૨ થયા, જ્યારે કુલ ઊપજ રૂ. ૨૫૦૬૮ થઈ હતી.

ઊંઝાના પટેલ ત્રિકમદાસ બેચરદાસ રૂંસાતે માતાજીના દેવળની નજીકમાં પોતાની જમીનનો એક ટુકડો તે દેવીશ્રીના કમ્પાઉન્ડની બહાર ધર્મશાળા બંધાવવા વિના મૂલ્યે માતાજીના સ્વસ્થાનને અર્પણ કર્યો છે, તે ખાતે તેમને ધન્યવાદ ઘટે છે.

સને ૧૮૮૭માં દેવળ, ધર્મશાળાઓ વગેરે કામ પરિપૂર્ણ થયાં ત્યારે ઉમાદેવીના સંસ્થાનની કમિટીના સભાસદો તેને ખુલ્લાં મૂકવાની ક્રિયા કરવા ના. ગાયકવાડ સરકારને આમંત્રણ કરવા ગયા, તેથી તેમણે પોતાના વતી કડી પ્રાંતના સૂબા સાહેબને તે ક્રિયા કરવા હુકમ કર્યો. આઠ દસ હજાર માણસો એકઠા થયા અને તા. ૬-૨-૧૮૮૭ના દિવસે આ ક્રિયા થઈ. ના. ગાયકવાડ સરકાર તરફથી માતાજીને કીમતી પોશાકની ભેટ ધરી, તથા આવા લોકહિતના કાર્યમાં તન, મન અને ધનથી ભાગ લેવા માટે શેઠ બહેચરદાસને પણ સરકારશ્રી તરફથી શાલ જોટો તથા પાઘડી ભેટ મળી અને કમિટીના મેમ્બરોએ આભાર માન્યો. માતાજીના દેવળ પર શિખર ચડાવવાની ભેટના ઊંઝાના પા. નાગરદાસ ઉગરદાસ તથા કશળદાસ કિશોરદાસે રૂ. ૨૦૦૦ આપ્યા હતા.

દેવળ તથા ધર્મશાળાઓ વગેરેનું કામ થઈ ગયા પછી, આવા એક જબરદસ્ત ધામમાં અથવા આસપાસ મીઠા પાણીની કાંઈ પણ સગવડ ન હોવાથી, યાત્રાળુઓને

ભારે વિટંબણા પડી હતી. તે સવાલ કમિટીએ હાથ પર લીધો અને ચૈત્ર શુદી ૮ સં. ૧૯૪૩ ઈ.સ. ૧૮૮૭ પહેલી એપ્રિલે એક જળાશય બંધાવવા ઠરાવ કર્યો. આ વખતે મોટો મેળો ભરાયેલો હોવાથી, દેશદેશમાંથી જ્ઞાતિના બારથી પંદર હજાર માણસોએ હાજરી આપી હતી. તેમની સમક્ષમાં અને કડી પ્રાંતના સૂબા. રા.બ. રામચંદ્ર ગોપાળરાવ હરી દેશમુખના હાથે, તે જળાશયના પાયામાં, તે જ દિવસે પથ્થર મુકાવી ખાતમુહૂર્ત કર્યું અને આવા એક જળાશય માટે જોઈતા બાહોશ કારીગરો શેઠ બહેચરદાસે પોતાના ત્યાંથી મોકલી કામ શરૂ કરાવ્યું. માનસરોવરમાં પાણી નિર્મળ રાખવા સારુ તેની નજીકમાં જ એક ઊંડો કૂવો કરાવ્યો અને તેના તળીયેથી તે માનસરોવરના મધ્યના કૂવાના તળિયા સુધી નીચે પથ્થરની ગટર બંધાવી બંનેનો સંબંધ જોડી દીધો, કે પાણી અસ્વચ્છ થાય ત્યારે તદ્દન ઉલેચી શકાય. આ કૂવામાંથી માતાજીની વાડીને પાણી પવાય છે. તે જળાશયનું નામ માનસરોવર રાખ્યું. તે ૧૨૦ ફૂટ લાંબું, ૧૨૦ ફૂટ પહોળું અને ૫૬ ફૂટ ઊંડું છે. તેને ચારે બાજુથી ઊતરતા પથ્થરનાં પગથિયાં છે. તે બંધાતું હતું ત્યારે કમિટીને ઘણા માણસો તરફથી અંદર એક શિવાલય બનાવવા સૂચના કરવામાં આવી, તે ઉપરથી એક નાજુક પણ સુંદર શિવાલય બંધાવ્યું. જે ૯ ફૂટ પહોળું તથા ૨૮ ફૂટ ઊંચું છે. માનસરોવર, કૂવો, શિવાલય વગેરેમાં એકંદર બાર હજાર રૂપિયા ખર્ચ થયું હતું. તે તૈયાર થઈ રહ્યું ત્યારે શેઠ બહેચરદાસ સ્વર્ગવાસી થાય હતા, તેથી તેમનો પુત્ર શેઠ શંભુપ્રસાદભાઈએ કમિટીની સલાહ મુજબ ગામેગામ આ પ્રસંગની પત્રિકાઓ મોકલી. સં. ૧૯૫૧ના મહાવદ-૪, બુધવાર તા. ૧૩-૨-૧૮૯૫ના દિવસે યોગ્ય ક્રિયા કરાવી જળાશય ખુલ્લું મુકાવ્યું.

ઉપર પ્રમાણે ઊંઝા માતાના દેવળ અને તેને ફરતાં બાંધકામોની સ્થિતિ છે. પરંતુ સમારકામ કરાવવાનો પ્રસંગ આવી લાગ્યો છે અને અત્યારથી તે કામ હાથ લેવામાં નહિ આવે તો, ભવિષ્યમાં વધારે ખર્ચ કરવાની જરૂર પડશે. અમારા ધારવા પ્રમાણે બેથી ત્રણ હજાર રૂપિયા સમારકામમાં થાય તેવું છે. જે ખર્ચ જ્ઞાતિબંધુઓ માતાજીના સેવકોની સંખ્યાના પ્રમાણમાં નહિ જેવું જ છે. દર વૈશાખ સુદ પૂનમે મેળો ભરાય છે. તે વખત દેશપરદેશના ઘણા બંધુઓ ત્યાં આવે છે. યાત્રાળુ માટે ઊતરવાની સગવડ છે. વાસણ-ગોદડાં માતાજીમાંથી નિયમિત ભાડાની જૂજ રકમ લઈ આપવામાં આવે છે. જે રકમ તેજ કામના ઉપયોગમાં લેવાય છે. માતાજીની પાવડી પૂજા, ભયો, થાળ વગેરે પણ થાય છે. જે માટે જૂજ ભેટ રાખી છે; જેથી તમામ ભાઈઓ તેનો લાભ લઈ શકે. વાગરા તાલુકાના સુત્રેલ ગામના પા. ઈશ્વરદાસ ઝવેરભાઈએ ટ્રસ્ટ કરી પોતાની મિલકતનો મોટો ભાગ માતાજીને અર્પણ કર્યો છે. જેમાં ૧૧૬ વીઘા જમીન અને ૬ ઘર છે. જેની કિંમત આશરે દશ હજારની છે. તેની વાર્ષિક પેદાશ આશરે રૂ. ૪૦૦-૫૦૦ આવી શકે છે. ધન્ય છે આવા ભક્તોને ! બીજી પણ જે મિલકત તેની સ્ત્રી પાસે છે તે તેના મરણ પછી માતાજીમાં મળે તેવો વિલમાં હક્ક કર્યો છે.

માતાજી સંસ્થાનમાંથી સદાવ્રત અપાય છે. પ્રથમ સદાવ્રત શરૂ કરતાં ઊંઝાવાસી

ખેતીવાડીના સંપૂર્ણ જ્ઞાનના સર્ટિફિકેટને માટે અભ્યાસ કરવા ત્યાં જઈ તે શાળામાં દાખલ કરવાનું કબૂલ કરશે. તેનો આ સ્કૉલરશિપ મેળવવામાં સહુથી પહેલો હક્ક ગણાશે અને આ સ્કૉલરશિપ તેને ત્યાં પણ આપવામાં આવશે. તે વિદ્યાર્થીને આ સ્કૉલરશિપ ચાર વર્ષ સુધી અથવા તો તે શાળાની છેલ્લી પરીક્ષા પસાર કરે ત્યાં સુધી આપવામાં આવશે. જો આવો કોઈપણ ઉમેદવાર નહિ હોય તો ગુજરાત કૉલેજમાં છેલ્લી પરીક્ષા સુધી અભ્યાસ કરનાર વિદ્યાર્થીને તે સ્કૉલરશિપ આપવામાં આવશે અને ચાર વર્ષ અથવા ડિગ્રીની (સર્ટિફિકેટની) છેલ્લી પરીક્ષા પસાર કરે, ત્યાં સુધી તે સ્કૉલરશિપ મળશે. નિયમિત હાજરી, સારી વર્તણૂક અને સંતોષકારક વિદ્યાભ્યાસની શરતે ગયા વર્ષની મૅટ્રિક્યુલેશનની પરીક્ષાના પરિણામના પ્રમાણમાં, કડવા અને લેઉવા કણબી જ્ઞાતિના યુવકોને વારાફરતી કોઈ પણ વર્ષના જાન્યુઆરી માસથી આ સ્કૉલરશિપ આપવામાં આવશે.

(ડ) હાઈસ્કૂલો તથા સ્પેશ્યલ સ્કૂલોમાં અપાતી સરકારી સ્કૉલરશિપોના નિયમોમાં સરકારે જે જે શરતો મૂકેલી (દર્શાવેલી) છે તે શરતોથી હાઈસ્કૂલોમાં ભણતા લેઉવા અથવા કડવા જ્ઞાતિના વિદ્યાર્થીઓને ઉત્તર વિભાગના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સાહેબની મારફતે દરેક મહિને રૂ. ૫ ની એવી ચાર સ્કૉલરશિપો આપવામાં આવશે. પાછલા વર્ગોને માટે જે ઉંમર નક્કી થયેલી છે તે ઉપરની હદ ધ્યાનમાં લઈને તે સ્કૉલરશિપો હાઈસ્કૂલમાં તે વિદ્યાર્થી ભણે ત્યાં સુધી આપવામાં આવશે.

(ઇ) મિડલ અને સ્પેશ્યલ સ્કૂલોમાં અપાતી સ્કૉલરશિપોના નિયમોને અનુસાર, મિડલ સ્કૂલોમાં અભ્યાસ કરતા લેઉવા અથવા કડવા કણબી જ્ઞાતિના વિદ્યાર્થીઓને ઉત્તર વિભાગના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સાહેબની મારફતે દર મહિને ત્રણ રૂપિયાની એક એવી ૭ સ્કૉલરશિપો આપવામાં આવશે. ઉંમરની હદ પાછલા વર્ગના વિદ્યાર્થીને માટે નિર્માણ થઈ છે તે સમજવી.

(ફ) (૧) પ્રાથમિક સ્કૂલોમાં વિદ્યાભ્યાસ કરતા કડવા અથવા લેઉવા જ્ઞાતિના વિદ્યાર્થીઓને યોગ્ય ઇનામો આપવા માટે રૂ. ૧૫૦ ઉત્તર વિભાગના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સાહેબની દેખરેખ નીચે ખર્ચવામાં આવશે. ઇનામમાં આપવાની ચોપડીઓ ખેતીવાડીમાં સુધારો થવાના હેતુથી જ પસંદ કરવામાં આવશે.

(૨) દરેક વર્ષે અમદાવાદના ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સાહેબ જોઈતી ચોપડીઓ અને બીજાં ઇનામોની એક ખાસ યાદી બનાવીને મંજૂરી માટે ઉત્તર વિભાગના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સાહેબની તરફ મોકલાશે. આવા ખાસ ઇનામો નિશાળોના ઉપલાં ધોરણોના જ વિદ્યાર્થીઓમાં વહેંચવામાં આવશે અને ચોથા ધોરણથી નીચેના ધોરણમાં વહેંચવામાં આવશે નહિ.

જેમ સમય આગળ વધે છે, તેમ સમાજમાં પણ પરિવર્તન આવતું જાય છે. આજે કડવા પાટીદાર સમાજ દરેક ક્ષેત્રોમાં આગળ વધી રહ્યો છે. માત્ર ખેતી અને પશુપાલન જ જે સમાજનો વ્યવસાય હતો. ધરતી સાથે બાથ ભીડીને જેણે માત્ર કુદરત

પર જ ભરોસો રાખીને પોતાનું જીવન અને આજીવિકા નિભાવી હતી, ફાટેલ-તૂટેલ કપડાં, સાદો ખોરાક, ઈંટ-પથ્થર-માટીની નળિયા ઢાંકેલી સામાન્ય જેની રહેવાની મઢૂલી, લીંપણ, છાણ-માટીનાં ઘર, રાતદિવસ કેવળ મજૂરી કરનાર ધરતીપુત્રો જેમની જીવન પદ્ધતિ કેવળ શ્રમકાર્ય જ રહી હતી. તેવા આ ધરતીપુત્રોએ સમયના પરિવર્તનથી આજે સમાજનું કે આર્થિક ક્ષેત્રનું એવું કોઈ ક્ષેત્ર નહીં હોય કે જ્યાં પોતાનો 'કડવા પટેલ' તરીકેનો પોતાની મહેનતનો પરચો ન બતાવ્યો હોય ! દરેક ક્ષેત્રમાં આજે કડવા પાટીદાર ખેડાણ કરી રહ્યા છે.

ધરતીપુત્ર-ખેડૂત પાટીદારે પોતાના શ્રમજીવીપણાથી આગવી ભાત પાડી છે. 'કણબી પાછળ કરોડ' કે 'પરથમીનો પોઠી'ની સમાજે આપેલી પદવીઓ પાટીદારના ખરબચડા અને મહેનતકશ જીવનની યશકલગીઓ છે. પોતે ભૂખ્યા રહી પોતાની સાથે જીવતા સમાજના દરેક વર્ગને તે પોષણ આપતો આવ્યો છે. કારણ પોતાના વારસાગત જીવન વ્યવસાય 'ખેતી' માટે સુથાર, કુંભાર, લુહાર કે સમાજની દરેક કોમનો સાથ લેવો પડે - બદલામાં તેમને જિવાડવાનું પણ તેના માથે જ રહેતું આવ્યુ છે. જો ઊંડાણથી નિરીક્ષણ કરવામાં આવે તો આની પાછળ રજવાડી ક્ષત્રિયની પ્રજાપાલક વૃત્તિનો અંદાજ દેખાઈ આવે છે. પાટીદારની મૂળભૂત પ્રકૃતિ 'પ્રજાપાલક' તરીકેની ઝાંખી જણાઈ આવે છે. આ પાટીદાર સમાજે છેલ્લા પચીસ જ વર્ષોમાં પોતાની કાયાપલટ કરી છે. આજે ખેડૂત મટી વ્યવસાયી બન્યો છે. અને તેણે ભલભલા વ્યવસાયીઓને પોતાની શ્રમજીવી પદ્ધતિથી હંફાવ્યા છે.

આવા સમાજના ખમીરવંતા માનવીઓ જો પોતાના જ પાછળ રહેતા ભાઈની વહારે ન આવે તો તેના વારસાગત કુળ-સંસ્કાર લાજે ! પાટીદાર કોમના કોઈની પાસે લાંબો હાથ ન કરવાના લોહીના સંસ્કારને લઈને આ કોમના જરૂરતમંદ માનવીઓની સારસંભાળ લેવાની પ્રેરણા શ્રી માતાજી સંસ્થાને આપી છે. આથી જ મા સમાજ-કલ્યાણી દેવી બની છે. માતાજીની પ્રેરણાથી માતાજી સંસ્થાને સામાજિક ઉત્થાન માટે અને સમાજના જરૂરતમંદને આપોઆપ રક્ષણ આપી શકાય તેવા ચિંતન સાથે સમાજ માટે કેટલીક યોજનાઓ અમલમાં મૂકી છે.

માતાજીની કારોબારીએ સામાજિક ક્ષેત્રે પણ નોંધપાત્ર પહેલ કરી છે જે અન્ય સમાજો માટે પ્રેરણારૂપ બનેલ છે. સૌપ્રથમ 'સમૂહલગ્ન'નું આયોજન માતાજી સંસ્થાનમાં યોજવામાં આવ્યું હતું. સને ૧૯૭૮-'૭૯માં એટલે કે સંવત ૨૦૩૫ના વૈશાખ સુદ-૩ ને તા. ૨૯-૪-૭૯ના રોજ ૨૪ યુગલોનાં સમૂહલગ્નો યોજવામાં આવ્યાં.

સમૂહલગ્નનો વિચાર કડવા પાટીદારો માટે કોઈ નવી વાત નથી. કડવા પાટીદાર સમાજમાં ૧૯ મી-૨૦ મી સદીમાં (કે તે પહેલા રાજા અવનિપતના સમયથી 'બંધુકાવિવાહ' દર બાર વર્ષે અને દશ વર્ષે માતાજીમાંથી મુહૂર્ત નક્કી થાય તે રીતે આખા સમાજમાં યોજવામાં આવતાં હતા. આ બંધુકાવિવાહમાં બાળલગ્નો થતાં હોઈ તે પ્રથા સમાજમાં જાગૃતિ આવી તેમ બંધ કરવામાં આવી. આ રીતે સમૂહલગ્નોનો વિચાર એ કડવા

પાટીદારો માટે કોઈ નવો વિચાર નથી.

લગ્નોના વધતા જતાં ખર્ચ અને સામાજિક મહત્તાના ખ્યાલ પાછળ પડેલા સમાજમાં સામાન્ય લોકોનું આર્થિક ધોવાણ અટકાવવા માતાજીએ સમૂહલગ્નો યોજવાની પહેલ કરી છે. જે પ્રથા આજે પણ ચાલુ છે. માતાજીમાં સમૂહલગ્નોનું વર્ષમાં પાંચથી સાત વાર આયોજન કરવામાં આવે છે. તે સિવાય પણ જેને માતાજીમાં લગ્ન કરવાં હોય તે માત્ર રૂ. ૩૦૦૦ બંને પક્ષો દરેક પાસેથી લઈને કરી આપવામાં આવે છે. સમૂહલગ્નમાં જોડાનાર બંને પક્ષો દરેક પાસેથી રૂ. ૧૫૦૦ લેવામાં આવે છે. શ્રી માતાજીમાં લગ્ન કરનાર દરેક કન્યાને 'ચૂંદડી' કે 'પાનેતર' માતાજી તરફથી આપવામાં આવે છે. આ સિવાય પણ જ્યાં જ્યાં કડવા પાટીદાર સમાજનાં સમૂહલગ્નો યોજાય છે. તે દરેક કન્યાને માતાજી તરફથી આશીર્વાદ તરીકે પાનેતર કે ચૂંદડી આપવામાં આવે છે. આમ દર વર્ષે લગભગ પાંચ લાખ રૂપિયાના પાનેતર માતાજીમાંથી આપવામાં આવે છે. આમ શ્રી ઉમિયા માતાજી સંસ્થાનમાં કાયમી લગ્નોત્સવ યોજના ચાલુ જ છે. વળી સાદાઈથી લગ્ન કરનાર માત્ર રૂ. ૫૦૦ ભરીને લગ્ન કરી શકે છે. આમ સમૂહલગ્નોની પ્રવૃત્તિ દ્વારા સમાજનું આર્થિક ધોવાણ અટકાવવામાં આવે છે અને કરોડો રૂપિયાની બચત થાય છે. તે સિવાય રૂ. ૧૦૦ની ભેટ ધરી માતાજી સમક્ષ ફૂલ-હારથી પણ લગ્ન થાય છે.

કડવા પાટીદાર સમાજની વિધવા-ત્યક્તા બહેનોનાં બાળકો આર્થિક કારણોસર ભણી શકતાં ન હોય તેમને ધો. ૧૨ કે તે ઉપર ભણતાં હોય, તેમને દર વર્ષે રૂ. ૧૦૦૦ થી ૨૦૦૦ સુધીની મદદ અપાય છે. તા. ૩૧-૩-૨૦૦૬ સુધીમાં કુલ ૩૧૦૬ બાળકોને રૂ. ૨૩,૨૧,૩૪૯ ચૂકવવામાં આવ્યા છે.

સમયની માંગ છે કે આજે વિદ્યાર્થીને સક્ષમ બનવા માટે ભણવું આવશ્યક છે. સારા અભ્યાસક્રમો માટે ગમે ત્યાં ભણવા જવું પડે ત્યારે રહેવા-જમવાની વ્યવસ્થા ખૂબ આવશ્યક અને જરૂરી બની જાય છે. આવા વિદ્યાર્થીઓ માટે છાત્રાલયોની ખાસ જરૂર રહે છે. આથી માતાજી સંસ્થાને જ્યાં કન્યા કે કુમાર છાત્રાલયો કરવામાં આવે ત્યાં ત્યાં ખર્ચના ૨૫ ટકા અગર રૂપિયા પાંચ લાખ બંનેમાં જે ઓછું હોય તે આપવાનું ઠરાવેલ છે. શરૂમાં માત્ર કન્યા છાત્રાલયોને રૂ. ૨,૫૦,૦૦૦ આપવામાં આવતા હતા. હવે કુમાર-કન્યા બંને છાત્રાલયોને રૂ. ૫,૦૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે. તા. ૩૧-૩-૨૦૦૬ સુધીમાં કુમાર છાત્રાલયોને રૂ. ૧,૨૫,૫૦,૦૦૦ અને કન્યા છાત્રાલયોને કુલ રૂ. ૧,૯૫,૫૫,૦૦૦ની આર્થિક મદદ આપવામાં આવી છે.

આજના મોંઘવારીના યુગમાં દાક્તરી સારવાર ગજા બહારના ખર્ચની બનતી જાય છે. ત્યારે માતાજી સંસ્થાન કોઈ પણ કડવા પાટીદાર સંસ્થા રોગ નિદાન કેમ્પ યોજે તો તેને ૫૦ ટકા મદદ અગર રૂ. ૭૫૦૦ જે ઓછું હોય તે આપવામાં આવતું હતું. હવે તેમને રૂ. ૧૦,૦૦૦ આપવાનું ઠરાવેલ છે. તા. ૩૧-૩-૨૦૦૬ સુધીમાં આ યોજના અન્વયે કુલ રૂ. ૩,૪૫,૪૮૫ આપવામાં આવ્યા છે.

અસહાય, નિરાધાર કે ગરીબ વિધવા-ત્યક્તા બહેનો પોતાની દીકરીઓનાં લગ્ન ન કરી શકે તેમ હોય તેમને માતાજી સંસ્થાન તરફથી લગ્ન કરાવી અપાય છે. સમૂહલગ્નમાં જોડાય તો તેના ખર્ચની રકમ સંસ્થાન આપે છે.

કડવા પાટીદાર સમાજના શાંતિભાઈઓને રહેવા-જમવાની તેમ જ ઉતારાની સગવડ સચવાય તે માટે મુંબઈ, સુરત, વડોદરા, રાજકોટ, ભુજ, ઇન્દોર, ગાંધીનગર તથા દિલ્હીમાં કડવા પાટીદાર સમાજની સગવડ માટે પથિકાશ્રમ બાંધવા માટે જે કડવા પાટીદાર સમાજ આગળ આવે તેને ખર્ચના ૨૫ ટકા અને વધુમાં વધુ ૫ લાખની મદદ આપવામાં આવે છે, આ યોજના અન્વયે વડોદરા અને સુરતમાં દશ લાખ રૂપિયાની મદદ કરવામાં આવી છે.

કડવા પાટીદાર સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓએ ધો.૧૦, ધો.૧૨ કે બોર્ડ લેવલની કે યુનિવર્સિટી લેવલની ફાઈનલ પરીક્ષાઓમાં સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ પ્રથમ નંબર મેળવેલ હોય, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કે રમત-ગમતક્ષેત્રે આંતરરાષ્ટ્રિય કક્ષાએ ૧થી ૩ નંબર મેળવનાર U.P.S.C. પરીક્ષાઓમાં પાસ થનાર G.P.S.C.માં પ્રથમ નંબર મેળવનાર કોઈ પણ ક્ષેત્રે વિશિષ્ટ લાયકાત મેળવનાર કે રાષ્ટ્રપતિ એવોર્ડ મેળવનાર હોય તેમને પ્રોત્સાહિત કરવા 'શ્રી ઉમિયાચંદ્રક'થી બહુમાન કરવામાં આવે છે. આઈ.એ.એસ.ની પદવી મેળવનાર કડવા પાટીદારને પણ ઉમિયાચંદ્રકથી નવાજવામાં આવે છે. આ તેજસ્વી ધન સમાજનું ગૌરવ છે. આ ચંદ્રક દર પાંચ વર્ષે આપવામાં આવે છે. તા. ૩૧-૧૨-૨૦૦૧ સુધીમાં કુલ ૨૩૭ તેજસ્વી વિદ્યાર્થીઓને ઉમિયાચંદ્રક એનાયત કરવામાં આવ્યા છે.

કડવા પાટીદાર સમાજની એવી કેટલીયે પ્રતિભાઓ છે કે જેમણે જુદાં જુદાં ક્ષેત્રોમાં વિશિષ્ટ પ્રદાન કરી નામનાઓ મેળવી હોય છે. ખેતી, ઔદ્યોગિક કે અન્યક્ષેત્રે નોંધપાત્ર વિશિષ્ટ કામગીરી બજાવી હોય તેવી વિશિષ્ટ પ્રતિભાશાળી વ્યક્તિઓને પણ માતાજી તરફથી બહુમાન કરી સન્માનવામાં આવે છે.

કડવા પાટીદાર સમાજની બહેનોને આદર્શ ગૃહિણી તરીકેની તાલીમ આપી શકાય તે માટે યોજાતી ગૃહિણી તાલીમ શિબિરોને ખર્ચના ૫૦ ટકા અગર રૂ. ૧૨,૫૦૦ અને માતાજી તરફથી વાહનની સગવડ આપવામાં આવે છે. જો વાહનની સગવડ ન લે, તો તેને રૂ. ૧૫,૦૦૦ ની મદદ અપાય છે. હવે સમયનાં પરિવર્તન સાથે કુમાર શિબિરો યોજવાની શરૂઆત થઈ છે. આ માટે પણ એ જ ધોરણે સહાય આપવામાં આવે છે. તા. ૩૧-૩-૨૦૦૬ સુધીમાં આ યોજનામાં રૂ. ૮,૪૫,૬૭૧ની મદદ આપવામાં આવી છે.

કડવા પાટીદાર જ્ઞાતિ અત્યંત ગરીબાઈમાં જીવીને આગળ આવેલી કોમ છે. આથી કેળવણીના અભાવને લીધે આ જ્ઞાતિનો કડીબદ્ધ કોઈ ઇતિહાસ તૈયાર નથી. જો કોઈ પણ વ્યક્તિ આ માટે સંશોધન કરી ઇતિહાસ તૈયાર કરે તેને આર્થિક સહાય અને પ્રોત્સાહન આપવાનું ઠરાવેલ છે. આવા મહાનિબંધો માટે પણ પ્રોત્સાહક સહાય

આપવા ઠરાવેલ છે. 'કૂર્મિક્ષત્રિય ઉત્પત્તિ અને ઇતિહાસ' નામના શ્રી પુરુષોત્તમદાસ લલ્લુભાઈ પરીખના કડવા પાટીદાર સમાજના ઇતિહાસલક્ષી પુસ્તક પછી ડૉ. મંગુભાઈ પટેલ તથા ડૉ. અમૃત પટેલે પણ આ માટે ખૂબ જહેમત ઉઠાવી ઘણું સાહિત્ય તૈયાર કર્યું છે. પુસ્તકો પણ પ્રગટ થયાં છે. હજી બીજી-ત્રીજી સદીથી ઓગણીસમી સદી દરમિયાનનો કડીબંધ ઇતિહાસ તૈયાર થયો નથી. જેનું સંશોધન થવું જોઈએ તે માટે પણ માતાજી સંસ્થાન મદદ કરવા તૈયાર છે.

આ સમાજનાં વિકલાંગ ભાઈ-બહેનોના લગ્નમેળા યોજવામાં આવે છે અને નક્કી થનાર જોડાઓને લગ્ન પણ વિના મૂલ્યે કરી આપવામાં આવે છે. આવા મૂરઝાયેલાં જીવનોને નવપલ્લવિત કરવાનું કામ પણ આ સંસ્થાન કરે છે.

સમાજની ગરીબ અને આર્થિક રીતે પછાત એવી વિધવા-ત્યક્તા કે નિરાધાર બહેનોને ખાતરી કરી દર માસે આર્થિક સહાય પેન્શનરૂપે આપવામાં આવે છે. જે તેમના જીવનનિર્વાહમાં મદદરૂપ થાય છે. આ યોજના અન્વયે તા. ૩૧-૩-૨૦૦૬ સુધીમાં કુલ ૨૫૬૯ બહેનોને કુલ રૂ. ૨,૭૧,૯૦,૩૭૮ ની સહાય આપવામાં આવી છે.

સમાજની કોઈ કમાનાર વ્યક્તિને અકસ્માત થતાં અપંગતા આવી જાય અગર કમાનાર વ્યક્તિ અસાધ્ય રોગમાં પટકાય અને કોઈ કમાનાર ન હોય, તેવાં કુટુંબોને દર ત્રણ માસે આર્થિક સહાય આપવામાં આવે છે.

કડવા પાટીદાર સમાજ ખેતી આધારિત હોઈ કોઈ પણ ખેતમજૂર મોભીનું ખેતીકામ દરમિયાન પડવા-વાગવાથી કે ઝેરી જાનવર કરડવાથી કે બીજી કોઈ રીતે અકસ્માત અવસાન થાય તો તેના કુટુંબને તરત જ માતાજી સંસ્થાન તરફથી રૂ. ૨૧,૦૦૦ ની આર્થિક સહાય આપવામાં આવે છે. તા. ૩૧-૩-૨૦૦૬ સુધીમાં કુલ ૬૯ વ્યક્તિઓને રૂ. ૧૪,૨૯,૦૦૦ સહાય પેટે ચૂકવાયા છે.

સમાજના કોઈ કુટુંબમાં મંદબુદ્ધિ કે ગાંડપણ અથવા માનસિક ખામીને લીધે કે ગમે તે કુદરતી કારણસર પરાધીન વ્યક્તિ હોય અને તેવી વ્યક્તિની સાર-સંભાળ રાખવા સમર્થ ન હોય કે જે કુટુંબને ભારરૂપ હોય, તેવા કટુંબને દર છ માસે આર્થિક સહાય આપવાની જોગવાઈ છે.

આગ, પૂર, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ કે વાવાઝોડા જેવી કુદરતી હોનારતનો સમાજનાં કુટુંબો ભોગ બન્યાં હોય, તેમને વગર વ્યાજની લોન આપવામાં આવે છે. કુદરત આગળ માણસ લાચાર બને છે, ત્યારે આ સંસ્થાન તેને સહાય કરી હૂંફ આપે છે. સૌરાષ્ટ્રમાં શાપુર-વંથલીને રેલસંકટ વખતે, મહેસાણા જિલ્લામાં અતિવૃષ્ટિ વખતે, તેમ જ કચ્છમાં આવેલા વાવાઝોડા વખતે રૂ. ૧૭ લાખ જેટલી લોનની સહાય કરેલ છે. કચ્છ સૌરાષ્ટ્રનાં ભૂકંપના અસરગ્રસ્તોને રૂ. ૧,૦૦,૦૦,૦૦૦ ની સહાય કરી છે. સૌરાષ્ટ્રને ૬૫ લાખ અને કચ્છને ૩૫ લાખની સહાય કરી છે. સુરત રેલસંકટ વખતે પણ રૂબરૂ પહોંચી જીવનજરૂરી ચીજોની કીટ વહેંચી છે.

સમાજનાં વિકલાંગ ભાઈ-બહેનોને સ્વમાનભેર જીવવામાં મદદરૂપ થવા માટે માતાજી સંસ્થાન તરફથી ટ્રાઈસિકલ આપવામાં આવે છે. (અન્ય કોમોને પણ ટ્રાઈસિકલ આપવામાં આવેલ છે.) આ સમાજની કોઈપણ વ્યક્તિ ઘોડીથી ચાલે તે માતાજીને મંજૂર નથી. આવી વ્યક્તિ સાદા કાગળ પર અરજી કરી સાથે ૬૦ ટકા અપંગતાનું માન્ય ડૉક્ટરનું સર્ટિફિકેટ રજૂ કરેથી ટ્રાઈસિકલ મેળવી શકે છે. તા. ૩૧-૩-૨૦૦૬ સુધીમાં કુલ ૭૯૧ વિકલાંગ વ્યક્તિઓને રૂ. ૧૭,૩૬,૨૨૨ની ટ્રાઈસિકલોની વહેંચણી કરવામાં આવી છે.

માણસ જીવવા માટે સંઘર્ષ કરતો હોય છે. છતાં એવા અસાધ્ય રોગો થાય છે કે જેથી સતત મૃયુ સાથે જાણે બાથ ભીડવાની હોય છે. જિંદગી તો ભયમાં હોય છે, સાથે સાથે તેનું કુટુંબ પણ સારવારમાં આર્થિક રીતે ખુવાર થતું હોય છે. કેન્સર, હૃદયના વાલ્વ બદલવાની તકલીફ, કિડની ટ્રાન્સપ્લાન્ટ કે બાયપાસ સર્જરી – આ ચાર રોગ સામાન્ય રીતે અસાધ્ય રોગ છે. તેમાં સપડાયેલ માણસની સ્થિતિ દયનીય હોય છે. તેનું કુટુંબ પણ અસહાયતા અનુભવે છે. આવા રોગમાં પીડાતી કડવા પાટીદાર કોઈ પણ વ્યક્તિને શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઉચ્ચક મદદ આપે છે. તા. ૩૧-૩-૨૦૦૬ સુધીમાં કુલ ૭૫૭ વ્યક્તિઓને રૂ. ૩૪,૨૩,૯૮૮ની મદદ કરવામાં આવેલ છે.

સમાજમાં મિલકતોના ઝઘડા, લગ્નવિચ્છેદ વિષયક ઝઘડા, સામાજિક તેમ જ અન્ય વિખવાદો ઉકેલવા ઊંઝાની સિવિલ કોર્ટના નિયંત્રણ હેઠળ, આ સંસ્થાન કાયમી સમાધાન પંચની કાર્યવાહી પણ કરે છે. આ સમાધાન પંચ મારફતે પ્રશ્નોનો સહાનુભૂતિપૂર્વક અને ઝડપી ન્યાયયુક્ત ઉકેલ આવે છે.

આ સંસ્થાને કડવા પાટીદાર સમાજની દરેક વ્યક્તિને અકસ્માત વીમાનું આરક્ષણ આપવાનું નક્કી કરેલું. આ યોજના હેઠળ કોઈ પણ કડવા પાટીદાર રૂ. ૧૨૦ના ગુણાંકથી રૂ. ૬૦૦ સુધીની રકમ માત્ર એક જ વાર ભરેથી પાંચ વર્ષથી ૭૦ વર્ષ સુધીની વ્યક્તિ વીમાનું આરક્ષણ મેળવી શકે. એટલે કે પાંચ વર્ષથી ગમે તે ઉંમરે લીધેલ વીમો ૭૦ વર્ષ પૂરાં કરે ત્યાં સુધી વ્યક્તિને વીમાનું આરક્ષણ મળે રૂ. ૧૨૦ સામે રૂ. ૨૦,૦૦૦ નો અકસ્માત વીમો અને તેનાં ગુણાંકમાં રૂ. ૬૦૦ સામે રૂ. ૧,૦૦,૦૦૦ સુધી આ વીમાનું આરક્ષણ મેળવી શકાતું હતું. આ યોજના હવે તા.૩૦-૬-૨૦૦૧થી બંધ કરવામાં આવી છે. આ તારીખ સુધીમાં કુલ ૨,૧૬,૩૬૩ વીમાદારોએ વીમો લીધો. આ યોજના નીચે તા. ૩૧-૩-૨૦૦૬ સુધીમાં કુલ ૩૫૮ વીમેદારોને કુલ રૂ. ૧,૮૮,૮૦,૦૦૦ ના ક્લેઈમ ચૂકવાયા છે. અત્યાર સુધીના વીમાધારકો માટે વીમા આરક્ષણ ચાલુ રહે છે.

ભારતભરમાં છેક અંગ્રેજોના સમયથી ઉચ્ચકક્ષાનું વહીવટી માળખું ચલાવવા માટે આઈ.એ.એસ. પાસ કરેલ ઉચ્ચ બુદ્ધિમત્તા ધરાવતા અધિકારીઓની સ્પેશ્યિલ કેડર કામ કરતી હતી. આઝાદી બાદ પણ એ જ પદ્ધતિ ચાલુ રાખેલ છે. ભારતભરમાં અને ગુજરાતમાં પણ સરકારી વહીવટના ક્ષેત્રમાં આવા ઉચ્ચ હોદ્દાઓ માટે ઉચ્ચ કક્ષાના

પ્રતિભાવંત અને ઉચ્ચ બુદ્ધિમત્તા ધરાવતા કાર્યદક્ષ અધિકારીઓની કેડર જ કામ કરે છે. આવા અધિકારીઓએ આઈ.એ.એસ.ની ભારત સરકારના યુ.પી.એસ.સી. દ્વારા લેવાતી પરીક્ષા પાસ કરવી આવશ્યક છે. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાએ વિચાર્યું કે ખાસ કરીને ગુજરાતના સરકારી વહીવટમાં તો આ સમાજનો હિસ્સો હોવો જોઈએ. આ વિકાસશીલ સમાજનું સ્વપ્ન બને છે અને એ સ્વપ્નને સાકાર કરવાના પરિણામે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા તરફથી આ વિચારને મૂર્ત સ્વરૂપ આપવા શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાએ કોઈ યોગ્ય વ્યક્તિ આ કામની જવાબદારી સ્વીકારે તો સોલા કેમ્પસ ખાતે આઈ.એ.એસ. ઑફિસર શ્રી મફતભાઈ આઈ. પટેલ ઉપર ધ્યાન ઠર્યું. તેમણે આ જવાબદારી સ્વીકારવાની સ્વેચ્છાએ તૈયારી બતાવી અને તેથી તેમની આગેવાનીને માર્ગદર્શન હેઠળ શ્રી ઉમિયા પથિકાશ્રમ-સોલા અમદાવાદ ખાતે શ્રી ઉમિયા આઈ.એ.એસ. ટ્રેઈનિંગ સેન્ટરની શરૂઆત કરવામાં આવી છે. આ માટે રૂ. ૧૭ લાખનું બજેટ ફાળવ્યું છે. દર સાલ પાંચથી છ લાખ રૂપિયાના ખર્ચનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમ કેન્દ્રમાંથી એક વિદ્યાર્થી આઈ.એ.એસ. થયો છે અને ઘણા વિદ્યાર્થીઓએ જી.પી.એસ.સી. પરીક્ષા પાસ કરી છે.

ઉચ્ચ શિક્ષણ સહાય નિધિનો ઉદ્ભવ એ સમાજના વિકાસના ચિંતનનું પરિણામ છે. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના કાર્યકર્તાઓ સમયને અનુરૂપ ચિંતન કરતાં જ રહે છે. આ સમય વિજ્ઞાન અને ટેકનોલૉજી, કોમ્પ્યૂટર અને ઇન્ટરનેટનો છે. તે અનુરૂપ વિચારણા ચાલતી જ રહે છે.

કડવા પાટીદાર સમાજનો વિકાસ તેની નવી પેઢીને દરેક ક્ષેત્રે સમૃદ્ધ બનાવવાથી જ થઈ શકે. આ વિચારને લીધે કાર્યકર્તાઓએ નવી પેઢીની બાળાઓને કેળવવા ઉપર પ્રથમ ધ્યાન આપવા વિચાર્યું. કન્યા છાત્રાલયને મદદ, ગૃહિણી તાલીમ શિબિરો, મહિલા સંમેલનો, કન્યાઓ માટેની પોલિટેક્નિકો વગેરે આયોજવાનો અભિગમ વિચારાયો અને તેનો અમલ પણ કરવામાં આવ્યો.

તે બાદ 'ઉમા યુનિવર્સિટી' કે 'ઉમિયા મેડિકલ કે એન્જિનિયરિંગ કૉલેજ' ઊભી કરવાની વિચારણા ચાલી. ખૂબ મંથનને અંતે લાગ્યું કે યુનિવર્સિટી કે કૉલેજોથી આ કડવા પાટીદાર સમાજમાં તેજસ્વી બાળકોને લાભ આપવાનો મૂળભૂત હેતુ બર આવે તેમ ન બને. આ વાસ્તવિકતાને ધ્યાનમાં લઈને આ હેતુને પરિણામલક્ષી બનાવવા 'શ્રી ઉચ્ચ શિક્ષણ સહાયનિધિ' ઊભો કરવાનું વિચારવામાં આવ્યું.

ઉચ્ચ શિક્ષણ સહાય નિધિ માટે કડવા પાટીદાર સમાજમાંથી ૧૦૦૦ સભ્યો દરેક પાસેથી રૂ. ૨૫,૦૦૦થી ન વધુ ન ઓછી એવી દેણગી મેળવી રૂપિયા અઢી કરોડનું આ નિધિ ઊભું કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો. જો આ લક્ષ્ય બાર જ માસમાં પૂર્ણ કરવામાં આવે તો અન્ય સાત દાતાઓએ દરેક રૂપિયા એક લાખ આ નિધિના ભંડોળમાં આપશે. તેવી જાહેરાત કરવામાં આવી. આ પ્રોત્સાહને કાર્યકરોની ધગશ વધારી દીધી અને માતાજીની કૃપાથી આ લક્ષ્ય શ્રી મણિભાઈ મમ્મી અને શ્રી વિક્રમદાસ ધ. પટેલે સમાજના આગેવાનો અને સખિદાતાઓના સહકારથી માત્ર દસ જ માસમાં સભ્યો

નોંધી પૂર્ણ કરવામાં આવ્યું. તા. ૩૧-૩-૨૦૦૬ સુધીમાં આ નિધિ ૧૧૬૦ સભ્યોએ રૂ. ૨,૯૫,૧૩,૦૦૦ ફાળો આપી છલકાવી દીધો છે. આ નિધિમાં શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા દર વર્ષે રૂપિયા પાંચ લાખનો ફાળો આપે છે. બૅન્કોના ઘટતા વ્યાજ અને વિદ્યાર્થીઓની વધતી માગણી જોતાં આ નિધિ બેવડાવવો પડે તેમ છે. આ નિધિમાં રૂ. ૨૫,૦૦૦ ભરી સભ્ય બની શકાય છે.

આમ દર વર્ષે આ નિધિનું વ્યાજ તેમ જ શ્રી માતાજી સંસ્થાનના રૂપિયા પાંચ લાખ મળી અંદાજે રૂપિયા સાઈઠથી પાંસઠ લાખ વહેંચવામાં આવે છે. તા. ૩૧-૩-૨૦૦૬ સુધીમાં કુલ ૪૨૭૦ વિદ્યાર્થીઓને રૂ. ૩,૮૬,૩૩,૫૦૦ ની વગર વ્યાજની લોન આપવામાં આવી છે.

જે તેજસ્વી વિદ્યાર્થી કમિટીએ નિયત કરેલ કોઈ પણ ટેક્નિકલ લાઈન, મેડિકલ, એન્જિનિયરિંગમાં ભણતો હોય અને તેના કુટુંબની વાર્ષિક આવક રૂ. ૧,૦૦,૦૦ થી વધુ ન હોય તેને આ નિધિમાંથી વગર વ્યાજની લોન આપવામાં આવે છે. આવા વિદ્યાર્થીએ માતાજી સંસ્થાનમાંથી અરજીપત્રક મેળવી પૂર્ણ વિગતો ભરી જાન્યુઆરી માસ સુધીમાં અરજી કરી શકે છે. તેમને ફેબ્રુઆરી-માર્ચ માસ સુધીમાં વગર વ્યાજની લોન મળી શકે છે. સહાય મેળવનારે દર વર્ષે અરજી કરવાની રહે છે. લીધેલ લોન અભ્યાસપૂર્ણ થતાં બે-ત્રણ વર્ષમાં પરત કરવાની હોય છે.

શ્રી ઉમિયા માતાજીમાં 'શ્રી ઉમિયા શરણં મમ્' મંત્રની લેખન પ્રવૃત્તિ ચાલે છે. જે ભાવિકને આ મંત્રલેખન કરવું હોય, તેને શ્રી માતાજી સંસ્થાન તરફથી કોઈપણ ચાર્જ વગર નોટબુક મળે છે. જેમાં આ મંત્ર જાતે લખી બુક પૂર્ણ થયે માતાજીમાં પરત કરવાની રહે છે. ભાવિકો આનો ખૂબ જ લાભ લે છે.

પાદનોંધ :

૧. સ્કન્દપુરાણ, સહ્યાદ્રિ ખંડ-અધ્યાય ૩૪ ને ૬૪

૨. ડૉ. આર.ટી. સાવલિયા, ગુજરાતના પાટીદારો પરંપરા અને પરિવર્તન, પૃ. ૨૭

૩. પટેલ સીતારામભાઈ જો. શ્રી ઉમિયા માતાજી દર્શન, પ્રચાર અને પ્રકાશન કમિટી, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા સં. ૨૦૬૩, પૃ. ૧૬

૪. એજન, પૃ. ૧૯

૫. ડૉ. મંગુભાઈ પટેલ, પાટીદાર પ્રગતિ પરિવર્તન, પૃ. ૭૯

૬. વાલ્મીકિ રામાયણ, સર્ગ-૭૦

૭. એજન, સર્ગ-૧૦

૮. એજન, સર્ગ-૧૦૨ (ઉત્તરકાંડ)

૯. એજન, સર્ગ-૧૦૭

૧૦.ડૉ. દિલાવર ચિરજયસ્વાલ, નવોદિત ભારત કે નિર્માતા-સરદાર પટેલ પૃ-૫૦૫

૧૧.ટાઈમ્સ ઑફ ઇન્ડિયા તા. ૧૩-૧-૧૮૮૩

૧૨.'બોમ્બે ગેઝેટ' તા. ૧૮-૯-૮૬

૧૩.એજન, ભા.૧, પા. ૫૧૨-૧૩, તા. ૫-૫-૧૯૦૪

૨

કચ્છી કડવા પાટીદારોની ઉત્પત્તિ અને વિકાસ

(૧) કૂર્મી શબ્દના પૌરાણિક ઉલ્લેખો :

ભારતીય સંસ્કૃતિનો પ્રારંભ વૈદિક કાળથી ગણાય છે. સિંધુખીણ સંસ્કૃતિની જેમ જ દેશના અનેક ભાગમાં થયેલાં ઉત્ખનન દરમ્યાન મળેલા ઐતિહાસિક ઓજારો પરથી એમ માનવાને કારણ છે કે ભારતીય સંસ્કૃતિનો પ્રારંભિક કાળ હજારો વર્ષ પુરાણો છે. હડપ્પા અને મોહેં-જો-દડો વગેરે સ્થળોના ઉત્ખનન દરમિયાન મળી આવેલા અવશેષો એટલું તો સિદ્ધ કરે જ છે કે વૈદિક કાળથી આ અગાઉ સુગ્રંથિત કહી શકાય તેવી માનવીય સંસ્કૃતિ વિકાસ પામી ચૂકી હતી. આ સંશોધનોએ ભારતીય સંસ્કૃતિને વિશ્વની અન્ય સંસ્કૃતિની હરોળમાં સ્થાન અપાવ્યું છે, એટલું જ નહીં, પરંતુ વિશ્વની અન્ય સંસ્કૃતિઓ જ્યારે નષ્ટપ્રાયઃ થઈ રહી છે, ત્યારે ભારતીય સંસ્કૃતિ પોતાની આગવી વિશિષ્ટતાઓનાં કારણે તેના સત્ત્વનું ઓજસ પ્રસારવામાં અજરઅમર બની રહે છે.

માનવજાતિઓનો અભ્યાસ કરનારા નૃવંશશાસ્ત્રીઓ એવાં તારણો પર આવ્યા છે કે આર્ય જાતિ વિકાસની અગ્ર હરોળ પર રહી છે. હિંદુઓ, જર્મનો, રશિયનો, યહૂદીઓ અને ફ્રાન્સિસીઓની ગણના આર્ય જ્ઞાતિઓમાં થાય છે. કેટલાક વિદ્વાનોનો એવો પણ મત છે કે, અતિપ્રાચીન કાળમાં હિંદુઓ, જર્મનો, રશિયનો, યહૂદીઓ અને ફ્રાન્સિસીઓના પૂર્વજો એક જ પ્રદેશના નિવાસી હતા અને એક જ ભાષાનો ઉપયોગ કરતા હતા. કાળાંતરે આ સમૂહો નવા-નવા પ્રદેશોમાં દૂર દૂર ફેલાયા તેમના પૂર્વજોના સ્થળાંતરના પરિણામે તથા નવાનવા લોકોના સંપર્કમાં આવવાથી તેમની રહેણીકરણી તથા પહેરવેશ અને હારમાં પરિવર્તન આવ્યાં. તેમની મૂળ ભાષામાંથી સંસ્કૃત, યુનાની અને જર્મન ભાષાઓ જન્મી અને તે સ્વતંત્ર સ્વરૂપે અસ્તિત્વમાં આવી. અનેક વિદ્વાનો આજે પણ સંસ્કૃતને વિશ્વની ભાષાઓની જનની પણ માને છે.

લોકમાન્ય બાળગંગાધર ટિળકે 'વેદોમાં આર્યોનું ઉત્તર ધ્રુવ નિવાસ' નામના પુસ્તકમાં યુરોપીય વિદ્વાનોનાં સામાન્ય તારણોનો સ્વીકાર કર્યો છે, પણ તેઓને પોતાની વિદ્વત્તાપૂર્ણ દલીલોમાં આર્યોનું મૂળ નિવાસ સ્થાન ઉત્તર ધ્રુવને દર્શાવેલ છે. વેદકાલીન આર્યોની મુખ્ય આજીવિકા પશુપાલન અને કૃષિ મનાઈ છે. આર્યો અસંખ્ય નાના-મોટા કબીલાઓમાં વહેંચાયેલા હતા. આથી વિપરીત, સિંધુ સંસ્કૃતિને વિકસિત સ્તરના માનવજીવનને પ્રગટ કરે છે. સિંધુખીણના અવશેષો પરથી જણાય છે કે તેઓ મોટી વસ્તીના જથ્થામાં

ઊંચાં-પાકાં મકાનોમાં નિવાસ કરતા હતા. નાની નાની ઔદ્યોગિક વસાહતો અને સામૂહિક આનંદપ્રમોદનાં સ્થળો પણ તેમણે સર્જ્યાં હતાં. હડપ્પામાં દેવી લિંગનાં ચિહ્નો અને મૂર્તિના સ્વરૂપે શિવ તથા પૌરાણિક મૂર્તિઓની પૂજા પ્રચલિત હોવાના આધારો મળે છે. પરંતુ ઋગ્વેદમાં મૂર્તિપૂજાનું પ્રત્યક્ષ સમર્થન મળતું નથી. સિંધુખીણ સંસ્કૃતિના લોકો સમુદ્રનું જ્ઞાન ધરાવતા હતા. સમુદ્ર મારફતે તેમના વેપાર અને અવરજવરને સમર્થન મળે છે. આથી વિરુદ્ધ, આર્યોને તેનું જ્ઞાન ન હતું.

ભારતીય પરંપરા અનુસાર વેદમંત્રોના શબ્દો પરથી પૃથ્વી પર મોજૂદ સર્વ પ્રકારના પદાર્થો અને તેના ગુણધર્મો તેમ જ કર્મોના-ઉપયોગના અનુસંધાને તેના નામકરણ કરાયેલાં જોવા મળે છે.[૧]

મહાભારતના આદિપર્વમાં એવું વર્ણન મળે છે કે, જગત્ પિતા બ્રહ્માથી જ્યારે કર્તવ્યશક્તિ ઉત્પન્ન થઈ[૨] તેનું નામ વૈવસ્વત મનુ હતું, તેણે અથવા બ્રહ્માજીએ વિરાટ પુરુષથી પ્રાણીની સૃષ્ટિનું સર્જન કર્યું. આ અગાઉ વનસ્પતિઓ ઉત્પન્ન થઈ. અનેક પ્રકારની સૃષ્ટિના સર્જન બાદ બ્રહ્માજીએ દસ પુત્રોનું સર્જન કર્યું. બ્રહ્માના આ દસ પુત્રોમાં છ ઋષિઓ હતા. તેઓ તેમના માનસપુત્રો કહેવાયા. આ ઋષિઓને વેદ ઋચાઓ સાંભળીને તેનું માનવ ભાષામાં અર્થઘટન કરવા કહેવાયું. આ ઋષિમુનિઓએ તેમના જ્ઞાનનો લાભ લોકો સુધી પહોંચાડ્યો. આ છ ઋષિઓ પૈકીના એક મરીચિ ઋષિ હતા. તેમનો પુત્ર કશ્યપ હતો. જેની ઉત્પત્તિ અમૈથુનીય હતી અને કશ્યપથી બધી પ્રજા ઉત્પન્ન થઈ હોવાનું મનાય છે. કૂર્મ અને કશ્યપ એક જ શક્તિ અને વ્યક્તિનાં નામ છે. કશ્યપે જ બાકીની પ્રજા ઉત્પન્ન કરી અને આજે પણ પાટીદારોનું ગૌત્ર કશ્યપ તરીકે જાણીતું છે. ભારતીય પૌરાણિક સાહિત્યમાં ત્રણ પ્રકારના દેવતાઓનો ઉલ્લેખ જોવા મળે છે. ઋગ્વેદ (૧૦-૭૨.૮)માં પહેલા પ્રકારનો ઉલ્લેખ થયો છે. બીજા પ્રકારના દેવતાઓનો ઉલ્લેખ મનુસ્મૃતિ (૧-૧૬)માં કરાયો છે. ત્રીજા પ્રકારના દેવતાઓ હતા દક્ષકન્યા અદિતિના બાર આદિત્યપુત્રો, આદિત્યના પુત્રોમાં ઇન્દ્ર, વરુણ, વિષ્ણુ વગેરે દેવતાઓની ગણના થયા છે અને આ જ માનવીઓના પૂર્વજ છે તેવી પૌરાણિક માન્યતા છે.

ભાષ્યકાર સાયણાચાર્ય વેદોને અપોરુષેથય માને છે, તેનો અર્થ એટલો જ કે વેદ મનુષ્યકૃત નથી ! ઋગ્વેદના મધ્યકાળમાં આર્યો અને સિંધુ અને સરસ્વતીની ખીણ સુધી ફેલાયા હતા. ઉત્તરાપથમાં તેમનો ગંગાતટ પર વિસ્તાર થયો હતો, ત્યારે ન તો નગરો વસ્યાં હતાં કે ન તો નાગરિકતાનું અસ્તિત્વ હતું. પરંતુ તેમની રહેણીકરણીમાં ત્યારની સંસ્કૃતિ પ્રગટ થયેલી જોવા મળે છે. કૌટુંબિક પરંપરા ત્યારે પ્રચલિત થઈ હતી. કુટુંબનો વડો અથવા પિતા કુળનો મુખી મનાતો હતો. જ્ઞાતિ અને વર્ણભેદ ઋગ્વેદના કાળમાં જોવા મળતા નથી. વેદશાસ્ત્રની વાણી 'વસુદેવ કુટુંબકમ્'ને ચરિતાર્થ કરાતી પરિકલ્પના સર્જાઈ ચૂકી હતી.

ડૉ. રાઘેય રાઘવ લખે છે, ટોટમ (Totem) અને ટેબૂ (Taboo)ના સંદર્ભે જ્ઞાતિઓના

ભેદ સમજવા જરૂરી છે. જેમ કે, મુસલમાને સૂવર (ભૂંડ) બાધ્ય છે, અર્થાત્, સૂવર (ભૂંડ) મુસલમાન માટે ટેબુ છે.[૩] આચાર્ય ક્ષિતિમોહન સેને એને અને અન્યોએ પોતાના પુસ્તકોમાં ટોટમ જ્ઞાતિઓની સૂચિ આપેલી છે. તેમાં કૂર્મજ્ઞાતિ અને કૂર્મ-જેનું ટોટમ જ્ઞાતિનું હિંદી રૂપાંતર કૂર્મ દર્શાવ્યું છે.[૪]

પ્રોફેસર એમ. વિલિયમ કૃત સંસ્કૃત-અંગ્રેજી શબ્દકોશમાં કૂર્મિઓનો અર્થ આપેલો છે. – 'અતિશક્તિમાન પુરુષ', વેદોના વિખ્યાત ભાષ્યકાર સાયણે વેદોમાં આપેલ તૂવિકૂર્મિની વ્યાખ્યા છે. 'એક એવો પરમવીર પુરુષ જે યુદ્ધમાં દુર્લભથી દુર્લભ વીરોચિત નિપુણતા દર્શાવી શકે.' ઇન્દ્રને વેદો અનુસાર પરમવીર, અજેય, દેવ-દેવતાઓનો રક્ષક તથા મિત્ર તેમ જ એક સાચા આદર્શ ક્ષત્રિયના સંપૂર્ણ ગુણો સંપન્ન કહેવાયો છે. આચાર્ય શંકરના મત અનુસાર –

'ઇન્દ્રો માયાત્યિ પુરૂરૂણ ઇયતે'

અર્થાત્, ઇન્દ્ર પરમેશ્વર છે, જે માયા દ્વારા નાના સ્વરૂપને ધારણ કરી શકે છે.

સૌથી પહેલાં પરાશર અને વારાહમિહિરે જાહેર કર્યું કે, ભારતવર્ષ નવ ખંડોમાં વિભક્ત છે. પાછળથી આ ધારણાને કેટલાક પુરાણોના લેખકો પણ ગ્રાહ્ય રાખે છે. માર્કન્ડ પુરાણના કૂર્મ નિવેશખંડમાં ભારતવર્ષની સપાટીને પૂર્વાભિમુખ કૂર્મ અથવા કાચબાની ઊપસેલી પીઠ જેવા આકાર તરીકે દર્શાવેલ છે. આ માન્યતા આજે પણ ભારતની ભૌગોલિક વિશેષતાઓ તપાસતાં સુસંગત જણાય છે.

'કુમ્બી'નો અર્થ થાય છે એક ગૃહસ્થ, પશ્ચિમ ભારતની એક મહાન કૃષક જ્ઞાતિ (વેદોપરાન્ત કાળનો સંસ્કૃત શબ્દ 'કુટુમ્બિક') જો કે આદિ શબ્દનું સંસ્કૃત રૂપ હોઈ શકે. આ નામ ઉત્તર ભારતમાં કૂર્મિ (કૂરમી) રૂપે પણ પ્રચલિત છે. જયાં આ જ્ઞાતિના લોકો ગંગા નદીના કિનારા વિસ્તારમાં, તેના તટપ્રદેશમાં તથા દક્ષિણનાં ક્ષેત્રોમાં બહોળી સંખ્યામાં વસેલા છે.[૫] આ જ જ્ઞાતિના લોકોને ગુજરાતમાં કણબી-કનબી-કુણબી તથા મહારાષ્ટ્રમાં અને મધ્યપ્રદેશમાં કુનબી તથા દક્ષિણ ભારતના કુનબીની તુલના મદ્રાસ તેલુગુ પ્રદેશના નાયડુ, કામ્પૂસ, રેડ્ડી અને અન્યત્ર વિવિધ નામે આ જ્ઞાતિ ઓળખાય છે.

કણબી અને અન્ય જાતિઓના ઉલ્લેખવાળુ આ કાવ્ય રસપ્રદ છે.

કુર્મવંશ, કુશવંશ, રાના વ પવાર આદિ,
ઠાકુર, ચંદેલ, ગુજરાતી જય સવાર હૈ।
ઘોડે ચડે સિંગશૈર, કાન્યકુબ્જ કચ્છવાહ,
ઔર સેંગર, સોલંકી, યદુવંશ, સૈઢવાર હૈ।
કર્મકુલ લવવંશ તેલંગ, મૈસલ આન્ધ્ર.
કુર્મ ચંદેરી ચન્દ્રનીય કટિયાર હૈ।
વૈસવાર, વંશબાર ઔધિયા સયાન ઔર,
ચૌધરી, ચૌહાણ, રાજપૂત પરુવાર હૈ।[૬]

પાદરી ડૉ. જહૉન વિલિયમના મત અનુસાર કુરમી, કુનબી અને કુમ્બી એક જ જ્ઞાતિનાં રૂપાંતરિત નામ છે જો કે સંસ્કૃત ધાતુ 'કૂર્મ' યા કુલમીથી બને છે. જેનો અર્થ થાય છે કૃષિય કાર્ય કરનારા. પાછળથી હિંદીમાં 'કુરમી' ગુજરાતીમાં 'કણબી' અને મરાઠીમાં 'કુનબી' થઈ ગયું. પ્રસિદ્ધ સમાજશાસ્ત્રી ડૉ. જી. ઓવર્ટ આ મત સાથે જો કે સંમત નથી, કારણ કૃષમી શબ્દ સંસ્કૃતમાં જોવા મળતો નથી.

પ્રસિદ્ધ માનવ નૃવંશશાસ્ત્રી સર ડબલ્યુ, વિલિયમ કૂકે પોતાના પુસ્તકમાં કુરમી એટલે કુનબીઓનું વર્ણન આ રીતે કર્યું છે. 'એક મહત્ત્વપૂર્ણ કૃષક જાતિ જે પ્રાન્તમાં બધે જ વસેલા છે. અનેક વ્યુત્પત્તિ સંસ્કૃતના 'કૃષિ' શબ્દમાંથી થઈ છે. જેનો અર્થ છે ખેતીકાર્ય. અન્ય કેટલાકના મત અનુસાર, આ શબ્દ 'કૂર્મ'થી ઉત્પન્ન થયેલ છે. જો કે તે વિષ્ણુ અવતારનું એક રૂપ છે. કૂર્મ અથવા કચ્છપ, જેના માટે એક એવી માન્યતા છે કે તેના પર પૃથ્વી ટકી રહી છે. આજે પણ અન્ય ખેતી કરતી જ્ઞાતિઓ તેની પૂજા કરે છે.'

આ સંદર્ભમાં પ્રો. જે. એફ. હેવિટને કુરમી જ્ઞાતિઓ અને તેની સમવર્ગીય કેટલીક જ્ઞાતિઓનો વિદ્વત્તાપૂર્ણ અભ્યાસ કર્યો છે. ખાસ કરીને પ્રાચીનકાળમાં કૂર્મીઓની શું ભૂમિકા રહી છે. તેનું સંશોધન તેમણે કર્યું છે. આ સંશોધનકાર્યને ઓરિએન્ટલ પબ્લિશર્સ, દરિયાગંજ, દિલ્હીએ ઈ.સ. ૧૯૭૨માં 'ધી રૂલિંગ રેસીસ ઓફ પ્રિહિસ્ટોરિક ટાઈમ્સ' નામનું અંગ્રેજી પુસ્તક પ્રગટ કર્યું.[૭] આ ગ્રંથના લેખક પ્રો. જે. એફ. હેવિટનું મતવ્ય છે કે, કુરમી (Kurmis), કુરમ્બસ, (Kurambas) કુદમબસ (Kudambas), કુદમ્બીસ (Kudambis), ભારતની સિંચિત ખેતી કરનારી મહાન જ્ઞાતિઓ હતી. (Were the great irrigating agricultural races of India) જે કુર (કચ્છપ) એટલે કે કૂર્મનાં સંતાનો છે.

પ્રો. હેવિટને તેમના પુસ્તકમાં પ્રાગ ઐતિહાસિક કાળની કેટલીક પ્રમુખ શાસક જ્ઞાતિઓનો પણ સવિસ્તાર ઉલ્લેખ કર્યો છે. જે ભૂતકાળમાં ભારતમાં અને એશિયાના કેટલાક પ્રદેશોમાં વિદ્યમાન હતી.[૮] આ જાતિઓના સંદર્ભમાં પ્રો. હેવિંટન લખે છે. ટુરાનિયન લોકો વ્યંજન-ધ્વનિનો પ્રયોગ કરતા ન હતા. એટલે ફાઈયાનો ચોક્કસ ટુરાનિયન શબ્દ રહ્યો હશે. તથા વીરુઆનો એક જ્ઞાતિ અવશ્ય રહી હશે. જેનો ઇષ્ટ દેવતા વીરુ હશે. મથુરામાં રાજ્ય કરતી ટોળીનું નામ કુરુમ્બસ હતું, જે ભરવાડની એક જાતિ હતી. આ જ્ઞાતિ આજે દક્ષિણ ભારતમાં સર્વત્ર ફેલાયેલી છે. કલ્યાણકારી વ્રુ લિંગીત દેવતા છે તે શક્તિ-પૂજાના પ્રતીક હતા. આ બધા પોતાને ઘોષિત કરે છે, ઇડાઈયાસ અથવા ઇડા અથવા એદાના સંતાન જે કુરમી યા કુદુમલિસ નામની મહાન કૃષક જાતિના વંશજ હતા.[૯]

પ્રો. હેવિટના મત અનુસાર પ્રાગ્-ઐતિહાસિક કાળમાં શિવલિંગ ઇડાઇયાસ નામના લોકો દ્વારા પૂજાતાં હતાં. આ લોકો કૂર્મી જાતિઓના અંગ હતા. નાગપૂજક એક સમુદાય હતો. જે મતાબલમ્બીઓ તરીકે ઓળખાતા અને નાગવંશિક ક્ષત્રિય પોતાની ઉત્પત્તિ

તેમનામાંથી થઈ તેવું માને છે. કૂર્મીઓ નાગવંશી મતાબલમ્બી લોકો હતા. આથી એ આધારભૂત બને છે, કે પ્રાગ્-ઐતિહાસિક સમયમાં જ્યારે આર્યોમાં વર્ણવ્યવસ્થા સ્થાપિત થઈ ન હતી, તે પહેલાં પણ કૂર્મી નામની એક શાખા હિંદુઓમાં તેનો એક પ્રકાર ખૂબ જાણીતો હતો. પ્રો. હેવિટન સંશોધનમાં તે પણ બતાવ્યું છે કે તેઓ શૈવ હતા. શિવલિંગ અને લિંગિક દેવતાના તેઓ ઉપાસકો હતા.

અસિરિયા અને ઇજિપ્ત (મિસર) દેશના ધાર્મિક ઇતિહાસ એ સાબિત કરે છે કે, બંને દેશોમાં દેવતાઓનું આગમન સમુદ્રમાર્ગે થયું હતું. અક્કર્ડિયન લોકો સૂતરના કપડાં ભારતમાંથી પ્રાપ્ત કરતા હતા. જૂની બેબીલોન સંસ્કૃતિના ઉલ્લેખોમાં શેપ્તકુર્રી એટલે કૂરનું કપડું કહેવાતું હતું. આજે પણ ખાનદેશના કૂર્મીઓ દ્વારા કામ્બેની ખાડી પર કપાસનું વાવેતર કરવામાં આવે છે. દક્ષિણમાં કામ્પુસ એટલે વાવેતર કરનાર તેવો અર્થ થાય છે. તેઓ પણ કૂર્મીઓ છે. હાલ નાયડુ અને રેડ્ડી તરીકે ઓળખાય છે.

કૂર્માવતાર ભગવાન વિષ્ણુનો કૂર્મ એટલે કચ્છપ રૂપમાં થયો. આ હિંદુઓ માટે ધર્મમત અનુસાર એક મહત્ત્વપૂર્ણ ઘટના હતી. પ્રોફેસર હેવિટના ઉપરોક્ત વિવરણને કારણે આ વાતને અનુમોદન મળે છે કે, પ્રાચીન કાળમાં આ લોકો ભગવાન કૂર્માવતારના ઉપાસકો હતા. અને આ લોકો પોતાના ઇષ્ટદેવ કૂર્મ ભગવાનના ઉપાસક હોવાના કારણે પાછળથી કૂર્મી તથા કૂરમી જ્ઞાતિ બોધક નામથી ઓળખાવા લાગ્યા. કૂર્મીઓની વધુ ઓળખાણ આપતાં તેઓ લખે છે : 'પરમ પવિત્ર અને પરમ પુરાતન જૈન પૂજા સ્થળ ઊન જિલ્લામાં આવેલું છે જેને પ્રાચીન કાળમાં સિંધુ સુવર્ણ અને સૌરાષ્ટ્ર કહેતા હતા. ઉત્તરમાં જ્યાં શતલજ નદી છે અને પશ્ચિમ ઘાટના બંદરગાહોની આસપાસના પ્રદેશના તે બધાને મહાભારતમાં ભગદત્ત કહ્યો છે. ભગ જો કે ખાદ્ય ફળોનો દેવતા છે. જેના દ્વારા આપવામાં આવેલ કૂર્મી ખેડૂતોની ઉદ્યાન ભૂમિ જેમાં કપાસ, ગળી, શેરડી, પુરાતન સૌરાષ્ટ્ર કે કાઠિયાવડ અને ગુજરાતની ફળદ્રુપ ભૂમિમાં ઉગાડ્યા હતા.[૧૦]

અહીં અત્રે એ વાતનું ધ્યાન રાખવા જેવું છે કે, ગુજરાતનાં કુર્મીઓ ભારતભરમાં ખેતીકામ માટે જાણીતા હતા. મધ્યપ્રદેશના કૂર્મીઓ જે છે તે ગુજરાતમાંથી સ્થળાંતર થયેલા છે. આધુનિક ગુજરાત રાજ્ય અને સૌરાષ્ટ્રના પ્રદેશના પટેલબંધુઓ પોતાના કૃષિકાર્યમાં પરિશ્રમ, ક્ષમતા તથા નિપુણતા અને વ્યાવસાયિક સૂઝ માટે ખૂબ પંકાયેલા છે. ૧૯૨૮ના બારડોલી સત્યાગ્રહ વખતે પણ પાટીદાર કનબી અને કણબી તરીકે તેમને ઓળખવામાં આવતા હતા. આ બધાના પૂર્વજો પ્રાચીન કાળમાં કૂર્મી એટલે કૂર્મી જ્ઞાતિના નામથી એક મહાન ખેતી કરનાર જ્ઞાતિ તરીકે ઓળખાતા હતા. તેનું વર્ણન પ્રો. હેવિટને પોતાના પુસ્તકમાં વિસ્તૃતથી આપ્યું છે. તે પણ સર્વસ્વીકૃત વાત છે કે, ગુજરાત તથા સૌરાષ્ટ્રના કિનારા પર આવેલાં બંદરોના સમુદ્રમાર્ગથી સુદૂર દેશોમાં વેપાર ચાલતો, જેમાં કાચા તેમ જ તૈયાર માલની આયાત-નિકાસ થતી. જેવી રીતે કાલિકટનું પેદા થયેલું સુતરાઉ કપડું, પરદેશમાં પ્રાચીન કાળમાં કેલિકો કપડાં તરીકે પ્રસિદ્ધ હતું. તે જ રીતે ખાનદેશમાં કૂર્મીઓ દ્વારા ઉત્પન્ન કરેલ કપાસથી બનેલું કપડું

ક્ષેપતકુર્રી નામથી પરદેશમાં વિખ્યાત હતું. ખાન દેશના કૂર્મીઓ પાટીદાર પરિષદોમાં હાજરી આપતા હતા. એ તારણ ઉપર આવવું ખૂબ જ ઉચિત છે કે એક પરદેશી હોવા છતાં પ્રો. હેવિટે ખૂબ પરિશ્રમ દ્વારા પ્રાચીન કાળના કૂર્મીઓના ઇતિહાસનું સંશોધન કરી પ્રશંસનીય કાર્ય કર્યું છે. જ્યારે ભારતીય ઇતિહાસકારોએ આ તરફ ખાસ લક્ષ્ય આપ્યું નથી. કૂર્મી જ્ઞાતિની બાબતમાં થયેલ સંશોધન તરફ તેમને લક્ષ આપવું જોઈએ.

પ્રો. હેવીટ પોતાના પુસ્તકમાં પાના નં. ૪૨૯ પર કૂર્મીઓના રીતરિવાજો પર તેમાં ખાસ કરી વિવાહ સંબંધી એક પ્રસંગનો ઉલ્લેખ કરે છે. 'આ આંબો અથવા આંબાના વૃક્ષરૂપી માની પૂજાવંદના કરતા. આ જ વૃક્ષની સાથે પહેલા કૂર્મી જ્ઞાતિના વર જે કૂર અને કચ્છપ જ્ઞાતિના સંતાનો છે. પોતપોતાના ભાઈઓ પહેલાં વિવાહ સંસ્કાર સંપન્ન કરવામાં આવે છે. અંબા તથા મહાભારતના રાજકૂલોની માતાઓ અંબિકા અને અંબાલિકાનાં નામો તેમા સંબંધિત છે.'

આપણે જાણીએ છીએ કે, આંબાને આમ્ર અને અંબ તરીકે પણ ઓળખવામાં આવે છે. પુરાતન કાળમાં કૂર્મીઓનો વ્યવસાય ખેતી હોવાના કારણે આંબાના વૃક્ષમાં માતા અંબાની કલ્પના કરવામાં આવી હોય. આજે તો રીત રિવાજોમાં ઘણું પરિવર્તન આવ્યું છે. તેના માત્ર થોડા અંશ જ જોવા મળે છે. કેટલાક રીતરિવાજો આજે પણ પરિવર્તિરૂપમાં જોવા મળે છે. આજે કદાચ એ રિવાજ હાસ્યાસ્પદ લાગે, પરંતુ પ્રચલિત હતા તે સત્યને નકારી શકાય તેમ નથી. દા.ત. ઉત્તર ગુજરાતના પાટીદારોમાં એક તિથિનાં લગ્નો થતાં અને ખીજડાના વૃક્ષમાંથી એક જ માણેકસ્તંભ બનાવવામાં આવતો. તે રીતે કચ્છી પટેલોમાં પોતે વહેરણિયા હોવાના કારણે પોતાની જાનને થોડાક સમય માટે તડકામાં ઊભી રાખે છે. આ બધા રિવાજો પાછળ કંઈ ને કંઈ હેતુ રહેલો હોય છે.

પ્રો. હેવીટને કૂર્મીઓ દ્વારા જે વિવાહ-ઉત્સવ યોજવામાં આવતો, તેનો ઉલ્લેખ કર્યો છે. આમ્રવૃક્ષ સાથે કૂર્મી યુવાનોનો વિવાહ કરવાનો રિવાજ તો હવે લુપ્ત થઈ ગયો છે. પરંતુ આજે પણ ઉત્તર ભારતના કૂર્મીઓમાં આ શુભ પ્રસંગે મા અંબા તરફ અતૂટ શ્રદ્ધા બતાવવામાં આવે છે. સુંદર મંડપો બાંધવામાં આવે છે. લાકડીનો થાંભલો રોપવામાં આવે છે તે પણ હળ આકારનો હોય છે. પાટીદારોનાં લગ્ન વખતે કેટલાંક પ્રતીકો જોવા મળે છે. તે પણ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ખેતીમાં વપરાતાં સાધનો હોય છે. દેવી અંબા તથા પુરાતન કાળમાં કૂર્મીઓના લગ્નપ્રસંગો પર આમ્રવૃક્ષની સાથે વરનો પહેલો વિવાહ કરવો અને ત્યારબાદ પોતાની થનારી વહુ સાથે આ રિવાજો પાછળ કયો ધાર્મિક હેતુ હશે અને ક્યારે તેમાં કેટલાં પરિવર્તનો આવ્યાં તે એક સંશોધનનો વિષય છે. આજે પણ પાટીદારો શક્તિપૂજાના ઉપાસકો રહ્યા છે. તેમની કુળદેવી તરીકે ઉમા કે અંબાનું પૂજન કરે છે.

રિસલેએ પોતાના પુસ્તકમાં મહાભારતના યુદ્ધની પ્રમુખ વ્યક્તિઓનો ઉલ્લેખ કર્યો છે. જેમાં અંબાની પ્રચલિત વાર્તાનો પણ ઉલ્લેખ આવે છે. ભીષ્મ અંબા અને

અંબાલિકાને જબરદસ્તીથી વિચિત્ર વીરની પત્ની બનાવવા ઉઠાવી લાવ્યો હતો. શાલ્વને અંબા મનથી પતિ માની ચૂકી હતી, પણ તેણે ઇન્કાર કરી દીધો. એટલે અપમાનિત અંબાએ ભીષ્મનું વેર લેવાનું નક્કી કર્યું. અંબાએ શિવની પૂજા કરી. જેણે ઉભયલિંગી બાલિકાના રૂપમાં પાંચાલ નરેશ દ્રુપદને ઘેર જન્મ લીધો. જેનું નામ શિખંડી પડ્યું. જેના હાથે ભીષ્મનો વધ થયો. એટલે તે સાર્વત્રિક દેવી તરીકે અંબા, ઉમા અને પાર્વતી તરીકે પૂજાવા લાગી. અંબા, શાલ્વ અને ભીષ્મ દ્વારા વિવાહ માટે તરછોડાઈ ગઈ હતી. માટે સાંકેતિક રૂપમાં કૂર્મી વર પ્રાચીન કાળમાં વહુને પરણ્યા પહેલા અંબાના વૃક્ષ સાથે વિવાહ કરવામાં આવતા. અંબાના વૃક્ષને કૂર્મી અને કશ્યપ જ્ઞાતિના પુરુષોની માતા વૃક્ષના રૂપમાં પ્રસ્થાપિત કરવામાં આવી. એટલે લોકો પોતાની વહુઓને વિવાહ કરવા પહેલાં વૃક્ષ સાથે વિવાહ યોજે છે.

શીખોના ગુરુ અર્જુનદેવને પણ પોતાના શબ્દોમાં શ્રીહરિને અનેક નામો જેવાં કે ગોપીનાથ ભક્ત વત્સલ, વાસુદેવ વગેરે નામોથી સંબોધિત કર્યા છે. તેમાં તે કહે છે,

'મછ કછ કુરમ આગ્યા અસ્તરાસી' આ બંને ચરિત્રો ક્રમશઃ મત્સ્યપુરાણ અને કૂર્મપુરાણમાં અંકિત કર્યાં છે. કૂર્મપુરાણ અનુસાર હરિએ કચ્છનું રૂપ ધારણ કર્યું અને સમુદ્રમંથનના સમયે કૂર્મીરૂપી નારાયણની કૃપાથી પારિજાત, હરિચંદન, પાંચ કલ્પવૃક્ષ, કૌસ્તુભમણિ, ચંદ્રમા, ઐરાવત, કામધેનુ, ઉચ્ચૈસ્ત્રવા, ઘોડો, લક્ષ્મી, હળાહળ ઝેર વગેરે મળ્યું. આ કૂર્માવતારને કારણે પ્રાપ્ત અમૃતથી દેવો અમર થઈ ગયા.

પ્રો. હેવીટ અને વિદ્વાન રિસલેના શોધગ્રંથોમાં વર્ણવેલ પૌરાણિક આખ્યાનોથી પરિચિત થયેલો છે. તેથી સત્યતા સાથે સમહત હો કે ન હો પરંતુ તેના વિવેચનથી એક વાત સ્પષ્ટ થાય છે, જે આંખે વળગે તેવી છે કે, ભારત યુદ્ધ એટલે મહાભારત કાળમાં કૂર્મવંશીય લોકો અથવા કહો કે કૂર્મીઓના પૂર્વજો અવશ્ય વિદ્વાન હતા. જ્યારે તેમની ગણના શાસક જ્ઞાતિઓમાં થતી હતી. પ્રાગ-ઐતિહાસિક યુગમાં પણ કૂર્મી જન સાધારણ જ્ઞાતિનો ઉલ્લેખ વરસાદી ખેતીહાર તરીકે જોવા મળ્યો છે.'[૧૧]

કૂર્મી ક્ષત્રિય જન હિંદી ભાષાના પ્રદેશમાં કૂર્મી, ગુજરાતમાં પાટીદાર કે પટેલ, મહારાષ્ટ્રમાં કુનબી કે મરાઠા કે પાટીલ, આંધ્રપ્રદેશ રેડ્ડી અને કાંપૂ, કર્ણાટકમાં કમ્પા, વક્કલિંગર, કૂલબી અને ઉડિયામાં કૂર્મા નામથી ઓળખાય છે. સારાયે દેશમાં કૂર્મીઓની વસ્તી ૧૦ કરોડથી ઓછી નથી. અને આ જ્ઞાતિના લોકો દેશમાં વિભિન્ન ભાગોમાં વસે છે અને લગભગ દોઢ હજાર ઉપનામો ધરાવે છે. મહાનગરી દિલ્હીમાં જ કૂર્મીઓની વસ્તી ૮૦ હજાર જેટલી છે. કૂર્મી લોકો અને તેનું અસ્તિત્વ પ્રાગ્-ઐતિહાસિક કાળમાં પણ જોવા મળે છે. વૈદિક કાળમાં પણ તેના ઉલ્લેખો મળે છે. ઋગ્વેદ વિશ્વનો પ્રાચીન અને આર્યનો પ્રથમ ગ્રંથ મનાય છે. વેદના ઘણા મંત્રોમાં ઇન્દ્રના ગુણ, કર્મ અને સ્વભાવ વ્યક્ત કરવા માટે કૂર્મી શબ્દ સંજ્ઞા તથા વિશેષણના રૂપમાં વાપરવામાં આવ્યો છે. વેદના પ્રસિદ્ધ ભાષ્યકાર સાયણને પણ ઋગ્વેદ (૫/૨૯/૨)માં ક્ષત્રિય શબ્દનો અર્થ

ઈન્દ્ર કર્યો છે. વૈદિક પ્રમાણોથી સ્પષ્ટ થાય છે કે કૂર્મ, ક્ષત્ર, ઈન્દ્ર વગેરે શબ્દના અર્થ બહુવિધિ કર્મા ઈન્દ્ર અર્થાત્ સંગ્રામમાં નાના વિધિ કર્મા બળવાન, વીર્યવાન ઈન્દ્ર વગેરે છે. કૂર્મી શબ્દ વેદના અનેક મંત્રોના છે. એટલે કૂર્મી શબ્દોની પ્રાચીનતા અને તેની મહાનતા આપોઆપ સિદ્ધ થઈ જાય છે. કેટલાક વિદ્વાનો કૂર્મી વંશની ઉત્પત્તિ કૂર્મ ઋષિની સાથે જોડે છે. તેમની માન્યતા મુજબ તેમનો વંશ વધતાં વધતાં વિશાળ કૂર્મી જ્ઞાતિના રૂપમાં આજે વિદ્યમાન બન્યો તે સાચું છે કે, વૈદિક કાળમાં કૂર્મી ઋષિ થઈ ગયા. તેમના પિતા ગૃત્યમદક ઋષિ હતા. અને તે બંને ઋગ્વેદના મંત્રદ્રષ્ટા હતા. એટલું જ નહીં, પણ તેના સૂક્તોના રચયિતા પણ હતા. કૂર્મી ઋષિ જો કે રાજા વિત્તહવ્યના પુત્ર હતા.[૧૨]

ભગવાન વિષ્ણુના દસ અવતારોમાં પ્રથમ મત્સ્યાવતાર અને બીજો કૂર્માવતાર માનવામાં આવે છે. કૂર્મ ભગવાનનો અવતાર ભારતના ઉત્તર ખંડમાં માનવામાં આવ્યો છે. જે સ્થાન પર ભગવાન કૂર્મનો જન્મ થયો હતો તે સ્થળ ચંપાવત છે. આજે ત્યાં કૂર્મ ભગવાનનું મંદિર પણ છે. તેમના પગલાનાં ચિહ્ન પથ્થરશિલા પર અંકિત છે. આપણે જાણીએ છીએ કે, ચંપાવત હાલના ઉત્તર પ્રદેશના નૈનીતાલ જનપદની એક ઉચ્ચ નગરી છે અને કૂર્માચલ પ્રદેશની સ્થાયી બોલીને કૂમાઉ તરીકે ઓળખવામાં આવે છે. આજે પણ ત્યાંના પ્રદેશના લોકોની બોલી કૂમાઉ તથા કૂમાલયી નામથી ઓળખાય છે.

ભૂગર્ભશાસ્ત્રીઓનું માનવું છે કે, જ્યા હજી હિમાલય ઊભો છે ત્યાં હજારો વર્ષ પૂર્વે અગાધ સાગર હતા. પ્રસિદ્ધ ઇતિહાસકાર ડૉ. હસમુખ સાંકળિયાનો મત પણ એવો જ છે. તેમના મત મુજબ પૂર્વ કાળમાં કાશ્મીરની ભૂમિ જળમય હતી. જેની કશ્યપ ઋષિએ પોતાના તેજથી સૂકવી દીધી હતી. કાશ્મીરની 'રાજતરંગીની' અને 'નીલમતપુરાણ'માં ઉલ્લેખ મળે છે કે, કાશ્મીરની ભૂમિ પહેલા જળમાં ડૂબેલી હતી. કશ્યપે (કૂર્મે) તેને બહાર કાઢી.[૧૩]

પુરાણમાં વિષ્ણુ ભગવાનના પૃષ્ઠ ભાગને કૂર્મ કહ્યો છે. જો શરીરનો આધારસ્તંભ ન હોય તો, શરીર સીધું ઊભું રહી શકે નહીં. શરીરને સીધું રાખવાનું કાર્ય મેરુદંડનું છે એટલા માટે કૂર્મ-કશ્યપના સમાન કઠોર પૃષ્ઠ ભાગને કૂર્મ કહ્યો છે. ભગવાન વિષ્ણુનાં શારીરિક અંગોનું પુરાણમય રૂપ એક પ્રકારનું સંસારના પ્રાથમિક શરીરનું દ્યોતક છે. તેના શીર્ષને બ્રહ્મ, કંઠને બ્રહ્માંડ, હૃદયને પદ્મ અને પીઠને કૂર્મ તથા અન્ય અંગોનું પુરાણમય રૂપ પદ્મપુરાણના સ્વર્ગખંડમાં જોવા મળે છે.

તેનાથી એવી જાણકારી મળે છે કે, સમાજને સારી રીતે ચલાવવા માટે મેરુદંડ અને પૃષ્ઠભાગની જવાબદારી જે વર્ગને આપી હતી તે કૂર્મનામ તે પાછળથી જાણવા મળ્યું. તેમનું દાયિત્વ હતું ખાદ્ય અનાજ ઉત્પન્ન કરવું અને સમાજના પેટને પોષવું અને દુશ્મનોના આક્રમણની સ્થિતિ વખતે યોદ્ધાનું રૂપ ધારણ કરવું અને શત્રુનો નાશ કરવો. આમ કૂર્મી લોકો દાતરડું અને તલવાર કુશળતાથી ચલાવી શકતા. સમાજ અને

રાષ્ટ્રોનો કૂર્મીને મેરુદંડ કહ્યો છે. કારણ કે તે સમગ્ર વિશ્વનો પોષણ કરનાર હતો. જગતનો તાત હતો. કૂર્મ ભગવાન કઠોરતા, કર્મઠતા, સહનશીલતા, પૌરુષતા અને લોકકલ્યાણની ભાવનાના દ્યોતક હતા. પૂર્વ વર્ગમાં આજે પણ તેમનાં લક્ષણો જોવા મળે છે.

પુરાણમાં વર્ણન છે કે, સાગર-મંથન વખતે કૂર્મ કચ્છપને લોકકલ્યાણની ભાવનાથી પોતાની પીઠ પર મંદરાચલ પર્વતની મથની ચલાવવાનું કષ્ટ ઉપાડીને નિષ્કામ લોકસેવાનો આદર્શ નમૂનો પૂરો પાડ્યો હતો. સાગરમંથનના હેતુથી કૂર્મરૂપ ધારણ કરીને જગતના કલ્યાણની રક્ષા કરનાર વિષ્ણુને એટલા માટે ‘આદિ કૂર્મ’ તરીકે સંબોધિત કરવામાં આવે છે.

અનંતો વાસુકિ શેષો કરાહો ધરણીધર
પયક્ષીર વિવેદાઢયો હંસો હય ગિરિ. સ્થિત.
હયગ્રીવો વિશાલાક્ષો હયકર્ણો હમાકૃવિ
મંથનો રત્નહારિ કૂર્મો અધર ધરાધર.

આ પૌરાણિક આખ્યાનનો આશય કદાચ એવો પણ હોઈ શકે કે, સાગર-મંથન એક પ્રકારનું વૈચારિક મંથન પણ હોઈ શકે. તે વખતે સૂર અને અસૂર પ્રકારના લોકોએ ગોષ્ઠિ દ્વારા સારાનરસા વિચારો રજૂ કર્યા હોય અને આ પ્રકારના તર્કવિતર્ક દલીલોની રસાકસીના આશ્રયની નાગવાસુકિને મંથનના હેતુથી દોરડું બનાવવામાં આવ્યું. કૂર્મ કચ્છપ પીઠ મજબૂત હોવાથી સહન કરવાની શક્તિ ધરાવે છે, માટે વૈચારિક ગોષ્ઠિના સભાપતિ કૂર્મ નામના મહાપુરુષને બનાવ્યા હોય. કૂર્મએ આ જવાબદારી પાર પાડી બંને પક્ષે શાંતિ સ્થાપવામાં પોતાની શક્તિનો પરિચય બતાવ્યો અને પોતાની પ્રખર બુદ્ધિથી તેમણે સમાજનો ઉદ્ધાર કર્યો. તેના પ્રતીકરૂપે કૂર્મ, કચ્છ, કચ્છવાહ, કુશવાહા વગેરે બિરુદો ધારણ કરી કૂર્મી જ્ઞાતિ તેમના વંશજ તરીકે ભારતભરમાં જાણીતી બની.

મહત્ત્વનાં પુરાણોમાં કૂર્મ-પુરાણ છે. શરૂઆતમાં આ પુરાણમાં ૬૦૦૦ શ્લોક તથા ચાર સંહિતા હતી. જેમાંથી ફક્ત એક બ્રાહ્મીસંહિતા અને થોડાક શ્લોકો ઉપલબ્ધ છે. કૂર્મ-પુરાણમાં ઈશ્વરગીતા અને વ્યાસગીતા આપવામાં આવી છે. જેમાં સમાધિ અને કર્તવ્યપાલન દ્વારા જ્ઞાનપ્રાપ્તિનાં સાધનોનું વર્ણન મળે છે. કૂર્મ-પુરાણમાં શિવ અવતારનો ઉલ્લેખ સવિસ્તારથી કરવામાં આવ્યો છે. તેથી સાબિત થાય છે કે, કૂર્મીઓ શૈવપૂજકો હતા. મા ઉમા અને શિવના ભક્તો હતા.

કૂર્મી શબ્દ વેદોમાં વિશેષ ગુણોથી સંપન્ન દેવરાજ ઈન્દ્ર માટે પ્રયોજાયો છે. ઈન્દ્રની પ્રચંડ શક્તિ અને યુદ્ધપ્રિયતાનું વર્ણન વેદોમાં વારંવાર કર્યું છે. ઈન્દ્રને પરાક્રમી ક્ષત્રિય તથા કુશલ ખેડૂત પણ કહ્યો છે અને તે પોતાના અનુયાયીઓને બધા પ્રકારની વિપત્તિઓમાંથી સુરક્ષા આપે છે. તેનાથી તે નિષ્કર્ષ નીકળે છે કે કૂર્મી શબ્દનો પ્રયોગ ઋગ્વેદમાં દેવરાજ ઈન્દ્રને અનેક વાર તુવી કૂર્મી અથવા ‘તૂવી કૂર્મીન’ અને ‘તૂવી કૂર્મતમ’ શબ્દોથી સંબોધિત કરવામાં આવે છે. અહીં ‘તૂવી’ શબ્દ મહાનતાનું સૂચક છે અને ‘કૂર્મી’ પૃથ્વીને ખેડનારો

કર્મશીલ ખેડૂત માટે પ્રયુક્ત થયો છે. સાયણના મત મુજબ તૂવી કૂર્મીનો અર્થ છે. 'સગ્રામે નાના વિધિ કર્મણાકર્તા (ઇન્દ્ર અને તૂવિ કૂર્મીનનું બહુકર્માનિન્દ્ર તથા તૂવી કર્મતમ'નો અર્થ છે.

અતિશયેન બહુવિધિકર્મા ઇન્દ્રઃ ઇન્દ્રની સ્તુતિપ્રસંગમાં ઋગ્વેદમાં ગુત્સમધ ઋષિની અનંત દૃષ્ટિ પોકારી પોકારી કહી રહી છે. ઇન્દ્રે ચલાયમાન પર્વતોને સ્થિર કર્યા છે. આર્યોએ સમાજનું વિભાજન કર્યા અનુસાર કૂર્મીઓ ક્ષત્રિય હોવા છતાં કૂર્મી વ્યવસાયમાં જોડાયાં. વ્યાકરણ અનુસાર 'કૂ' શબ્દનો અર્થ 'ભૂ' અથવા 'ધરતી' થાય છે અને 'રમી'નો અર્થ રચનાર. અર્થાત્ 'ભૂપતિ' એટલે 'કૃષક'.

આ છે કૂર્મીજ્ઞાતિની ઐતિહાસિક પૂર્વભૂમિકા. જેના અનુસાર કૂર્મથી બનેલો મૂળ શબ્દ કૂર્મીથી કૂર્મી, કુરમી, કુરમા. કુલમી, કુલબી, કુલવાદી, કુનબી, કુમ્બી અને કણબી વગેરે સ્થાનાનુસાર તેના અનેક નામાંતરો થઈ ગયાં. પરંતુ આ બધા જ્ઞાતિરૂપી વિશાળ વટવૃક્ષની એક જડ ડાળીઓ જુદા જુદા પ્રદેશોમાં ફેલાયેલી હતી. ઋગ્વેદમાં ઇન્દ્રનું જે વર્ણન કરવામાં આવ્યું છે તે પરથી માલૂમ પડે છે કે, ઇન્દ્ર એક પછી એક સિદ્ધિઓ મેળવતો ગયો અને પદ ધારણ કરતો ગયો. સાથે સાથે સમય અને સમાજ બદલાતો રહ્યો. પ્રારંભિક કૃષિપાલનમાં વૃદ્ધિ થતી રહી અને આરંભિક ઇન્દ્ર તુલનામાં બદલાયેલો ઇન્દ્ર અધિક સંપન્ન અને વિકસિત જોવા મળે છે.[૧૫]

વેદકાળ પછી હજારો વર્ષ બાદ પુરાણોની રચના થઈ. ત્યાંથી સામાજિક પરિવર્તન ખૂબ થઈ ચૂક્યું હતું. વર્ણવ્યવસ્થા જનતા ધારણ કરી ચૂકી હતી. આજે પણ ઉત્તર ભારતના કૂર્મી, મધ્યપ્રદેશના કૂર્મી અને બિહારના કૂર્મીને અન્ય પ્રદેશના કૂર્મીઓ પોતાના ભાઈઓ તરીકે સ્વીકારવા તૈયાર નથી. વર્ણવ્યવસ્થા માળખામાં તેમને નીચી કક્ષામાં મૂકે છે. પણ લખાણો દ્વારા આપણે જોઈ ગયા કે, આ બધા એક જ જ્ઞાતિના છે.

પુરાણોમાં ઇન્દ્ર અને કૃષ્ણના પરસ્પર સંઘર્ષના ભિન્ન ભિન્ન વૃત્તાંતો મળે છે. પરંતુ વાસ્તવમાં આ ઝઘડો અનેકેશ્વરવાદ અને કર્મકાંડ તથા વિષ્ણુ એટલે કૃષ્ણપૂજા વચ્ચેનો હતો. ઋગ્વેદમાં કૃષ્ણને કાળી પ્રજાના નેતા તરીકે ઓળખવામાં આવ્યા છે. પુરાણોના રચયિતાઓએ વેદોના દેવોને નીચે સ્થાને મૂકી તેમના ઉપાસકો વિષ્ણુ અને શિવનો મહિમા બતાવવા પ્રયત્ન કરેલો છે. પ્રસિદ્ધ વિદ્વાન અને રાજનીતિજ્ઞ ડૉ. સંપૂર્ણાનંદના શબ્દોમાં કહીએ તો 'ઇન્દ્રને જાણીબૂજીને પૌરાણિક કાળમાં નીચે પાડી દીધો છે. ઇન્દ્રને સ્થાનભ્રષ્ટ કરી દીધો છે. તેનું ઉચ્ચસ્થાન કોઈ પણ દેવતા લઈ શક્યો નથી. તેનું સ્થાન આજે પણ મજબૂત છે.

રામ-કૃષ્ણ લોકોમાં પ્રિય બન્યા, પરંતુ તેમનામાં ઇન્દ્ર જેવું ઓજસ, વીર્ય અને તેજ નહોતું. તેઓ ગુલામીમાં જકડાયેલા નિસ્તેજ હિંદુઓના દુઃખ ભૂલવામાં સહાયતા આપે છે. પરંતુ વિજયનો સંદેશ નથી સંભળાવતા. આંસુ લૂછે છે, પરંતુ સ્ફૂર્તિ આપતા નથી. આજનો 'કર્તા રામ કરે સોઈ હોય' કહી રોદડાં રોનાર હિંદુ કર્ણની ઉક્તિથી ઘણો દૂર ફેંકાઈ ગયો છે. 'દૈવાયત્ત કુલે જન્મ મદાયત્તં પૌરુષમ્' અર્થાત્ દેવને ભલે

ગમે તે કુળમાં જન્મ આપ્યો હોય પરંતુ પૌરુષ (પુરુષાર્થ) મારા હાથમાં છે.'[૧૬]

કૃષિની શોધ સાથે કુટુંબ પરિવાર નામની સંસ્થાનો વિકાસ થયો. આજે પણ ભૂતકાળના પ્રાગ-ઐતિહાસિક કાળથી લઈને આજનો પરિવાર સામાજિક જીવનનો એક એકમ મનાય છે. ઋગ્વેદમાં પરિવારને કુટુંબ અથવા કુળ કહ્યું છે. પ્રત્યેક કુળના વડાને કુલુપ અથવા ગૃહપતિ કહેવાતો તેવા પ્રકારનાં કુળ ભેગાં થાય તો ગ્રામ બનતું. અને ગ્રામનો વડો 'ગ્રામણી' કહેવાતો. આજે પણ મોટા ભાગના ગામોમાં પટેલ અને મુખીનાં મહત્ત્વનાં પદો પર પાટીદારો હતા. ગ્રામનાં સંગઠનોને 'જન' તરીકે ઓળખવામાં આવતું. દરેક 'જન'નું રક્ષણ એક યોદ્ધો કરતો હતો અને તેની દેખભાળ કરતો હતો. જનનો અધિપતિ 'ગોપતા' એટલે રક્ષક તેને 'બાતપતિ' પણ કહેવામાં આવતો. આ બધાં કુલપો તેની આજ્ઞાનું પાલન કરતા હતા અને નિશ્ચિત બની ખેતી કરતા હતા. કુલની મહત્તાના કારણે કુલીન કહેવાડવવાનું ગૌરવ અનુભવતા હતા. જેના કુલ અને ગોત્રની જાણકારી ન હોય તેના વિવાહ અટકી જતા. કુટુંબ સંસ્કાર અને સંસ્કૃતિનો પાયો છે. કુટુંબીમાંથી 'ટુ' નીકળી ગયો અને કુમ્બી, કૂર્મી, કણબી શબ્દો પ્રચલિત થયા. કુણબી કુલમ્બી થયો અને પછી કુલમ્બીમાંથી કુલવદી, કુલમી, કુલમ્બી, કૂરમી, કુમ્બી, કૂર્મા, કાપુ, કમ્મા, કૂર્મીક્ષત્રિય, કૂર્મવંશીય ક્ષત્રિય વગેરે શબ્દો ભારતના વિભિન્ન ભાગોમાં પ્રચલિત બન્યા. ઋગ્વેદમાં કૂર્મી શબ્દનો પ્રયોગ ઇન્દ્રની કીર્તિ વધારવા માટે થયો છે. વૈદિકકાળના સુપ્રસિદ્ધ મનીષી કૂર્મના વંશજો કૂર્મ વંશી ક્ષત્રિય જ્ઞાતિ ભારતની જ નહિ પરંતુ વિશ્વની વિશુદ્ધ ક્ષત્રિય જ્ઞાતિ છે. કૂર્મી એટલે એ વ્યક્તિ જે જ્ઞાતિ અને જેનું કર્મક્ષેત્ર ભૂમિ છે.

કૂર્મી પાટીદારો અસલ આર્ય પ્રજાના વંશજ હોવાથી તેમના પૂર્વજોનો સમાવેશ આર્યોની વર્ણવ્યવસ્થામાં ક્ષત્રિય શાખામાં કરવામાં આવ્યો હતો. સપ્તસિંધુના અર્થાત્ અત્યારના પંજાબ પાંતમાં વસતા ક્ષત્રિયોના એક વિભાગ કૂર્મી ક્ષત્રિયોની નાની ટોળીઓના તેઓ આગેવાન હતા. આ કૂર્મિઓ કણબીઓના મૂળ પુરુષ ચંદ્રવશીય કશ્યપઋષિના વંસજો પૈકી કર્મ ઋષિના સંતાનો હોવાનું માનવામાં આવે છે.[૧૭] પ્રા. મોનિયર વિલિયમ્સ જેવા વિદ્વાન દ્વારા કૂર્મનો અર્થ શક્તિશાળી મનુષ્ય, વીરપુરુષ અને ભૂપતિ એવો બતાવવામાં આવ્યો છે. તેથી કૂર્મી ક્ષત્રિયો બહારના આક્રમણ વખતે યુદ્ધમાં મદદગાર થતા અને શાંતિના સમયમાં ખેતી કરતા હતા. તેથી શક્તિમાન ક્ષત્રિયો માટે પ્રયોજાયેલ આ સંજ્ઞા કાળક્રમે ખેતી કરવા ખેડૂતો માટે પણ વપરાવા લાગી અને તેમાંથી કૂરમી, કૂળમી, કણબી એમ ઉત્પન્ન થયું.[૧૮]

કૂર્મીઓના ક્ષત્રિયક્રમને કારણે પંડિત જવાલાપ્રસાદજી મિત્ર પોતાના ગ્રંથ 'જાતિભાષ્કર' (ઈ.સ. ૧૯૧૯, પૃષ્ઠ ૧૬૦)માં કર્નલ ટોડના મત પ્રમાણે કૂર્મી-કણબીઓની ગણના કૃષિ અને પશુપાલન વ્યવસાય કરવાવાળી આહીર ગોપાલક જેવી જાતિઓ સાથે કરે છે ટૂંકમાં વેદકાલીન કૂર્મીઓ સંપૂર્ણ સ્વાવલંબી હતા. તેથી ઈ.સ. ૧૮૬૫ના જનગણના અહેવાલમાં એવું નોંધ્યું છે કે કૂર્મી શબ્દનો સંસ્કૃતમાં એવો અર્થ થાય છે

કે, જે પોતાના જીવનનો નિર્વાહ પોતાની કમાઈથી કરે છે.

આ રીતે કૂર્મિઓનું સમગ્ર જીવન વિશેષતઃ કૃષિ સાથે જોડાઈ ગયું અને પાછળથી તેઓ ખેડૂત જ છે એવું અવલોકન કરાયું. ઈ.સ. ૧૯૦૧ના વસતીગણતરી અહેવાલમાં આને કારણે જ તેમનો ક્ષત્રિય તરીકે છેદ ઉડાડી દેવામાં આવ્યો. આ અહેવાલની નોંધ મુજબ, 'સાધારણ રીત પર કૂર્મિઓમાં પરદેશી રીતી જોવા મળતી નથી. ન તો એનો કોઈ ક્ષત્રિય જાતિ સાથે સંબંધ હોવાનું પ્રમાણ મળે છે.'[૧૯]

બીજી બાજુ રેવશેરિંગ નામનો વિદ્વાન હિંદુ જાતિ અંગેના પોતાના પુસ્તકમાં (પૃ. ૧૮૭) કણબીઓનો ક્ષત્રિયો સાથેનો સંબંધ નકારે છે. તે નોંધે છે કે, 'કણબી ખેતી કરવાવાળી જાતિ છે. હિંદુસ્તાનના અધિક ભાગોમાં આ જાતિ વસે છે. આ નામથી યા કૂર્મી નામથી ઓળખાતી જાતિ છે.' ડૉ. તારાબહેન પટેલ પણ પોતાની રચના 'ભારતીય સમાજ વ્યવસ્થામાં' કણબીઓને મુખ્યત્વે કૃષિકર્મ સાથે સાંકળતાં નોંધે છે કે, 'જ્ઞાતિઓનું વિભાજન કરીએ તો વ્યવસાયમાંથી ઊતરી આવેલી જ્ઞાતિઓમાં કૂર્મી, કુણબી, કણબી નામ તેમના ધંધાનું સૂચક છે. ઘણાખરા કણબીઓ ખેતી કરે છે.'[૨૦]

આમ છતાં વીસમી સદીના પ્રારંભમાં કણબીઓ ક્ષત્રિય છે કે કેમ ? અને તેમને ઉપવિત ધારણ કરવાનો અધિકાર છે કે નહીં ? એ વિવાદ વધુ ઘેરો બન્યો છે. તેથી આ સમસ્યાનું નિરાકરણ કરવા માટે તારીખ ૨૫મી એ ૨૬મી મે ૧૯૦૬ના રોજ વૃંદાવનવાળા શ્રી રાધારચરણ ગોસ્વામીના અધ્યક્ષપદે એક મહાસભા મળી હતી. જેમાં શાસ્ત્રસંમત આધારો સહ વિદ્વાન વર્ગે શાસ્ત્રાર્થ કરીને કણબીઓને ક્ષત્રિય સિદ્ધ કર્યા હતા અને ઉપનયન સંસ્કારના અધિકારી ગણાવ્યા હતા. કૂર્મીઓના ક્ષત્રિય હોવાના દાવાને ગેઝેટિયરકારનું પણ સમર્થન છે.'[૨૧]

પાટીદારોની ઓળખ માટે પ્રવર્તમાન કાળમાં સાર્વત્રિક લોકવ્યવહાર સંદર્ભે વિશેષ પ્રચલિત શબ્દ 'કણબી' જે કડવા ઉપરાંત લેઉવા, આંજણા, મતિયા અને મોમના માટે પણ વપરાય છે. શ્રી એ.એમ.ટી. જેક્સનના મત પ્રમાણે ગુજરાતીમાં પ્રયોજાતા 'કણબી' શબ્દનું મૂળ દ્રાવિડિયન શબ્દ 'કુલ'માં મળે છે. ગુજરાતમાં કડવા પટેલના વહીવંચાઓ પણ કાંઈક અંશે આવી જ માન્યતા ધરાવતા હતા. તેમના જણાવ્યા પ્રમાણે 'જે જે ઋષિઓએ બિરુદ આપ્યું તે તે ઋષિનું કુળ રાખ્યું તેથી કુળ બી=કણબી કહેવાયા.'[૨૨]

આ કુલ શબ્દ સમયાંતરે અપભ્રંશ થઈને ભારતના જુદા જુદા વિસ્તારોમાં સ્થાનિક અસરને કારણે અલગ અલગ રીતે પ્રયોજાયો છે. ગેઝેટિયરકારના મતે પણ ગુજરાતી ભાષાનો શબ્દ 'કણબી'. સરહદ પ્રાંતની પુસ્તો ભાષાનો 'કૂર્મી' દખ્ખણનો 'કુણબી' અથવા 'કુલ્મબી' અને કૈંકણીભાષાનો વિશેષતઃ દક્ષિણ કોંકણમાં પ્રયોજાતો 'કુલવાદી' શબ્દ એક જ મૂળ શબ્દ 'કુલ'ના પર્યાયો છે. પાછળથી અભિલેખોમાં તેનું સંસ્કૃત 'કુટુંબિક' કરવામાં આવ્યું.[૨૩] આને કારણે કણબી શબ્દનું મૂળ સંસ્કૃત શબ્દ કુટુંબિકમાંથી મળે છે, તેવી માન્યતા પાછળથી દૃઢ થઈ. ગુજરાતમાં આ રીતે દશ્ય શબ્દોનું સંસ્કૃતકરણ થયાનાં અનેક ઉદાહરણો મળે છે. દા.ત. સુરટ્ઠ-સોરઠનું સુરાષ્ટ્ર અને જૂનાગઢનું જીર્ણદુર્ગ

થયું.

શ્રી નરસિંહરાવ દિવેટિયા પણ કાંઈક અંશે આવો જ અભિપ્રાય ધરાવે છે. તેમના મતે કુટુંબિનમાંથી ત્રણ શબ્દો આવ્યા. કૂર્મિ, કુળુબી અને કુણબી.

લગભગ તમામ વિદ્વાનો એક વાતે તો સહમત છે કે કણબીને સંબંધિત તમામ શબ્દોનો અર્થ કૃષિ વ્યવસાય સાથે છે. દ્રવિડ શબ્દ 'કુલ'નો અર્થ પણ ખેડૂત કે ખેડૂત જેવો થતો હતો. એ જ રીતે જે વ્યક્તિ ખેતી કરે કે કરાવે એ કુટુંબિન કહેવાતો.[૨૪] આના કારણે જ ગુજરાતના સર્વ સામાન્ય જનની કણબી શબ્દાર્થવિષયક માન્યતા દઢ થઈ કે 'કણ' એટલે અનાજ અને 'બી' અર્થાત બીજ સાથે જેને સર્વાધિક સંબંધ છે. એવો જ્ઞાતિસમૂહ. કચ્છી સાધનોમાં પણ આ પ્રકારની દઢ માન્યતાનો અહેસાસ થાય છે. શ્રી સી. કે. પટેલ નોંધે છે, કે, ગુજરાતમાં આવ્યા તે પહેલાં કૂર્મીઓમાં લેવા કે કડવા એવા કોઈ ભેદ નહોતા. બધા માટે કૂર્મી શબ્દ પ્રયોજાતો. જે આગળ જતાં અપભ્રંશ થઈ કૂર્મીમાંથી કુણબી અને કણબી શબ્દ પ્રયોજાવા લાગ્યો. જેનો અર્થ જેની પાસે પોતાની માલિકીની જમીન હોય તેવો થાય છે.[૨૫]

પાટીદારો માટે પ્રાચીન સમયમાં કૃષ્મી શબ્દ પણ પ્રયોજાયો લાગે છે. ગેઝેટિયરકારના મત પ્રમાણે કણબી શબ્દ સંસ્કૃત 'કૃષ્મી'માંથી ઊતરી આવ્યો છે. જેનો અર્થ ડૉ. વિલ્સન પણ ખેડૂત જ કરે છે. જો કે વિદ્વાનોમાં કૃષ્મી શબ્દ ખેડૂત અર્થ માટે સર્વસ્વીકૃત નથી. તેથી પંડિત ભગવાનલાલ ઈન્દ્રજી કૃષ્મી શબ્દને કુટુંબ સાથે સાંકળે છે અને તેને સંસ્કૃત શબ્દને બદલે દ્રાવિડિયન કુળની ભાષાનો શબ્દ ગણે છે. જો કે જેક્શન જેવા પણ તેનો અર્થ તો ખેડૂત કે ખેતમજૂર જેવો જ કરે છે.[૨૬]

કણબીઓની ઓળખ માટે અત્યારે સાર્વત્રિક રીતે પ્રયોજાતો પાટીદાર શબ્દ ઘણો જૂનો નથી. અઢારમી સદીના પ્રારંભે અર્થાત્ ઈ.સ. ૧૭૦૩માં વીર વસનદાસે કણબીઓનું નામાભિધાન 'પાટીદાર' કર્યું એવો એક મત છે. આ મત પ્રમાણે પીંપવાડા (જિ. ખેડા)ના વીર વસનદાસ નામના મહેસૂલ ઉઘરાવવાનો ઈજારો રાખનાર કણબીએ ઈ.સ. ૧૭૦૩માં કણબી કોમના મેળાવડા વખતે મુઘલ સમ્રાટના સૂબાના દફતરમાં કણબીને બદલે પાટીદાર શબ્દ દાખલ કરાવ્યો.[૨૭]

'પાટીદાર શબ્દ મૂળ 'પાટી' શબ્દ પરથી નિષ્પન્ન થયો છે. સાર્થ જોડણીકોશમાં તેના ત્રણ અર્થ દર્શાવવામાં આવ્યા છે. ૧ ગામમાં ગરાસદારનો હિસ્સો ૨. નાનો વાંટો અને ૩. હારબંધ એક માલિકનાં ખેતર. જ્યારે પાટીદાર શબ્દના અર્થ માટે જમીનદાર, વતનદાર એ નામની જાતિનો માણસ એવા ત્રણ અર્થો સૂચવવામાં આવ્યા છે.[૨૮] શ્રી ચંદ્રકાત બક્ષી પોતાની રચના 'મહાજાતિ ગુજરાત'માં નોંધે છે કે પટેલ શબ્દ પાછળથી આવેલો છે. પણ મૂળ શબ્દ પાટીદાર હતો. જે હવે ફરીથી લોકપ્રિય થતો જાય છે અને પૂર્ણ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરતો જાય છે. પટેલ (શબ્દ) વિશે ચોક્કસ માહિતી નથી. પણ પટ અથવા પટ્ટા (સનંદ) પરથી આવ્યો છે. એ ચોક્કસ છે. જેમને જમીનનો પટ્ટો લખી આપવામાં આવ્યો હતો તે પાટીદાર.'

આમ પાટીદાર શબ્દનો અર્થ પણ જમીન અને જેની આજીવિકા જમીન સાથે સંકળાયેલી છે, તેવો જનસમૂહ આપી શકાય. તેથી પાટીનો અર્થ એવો કરી શકીએ કે 'એવી જમીનનો ટુકડો કે જેના પર સમગ્ર ભરણપોષણ માટે સક્ષમ ક્ષેત્રફળ ધરાવતી જમીન અને પાટીદાર એટલે આવી જમીન અર્થાત્ પાટીને ધારણ કરનારાઓના સમાજનો સભ્ય.' પાછળથી આ પ્રકારના જનસમૂહે પોતાની આગવી સામાજિક ઓળખ ઊભી કરી અને તેઓ પાટીદાર તરીકે પ્રસ્થાપિત થયા.

મુસ્લિમ શાસનમાં પાટીદારો 'ઉઘરાતદાર' તરીકે પણ ઓળખાયા છે. પાટીદારોને ઉઘરાતદારની ઓળખ વ્યવસાયને કારણે મળેલ છે. કારણ કે મુસલમાની સત્તાની ગુજરાતમાં સ્થાપના થઈ ત્યારે તેમને અર્થ વ્યવહારમાં વ્યવહારુ અભિગમ ધરાવનાર હિંદુ મહેસૂલી અધિકારી-કર્મચારી વર્ગની આવશ્યકતા ઊભી થઈ. પરિણામે પાટીદારોને સમગ્ર મૌજા, પરગણા અને સરકારનું મહેસૂલ ઉઘરાવવાની કામગીરી સોંપવામાં આવી આને કારણે તેઓ 'ઉઘરાતદાર' તરીકે ઓળખાયા. વળી પાછળથી તેમને ઉઘરાતદારની સાથે સાથે 'મુખી' તરીકે પણ નિમવામાં આવ્યા છે. પરિણામે આવા પાટીદારો ઉઘરાતદારની સાથે સાથે મુખી તરીકે પણ ઓળખાયા. આ બાબતને સ્પષ્ટ કરતાં ગેઝેટિયરકાર નોંધે છે કે, કેટલીક વાર ઉઘરાતદાર અને મુખીની જગ્યા એક જ વ્યક્તિ સંભાળે છે. 'મુખી' શબ્દ ઉત્તર ગુજરાત, અમદાવાદ અને ખેડા વિસ્તારમાં વપરાતો જયારે સુરત અને ભરુચ વિસ્તારમાં આ શબ્દ વપરાતો નથી.'[૨૯]

મધ્યકાલીન ગુજરાતના વહીવટી તંત્રમાં અન્ય મહેસૂલી કર્મચારીઓ તરીકે ઉઘરાતદાર અને મુખીની સાથે સાથે મતદારોની પણ નિમણૂક કરવામાં આવી હતી. વીસમી સદીના પ્રારંભ સુધી ઘણા પાટીદાર કુટુંબો મતદાર તરીકે ઓળખાતા અને અટક પણ ધારણ કરતાં હતાં. તેમને આ નામે ઓળખવાનું કારણ આપતાં ગેઝેટિયરકાર જણાવે છે કે પહેલાં આવાં કુટુંબ ગામડાના સરકારી મહેસૂલી બોન્ડ પર 'મત્તુ' મારવાનો અધિકાર ધરાવતાં હતાં.

બ્રિટિશકાળમાં વીસમી સદીના પ્રારંભ સુધી ભાગીદારી કે નર્વાદારી ગામોના મુખી તરીકે આ મતાદારો અર્થાત્ કણબી કુટુંબોમાંથી નિમણૂક કરાતી હતી. જો આ જગ્યાએ કણબીઓમાંથી મતાદારો ન મળે તો જ સમાજના અન્ય વર્ગોમાંથી મતાદારો પસંદ કરાતાં કણબી કુટુંબમાંના કેટલાક મતાદારો ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં પોતાના સ્થાનને એવું દૃઢપણે પ્રસ્થાપિત કરી શક્યા હતા કે કાંઈ પણ કામ કર્યા સિવાય હક્સાઈ (દરમાયો) મેળવતા હતા.[૩૦] આ મતાદારો પોતાને ગામના અસલ વાટાદાર માનતા હતા અને પોતાનો સંબંધ ઉત્તર ગુજરાતમાં પાટીદારોની સત્તા સ્થાપનાર વ્રજપાલજી સાથે જોડતા હતા. આ મતાદારો-વાંટાદારોનો સંબંધ વાંટા અર્થાત્ મહેસૂલ સાથે હતો.

પાટીદારો માટે અત્યારે વપરાતો સૌથી વિશેષ ઓળખસૂચક આ શબ્દ વાસ્તવમાં જ્ઞાતિવાચકને બદલે વ્યવસાયસૂચક છે, જેનો સંબંધ પ્રાચીન ભારતીય શાસનતંત્રના મહાક્ષપટલિક, અક્ષપટલિક કે ફક્ત પટલિક જેવા એ કાલના દફતરખાતાને સંબંધિત-

અધિકારી કર્મચારીઓની વિવિધ શ્રેણી સાથે છે. આવા અધિકારીઓ-કર્મચારીઓનો સંબંધ મુખ્યત્વે સ્થાનિક ગ્રામીણ તંત્ર સાથે જ હતો. જે તંત્રનો આત્મા મહેસૂલી વ્યવસ્થા હતો. પરિણામે જે કુટુંબો એ સમયે મહેસૂલ ખાતાની કામગીરી સાથે સંકળાયેલાં હતાં. તે પટલિક તરીકે ઓળખાયા. જેનું દૃશ્ય 'પટ્ટઈલ' થયું.[૩૧] અને તેમાંથી અત્યારનો પટેલ શબ્દ નિષ્પન્ન થયો. આજે એ શબ્દ મહારાષ્ટ્રમાં અપભ્રંશ થઈને પાટીલ બની ગયો.

આ ઉપરાંત પાછળથી પાટીદાર માટે પ્રયોજાયેલા પટેલ શબ્દનો અર્થ મહેસૂલી કર્મચારી-અધિકારીની સાથે સાથે ગ્રામ્ય મુખી અથવા ગામની આદરપાત્ર વ્યક્તિ કે જે ગ્રામ્ય જીવનમાં મહત્ત્વનું વર્ચસ્વ ધરાવતી હતી એવો કરાયો. શાસક રાજા અને શાસિત પ્રજાને જોડતી મહત્ત્વની કડી તરીકે આ પદનો રાજકીય જીવન અને સમાજજીવનમાં મોભો હતો.

આમ પટેલ શબ્દ વ્યવસાયસૂચક છે. જેમ દેસાઈગીરી કરનારા દેસાઈ, મહેતાગીરી કરનારા મહેતા, ચૌરાધ્ધરણિક અર્થાત્ ચોરને પકડી લાવનારા ચૌધરી. તેવી જ રીતે પટેલ શબ્દનો અર્થ વ્યવસાયદર્શક કરી શકાય. આને કારણે જ પટેલ, અટક, પારસી, જૈન, મુસ્લિમ અને હિંદુઓની કેટલીક જ્ઞાતિઓમાં પણ જોવા મળે છે. ગેઝેટિયરકારે તો પંચમહાલના દેવગઢબારિયા વિસ્તારમાં વસતી એક અલગ પટેલિયા નામની પેટા જ્ઞાતિનો પણ ઉલ્લેખ કર્યો છે. એક એવો મત છે કે ગુજરાતમાં પાટીદારો માટે પટેલ શબ્દનો પ્રયોગ ઈ.સ. ૧૪૦૦ પછી થયેલો દેખાય છે. એ પહેલાં તમામ પાટીદારો કણબી (કૂર્મી) તરીકે ઓળખાતા હતા. પરંતુ આજે તો આ શબ્દ પહેલા વ્યવસાયસૂચક હોવા છતાં પાટીદારોની ગૌરવપૂર્ણ ઓળખ છે. એ એક પ્રસ્થાપિત સત્ય છે.

લેઉવા કણબી પાટીદાર સમાજ તથા તે અંગેના સંશોધનકારોના મંતવ્ય મુજબ લેઉવા તથા કડવા બંને કણબી પાટીદારો મૂળે કૂર્મી ખેડૂત છે. આ વર્ગ તરીકે ભારતના મોટા ભાગના પ્રદેશમાં પ્રસરેલ છે. કૂર્મીનો અર્થ જ સંસ્કૃતમાં જમીન ખેડનાર ખેડૂત થાય છે.

પાટીદાર શબ્દની ઉત્પત્તિ પહેલાં જે શબ્દ કણબી વપરાતો તેની ઉત્પત્તિ અને અર્થ ઘણા છે. જેવા કે કુળ, કબિ, કુટુંબ, કુરું, કુર્મા, કુર્મ, કુમરો કુર્મી, કુર્માઅવતાર, કુશ, કડપ, કરડ, લેયા, લેવા, કાશકારી, કશ્યપ, કર્ષક, વર્ણિક, પશુપાલ, કુસિંદી, કારવ વગેરે વર્ગના ઉલ્લેખ છે. આમ ઘણા જૂના સમયથી ખેતી કરતાં ગામડાંઓમાં વસતા વર્ગને (કર્ષક) ખેડૂત અથવા કણબી નામના ઉલ્લેખો ઇતિહાસમાં નોંધાયેલા છે. કૂર્મી શબ્દની ઉત્પત્તિ વિશેના ખ્યાલ અને માન્યતાઓનો ઇતિહાસ ઘણો પ્રાચીન અને રસપ્રદ છે.

સંસ્કૃત શબ્દકોશ પ્રમાણે કૂર્મી શબ્દનો નરજાતિમાં નીચે પ્રમાણે ભાવાર્થ છે. કૂર્મઃ ભૂઃ પૃથ્વી અસ્યાસ્તીતિકૂર્મિ ભૂપતિ, પૃથ્વીપતિ, રાજા જેમ કે શણષ - (કૂર્મઃ) એમ એવલોકાઃ

પ્રો. મોનીઅર વિલિયમ્સના સંસ્કૃત-અંગ્રેજી શબ્દકોશમાં નીચે પ્રમાણે અર્થ બતાવેલ છે.

કૂર્મઃ વીર્યમ-રસમ શક્તિ વીર્યવાન, અસ્યસ્તીકૂર્મિ- શક્તિવાન માણસ, વીરકર્મા, વીરપુરુષ.

કૂર્મઃ વીર્યમ-વીરકમ-શૂરવીર કૃત્યો..

સાયણ ભાષ્ય પ્રમાણે તુવિ+કુર્મી સંગ્રામમાં નાના પ્રકારના વીરકર્મ કરનાર વીરનર છે. ઉપરોક્ત દરેક અર્થમાં કૂર્મી શબ્દ ખાસ ક્ષત્રિયની સંજ્ઞા તરીકે વપરાયેલો છે. ખુદ ઇંદ્ર પણ ક્ષત્રિય ગણાયેલ છે, જેના વેદમંત્રમાં ઘણાં પ્રમાણો છે.

આ રીતે બીજાં પ્રમાણોનો ઇતિહાસ જોતાં કૂર્મીઓ હાલના પાટીદારો પ્રાચીન કાળથી ક્ષત્રિયો તરીકેની મહત્તા ભોગવતા હતા અને આજે પણ કંઈક અંશે ભોગવે છે. ખેતીવાડી કરવી અને દેશનું રક્ષણ કરવું તે કૂર્મી પાટીદારોનો અનાદિસિદ્ધ સ્વભાવ છે.

કણબી અંગે ભગવત ગોમંડલ (ભાગ ૩જો, ૧૯૬૪, ગોંડલ)માં નીચે મુજબ નિર્દેશ છે.

કણબી-કુટુમ્બિન-કુહુમ્બી-કણબી

કણ (દાણો) + બી = ખેડૂત-દાણાનો બી તરીકે ઉપયોગ કરનાર માણસ : બી રાખીને કણ વેચનાર માણસ.

પું. તાબેદાર આદમી, સેવક

સ્ત્રી. એ નામની એક જ્ઞાતિ

કણબીકાળે - કણબીની એક જાત. તે બેલગામ તરફ રહી ખેતીનો ધંધો કરે છે.

કણપતિ-ખેડૂત; અનાજ પકવનાર માણસ.

કલમી-સં. કુલ (કુટુંબ) + આ (વધારે) + લમ્બ (લટકવું)

પું. કણબી; ખેડૂત

કૃ = ખેડવું; ચાસ પાડવા, હળ હાંકવું. તેના ઉપરથી બનેલ શબ્દ

કૃષિ, કૃષક, કૃષિક, કૃષિકાર

કૃષક - ખેડૂત, ખેતી કરનાર

કૃષાણ - ખેડૂત

કૃષિજીવી - ખેડૂત

કૃષીવલ - કૃષિકાર; ખેડુ, ખેતી ઉપર જીવનાર

કૃષ્ટિ - ખેડૂત

કુટુંબિક - કણબી, ખેડૂત

કોઈ પણ સંસ્કૃતિનો પરિવર્તનકાળ એક જ કાળે થઈ શકતો નથી. બલકે ક્યારેક તો લાંબા ગાળાનો સંક્રાંતિકાળ પણ ગાળવો પડે છે. વળી કોઈ એક સંસ્કૃતિના કાળ

દરમિયાન જ તેમાંથી બીજી સંસ્કૃતિના ફણગા ફૂટતા રહે છે. આદિમાનવ પશુ અવસ્થામાં હતો તે દરમિયાન જ શિકારી અને ભ્રમણશીલ અવસ્થા જન્મી અને તેમાંથી ક્રમશઃ પાળી શકાય તેવા પશુ દ્વારા દૂધ ઉત્પાદન તેમજ વાહન-વ્યવહાર, શિક્ષણ વગેરેમાં તેની ઉપયોગિતા જણાવાથી શિકારી અવસ્થા દરમિયાન જ પશુપાલન અને ગોપાલન વિકસ્યું. ગોપાલન ભ્રમણશીલ હતું. તે દરમિયાન જયાં વિપુલ ઘાસચારા અને પાણી-વ્યવસ્થા જણાતા સ્થિર થતું ગયું. અને તે દરમિયાન જ કૃષિઅવસ્થા નિર્માણ થઈ. ગોપ અને કૃષિ સંસ્કૃતિનું સંમિશ્રણ ભારતના આધુનિક યુગ સુધી ગામવિસ્તારમાં ધબકતું રહેલ તેમ છતાં ધંધાર્થી ગોપાલકોના જૂથો અલગ પડતાં ગયાં અને કૃષિનાં જૂથો પણ અલગ પડતાં ગયાં પણ કૃષિ ગોપાલન કૃષિવિકાસમાં એકબીજાને પૂરક આજદિન સુધી રહેલ. ગોપાલનનાં અલગ જૂથોમાં ભરવાડ, રબારી જેવા વર્ગો અલગ પડતા ગયા. આહીર, મેર, કોળી જેવા વર્ગો ગ્રામ-વિસ્તારમાં કૃષિકાર તો ખરા પણ ઘરે દૂઝણા પણ રાખતા. ખેતી બળદની મદદ વગર થતી ન હતી તેથી આ સંયુક્ત સ્થિતિ જળવાઈ રહી.

કૃષિક્ષેત્રમાં ભારતભરમાં આર્યોના કાળથી મોટામાં મોટો જો કોઈ વર્ગ હોય તો તે સ્થાનિક ખેડૂત હતો. તેમાં કોળી અને કૂર્મી જ નજરે પડે છે. પણ કોળીની ખેતી પાંખી, જયારે કુર્મીની જ કૃષિ ઉત્તમ. આમ કોળી પણ મૂળે એક જાતિ છે. તેમાં અનેક પેટા વર્ગો છે અને તેમાંય કોળી પટેલો છે જ, અને દક્ષિણ ગુજરાતમાં તેમ જ ગુજરાતમાં તેની મોટી વસતી છે. અહીં ગુજરાતના કણબી મૂળે કણબી જ છે. તેમાં બહારના કૂર્મી ખેડૂતો ભળ્યા છે. વ્યવસાયની દૃષ્ટિએ જીવનપ્રણાલીમાં સામ્ય જળવાયેલી હોય તે સ્વાભાવિક છે અને ભારતમાં કૂર્મી-કણબી સંગઠનો સાથે જોડાયાં છે. ગુજરાતમાં તેઓ કૂર્મીને બદલે કણબી એટલે જેને કણ અને બી સાથે સંબંધ છે તે 'કણબી' કહેવાયા. જો કે ગુજરાતમાં ડાંગ જિલ્લામાં આદિવાસી જૂથોમાં પણ કુનબી (કણબી) છે. તેમને આ લેઉવા કડવા સાથે સંબંધ નથી. એન્થોવનના મત મુજબ તેઓ મૂળે આંજણા છે. પણ જંગલના વસવાટથી વનવાસી તુલ્ય તેમનું જીવન બન્યું છે. વળી ખેડૂત તરીકે ત્રીજો વર્ગ તે જંગલો અને ડુંગરોમાં વસતા આદિ જાતિઓનો છે. તેઓ બાહ્ય સમાજથી ભૌગોલિક સ્થિતિને કારણે છૂટાં પડતાં તથા તેમનું બાહ્ય સમાજ દ્વારા શોષણ થતું રહેવાથી કૃષિક્ષેત્રે તેમની સ્થિતિ છેલ્લી અર્ધી સદી પૂર્વે મહદઅંશે પ્રાથમિક જ હતી. તે પૂર્વે તો તેઓ જંગલના ઢોળાવ ઉપર પોતાનાં ઝૂંપડાંના વસવાટની આજુબાજુની જમીનમાં દાણા નાખતા. નિંદામણ પણ કરતા નહિ અને જે ઊગે તેમાં નિભાવ કરતા, અને પૂર્વે તો તેઓ શિફટિંગ કલ્ટીવેશન કરતા, જંગલો બાળે અને તેની રાખમાં ચોસામાં પૂર્વે દાણા નાંખે અને તે ખાતર તરીકે રહે અને તે દ્વારા તે ધાન પકવતા. આવી રીતે તે જમીનમાં બે ત્રણ વરસ જ પાક લઈ શકતા અને પછી બીજા સ્થળે જંગલમાં નવી જગ્યાએ સ્થળાંતર કરતા. આ પ્રકારની ખેતી આદિકાળમાં કણબી, કૂર્મી પણ કરતા હશે. શંકર પાર્વતીની એક પુરાણ કથામાં દર્શાવ્યાથી ફલિત

થાય છે. જમીનમાં ગમે તેમ બી નાખીને પાક ઊગવતા કણબી મૂળે આદિવાસી તુલ્ય હતા અને સુધરેલી ખેતી શીખ્યા પછી કૃષિકાર કિસાન (કાશકારી અથવા કૂર્મી) થયા એમ પરોક્ષ રીતે ફલિત થાય છે. કૂર્મીનો ઇતિહાસ તપાસતા તેઓ પણ આદિવાસી જ હતા. ભારતના અનેક આદિવાસી જૂથોમાં કૂર્મી અને કુમરા તથા કુમરેનાં જૂથો સાથે પણ મોટા પ્રમાણમાં જોવા મળે છે અને તેમને ભારત સરકારે આદિવાસી જૂથમાં ગણ્યા છે. તેની કેટલીક વિગત સંક્ષિપ્તમાં નીચે મુજબ છે.

ડાંગ તથા આંધ્રમાં કુણબીને આદિવાસીમાં ગણવામાં આવ્યા છે. વળી દક્ષિણ ભારતમાં વસતા રેડ્ડી અને નાયડુ પણ મૂળે કૂર્મી હતા. અને રેડ્ડીના કેટલાક પેટા વર્ગોને આ વિસ્તારમાં આદિવાસી તરીકે ગણવામાં આવે છે. તેલુગુ દેશમાં કામ્પુ તરીકે, આંધ્ર પ્રદેશમાં કાપુ અને રેડ્ડી, બેલગાવમાં કુલબી, દક્ષિણમાં કુલંડ્રી ઝારખંડમાં કૂર્મી તરીકે ઓળખાય છે. મધ્યપ્રદેશમાં કણબીને અન્ય પછાત વર્ગમાં ગણવામાં આવેલ છે. અને પંજાબમાં કૂર્મીને અને કર્ણાટકમાં નાયડુને અને વલ્લિટગારને અન્ય પછાત વર્ગમાં ગણવામાં આવ્યા છે. રાજસ્થાનમાં તેઓ લોર અને કૂર્મી તરીકે, માળવામાં માળવી તરીકે, નિમાડમાં નિમાડી કૂર્મી તરીકે, મહારાષ્ટ્રમાં મરાઠા, વોકાલિંગા, તેલંગ નાયડુ, કુમરાના નામે ઓળખાય છે. ખાનદેશમાં ડોર અને રેવ એમ બે પ્રકારના ગુર્જર કૂર્મી વસે છે.

આ સિવાય પશ્ચિમ બંગાળના માનભૂમ જિલ્લામાં કે જે હાલ બે વિભાગમાં વહેંચાયેલ છે અને તેમાંથી પુરુલિયાનો સમાવેશ પશ્ચિમ બંગાળમાં અને ધનબાદ જિલ્લાનો વિસ્તાર બિહારમાં સમાવવામાં આવેલ છે. તેમાં વસતા કૂર્મીને આદિવાસીમાં ગણવામાં આવેલ છે. પણ તેઓ પોતાને સંથાલ આદિવાસીઓથી જુદા તથા ઊંચા દરજ્જાના માને છે. મધ્યપ્રદેશના મધ્યભાગમાં વસતા ગોંડ લોકોમાં કૂર્મી અને કુમરે નામના પેટા વર્ગો છે.

વળી બિહારના કૂર્મી તો મૂળે દ્રાવિડ વંશના કૂર્મી છે એવો પણ એક મત પ્રવર્તે છે. છોટા નાગપુર બાજુના કૂર્મીઓ પોતાને મૂળે આદિવાસી હોવાનો મત ધરાવે છે. જ્યારે ભારતના અન્ય વિસ્તારોના કૂર્મી પોતાને મૂળે ક્ષત્રિય હોવાનો દાવો કરે છે. આમ કૂર્મી પણ મૂળે આદિવાસી હોવાનું સમર્થન વિશેષ મળે છે. જ્યારે ગુજરાતના પાટીદાર સમાજના કેટલાક શંશોધકો મુજબ તેઓ ઉત્તર ભારતમાંથી પામીર બાજુથી પંજાબમાં આવી વસ્યા અને અગાઉ જોઈ ગયા તેમ ક્રમશઃ અન્યત્ર પ્રસરતા ગયા.

મિ. કેમ્બેલે પોતાના પુસ્તકમાં દર્શાવ્યું છે કે મહારાષ્ટ્રના શક્તિ સંસ્થાન કરનારા કૂર્મી હતા. શિવાજી અને બીજા ઘણા સરદારો કૂર્મી હતા. ગોરખપુર અને ગુજરાતમાં પણ કૂર્મી રાજાઓ હતા. સને ૧૮૫૨માં અતરોલિયા (ઉત્તરપ્રદેશનો ભાગ)ના રાજા જયલાલસિંહ કૂર્મી હતા.

બીજી તરફ જગન્નાથજીના મંદિરના પ્રાંગણમાં આવેલ કૂર્મ તળાવ આ જ્ઞાતિના નામ સાથે જોડાયેલ છે. પ્રો.આર.કે. અમીનના મંતવ્ય મુજબ જુદાજુદા નામે ઓળખાતા

આ બધાં જ કૂણબીઓ અને કૂર્મીઓ એક જાતિમાંથી ઊતરી આવ્યા છે. કૂર્મી પ્રજાના કુળ અને મૂળ અંગે શ્રી પુરુષોત્તમ પરીખના મંતવ્ય પ્રમાણે તે ચંદ્રવંશી છે. ડૉ. દિલાવરસિંહના મંતવ્ય મુજબ કૂર્મી કોઈ એક કુળ કે વંશ નથી. એમાં અનેક કુળો છે. ગુજરાતના કૂર્મી ક્ષત્રિય પાટીદારોના ઇતિહાસ અન્વયે પાટીદાર કોમના જુદા જુદા સંશોધકોના મત થોડા થોડા જુદા પડે છે. તેની કેટલીક વિગત સંક્ષિપ્તમાં અત્રે રજૂ કરી છે.

શ્રી ગોકળભાઈ સોમાભાઈ પટેલના મંતવ્ય મુજબ લેઉવા અને કડવા પાટીદાર બંને મૂળે એક જ છે. આજે અનેક પ્રાદેશિક ભિન્નતાના કારણે તેમનાં નામ, રીતરિવાજ વગેરે આંશિક રીતે જુદા પડે છે. પણ તેઓ ફરીથી એક જ પાટીદાર જ્ઞાતિમાં એકત્ર થઈ સંગઠિત થઈ રહ્યા છે.

તેઓ લવ-કુશના વંશજ નથી. લેહક અને કેટકના કે લેર અને કરડના રહેવાસી નથી કે માટીનાં પૂતળાંમાંથી ઉત્પન્ન થયા નથી. તેઓ મૂળે કૂર્મી ક્ષત્રિય વંશના છે, અને કૃષિકાર તરીકે વ્યવસાય સ્વીકારતાં 'કણ' તથા 'બી' કણબી કહેવાયા હોય તેમ બને. તેઓ લેઉવા કણબી કહેવાયા. ગુજરાતમાં તેમનાં કુળદેવી અન્નપૂર્ણા છે અને તેમનું સ્થાનક અડાલજમાં છે. તેઓ પંજાબથી ગુજરાતમાં આવી વસ્યા મનાય છે અને છેલ્લે લેઉવા કણબીમાંથી પાટીદાર, અમીન અને પટેલ તરીકે હાલ આગવી અસ્મિતા ધરાવે છે.

ઈ. સ. ૧૯૦૬ - કુર્મી ક્ષત્રિય છે તેનો ફેંસલો :

૨૫ મે, ૧૯૦૬માં ઉત્તર પ્રદેશમાં મિર્ઝાપુર જિલ્લાના અંતર્ગત ચુનારની પાસેના ભરહેટા ગામમાં કૂર્મી જ્ઞાતિનું એક વિશાળ સંમેલન ભરાયું હતું. પ્રશ્ન એ હતો કે, કૂર્મી જ્ઞાતિને વિધિવત રીતે યજ્ઞોપવિતનો સંસ્કાર કેમ ન આપી શકાય ? આ સંમેલનમાં બંને પક્ષોના કાશી, કલકત્તા, મથુરા, વૃંદાવન વગેરે સ્થાનોથી અનેક પંડિતો ભેગા થયા હતા. વિવાદનો પ્રશ્ન એ હતો કે, કૂર્મી લોકો ક્ષત્રિય વર્ણનો એક ભાગ છે કે નહિ ? બે દિવસ સુધી શાસ્ત્રાર્થ થયો. અંતમાં અધ્યક્ષ અને વિદ્વાન સંસ્કૃત તથા હિન્દીના પ્રખર પંડિત અને ધાર્મિક તથા ઐતિહાસિક ગ્રંથોના રચયિતા વિદ્યાવ્યાસંગી ઓનરરી મેજિસ્ટ્રેટ શ્રીમાન પંડિત રાધાચરણ ગોસ્વામી મહારાજે (વૃંદાવન) નીચેનો નિર્ણય આપ્યો અને સર્વ માન્ય સિદ્ધાંત નિરૂપિત કર્યો.[૩૨]

કશ્યપના વંશજો પૈકી કૂર્મી ઋષિના પુત્રો અસલ પૃથ્વીપતિ હતા અને પંજાબમાં એક ભાગમાં રાજ ભોગવતા હતા. આધુનિક સમયમાં તેઓ દરબારશ્રી હાથીમલ્લ, દેસાઈશ્રી, રાજા, જાગીરદાર, દેશપતિ, વતનદાર, તાલુકાદાર, જમીનદાર, અમીન અને મુખી વગેરે વિશેષણો ધારણ કરતા હતા. આ ઉપરથી તેમની પૂર્વગત મહત્તા પ્રતીત થઈ આવે છે. તેઓ ક્ષત્રિય હોવાથી ઉપવિત ધારણ કરી નિત્ય કર્મો કરવા લાગ્યા છે. જે માટે શ્રીમદ્ શંકરાચાર્યજી, શ્રીમદ વલ્લભાચાર્યના વંશજો, શ્રીમદ્ નથુરામ શર્મા, શ્રીમદ્ નૃસિંહચાર્યજી આદિ આચાર્યો અને મહાપંડિતો સંમત છે. તા. ૨૫-૨૬ મે ૧૯૦૬ના દિવસે જે મોટી સભા મળી હતી, તેમાં ત્રણ હજાર માણસોએ હાજરી

આપી હતી. ચર્ચાનો વિષય હતો, 'કણબીઓ ક્ષત્રિય હોવાથી યજ્ઞોપવિતના અધિકારી છે.' આ વિષય પર બંને પક્ષો વચ્ચે વાદવિવાદ થયો હતો. સભાના સેક્રેટરી દીપનારાયણસિંહજી એ કણબી જ્ઞાતિ ક્ષત્રિય વર્ગમાં છે અને તેમને ઉપવિત ધારણ કરવાનો અધિકાર છે. તેમણે શાસ્ત્રોમાં પ્રમાણ વડે સુંદર ભાષણ આપ્યું. સમર્થનમાં કાશી નિવાસી વિદ્વાન પંડિત દામોદર શાસ્ત્રીજીએ તેમને અનુમોદન આપ્યું. પંડિત મદન મોહન પાઠકે પ્રશ્ન કર્યો કે, કણબીઓ રાજાઓ હોય તો, ક્ષત્રિય જ્ઞાતિમાં થયેલા રાજાઓનાં નામો ઇતિહાસમાં કેમ દેખાતા નથી? તેના પ્રત્યુત્તરમાં સદરહુ સેક્રેટરીએ અંગ્રેજ વિદ્વાનોના અભિપ્રાયો આપી સભાને સંતોષ આપ્યો. પંડિત પાઠકે કેટલાક સવાલો ઊભા કર્યા.

૧. જો કણબીઓ ક્ષત્રિય હોય તો તેમની રીતભાત બીજા કણબીઓ જેવી કેમ નથી?

૨. તેઓ સઘળા જનોઈ કેમ પહેરતા નથી?

૩. તેઓ જાતે ખેતીનું હલકું કામ કરે છે. હાલના બીજા ક્ષત્રિયો સાથે રોટી-બેટી વહેવાર કેમ નથી?

આ પ્રશ્નોના ખુલાસાઓ પ્રખર પંડિત રાજારામ શાસ્ત્રીએ કર્યા:

૧. ઉપનયન સંસ્કારની બાબતમાં ભલભલા ક્ષત્રિયોએ તલવારો મ્યાન કરી કૃષિકર્મ કરવા માંડ્યું હતું. ભલભલા બ્રાહ્મણોએ જનોઈ પાઘડીમાં છુપાવી હતી. હાલમાં ક્ષત્રિય ગણાતી વર્ણ જનોઈ ધારણ કર્યા વિના ચલાવે જાય છે. તેવી જ રીતે આ જ્ઞાતિ પણ આજ દિન સુધી અંધારામાં રહી તેમ છતાં શાસ્ત્રોક્ત કર્મ કરતી વખતે અલ્પ સમય માટે જનોઈ ધારણ કરે છે. માટે ઉપરનો આક્ષેપ ઠરતો નથી.

૨. આજકાલ બ્રાહ્મણ-ક્ષત્રિય-વાણિયા જ્ઞાતિઓ પણ અમુક વંશ સાથે એટલે કે પોતાની જ્ઞાતિના જુદા જુદા વર્ગ આપસઆપસમાં રોટીબેટી વ્યવહાર રાખતા નથી. તે જ રીતે કણબી પણ પોતાના વર્ગ સિવાય બીજા સાથે રોટીબેટી વહેવાર રાખતી નથી. એટલે આ શંકા વજૂદ વિનાની છે.

૩. કણબીઓ જાતે ખેતી કરે છે માટે તેઓ ક્ષત્રિય નથી, એમ કહેવું એક ભૂલભરેલું છે. તેઓ ખેતી કરે છે. અને કરાવે પણ છે. ખેતી કરવી એ નિંદિત કર્મ નથી. પરાસર સ્મૃતિમાં કહ્યું છે: ક્ષત્રિયોપિ કૃષિ કૃત્વા, કૃષિ વાણિજય શિલ્પ કર્મરાજ્ઞઃ[૩૩] એટલે કે ક્ષત્રિયો ખેતી, વેપાર અને શિલ્પાદી કર્મ કરી શકે છે. આગળ આપણે જોઈ ગયા છીએ કે, ઋષિમુનિઓ પણ ખેતી કરતા હતા.

પંડિત પદ્મનાભ શાસ્ત્રીએ ખૂબ દલીલો કરી કે, કણબીઓ ક્ષત્રિયો નથી. પણ તેમની દલીલો શાસ્ત્રોના આધારથી બીજા પંડિતોએ ખુલ્લી પાડી દીધી. તેમણે કણબીઓ ક્ષત્રિય છે તે સ્વીકાર્યું, પણ જનોઈ ધારણ કરી શકે તેનો વિરોધ કર્યો. કાશીનિવાસી પંડિત રામમિથ શાસ્ત્રીએ 'વ્રાત્ય સંસ્કાર મીમાંસા' નામનું પુસ્તક રજૂ કરી શંકાઓનું નિવારણ કર્યું.

ઈ. સ. ૧૯૦૫માં શ્રી મંચ્છકરાચાર્ય ગોવર્ધન મહીપીઠેશ્વરે વાંસવાડામાં પચાસ-સાઈઠ પંડિતોની હાજરીમાં કણબીઓની જનોઈ દીધી હતી અને બ્રાહ્મણોના હાથે સંસ્કાર કરાવ્યો હતો.

સભાપતિ રામચરણ ગોસ્વામીએ નિર્ણય જાહેર કર્યો :

માલમાલિની (દેવી)ના ભક્ત કૂર્મ નામના ઋષિના કુળમાં પહેલા પ્રાણનાથ રાજા પ્રગટ થયા. આ સ્કંદપુરાણના સહ્યાંદ્રિ ખંડના અધ્યાય ૩૩ અને ૬૪ મા કૂર્મવંશની ગણના ક્ષત્રિયોમાં કરી છે. કૂર્મનો પુત્ર કૌર્મી નામના પદથી દેશની ભાષાઓમાં કૂર્મી-કૂનબી વગેરે જેવા ઘણા અપભ્રંશ થયા છે. આમ કૂર્મીઓ તે જ વંશના છે. કૂર્મી સિવાય બીજા કોઈ ક્ષત્રિયો કૂર્મી વંશના નામે પ્રસિદ્ધ નથી. આ વંશમાં મહારાજ શિવાજી જેવા ઘણા વીરો પેદા થાય છે. વિશેષમાં માનનીય શ્રી જગન્નાથજી ૧૧૦૮ શ્રી ગોવર્ધન મઠાધીશ્વર જગદ્‌ગુરુ શંકરાચાર્યજીને ઉનાવ જિલ્લાના કૂર્મી લોકોને યજ્ઞોપવીતના સંસ્કાર કરાવ્યા હતા. સંકેશ્વર મઠના શ્રી ૧૧૦૮ સ્વામી જગદ્‌ગુરુ શંકરાચાર્યે કોલ્હાપુરના મહારાજાને યજ્ઞોપવીતની આજ્ઞા આપી હતી. આ મહારાજ કૂર્મી વંશીય છે અને આ સભાઓ પણ કૂર્મીઓએ ક્ષત્રિય સિવાયના બીજા વંશના સિદ્ધ નથી કર્યા તેથી તેઓ ક્ષત્રિય છે તે સિદ્ધ થાય છે. તેઓને ઉપનયન સંસ્કારને કશો બાધ નથી.[૩૪]

કૌર્મિસભા	સહી
ભરેહટા	રાધાચરણ ગોસ્વામી
જ્યેષ્ઠ શુક્લ-૩	પ્રમુખ
સંવત ૧૯૬૩ વિ.	વૃંદાવનવાસી

નાસિક પંચવટી મઠના ડૉ. કૂર્તકોટી શ્રી શંકરાચાર્યનો મત મધ્ય પ્રાંતના વરારના લુણારી કુણબી અથવા ક્ષત્રિય મરાઠા સમાજના રામરાવ, ગણપતરાવ, દેશમુખ, વાટોડેકરના નામના પોતાના પત્રમાં ડૉ. કૂર્તકોટીએ લખ્યું હતું :

'... તમે દાખલ કરેલાં પ્રમાણપત્રોમાં સંવત ૧૯૬૨ (ઈ.સ. ૧૯૦૫) મિતિ કાર્તિક શુક્લ ૯નો શ્રીમંત ઉદેપુરના રાણાનો પત્ર સતારાના છત્રપતિ શ્રી પ્રતાપસિંહ મહારાજાના નામનો છે, અને જેમાં લખ્યું છે કે, રાજપૂતાનાના ક્ષત્રિય લોકોમાં કોઈ કોઈ શ્રીમંત લોક સમય પર યજ્ઞોપવીત સંસ્કાર કરે છે. કોઈ કોઈ વિવાહના સમયે અને કોઈ કોઈ ગરીબ વગેરે કરતા પણ નથી. પરંતુ તેનાથી જ્ઞાતિ સંબંધમાં કોઈ ફેર પડતો નથી. આ વાક્ય જોતા આજકાલના સમયમાં સંસ્કારની રીતભાત અનુસાર જ્ઞાતિના ભેદ માનવા ઉચિત નથી. તેનો સારાંશ એ છે કે, તમારો સમાજ અસલી ક્ષત્રિય આર્યવંશનો છે. તેવો આ મઠનો સ્પષ્ટ અભિપ્રાય છે.[૩૫]

હીઝ હાઈનેસની રાયમાં કૂર્મીઓની એક સનમાનનીય જ્ઞાતિ છે. જેને શાસનની સેવા માટે રોકવી તે બધી રીતે અનુચિત છે.[૩૬] અખિલ ભારતીય કૂર્મી ક્ષત્રિય મહાસભાના પ્રતિનિધિ-મંડળને મળીને ગવર્નરે નિશ્ચય કર્યો છે કે, કોઈ પણ કૂર્મી માલ વિભાગ, ઉત્તર પ્રદેશમાં પોતાને કૂર્મી ક્ષત્રિય લખાવા માગતો હોય તો નવી ગણતરી વખતે

તે તેમ લખાવી શકશે.[૩૭] ક્રમાંક ૩૪૦/૧અ/૩૮૯ દ્વારા આદેશની એક એક નકલ બધા કમિશનરોને સૂચના માટે મોકલી આપવામાં આવી છે.[૩૮]

મધ્યપ્રદેશના રેવા રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ આદેશમાં જણાવ્યું છે :

આદેશ ક્રમાંક-૧૩૮

રેવા સેન્ટ્રલ ઇન્ડિયા તા. ૧૦ જુલાઈ ૧૯૪૭

શ્રીમાન સરકારને એ રાજાજ્ઞા બહાર પાડતાં ખુશી થાય છે કે, ભવિષ્યમાં 'કૂર્મી' સરકારી 'કૂર્મી વંશીય' લખવામાં આવશે.

હસ્તાક્ષર-નરેન્દ્રનાથ

સચિવ, સામાન્ય પ્રશાસન.

કૂર્મીની મહત્તા વિશે અંગ્રેજ ઈતિહાસકારોના અભિપ્રાય :

૧. 'હન્ટર્સ સ્ટેટીસ્ટીકલ એકાઉન્ટ ઓફ બેન્ગાલ. ભા. ૧૧ મો.'

શિવાજી અને ગ્વાલિયર તેમ જ સતારાના રાજાઓ કણબી વંશમાંથી ઊતરી આવેલા હતા.

૨. 'કાર્નેગીઝ રેસીઝ ટ્રાઇબ્ઝ એન્ડ કાસ્ટ્સ ઓફ આઊધ.'

ગ્વાલિયરના સિંધિયા સતારાના રાજા અને નાગપુરના ભોંસલે કણબીઓ હતા અથવા તેઓના જેવા જ હતા. મિ. કેમ્પબેલે દર્શાવ્યું છે કે, મરાઠાનું મૂળ 'કૂર્મી' તત્ત્વમાંથી હતું; અને શિવાજી તથા તેના ઘણા સરદારો કણબી હતા. ગોરખપુર અને ગુજરાતમાં પણ કણબી રાજાઓ છે.

૩. 'ઇલીઅટ્સ હિસ્ટરી, ફોક્લોર એન્ડ ડિસ્ટ્રિબ્યુશન ઓફ રેસીઝ'

મરાઠામાં કેટલાક કણબીઓ છે અને ગ્વાલિયરના તેમ જ સતારાના વંશ તે જ વર્ગના છે.

૪. 'રેવ, શેરિંગ્ઝ ટ્રાઇબ્ઝ એન્ડ કાસ્ટ્ઝસ ભા.૨જો.'

(મુંબઈ ઇલાકો અને મધ્ય પ્રાંત.)

પૂના જિલ્લામાં વારંવાર મરાઠા અને કણબી એ શબ્દો એકબીજાને માટે બોલાય છે. કૂર્મી અને કણબી ખરી રીતે એક જ વર્ગના લોકો છે. તેઓમાં કેટલીક જાતો છે. તેઓ અંદરોઅંદર પરણતા નથી. તેઓ ઘણા ઉદ્યોગી, ખંતીલા, સાધારણ કરકસરવાળા, તંદુરસ્તી અને વ્યાવહારિક રીતે સુખી છે.

૫. 'ધ પ્રિન્સિપાલ નેશન્સ ઑફ ઇન્ડિયા.'

કણબી પોતાની સ્વતંત્રતા મેળવવાના શોખીન છે. નીચેની તેની કેટલીક કહેવતો છે.

'જ્યાં ગાજવીજ થાય છે ત્યાં કણબીઓ જમીનદાર છે.'

'કણબીવાંસે કોડ કણબી કોઈ કેડે નહીં.'

૬. 'કર્નલ ડાલ્ટન.'

બંગાળમાં પહેલવહેલા આર્યો તરીકે આવેલા બિહારના કણબીઓ હોવાનું ડાલ્ટન જણાવે છે, અને કહે છે કે તેઓ ઘઉંવર્ણા રંગના, સામાન્ય ઊંચાઈ અને સારા બાંધાવાળા તેમ જ જરા ઊંચા કાઠાવાળા અને સાધારણ દેખાવડા હતા. તેમની વ્યવહારુ રીતભાત માન ભરેલી છે. તેમના ગુરુ ન હોય તેવા બ્રાહ્મણના હાથનું રાંધેલું તેઓ ખાતા નથી. કેટલાક સ્થાનિક બ્રાહ્મણો તેમના હાથની મીઠાઈ ખાય છે અને તે જ પ્રમાણે ઘણા લાયક ક્ષત્રિયો પણ વર્તે છે. બીજી બધી જ્ઞાતિઓ કોઈપણ તરેહની આનાકાની સિવાય તેમના હાથની મીઠાઈ ખાય છે. અયોધ્યામાં તો, તેઓ કહે છે કે, તેઓ ઘણા જૂના વખતના જમીનદારો છે. મિ. બૂટ કહે છે કે લખનૌમાં પણ તેમ જ છે. ત્યાં આગળ તેઓ હલકી જ્ઞાતિમાં ગણાતા નથી.

૭. 'સરકારી હુકમ નંબર ૨૫૧/૮-૧૮૬. અ-૬નો સાર
(આઉધ તા. ૨૧-૩-૧૮૯૬)

નામદાર સરકાર જણાવે છે કે, કણબીઓ એક ઉચ્ચ ખાનદાન કુટુંબના છે, માટે તેને સરકારી નોકરીમાંથી બાદ કરવા તે દિલગીર થવા જેવું છે.

૮. 'હિંદુસ્તાનનું ઇમ્પિરીઅલ ગેઝેટીઅર (નવી આવૃત્તિ) પુસ્તક ૫મું, પાન. ૯૭-૯૮. અમદાવાદ ડિસ્ટ્રિક્ટ.'

હિંદુઓમાં કૃષિકારોનો મુખ્ય વર્ગ કણબી, રાજપૂત અને કોળી છે. તેમાં બીજાઓ કરતાં કણબીઓ ખાસ અગત્યનો વર્ગ છે. કેટલાક સરકારી નોકરીઓમાં ઊંચી જગ્યાએ ચડેલા છે, કેટલાકોએ વ્યાપારમાં પૈસા મેળવેલા છે, પણ મોટો ભાગ ગુજરાતના ખેડૂત જમીનદારો તરીકે ખેતીવાડી કરે છે. જો કે, પાટીદાર અને કણબી માંહો માંહે પરણતા નથી તો બંનેમાં કોઈ ખાસ તફાવત જેવું નથી; પરંતુ કણબીઓ રાજપૂતો કરતાં ચડિયાતા છે.

૯. 'રેવ શેરિંગ્ઝ હિંદુ ટ્રાઈબ્ઝ એન્ડ કાસ્ટ્સ ભા-૩ જો' પાન-૨૫૮. હિંદુ જ્ઞાતિઓમાં સંબંધ.'

ખેતી કરતી જાતોમાં કૂર્મી-કનબી મુખ્ય છે. ખેતીવાડીનો ધંધો કરતી સઘળી જ્ઞાતિઓમાંથી તેઓ સારા આગળ પડતા છે. કણબીઓના પંજા તેમના રોજગારને લાયક કુદરતી રીતે જ મજબૂત હોય છે. તેમની ચામડીનો રંગ ઘઉંવર્ણો છે — કાળો તો નહિ, પણ કાળાશ પડતો પણ નહિ. અહીંના તેમ જ ઉત્તર હિંદુસ્તાનના કૂર્મીઓ ઘણાખરા ઊંચા, મજબૂત, બહાદુર, ઇજ્જતદાર અને સ્વતંત્ર વર્તનવાળા છે, અને શૂદ્રો-હલકી જ્ઞાતિઓમાં દેખાતા કોઈ અવગુણો તેમનામાં નથી. પણ ખામી એ છે કે તેઓ વિચારશક્તિમાં જરા મંદ છે. પણ તેમના રોજગારને લઈને તેમાં નવાઈ જેવું નથી; કારણ કે દરેક દેશમાં ખેતીને લીધે ખેડૂતોની સમજ શક્તિ તેવી જ થાય છે. હલકી જ્ઞાતિઓમાં નહીં માલૂમ પડતા જુદા જુદા ગુણો આ જ્ઞાતિમાં માલૂમ પડે છે; અને ઉચ્ચ જ્ઞાતિઓમાં ધ્યાન ખેંચવા જેવી રીતભાત તેમનામાં હોય છે. ઉચ્ચ જ્ઞાતિની મુલાકાત દરમ્યાન હલકી જ્ઞાતિના લોકોમાં દેખાતી ભયભીતતા તથા હલકી તાબેદારી

તેઓમાં બિલકુલ નથી. વળી, અસલ કણબીઓ બીજી રીતે સામાન્ય જુસ્સામાં રજપૂતોને દરેક રીતે મળતા આવે છે. તે રાજપૂતોના જેવી ધૈર્યવાન અને હિંમતવાળા હોય છે. તેઓમાં લુચ્ચાઈ અને તાત્કાલિક ગ્રાહ્ય શક્તિ નથી. તેઓ બ્રાહ્મણથી કેટલીક વાર જુદા પડે છે. રાજપૂતો તેમના નમૂના છે. જો તેઓને સારા સંયોગોમાં મૂકવામાં આવ્યા હોય તો તેના નમૂના પ્રમાણે બની જાય તેમાં લેશપણ શંકા નથી. વળી, તેમની મુખમુદ્રા બિલકુલ હલકી જ્ઞાતિઓ જેવી નહીં પણ રાજપૂતના જેવી છે. એ વાત સાચી છે કે તે રાજપૂતના જેવા વધારે રૂપાળા કે સુંદર નથી, તેમ છતાં પણ તેમના જેવા જ ચહેરાવાળા અને તેવા જ દેખાવના છે. જો કે તેઓમાં સહનશીલતા અને શાંતિ છે તોપણ તે સઘળા ઉપરાંત ખરા હિંદુઓનું જે મુખ્ય અને પ્રશસ્ય ભૂષણ, સ્વમાનની લાગણી તે તેમનામાં છે. જેમ તે વારંવાર દેખાય છે તેમ ગરીબ હોય તોપણ તેના પ્રારબ્ધના આધારે તેની મહત્તાનો ભોગ આપતો, અને મનની કંગાલિયતભરેલી સ્થિતિમાં દેખાતો, તમે તેને કહી જોશો નહિ. ઇંગ્લૅંડના ખેડૂતો કરતા મુકાબલે તેઓ સાંસારિક સ્થિતિમાં સારા ને ઊંચા છે અને વારંવાર બીજાઓ તરફથી તેઓ રુઆબપૂર્વક વધારે માન મેળવે છે. રાજપૂતોની મગરૂબી અને બ્રાહ્મણોના મિથ્યાભિમાનમાં નહીં જણાતું આવું માન તેમને તેમની ઉચ્ચ પદવીને લીધે મળે છે.

૧૦. 'ફાર્બસ સાહેબની રાસમાળા. ભા. ૨ જો : પાના. ૨૮૬-૯૩.'

ગુજરાતમાં ઘણા ખેડૂતો કણબી છે, છતાં તેમની ઉત્પત્તિ ક્ષત્રિયથી થયેલી ૬ તેઓ ઘણા ખરા ક્ષત્રિય જેવાં વિશેષણોથી ઓળખાય છે. તેમાંના અન્ય જે તદ્દન ગરીબ ખેડૂત છે તેમને પણ ઈશ્વરે જે સ્થિતિમાં મૂક્યા છે તે સ્થિતિને તેઓ આશ્ચર્યકારક રીતે માફક આવે છે.

૧૧. 'બોમ્બે ગવર્નમેન્ટ ગેઝેટીઅર ભા. ૪થો.'

અમદાવાદ પા. ૩૬૧.૫૧.

કેટલાક કણબીઓ કારીગર છે. કેટલાક સરકારી નોકરીમાં મોટા હોદ્દેદારો છે. કેટલાક વેપારવણજમાં સારી દોલત જમાવી છે પણ બીજા ઘણા ખેડૂતો છે; તોપણ તેઓ ઘણા સદ્‌ગુણી, શરમાળ, શાંત, ઉદ્યોગી, લગ્નનાં અને મરણના ખર્ચા સિવાય સારા અને કરકસરિયા, ગુના અને અપલક્ષણોથી દૂર રહેનારા અને કેળવાયેલા ઉત્તમ ખેડૂતો છે, પહેલા જ્યારે ગામડાંઓમાં કાઠી વગેરેનાં ધાડાં પડતાં ત્યારે કાં તો તેમનું સમાધાન કરી સંતોષતા, કે પછી આ બહાદુર કણબીઓ અને રજપૂતો મલી જીવ ઉપર આવી લડીને તેમને હઠાવતા.

૧૨. 'બૉમ્બે ગવર્નમેન્ટ ગેઝિટિઅર – વો.૧, ભાગ.૧' : પા.૪

'The main Gujarat underlayer are the Levas and kardvas, the two leading divisions of the important class off Gujarat kunbis.'

સાર : 'ગુજરાતમાં આવી વસેલા ગુર્જરોનો મુખ્યભાગ કડવા અને લેઉવા છે, જેઓ ગુજરાતની કણબી જ્ઞાતિના બે અગત્યના આગેવાન વિભાગ છે.'

(૨) કચ્છના ઐતિહાસિક અને ભૌગોલિક ઉલ્લેખો :

આધુનિક યુગના આકાશવીરે અવકાશમાંથી લીધેલો પૃથ્વીનો ફોટો હોય કે, પૃથ્વીના માનવસર્જિત કાગળ પરનો નકશો હોય અથવા તો પશ્ચિમ ભારતના મધ્યભાગે વિમાનમાં મુસાફરી કરતા મુસાફરની દૃષ્ટિ હોય એ તમામમાં કચ્છને બહુ જ સહેલાઈથી ઓળખી શકાય છે. સૌરાષ્ટ્રના દ્વિપકલ્પની ઉત્તરે સમુદ્ર અને રણની ભેદરેખાઓથી કચ્છને ઓળખવો મુશ્કેલ નથી. તેની હિંદુસ્તાનની મુસાફરીએ આવતો કોઈ મુસાફર પછી તે આજથી ચાર હજાર વર્ષ પહેલાં જ કેમ ન આવ્યો હોય કચ્છનો ઉલ્લેખ કરતો જાય છે. કદાચ નામ અને આકારમાં ભૂલ હોય પણ કચ્છને સદંતર ઉપેક્ષતો નહિ જ. હિન્દી મહાસાગરમાં ભૂલો પડેલો કોઈ ખલાસી પણ કચ્છથી હજાર માઈલ દૂર મુસાફરી કરતો હોય તોપણ કચ્છના અસ્તિત્વની સુવાસનું પાન કરે છે.

અલબત્ત, કોઈએ તેને અન્ય નામે પિછાણ્યો, કોઈએ 'કચ્છ'ના નામાભિધાને, કોઈએ એક વિશાળ પ્રદેશના ભાગરૂપે અને કોઈએ તો તેના એકાદ ભાગનો અનુભવ કર્યો. 'કચ્છ' શબ્દ પણ એટલો પુરાતન છે કે સૌરાષ્ટ્ર અને ગુજરાતના શાબ્દિક અસ્તિત્વ પહેલાં તેનો જન્મ થઈ ચૂક્યો હતો. પરિણામે કચ્છ ધરાની શાબ્દિક ભૂમિકા ઘણી રસમય બની. કોઈએ તેના પાર્થિવ દેહને જોઈને સમજવા પ્રયત્ન કર્યો, કોઈ શબ્દના શ્લેષને વળગ્યો, કોઈએ બીજાની વાતો સાંભળી અને કેટલાકે જાત અનુભવ લીધો. પરિણામ એ આવ્યું કે ભૌગોલિક તતા ઐતિહાસિક ઉલ્લેખોની દૃષ્ટિએ કચ્છ થોડું વધારે સમૃદ્ધ બન્યું.

'કચ્છ' સિવાયના નામે ઉલ્લેખ :

ગુજરાત અને સૌરાષ્ટ્ર કરતાંય કચ્છ નામ ઘણું જ જૂનું લાગે છે. એટલે કચ્છના કચ્છ નામથી અસંખ્ય ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. પરંતુ કચ્છ નામ મળ્યું તે પહેલાં તેને બીજાં કેટલાંય નામો મળી ચૂકેલાંએથી તેનો ઉલ્લેખ અન્ય નામોથી ઘણો થયો છે. ઘણી વખત એવું બન્યું છે કે જ્યારે 'કચ્છ' કચ્છ તરીકે ઓળખાતું ત્યારે પણ કોઈ બહારના અવલોકનકારે તેને અન્ય નામથી સંબોધ્યું હોય. આવા અસંખ્ય ઉલ્લેખોમાંથી કેટલાક આ પ્રમાણે છે.

ભોજકટ :

આ નામે કચ્છ લગભગ ઈ.પૂ. ૧૪૦૦ પછી ઓળખાતું હતું તેમ લાગે છે. શ્રી કારણી માને છે તેમ યાદવાસ્થળી થયા પછી કચ્છના પ્રદેશને 'ભોજકટ' નામ મળ્યું. રાસમાળા, રોડ રાજસ્થાન અને કચ્છના ઈતિહાસમાંય પૌરાણિક ગ્રંથોના આધારે કચ્છનું જૂનું નામ ભોજકટ આપ્યું છે.

મહાભારત તથા વિષ્ણુપુરાણ સહદેવના દિગ્વિજયનું વર્ણન કરતાં જે પ્રદેશોનાં નામ આપે છે તેમાં અવંતિ અને કોસલની વચ્ચે ભોજકટ મૂકે છે. આ વર્ણન પરથી ભોજકટ ઉત્તરમાં આવ્યું એટલો જ ખ્યાલ આવે છે. ઉપરોક્ત બંને ગ્રંથો દક્ષિણાપથમાંય

સેર્યાત અને તુન્ડી વચ્ચે ભોજનામના પ્રદેશને મૂકે છે. આ નામ પહેલાંના ભોજકટ કરતાં જુદું છે. અને બંને નામો કચ્છ માટે નથી વપરાયાં તે તેની સાથેના સંબંધિત પ્રદેશોના નામ પરથી લાગે છે. ઉત્તરાપથનું ભોજકટ અત્યારના મધ્યપ્રદેશમાં ક્યાંક આવ્યું હોય તેમ લાગે છે. જ્યારે દક્ષિણાપથનું 'ભોજ' તેના માર્ગમાં આવતા પ્રદેશ પરથી અત્યારના કર્ણાટક કે તામિલનાડુમાં ક્યાંક હોય તેમ લાગે છે. આ પ્રદેશોને પાછળથી અર્જુને જીતીને સુદૃઢ કરેલા અને તેના વંશજોએ આ પ્રદેશો લાંબો સમય ભોગવ્યા હોય તેમ લાગે છે. અર્જુનના જીવતાં જ આ બધા પ્રદેશોનું એક સંઘ રાજ્ય બન્યું જેનું નામ કૈક્ય પડ્યું. તેનો વડો અર્જુન હતો. આ સંઘ રાજ્યમાં દક્ષિણાપથનું 'ભોજ' રાજ્ય સામેલ હતું.

ભોજકટ નગર તરીકે અને કચ્છની નજીક સૌરાષ્ટ્રમાં હોવાનું સભાપર્વ પરથી લાગે છે. સહદેવના દિગ્વિજયમાં લખ્યું છે કે, 'સૌરાષ્ટ્ર દેશમાં રહીને એ ધર્માત્માએ ભોજકટ નામના નગરમાં રહેલ રૂકિમ રાજાને ખંડિયો કર્યો.

એક ભોજકટ નામનું પરગણું અત્યારે પણ દક્ષિણના વરાડ પ્રદેશમાં છે. અનુશ્રુતિ મુજબ ત્યાં વર્ષો સુધી વાકાટક વંશની એક શાખાએ રાજ્ય કરેલું અને ત્યાં ભોજાધિપતિ વિધર્મ રાજાએ વસાવેલું ભોજકટ નગર પણ હતું.

અનૂપ :

કચ્છને કેટલોક સમય આ નામથી ઓળખવામાં આવતું હતું. ફાર્બસે પણ કચ્છને પ્રાચીન સમયમાં અનૂપ કહેવાતું તેમ નોંધ્યું છે. અનૂપનો અર્થ આશ્ચર્ય પમાડે તેવું થાય છે. ભૂકંપને લીધે દરિયામાં ઊપસી આવી નવીન બનેલો હોય અને અન્ય પ્રદેશની સૃષ્ટિને આશ્ચર્યમાં નાખી દીધો હોય તેથી કચ્છને આ નામ મળ્યું હોય તેવો એક મત છે. પરંતુ આ અસંભવિત છે. છેલ્લા ૪૦૦૦ વર્ષમાં આવો કોઈ ભૌગોલિક ફેરફારોવાળો બનાવ બન્યો નથી. અને તેથી અનૂપ જેવું સંસ્કૃત નામ ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ મળવાનો સંભવ જ નથી. વળી વૈદિક શાસ્ત્રની દૃષ્ટિએ જોવા જઈએ તો ચરકે અનૂપ પ્રદેશને અહિતકારી તથા અનારોગ્ય કરનાર કહ્યો છે તે તેના બેટના પ્રાચીન સ્વરૂપને લીધે સત્યની થોડો નજીક દેખાય છે.

પરંતુ ખરી વસ્તુ એ છે કે જ્યારે ઉત્તર ગુજરાતને અનૂપ કહેવાતું ત્યારે તેના એક ભાગરૂપે કચ્છને પણ આ નામ મળ્યું હોય તેમ વધારે સંભવિત લાગે છે. અનૂપ અને કચ્છને અર્થની દૃષ્ટિએ અમરકોશ એક અર્થક માને છે અને તેનો અર્થ સમુદ્રના કે તેના નદી પ્રદેશના કાંઠાની રક્ષા કરે છે. એ ઉપરથી ચોમાસામાં જ્યાં પાણી ફરી વળે અને શિયાળા તથા ઉનાળામાં જમીન કોરી પડે તેવા પ્રદેશને 'અનૂપ' કે 'કચ્છ' કહેવાનું પ્રચલિત થયું હોય.

કાઠી :

કચ્છ આ નામે એક કાળે ઓળખાતું એવો પણ એક મત છે. શ્રી નયગાંધી

જણાવે છે કે વિરાટનગરની ગાયો વાળવા માટે કોઈ તૈયાર ન થયું તેથી સૂર્યપુત્ર કર્ણે જમીન પર લાકડી પછાડીને કાષ્ઠમાંથી કાઠી ઉત્પન્ન કર્યો અને એ પુરુષે (કાઠીએ) વિરાટનગરની ગાયો વાળી તે પરથી એક કાળે કચ્છ કાઠી નામે ઓળખાતું એમ વરતાય છે. આ મતને બીજો કશોય આધાર નથી. તે ફક્ત કાઠીઓની ઉત્પત્તિને દૈવી બતાવવા ભાટ ચારણોએ જોડી કાઢેલ પરીકથાથી વિશેષ કાંઈ નથી.

એ કરતાં યૂલનો મત વધુ પ્રતીતિકર લાગે છે. યૂલના મતે સંસ્કૃત શબ્દ કાષ્ઠ પરથી કચ્છ આવ્યો છે. અલબત્ત, પર્યાય તરીકે આ શબ્દ વપરાયો હોય તે વધારે સંભવિત છે. જ્યારે પ્રદેશ નામ તરીકે જે પ્રદેશમાં કાષ્ઠ થતું હોય તે પ્રદેશ તેના નામે ઓળખાતો હોય તેવું બન્યું નથી. પરંતુ દક્ષિણ ભારતમાં કાષ્ઠનું પાછળથી કચ્છ થયું હોય એ વધુ સંભવિત છે. કારણ કે આજે પણ દક્ષિણ ભારતમાંથી વિદેશોમાં જે લાકડાની નિકાસ થાય છે તેની જુદી જુદી જાતો માટે કનકચ્છ, ટમકચ્છ અને મલયકચ્છ એવા શબ્દો વપરાય છે.

કુશદ્રિપ :

પ્રાચીન સમયમાં એક કાળે કુશદ્રિપના નામે કચ્છ ઓળખાતું એમ જણાય છે. ભગવાનલાલ સંપતરામ છત્રપતિ માને છે કે, કુશદ્રિપમાંથી ધીમે ધીમે અપભ્રંશ થઈને કચ્છ નામ પડ્યું છે. મેજર ફૂલ પણ આ મતને ટેકો આપે છે. તે જણાવે છે કે કચ્છને 'કુશદ્રિપ' તરીકે ઓળખવામાં આવતું ત્યારે સૌરાષ્ટ્રને 'કુશાવત' કહેવામાં આવતું. કદાચ કુશાવત એ સંસ્કૃત કુશાવર્ત હશે. એ વખતે સમગ્ર કચ્છ અને સૌરાષ્ટ્રને એ નામે ઓળખવામાં આવતાં હશે. વળી એ વખતે આ પ્રદેશમાં કુશ નામે કોઈ જાતિ વસતી હોવાનો પણ સંભવ છે.

મેજર ફૂલના મતે કુશદ્રિપને સમગ્ર સૌરાષ્ટ્ર અને કચ્છના સંદર્ભમાં કુશજાતિ સાથે સંબંધ હોય એ સંભવિત છે. પરંતુ કચ્છને આ જાતિ સાથે કોઈ સંબંધ હોય તેનાં પ્રમાણો દેખાતાં નથી. રામના એક પુત્ર કુશના વંશજોના પ્રદેશ તરીકે કુશદ્રિપ કે કુશાવતને ગણાવવા માટે પૂરતાં પ્રમાણો ઉપલબ્ધ નથી.

કુશનો એક અર્થ ડાભડો કે ડીલો કરવામાં આવે તો સરળ બનશે. કારણ કે આજે પણ કચ્છના રણની આજુબાજુના તમામ પ્રદેશોમાં અને ખુદ કચ્છમાં ડાભડો (કુશ) થાય છે. આ સમયે કુશની વિપુલતાએ તેને આ નામ આપ્યું હોવાનો સંભવ છે. કચ્છનો અર્થ વેરાન કરીએ તોપણ કુશ શબ્દ બંધ બેસે છે, જ્યાં કુશ (ડાભડો કે ડીલો) થાય છે, તે પ્રદેશમાં-ભૂમિમાં બીજું કાંઈ થતું નથી. લગભગ સર્વથા ઉજ્જડ જેવું હોય છે. આમ તેને મળેલ કુશદ્રિપ નામ આ અર્થમાં બંધ બેસે છે અને તેનું અપભ્રંશ થઈને આધુનિક 'કચ્છ' નામ આવ્યું હોય તો તે અસંભવિત તો નથી જ.

જર્તદેશ :

ફાર્બસના જણાવ્યા પ્રમાણે પ્રાચીન સમયમાં કચ્છને 'જર્તદેશ'ના નામે ઓળખવામાં આવતો હતો. આ 'જર્ત' શબ્દ આજે પણ કચ્છના બન્ની વિસ્તારના 'જત' લોકોમાં

સચવાયેલો દેખાય છે.

પશ્ચમ :

એક વખત કચ્છને 'પશ્ચમ' તરીકે ઓળખવામાં આવતું. હિંદુસ્તાનની પશ્ચિમ દિશાએ આવેલો હોવાથી તેને આ નામ મળ્યું હશે. કચ્છના મોટા રણની અંદરના એક બેટનું નામ આજે પણ પચ્છમ છે. પુરાતત્ત્વ શાસ્ત્રીઓની દષ્ટિએ આ બેટ ઘણો જ પ્રાચીન છે. કચ્છનો બીજો પ્રદેશ પાછળથી બન્યો હોય તેમ ભૂસ્તરશાસ્ત્રીઓ માને છે.

અપરાન્ત :

અપરાન્ત શબ્દ કયા પ્રદેશ માટે ચોક્કસ લાગુ પડતો હતો તે કહેવું મુશ્કેલ છે. કારણ કે દરેક સમયે અપરાન્ત નામ એક જ પ્રદેશને નથી મળ્યું. છેક કચ્છથી કોંકણ સુધીના પ્રદેશને જુદા જુદા સમયે આ નામ મળ્યું છે. ઘણી વખત તે કોંકણથી સિંધ સુધીના સમગ્ર પ્રદેશ માટે વપરાય છે. તો કેટલીક વખત તેમના એક ભાગ માટે પણ અપરાન્ત શબ્દનો ઉપયોગ થાય છે. તેમાં કચ્છનો પણ સમાવેશ થતો. મત્સ્યપુરાણ અપરાન્તમાં નર્મદા, ભરૂચ, સરસ્વતી, સૌરાષ્ટ્ર, ઉત્તરગુજરાત, આબુ અને કચ્છનો સમાવેશ કરે છે. એ જ રીતે બ્રહ્માંડ પુરાણ પણ કચ્છને આવા જ વિશાળ પ્રદેશના એક ભાગ તરીકે જણાવે છે. એ વખતે અપરાન્ત અને તેના ભાગો અનૂપ, આનર્ત, સૌરાષ્ટ્ર, કચ્છ વગેરે પર આર્ય સંસ્કૃતિ પ્રસરી હતી. જેની શરૂઆત છેક પરશુરામથી થયેલી દેખાય છે.

વાયુપુરાણે પણ બ્રહ્માંડપુરાણ તથા મત્સ્યપુરાણે આપેલા પ્રદેશોમાં થોડા ઉમેરીને કચ્છ સહિત અપરાન્તનો વિસ્તાર ઘણો જ વિશાળ બતાવ્યો છે. ટૂંકમાં પ્રાચીન અપરાન્તમાં કચ્છનો સમાવેશ થતો એ ચોક્કસ છે. ફ્લીટ પણ નોંધે છે કે અશોકના એક શિલાલેખમાં યવનો, કામ્બોજો, ગાંધારોને અપરાન્ત ગણવામાં આવ્યા છે. છતાંય અપરાન્તમાં કોંકણ, ઉત્તર ગુજરાત, કચ્છ અને સિંધનો સમાવેશ થતો એ ચોક્કસ છે.

આભીર :

કચ્છને ઘણી વખત 'આભીર' તરીકે ઓળખવામાં આવ્યું છે. આભીર એ જાતિવાચક અને પ્રદેશવાચક શબ્દ લાંબા સમય સુધી રહ્યો હતો. પરિણામે આભીરો જ્યાં જ્યાં ગયા ત્યાં તે પ્રદેશને તેમણે એ નામ આપ્યું છે. ભારતના દક્ષિણ વાયવ્ય, ઉત્તર વાયવ્ય અને પશ્ચિમ વાયવ્યના પ્રદેશોને આ નામ મળ્યું છે. તેમાં કચ્છનો પણ સમાવેશ થતો હતો.

મહાભારત કાળમાં આભીર શબ્દ ઉત્તર વાયવ્ય દિશાના પ્રદેશો માટે વપરાતો હતો. એ વખતે આભીરો કચ્છ અને સરસ્વતી નદીના કાંઠે વસતા હતા. ઉપરાંત ઉત્તર તરફ પંજાબ સુધી તેમનું જોર પ્રબળ હતું. તેથી નકુળ જયારે દિગ્વિજય કરવા નીકળે છે ત્યારે તેને આભીરો ને જીતવાનું કામ પણ સોંપવામાં આવે છે. તેણે શિબિ, ત્રિગર્ત, અંબષ્ઠ, માલવ, પંચકર્પટ, મધ્યમકેય, વારાધાન વગેરેના રાજાઓને તથા પુષ્કર અરણ્યના

ઉત્સવ સંકેત લોકોને જીતિને સિંધુને કાંઠે રહેલા મહાબળવાળા ગ્રામલોકો, શૂદ્રો તથા આભીરોને જીત્યા અને અત્યાયરના વઢિયાર પ્રદેશમાં સરસ્વતી તીરે રહેલા અને માછલામાંથી જીવનારા માછીઓ વગેરે પણ જીત્યા તેથી જ યાદવાસ્થળી પછી યાદવસ્ત્રીઓને અર્જુન દિલ્હી લઈ જતો હતો, ત્યારે પંજાબમાંથી જતાં આભીરોએ તેને લૂંટ્યો એટલું જ નહીં કૃષ્ણની કેટલીક સ્ત્રીઓને અને અંધક યાદવોની વિધવાઓને લઈ ગયા. આ પ્રદેશમાં આભીરો વસતા તેને વાયુપુરાણ, પદ્મપુરાણ, મત્સ્યપુરાણ, બ્રહ્માંડપુરાણ અને માર્કંડેયપુરાણ પણ ટેકો આપે છે.

માર્કંડેયપુરાણના કાળમાં તેઓ દક્ષિણ તરફ વસતા દેખાય છે. બ્રહ્માંડપુરાણ પણ તેની પુનરુક્તિ કરે છે, તોપણ તે ઉત્તરને વાયવ્યનોય ઉલ્લેખ કરે છે. સિંધુ નદી જેને પાણી આપે છે, તે દેશમાંના એક તરીકે આભીરને ગણાય છે. છેક અઢારમી સદીના અંત સુધી કચ્છને સિંધુનું પાણી કોરી શાખા મારફત મળતું હતું તેથી પ્રાચીન સમયમાં અન્ય શાખાઓને પણ લાભ કચ્છને મળતો હશે જ. આમ આભીરમાં કચ્છનો સમાવેશ થઈ જતો.

પદ્મપુરાણ આભીરને કાશ્મીરા સાથે ઉલ્લેખે છે. પરંતુ શ્રી ઉમાશંકર જોશી કહે છે તેમ કાશ્મીરાએ કાચ્છપ અને કાચ્છીકનું ભ્રષ્ટરૂપ છે તેથી પણ આભીરમાં કચ્છનો સમાવેશ કરી શકાય. મહાભારત પણ 'શુદ્રાભીર' તરીકે ઉલ્લેખીને પદ્મપુરાણના કથનની પુનરુક્તિ કરે છે જ્યારે સભાપર્વતો તેને પશ્ચિમ તરફ (કચ્છ તરફ) લઈ જાય છે. આમ અહીંયાં સિંધુ કાંઠાના દેશોની સાથે જ તેની ગણના થઈ છે. તેમાં કચ્છ પણ એક હતું.

આગળ મૌસલપર્વમાં તે જ દિશામાં અર્જુન કૃષ્ણની પત્નીઓ ઇન્દ્રપ્રસ્થ લઈ જવા નીકળ્યો અને આભિરોએ તે ઝૂંટવી લીધી તેવું મહાભારતકાર જણાવે છે.

કચ્છને આભીર નામ મળ્યું હશે. તેવા મતને પ્રાચીન સમયના મુસાફરો પણ ટેકો આપે છે. તેથી જ તેને ટોલેમી 'આબિરિયા' કહે છે. તે આભીરનું આબીર અને તેણે સાંભળ્યું તે આબિરિયા હશે. એ વખતે આભીરો કચ્છમાંથી સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાંથી દક્ષિણ તરફ ગયા હશે તેથી પેરીપ્લેસ પણ આ પ્રદેશને અબિરિયા તરીકે નોંધે છે. આને લીધે ટોલેમીએ કચ્છને (આબિરિયાને) આભીરોનો મૂળદેશ માન્યો હશે.

અભિલેખો પણ આભીરને પ્રજા તથા પ્રદેશ ટેકો આપે છે. સમુદ્રગુપ્ત પોતાના અલાહાબાદ અભિલેખમાં 'અભીરનો રાજવી ખંડિયો' તેવો નિર્દેશ કરે છે. પરંતુ એ વખતે આ અભીરો કે તેમનો દેશ કચ્છ નથી તે તો સ્પષ્ટ છે. એ પછી 'સિદ્ધહેમ પ્રશસ્તિ'માં હેમચંદ્ર આભીરોનો ઉલ્લેખ કરે છે અને અન્ય પ્રબંધોમાં કુમારપાળના તાબાના દેશોનાં નામોમાં આભીરો છે. છતાંય એમાંનો એકેય ઉલ્લેખ કચ્છને સંબંધિત નથી કારણ કે આ વખતે કચ્છને કચ્છ નામ ક્યારનું મળી ગયું હતું. એટલું ચોક્કસ છે કે પુરાણકાળમાં સમગ્ર કચ્છને આભીર તરીકે ઓળખવામાં આવતું હશે અથવા તો તે બૃહદ આભીરના એક ભાગ રૂપ હશે એ વખતે કચ્છની ગણના સિંધુના તટપ્રદેશમાં (કોરી શાખાને લીધે) થતી હશે અને સિંધુ તથા સરસ્વતીના તટ પ્રદેશમાં આભીરો

શરૂઆતમાં બહારથી આવેલાઓ (મલેચ્છ) તરીકે વસતા હશે. પછી દેશી થયા હશે. તેથી આજે પણ કચ્છ તથા કાઠિયાવાડમાં તેમના વંશજો આહીર તરીકે પોતાને ઓળખાવે છે. ટૂંકમાં આભીર શબ્દ આજે દેશ નામ તરીકે રહ્યો નથી. પણ આહીર જાતિમાં ટકી રહ્યો છે.

એક પ્રજા તરીકે કચ્છમાં આભીરો મહત્ત્વનું સ્થાન ધરાવતા હતા 'આચારાંગ સૂત્ર'ની ચૂર્ણિ પ્રમાણે કચ્છમાં આભીરો જૈન ધર્માનુયાયી હતા. આવશ્યક ચૂર્ણિના ઉત્તર ભાગમાં એક બીજી પણ નોંધ છે કે, આનંદપુરનો એક દરિદ્ર બ્રાહ્મણ કચ્છમાં ગયો હતો અને ત્યાં આભીરોને પ્રતિબોધ આપ્યો હતો. બ્રુહત કલ્પસૂત્રની વિશેષ ચૂર્ણિ તો આ આભીર ગૃહસ્થને ત્યાં સાધુને વાસો કરવાનું સૂચવે છે. તેનાથી જૈન સાધને કોઈ દોષ નહોતો લાગતો તેવા તેઓ પવિત્ર હતા.

ભૂગોળવિદ શ્રી અમૃત પંડ્યા માને છે કે કચ્છને આભીર નામ બીજા સૈકામાં મળ્યું છે. પરંતુ ઉપરોક્ત લેખ લખાયા પછી ઈ.સ. ૧૯૬૮માં કચ્છમાં દોલતપર ગામમાંથી આભીરોના ઉલ્લેખવાળા ક્ષત્રપ કાલીન શિલાલેખો મળ્યા છે. જે આ સમયને થોડો પાછળ ધકેલે છે. અથવા તો ફેર વિચારણા કરવા ફરજ પાડે છે.

કાશ્મીર :

કાશ્મીર શબ્દથી પ્રાચીન કાળમાં કચ્છ ઓળખાતું લાગે છે. કારણ કે અપરાન્તને સમજાવતાં માર્કંડેયપુરાણ સારસ્વત પ્રદેશ અને સૌરાષ્ટ્રની વચ્ચે 'કાશ્મીર' શબ્દનો ઉપયોગ કરે છે. જ્યારે મત્સ્યપુરાણ તેની જગ્યાએ 'કચ્છિય' શબ્દનો ઉપયોગ કરે છે. આનો અર્થ એટલો જ થાય કે માર્કંડેયપુરાણનું કાશ્મીર એ મત્સ્યપુરાણ તથા બ્રહ્માંડપુરાણનું કચ્છ જ સૂચવે છે. આ શબ્દને અત્યારના કાશ્મીર સાથે કોઈ સંબંધ નથી.

પાણથલ :

મત્સ્યપુરાણમાં એક જગ્યાએ કચ્છનો 'પ્રાંણથલ' નામે ઉલ્લેખ છે. અત્યારના 'પ્રાંથલ' બેટમાં પુરાણોએ વર્ણવેલ પ્રાણથલ સચવાઈ રહ્યો છે.

ભુજદેશ યા શ્રીપતિ :

કચ્છ અને કચ્છની આજુબાજુનો પ્રદેશ કોઈ વખત પ્રાચીન સમયમાં 'શ્રીપતિ' અથવા 'ભૂજદેશ'ના નામથી ઓળખાતો એવું પુરાણોનો અભ્યાસ કરતાં લાગે છે. ભવિષ્ય પુરાણ તો સિંધ, કચ્છ અને ભૂજ એ ત્રણે દેશોનો એક રાજવંશ સાથે સંબંધ નોંધે છે.

ભવિષ્યપુરાણના કથન મુજબ સિંધુ નદીના તટપ્રદેશમાં રાજ્ય કરતા સિંધુવર્માના પુત્ર સિંધુદ્વિપના પુત્ર શ્રીપતિનાં લગ્ન કચ્છ દેશમાં થતાં એ ત્યાં જઈ પુલિંદ યવન પર વિજય પામ્યો અને એટલે સિંધુના કાંઠા ઉપર 'શ્રીપતિ' નામી દેશ આબાદ કર્યો. એના પુત્ર ભૂજવર્માએ શબરો-ભીલોને હરાવી વસાહત કરી જે 'ભૂજ' દેશ કહેવાયો.

આ વર્ણન ઉપરથી કચ્છની સીમા સિંધુ નદીના કિનારા સુધી ગણવી જોઈએ અને ક્યારેક તેનું નામ શ્રીપતિ દેશ હતું એમ માની શકાય. ભવિષ્યપુરાણની આ

કથા ઘણો ગોટાળો કરી નાંખે છે. શ્રીપતિનું પાછળથી 'સૌવિર' થયું એમ મનાય છે. અને ભૂજદેશનું નામ 'ભૂજનગર' ને મળ્યું હોય તોપણ 'કચ્છ દેશ' એ અત્યારનું કચ્છ હોય તેમ માની શકાય તેવું નથી. ભવિષ્ય પુરાણની આ હકીકતને અન્ય કોઈ પ્રાચીન ગ્રંથનો ટેકો નથી અને સ્વરૂપ પરથી પણ તે દંતકથાત્મક લાગે છે.

સખલ :

મત્સ્યપુરાણ કચ્છ માટે 'સખલ' શબ્દનો ઉપયોગ કરે છે. આ શબ્દ અપભ્રંશ થઈને ક્યાંય ટક્યો હોય તેવો ખ્યાલ આવતો નથી.

સીગરડીસ :

સીગરડીસ એ સંસ્કૃત સાગર દ્વિપ કે સમુદ્રદ્વિપનું અપભ્રંશ ગ્રીકરૂપ છે. ઈ.સ. પૂર્વે ૧૯૦ની આસપાસ બેક્ટ્રિયાના રાજા ડેમેટ્રીયસે કચ્છ અને સૌરાષ્ટ્ર જીતી લીધા ત્યારે ગ્રીકોએ કચ્છ માટે સીગરડીસ શબ્દનો ઉપયોગ કર્યો છે. એ જ રીતે તેમણે સૌરાષ્ટ્ર માટે 'સરૌસ્ટસ' નામનો શબ્દપ્રયોગ કર્યો છે. ગ્રીક લખાણોમાં સ્ટ્રેબોની નોંધ (ઈ.સ. પૂર્વે ૫૦-૨૦)માં પણ કચ્છ માટે સાગરદ્વિપ (સિગરડીસ) તરીકેનો ઉલ્લેખ મળે છે. ગ્રીક લેખકો કચ્છ અને સૌરાષ્ટ્રને અલગ પાડી શક્યા નથી. ટોલેમીએ સૌરાષ્ટ્રને સિંધુના ડેલ્ટામાં બતાવ્યું છે. પેરિપ્લસ અને બર્ટિએરામાં વપરાયેલો સુરેસ્ટન શબ્દ સ્પષ્ટ રીતે સૌરાષ્ટ્રનું જ સૂચન કરે છે. તેના કચ્છ સાથેના વર્ણન પરથી થોડીક સમાનતા દેખાઈ આવે છે. તે લખે છે કે 'ભૂમિ ફળદ્રુપ' છે તેમાં જથ્થાબંધ ડાંગર, તેલ, ઘી તથા રૂ થાય છે. ત્યાંના લોકો કદે ઊંચા અને રંગે શામળા છે. તેમની પાસે પશુધન પુષ્કળ છે. તેથી ગ્રીકોએ સીગરડીસ કે સુરસ્ટન શબ્દનો ઉપયોગ અત્યારના કચ્છ-સૌરાષ્ટ્ર માટે કર્યો તે કેટલીક પ્રાદેશિક સમાનતાને આધારે હશે તેમ લાગે છે. પ્રાચીન ગ્રંથોમાંય કચ્છને સાગરદ્વિપ કહેલો છે તેમ ફાર્બસ પણ નોંધે છે.

પાતાળદ્વિપ :

મેગેસ્થનીસ ભારતમાં ચંદ્રગુપ્ત મૌર્યના દરબારમાં રહેલો તેણે ભારત વિશે લખેલ કૃતિ 'ઈન્ડિકા' આખી મળતી નથી. પરંતુ તેના પછીના લેખકોએ ઈન્ડિકાના કેટલાક સંદર્ભોનો ઉલ્લેખ કર્યો છે. તેના આધારે મેકક્રીડલે તે વખતના ભારતનો અહેવાલ તૈયાર કર્યો છે. જેને આધારે ઈ. જે. રેપશ્ન માને છે કે મેગેસ્થનીસે કચ્છના અખાતના ઉત્તર ભાગમાં ભારતના પશ્ચિમ છેડે એક એક સમૃદ્ધ વસાહતનો ઉલ્લેખ કર્યો છે. એનો નિર્દેશ કચ્છ પરત્વેનો જ છે. પરંતુ તેણે તેને કયા નામે ઉલ્લેખી છે તે જાણવા મળતું નથી. છતાંય રામસિંહજી રાઠોડ માને છે કે તેણે કચ્છનો 'પાતાળ દ્વિપ' તરીકે ઉલ્લેખ કર્યો છે.

તાજ રાષ્ટ્ર :

ગ્રીકલેખક સ્ટ્રેબોએ કચ્છને તાજ રાષ્ટ્ર તરીકે ઉલ્લેખ્યું છે. તે ફક્ત 'તાજરાષ્ટ્ર' તરીકે કચ્છનો જ ઉલ્લેખ નથી કરતો પણ તેની રાજધાનીને 'તેજ' અથવા 'તાજિક' તરીકે ઓળખાવે છે. અબૂલફઝલ પણ આવી જ નોંધ કરે છે. જ્યારે તેના પહેલાં

આરબોએ તેનો 'તાકેફ' તરીકે ઉલ્લેખ કર્યો છે. એટલું જ નહીં પણ શ્રીમતી પોસ્ટન્સે પણ ભૂજની જગ્યા પર આવું એક તેજ નામનું નગર હતું તેવી પ્રણાલિકાની નોંધ લીધી છે.

ઔદુમ્બર :

ગ્રીકોએ કચ્છનો ઔદુમ્બર નામે ઉલ્લેખ કર્યો છે. તેમ શ્રી દુ. કે. શાસ્ત્રી અને અન્ય પુરાતત્ત્વવિદો માન્યતા ધરાવે છે. મહાભારત પણ ઔદુમ્બરનો ઉલ્લેખ કરે છે. સભાપર્વમાં ઉપાયનો લાવનારાઓમાં કાયવ્ય, દરદ, કાર્વ, શૂર, વૈચમક દુર્વિભાવ, યારદ, બાહુલિક, કાશ્મીર વગેરેની સાથે ઔદુમ્બરને પણ મૂકવામાં આવેલ છે. આ ઉલ્લેખ આક્રમક પ્રજાઓનો છે પ્રદેશોનો નહિ, તેથી તેનો કચ્છસંબંધે ચોક્કસ ક્રમ પકડવાનું મુશ્કેલ છે.

યુયાંન સ્વાંગે સિંધથી નૈત્રત્યમાં દૂર 'આ તીએન-પો ચિકલા' નામના પ્રદેશની મુલાકાત લીધેલી તેને કનિંગહામ કચ્છ તરીકે ઓળખાવે છે. અને સંસ્કૃત રૂપ 'ઔદુમ્બર' કે 'ઔદુબત્તિર' આપે છે. જોકે આ મત મુરાજ જેવા વિદ્વાનોને સ્વીકાર્ય નથી.

પેરીપ્લસ :

પેરીપ્લસનો અભ્યાસ કરતાં લાગે છે કે તેની પાસે કચ્છ પ્રદેશનો સ્પષ્ટ ખ્યાલ નથી. તેણે કદાચ પોતે ઉલ્લેખેલા નામ્બસના રાજ્ય કે સામ્રાજયમાં કચ્છનો સમાવેશ કરી લીધો હોય. તેણે કચ્છના અખાતનો દ્વારકા-બરાકાના અખાત તરીકે ઉલ્લેખ કર્યો છે. આ બરાકા તે કચ્છનો પર્યાય કે અપભ્રંશ નથી, પરંતુ સ્પષ્ટ દ્વારિકા કે બદ્રિકાનો વિદેશી ઉચ્ચાર છે. એ વખતે કચ્છ અને ખંભાતના અખાતને કચ્છ તથા ખંભાત પરથી નામ મળ્યાં હોય તેમ લાગતું નથી. નહીંતર પેરીપ્લસમાં ખંભાતના અખાતને ભરૂચ (બારીગાઝા)નો અખાત કહે નહીં. જો કે ઘણી વખત આવી ભૂલો કરવાને વિદેશીઓ ટેવાયેલા જ હતા. છેક હમણાં સુધી ગુજરાતના સુલતાનને પોર્ટુગીઝોએ 'ખંભાતનો રાજા' કહ્યો જ છે અને ખંભાતને ગુજરાતનું પર્યાય બનાવી દીધું એટલે કચ્છનો પર્યાય 'બરાકા' પેરીપ્લસમાં બને તે નવાઈ જેવું ન કહેવાય.

પેરીપ્લસમાં આગળ વાણિજય પરિસ્થિતિનો ઉલ્લેખ આવે છે. એમાં જણાવ્યા મુજબ 'એ જ રીતે ભારતનો લોખંડ અને પોલાદ, સુતરાઉ કાપડ, મોનારો અને સાગમાં નામનાં મોટા પનાના કાપડ, કમરબંધ, ચામડાનાં અને ગુઢા રંગના કાપડનાં અંગરખા, થોડીક મલમલ અને રંગીન લાખ દરિયાપારના આરિયાકાના પ્રદેશમાંથી આયાત કરવામાં આવે છે.

પેરીપ્લસમાં 'આરિયાકા' પ્રદેશને ડૉ. દુશ્યંત પંડ્યા કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતનો કાંઠો કહે છે. આ નામ આ પ્રદેશને ટોલેમીએ ઉલ્લેખેલા બાટિકા-લાટિકા કે લાર પરથી આવ્યા કરતાં પુરાણ કથિત અપરોન્ત કે અપરાન્તિક પરથી આવ્યું હોવાનો વધારે સંભવ છે. અપરાન્તમાં કચ્છનો સમાવેશ થતો હતો. તેથી પેરિપ્લસના આરિયાકામાં કચ્છનો એક વિશાળ પ્રદેશના ભાગ તરીકે ઉલ્લેખ છે. એથી વિશેષ કાંઈ કહી શકાય નહીં.

પેરીપ્લસમાં બરાકાના કચ્છના અખાતમાં સાત ટાપુઓ હોવાનું પણ નોંધ્યું છે. આ ટાપુઓ કંડલા અને દ્વારકાની આજુબાજુના ટાપુઓ પણ હોય.

ટોલેમી :

ટોલેમી પોતાના નકશામાં 'કંઠીના અખાત'નો ઉલ્લેખ કરે છે. તેને કચ્છનો પૂરેપૂરો ખ્યાલ હોય એવું નથી લાગતું, કારણ કે તેણે સૌરાષ્ટ્રને કચ્છની કે 'કાંઠીના અખાત'ની દક્ષિણે બતાવવાને બદલે સિંધુ નદીના તટ પ્રદેશમાં બતાવ્યું છે. કચ્છનો એથી નજીકનો ટોલેમીનો ઉલ્લેખ લોનીબારા છે એ કોરી શાખા કે મોટા રણના પૂર્વ કાંઠે મળતી મારવાડાની લૂણી હોય. એથી વિશેષ ટોલેમી કુચ્છ વિશે જાણતો હોય તેવો સંભવ નથી.

અનુસમુદ્રદ્વિપ :

પાણિની પોતાના અષ્ટાધ્યાયીમાં કચ્છનો ઉલ્લેખ એક જગ્યાએ અનુસમુદ્રદ્વિપ તરીકે કરે છે. સમુદ્ર સાથેના તેના સંબંધમાં કચ્છનો આ ભૌગોલિક ઉલ્લેખ કરે છે.

ઉદ્યમ દેશ :

ફાર્બસ નોંધે છે કે પ્રાચીન સમયમાં કચ્છને ઉદ્યમ દેશ પણ કહેતા. કચ્છીઓ પહેલેથી જ મહેનતુ હોવાથી તેમને આ નામ મળ્યું હોય તો તેવા સંભવને નકારી શકાય નહીં.

ઉબ્રાસી :

કચ્છને કોઈ વખત ઉબ્રાસી નામે ઓળખવામાં આવતું હતું તેમ કર્નલ ટોડ નોંધે છે. કચ્છને આ નામ મળવાનું કારણ આપતાં કર્નલ ટોડ જણાવે છે કે કચ્છના રાજકુમારો અંદરોઅંદર ઝઘડીને લડીને વિજય મેળવી પછી ગાદી મેળવતા તેથી આ પ્રદેશને ઉબ્રાસી કહે છે. કર્નલ ટોડ તો ખેંગારજી પહેલાના એક પુત્રનું નામ 'ઉબ્રા' આ પરથી પડવાનું નોંધે છે. આમ છતાં ખેંગારજી પહેલાને આવા નામનો પુત્ર હોય કે તેમના પુત્રને આવું નામ મળ્યું હોય તેવો અધિકૃત ઉલ્લેખ તો નથી મળતો. તેથી આ નામ કચ્છને ક્યારે મળ્યું તે કહી શકાય નહીં. આ નામને બીજા કોઈ ગ્રંથનો આધાર પણ નથી.

બરાઈ :

કર્નલ ટોડ, પેરીપ્લસ તથા ટોલેમીના આધારે 'બરાઈ' ટાપુને કચ્છ માને છે. આ બરાઈની પૂર્વમાં એક ખાડી છે. જેનું નામ બનાવીલે' આપવામાં આવ્યું છે. કચ્છના સંદર્ભમાં તેને અત્યારનું 'નાનું રણ' કહી શકીએ. પરંતુ આ શબ્દ રણ ઈરિયનના સંદર્ભમાં ક્યાંય વ્યુત્પન્ન થતો નથી. આ બરાઈ ટાપુની ઈશાન દિશાએ 'બલસેટી' અથવા 'બરસેટી' નામનું બંદર બતાવાયું છે. શબ્દની દૃષ્ટિએ જોઈએ તો 'બલ' એ અત્યારના બેલાબેટથી વધારે નજીક છે. પરંતુ એમ કહેવાને આપણી પાસે કોઈ આધાર નથી. કર્નલ ટોડ સંદર્ભને આગળ નોંધાતાં જણાવે છે કે કાઠી કે કાંઠી કાલ્સના પ્રવેશદ્વારની દક્ષિણમાં આજે અબડાસા તાલુકાના જખૌ બંદરેથી વાગડના શિકારપુરનો પ્રદેશ કાંઠી કે કંઠી તરીકે ઓળખાય છે. ઉપરાંત પહાડો અને સમુદ્રની વચ્ચે આવેલા પ્રદેશને કાંઠી તરીકે ઓળખવામાં આવે છે. એસ્પિયન તેને ઇરિનસ કહે છે. ઈરિનસ પરથી ગ્રીકો

ઈરીનોન કહે છે અને આપણે અરણ્ય પરથી તેને જ રણ કહીએ છીએ. ઉપરનું આખું વર્ણન કચ્છ કરતાંય નર્મદાના મુખના કોઈ ટાપુ માટે થયું હોય એ વધારે સંભવિત છે.

કચ્છ નામથી ઉલ્લેખો :

કચ્છ નામ ઘણું જ પ્રાચીન હોવાથી કચ્છના 'કચ્છ' તરીકેના ઉલ્લેખો વિપુલ પ્રમાણમાં મળે છે. આ બધા ઉલ્લેખો મુખ્યત્વે ભૌગોલિક હોવાથી સંતોષકારક ઐતિહાસિક માહિતી આપતા નથી. પરંતુ જે અલ્પ પ્રમાણમાં માહિતી મળે છે તે ઘણી જ કીમતી પુરવાર થઈ છે આ ઉલ્લેખો નીચે મુજબ છે.

અતિપ્રાચીન ઉલ્લેખો :

૧. જાતક કથાઓ :

બૌદ્ધ ધર્મની જાતક કથાઓમાં કચ્છનો વ્યાપક ઉલ્લેખ મળે છે. એટલું જ નહીં કચ્છના વેપારતંત્રનો પણ જાતક કથાઓ ખ્યાલ આપે છે. કચ્છમાંથી મળી આવતી બૌદ્ધ મૂર્તિઓ તથા યુઆન શ્વાંગના સંદિગ્ધ કોટેશ્વર ઈત્યાદિના ઉલ્લેખો કચ્છમાં બૌદ્ધ ધર્મનો વ્યાપ હતો તેમ બતાવે છે.

૨. આચારાંગ સૂત્ર :

એ જ રીતે જૈન ધર્મનો પણ કચ્છમાં સારો પ્રભાવ હતો. આચારાંગ સૂત્રની આવશ્યક ચૂર્ણિમાં કચ્છમાં વસતા જૈન ધર્માવલંબીઓનો ઉલ્લેખ છે. આ કચ્છી જૈનો ઘણા જ વિદ્વાન હતા અને આનંદપુરના બ્રાહ્મણોનેય ઉપદેશ આપવાને શક્તિમાન હતા.

૩. બૃહત કલ્પસૂત્ર :

કચ્છનો પરોક્ષ રીતે બૃહત કલ્પસૂત્રમાં ઉલ્લેખ થયો છે. જૈન સાધુ કે અન્ય સંન્યાસી ફક્ત કચ્છની અંદર જ ગૃહસ્થીના ત્યાં રહી શકતો અને તેમ વર્તવા બદલ તેને માટે તે કૃત્ય દોષરૂપ નહોતું. આજે જૈન સાધુ માટે ઘરમાં રહેવું વર્જ્ય છે જ્યારે અન્ય સાધુ માટે નથી.

૪. જંબુદ્વિપ - પ્રજ્ઞપ્તિ :

આ જૈન અનુશ્રુતિમાં પણ કચ્છનો ઉલ્લેખ થયેલ છે. તેમાં જણાવ્યા મુજબ ભરત ચક્રવર્તીએ જે દિગ્વિજય કર્યો તેમાં કચ્છ દેશ પર પણ તેણે વિજય કર્યો હતો. આમ આ અનુશ્રુતિ થોડો પ્રણાલિકાગત ઈતિહાસ પણ આપણને જણાવે છે.

૫. ભગવતી સૂત્ર :

જૈનોનો આ ગ્રંથ કેટલાંક સામાન્ય નામો આપે છે. તેમાં આવતું 'કચ્છ' નામ ઈ. જે. રેપસનના મતે કચ્છ માટે જ છે. કચ્છને અનુલક્ષીને આશરે અઢી હજાર વર્ષ પહેલાં મહાવીરના શિષ્ય ગૌતમ સ્વામીને પુછાયેલા એક પ્રશ્નમાં કચ્છનો ઉલ્લેખ આવે છે જેની નોંધ ભગવતી સૂત્રમાં છે. પ્રશ્ન વાક્યનો અર્થ કાંઈક આવો થાય છે. 'હરણને મારવા કોઈ જણ કચ્છમાં ધારકોટ જાય.'

પ્રાચીન ઉલ્લેખો :

૧. અમરકોશ :

અમરકોશ ફક્ત કચ્છ શબ્દને જ વ્યક્ત નથી કરતો, પણ ભાષાકીય રીતે તેની વ્યાખ્યા વ્યુત્પતિ દર્શાવે છે. કચ્છના પ્રદેશને કચ્છ નામ કેવી રીતે મળ્યું એનો વિચાર કરતાં એ પ્રદેશ જલપ્રાય હોય એવું અમરકોશ પરથી માલૂમ પડી આવે છે. 'અનુપ' અને 'કચ્છ'ને અર્થની દૃષ્ટિએ અમરકોશ એકથર્ક માને છે.

૨. પાણિની :

પાણિનીએ પશ્ચિમમાં કચ્છ દેશનો ઉલ્લેખ કર્યો છે. ઉપરાંત કે 'કચ્છ' શબ્દાન્તે આવે છે. તેવાં શહેરોનો પણ ઉલ્લેખ કરે છે. આમાંના મોટા ભાગનાં નગરો ભૃગુકચ્છથી કચ્છ સુધીમાં હતાં. તે જણાવે છે કે કચ્છ જનપદના લોકોને 'કચ્છક' તરીકે ઓળખવામાં આવે છે. ઉપરાંત આ કચ્છીઓની પાઘડી, વાણી, હાસ્ય અને બળદની વિશેષતાઓ નોંધવામાં આવી છે. ડો. વી. એસ. અગ્રવાલને તો પાણિની ઉલ્લેખિત 'કાંડાગ્નિ' અને 'વીભુજાગ્નિ' જેવાં સ્થળોમાં અનુક્રમે અત્યારના કંડલા અને ભુજ દેખાય છે. અગ્નિનો અર્થ જ્યાં બળબળતા બપોરે ભયંકર ગરમી પડે છે તેવું સ્થળ થઈ શકે. સંસ્કૃતમાં આ અર્થમાં 'ઈરીન'(રણ) શબ્દ છે. એટલે 'કાંડાગ્નિ'નો અર્થ કાંઠાપરનું ગરમ સ્થળ એવો કરીએ તો અત્યારના સંદર્ભમાં ખોટું નથી. એ જ રીતે 'વીભુજાગ્નિ' કચ્છના મોટા રણનો નિર્દેશ કરે છે. તેવું ડૉ. અગ્રવાલનું મંતવ્ય છે. ભુજથી મોટું રણ ઘણું દૂર નથી. એ જ રીતે કંડલા તો નાના રણમાં જ છે.

તળકચ્છ ફક્ત સમુદ્રકિનારે જ નથી આવ્યું. પાણિની દ્રષ્ટિએ તે ઘણો જ ફળદ્રુપ પ્રદેશ છે. તેનાં સૂત્રો પરથી એવું લાગે છે કે કચ્છની પાઘડી, ભાષા, હાસ્ય, બળદ અને પ્રદેશ માટે એક જ કચ્છ શબ્દ હતો એ તેનો વ્યાપ્ત અને માતૃભૂમિ તરફનો પ્રેમ બતાવે છે. અમુક શબ્દો કેમ બન્યા છે તે સમજાવવા પાણિની જે નિયમો ઘડે છે તેમાં વસાહતોનાં વિશેષ નામોના અંત્યપદોના ઉલ્લેખમાં એકપદ 'કચ્છ' પણ આવે છે. ડૉ. અગ્રવાલ આવા એકવીસ નામોની ચર્ચા કરે છે. આજે પણ ગુજરાતી ભાષાનાં કેટલાંય સ્થળોમાં આ અંત્યપદો વ્યાપ્ત થયા છે. કેટલાંક મૂળ સ્વરૂપ છે અને કેટલાક અપભ્રંશ થઈ ગયાં છે.

મોટા ભાગનાં આ અંત્યપદો ગામો અને નગરોનાં વિશેષ નામોની પાછળ લાગેલાં છે. તેમાંનાં કેટલાંક નામો વસાહતોના પ્રકાર સૂચવે છે. જ્યારે કેટલાંક તો સન્માનની કુદરતી સ્થિતિ પણ દર્શાવે છે. તેવા શબ્દોનો 'કચ્છ' એક શબ્દ હતો. બીજા શબ્દોમાં કુલ, તીર, અગ્નિ, વકત્ર ગર્ત, વહદૂદ, પ્રસ્થ વગેરે આવે છે.

ટૂંકમાં પાણિનીને કચ્છનો સ્પષ્ટ ખ્યાલ છે અને તેથી જ તેનાં પડોશી પ્રદેશો, નગરો, સુરાષ્ટ્ર, વલભીપુર, આનર્ત, મહી પ્રદેશની સાથે કચ્છનો પણ ઉલ્લેખ કરે છે. તે નામ ન પાડેલ હોય તેવા જનપદ તરીકે પણ કચ્છને ગણાવે છે. કારણ કે તેણે કચ્છની આજુબાજુના પ્રદેશ સૌવીર (દક્ષિણસિંધ), સિંધુ, અત્યારના થર પારકર અને નગર પારકર તથા બ્રાહ્મણાબાદને જનપદ કહેલ છે. આ જનપદો પોતાનામાં

કચ્છના બૃહદ રણનો સમાવેશ કરી લેતાં હતાં.

૩. કાલિદાસ :

સંસ્કૃત કવિ કુલગુરુ કાલિદાસ પોતાના 'મેઘદૂત'માં 'કચ્છ'ના ખાબોચિયામાં કાંડાની કદલી એવી ઉપમા દર્શાવીને કચ્છનો ઉલ્લેખ કરે છે. કાલિદાસમાંથી કચ્છ વિશે અન્ય કોઈ માહિતી મળતી નથી. જો કાલિદાસને ઈ.સ. ના ૬ઠ્ઠા સૈકા આસપાસ થઈ ગયેલા માનીએ તો છઠ્ઠી સદીમાં કચ્છ, કચ્છ નામથી ઓળખાતું તેમ કહી શકાય.

૪. શિશુપાલવધ :

ઈ. સ. ૫૭૫થી ૬૨૭ દરમિયાન થઈ ગયેલા કવિ માઘે પોતાના મહાકાવ્ય 'શિશુપાલવધ'માં પણ કચ્છનું નામ આપ્યું છે. માઘ પણ કાલિદાસની માફક અન્ય કોઈ માહિતી આપતો નથી.

૫. યુઆન શ્વાંગ :

યુઆન શ્વાંગ કચ્છની અંદર આવ્યો હતો કે નહીં તેને વિશે બે મત પ્રવર્તે છે. એક મત તે કચ્છ નહોતો આવ્યો એવો છે. જ્યારે બીજો મત તે કચ્છ આવ્યો હતો તેવો છે. જ્યારે ત્રીજો મત અત્યારનું ખેડા એ વખતે કચ્છ નામે ઓળખાતું તેવો છે. આ ત્રીજા મતના પુરસ્કર્તા જુલિયન અને ડૉ.ડે છે. પરંતુ શ્રી ઉમાશંકર જોશી આ મત સાથે સહમત થતા નથી.

યુઆન શ્વાંગ ઉપરથી સ્ટેનિરલાસ જ્યુલિયન અને વિવિયન દસેઈન્ટ માર્ટીન કચ્છની કોઈ જગ્યાનું નામ સૂચવે છે. વોટર્સ પણ તે કચ્છ હોવાનું કહે છે. બીલ પણ તેણે આપેલ સારમાં કનિંગહામનો મત આપી પછી એનો અસ્વીકાર કરી 'કચ્છ' હોવાનું વલણ ધરાવે છે યુઆન શ્વાંગે તો દરેક સ્થળનાં અરસપરસ અંતર પણ જણાવ્યાં છે. આ પરથી માપ કાઢતા ખેડા સાથે જ બંધ બેસતું આવે છે. શ્રી ડી. એ. ખેડાનું નામ કચ્છ હશે એવું અનુમાન કર્યું લાગે છે. પણ ઠીક નથી. કર્નીંગહામ બરોબર સ્ફુટ કરે છે કે ઉપરના ફ્રેન્ચ વિદ્વાનોએ જ અન્યત્ર યોગ્ય રીતે ચીની ઉચ્ચાર 'ચા'ને ઠેકાણે અહીંનો 'ટા' મૂક્યા છે તે રીતે આનુ પણ ખેરાજ રૂપ મળે. એટલે યુઆન શ્વાંગે આપેલા નામને ખોટી રીતે વાંચીને તેનો 'કચ્છ' ઉચ્ચાર કરી ખેડાનું નામ કચ્છ હશે એમ અનુમાન કરવું યોગ્ય નથી.

યુઆન શ્વાંગે કરેલ વર્ણન પરથી શ્રી ન.વ. દ્વિવેદી એવું તારણ કાઢે છે કે, યુઆન શ્વાંગ ઘણા વખતમાં કચ્છ અને આનંદપુર માલવાના શાસન નીચે હતાં. જ્યારે કનૈયાલાલ મુનશી માને છે કે કચ્છનો કોઈ ભાગ કોઈ કાળે માલવાને આધીન નહોતો. જ્યારે ઇ.જે. રેપસન કચ્છ અથવા ખેડા બેમાંથી એક માલવાને આધીન હતાં, તેવું અસંદિગ્ધ વિધાન કરે છે. યુવાન શ્વાંગે કીટા ને આબાદીવાળો તથા સમૃદ્ધ પ્રદેશ ગણ્યો છે. તેથી તેને માલવાનો રાજકીય ભાગ કહેવા ઘણા વિદ્વાનો પ્રેરાયા છે. બાકી કચ્છ માલવા જેવો આબાદ કે લાટ જેવો સમૃદ્ધ ભૂતકાળમાં કદીય નહોતો.

યુઆન શ્વાંગે આ વિભાગમાં વર્ણવેલ ૮૨ મઠો ૫૦૦૦ સાધુઓ તે બધા કચ્છના હતા તેવો બીલ વોટર્સ અને ડૉ. હસમુખ સાંકળિયાનો મત છે. એ જ રીતે ઇ.જે.

રેપસન આ બધા સાધુઓ સામીત્ય સંપ્રદાય (હીનયાન)ના હતા અને કચ્છની સાથે જ વિશાંક અને અવાર્તમાં પણ રહેતા હતા.

વાસ્તવમાં કચ્છનો ઉલ્લેખ શ્વાંગ નથી કરતો. કારણ કે એ વખતે (ઈ.સ. ૬૪૧) માં કચ્છને કચ્છ તરીકે જ ઓળખવામાં આવતું હતું આથી 'કેટા' એ 'ખેડા' જ છે તે વિશે બે મત નથી.

ડૉ. યુઆન શ્વાંગે એક ઓ-તીન-પો-ચી-લે' નામના સ્થળની પણ મુલાકાત લીધેલી. કનીંગહામના મતે આ ઔદુમ્બરનું અપભ્રંશ છે. અને તે કચ્છ છે. જ્યારે વોટર્સ એના સારમાં કનીંહગામની જેમ લાર્સનનો મત ટાંકી એ સંજ્ઞાથી 'કચ્છના લોક' એવું માત્ર કહીને પોતાનો કોઈ મત નોંધતો નથી. જ્યારે બીલ ઓ તીન પોચિલો વિશે કાંઈ ખુલાસો નથી આપતો.

૬. રાજશેખર :

૧૦મી સદીના આરંભમાં એટલે કે આશરે ઈ.સ. ૯૧૦ની આસપાસ રાજશેખરે ભૂગોળવિષયક એક ગ્રંથ નામે 'ભુવનકોશ' લખેલો. આજે પુસ્તક અપ્રાપ્ય છે. 'ભુવનકોશ'નો નિર્દેશ તેણે એ પછી લખેલ 'કાવ્યમીમાંસા'માં છે. ઉપરાંત તેણે લખેલ બાલરામાયણ પણ ભારત વિશે સારી માહિતી આપે છે.

આ વિખ્યાત 'કાવ્યમીમાંસા'નો કર્તા રાજશેખર મિહિર ભોજના પુત્ર તથા પૌત્રનો ગુરુ હતો તેથી પોતાની કૃતિ નિર્માણ કરવા માટે તેને એ વખતની સર્વોત્કૃષ્ટ સગવડો પ્રાપ્ત હતી. તેણે સમગ્ર ભારત (આર્યવ્રર્ત)ના કુલ પાંચ ભાગ પાડ્યા હતા. પૂર્વનો પ્રદેશ, દક્ષિણનો પ્રદેશ, પશ્ચિમનો પ્રદેશ, ઉત્તરપ્રદેશ અને અન્તર્વેદી અર્થાત્ મધ્યપ્રદેશ.

પશ્ચિમ દેશનો વિભાગ 'દેવસભ' કે 'દેવસભા'થી શરૂ થતો હતો. જે અત્યારે 'દેવસના' નામે ઓળખાય છે. દેવસએ આજેય એક પ્રદેશનું નામ છે. એટલું જ નહીં એક શહેર અને નાનકડો પર્વત પણ આ નામે દક્ષિણમાં ઓળખાય છે. આ પશ્ચિમં પ્રદેશમાં સૌરાષ્ટ્ર, દશરેક, ત્રવણ, ભરૂચ આનર્ત, અર્બુદ બ્રાહ્મણાવાહ અને યવન વગેરે દેશો આવતા હતા. તેમાં કચ્છ પણ એક દેશ તરીકે ઉલ્લેખાયો છે. ટૂંકમાં ડૉ. પુરી માને છે તેમ પશ્વવાતદેશ કચ્છ સહ ગુજરાત, બ્રાહ્મણાબાદ, બીજા સાત પર્વતો, થોડી નદીઓ અને કેટલાક જનપદોનો બનેલો હતો. તેમાં કચ્છ પણ એક જનપદ હતું. રાજશેખર પહેલાં થઈ ગયેલા પાણિની પણ લગભગ એ જ રીતે કચ્છને ઉલ્લેખે છે.

કાવ્યમીમાંસામાં પશ્ચિમ ભારતનાં જે-જે સ્થળો આપ્યાં છે તે ઘણાં જ સહેલાઈથી ઓળખી શકાય છે. કચ્છ વિશે રાજશેખર બીજી કોઈ માહિતી નથી આપતો. છતાં ડૉ. પુરી માને છે કે તે આજે કચ્છના રણમાં પડતી સરસ્વતીનો પણ ઉલ્લેખ કરે છે.

પુરાણકથાઓમાં ઉલ્લેખ :

૧. બૃહત સંહિતા :

બૃહત સંહિતા પણ કચ્છનો ભૌગોલિક દષ્ટિકોણથી ઉલ્લેખ કરે છે. તેમાં જે ભૂગોળ આપી છે તેમાં 'મરૂ કચ્છ' નામ કચ્છ માટે જ વપરાયું છે. શ્રી રામસિંહજી રાઠોડ

માને છે કે કૌશિક કચ્છથી આ કચ્છને ભિન્ન ગણાવવા માટે કચ્છને મરુકચ્છ કહેતા. ડૉ. ફ્લીટ પણ બૃહત સંહિતાનો આ ઉલ્લેખ અત્યારના કચ્છ માટે છે તેમ માને છે.

૨. મહાભારત :

ભીષ્મ પર્વમાં કેટલાક પ્રદેશોનું વર્ણન છે. તેમાં ભોજ, ગૌપરાષ્ટ્ર, આભિર, વાગ્ધાન, કાલપોષક, અપરાંત, પરાંત, સુદામ, સુમલ્લિક, વઘ, કરીષ્ક, કુલી દોપાવક, વનાયું દશ પ્રાશ્રરામ, કુશબિન્દુ, કોપાલક્ષ કે કચ્છ, જંગલ વગેરેની સાથે કચ્છનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એ જ રીતે ઉપરોક્ત ભીષ્મપર્વના ચોથા અધ્યાયના છપ્પનમા શ્લોકમાં આવતું કચ્છ એ અત્યારનું ખેડા હોવા સંભવ છે.

ભીષ્મપર્વમાં જંબુખંડ વિનિર્માણ ઉપપર્વમાં 'કચ્છ' અને 'ગોપાલકચ્છ'નો પાસે પાસે નિર્દેશ થયેલો હોઈ સ્થળ નિર્ણય ગૂંચવાઈ જાય છે. આ ઉપરાંત સભાપર્વમાં પણ સહદેવ 'કચ્છ' ગયાની વાત આવે છે.

૩. પદ્મપુરાણ :

પદ્મપુરાણ કચ્છનો ઉલ્લેખ કરે છે. તેમાં મહાભારતના ભીષ્મ પર્વના જંબુદ્વિપ નિર્માણ ઉપપર્વનું જ વાક્ય ગણવામાં આવ્યું છે. અને પાઠ કચ્છ અપાયો છે.

૪. બ્રહ્માંડપુરાણ :

બ્રહ્માંડપુરાણે પણ કચ્છનો ઉલ્લેખ કર્યો છે. શબ્દ પાઠ કચ્છને બદલે કચ્છિય આપ્યો છે. જોકે આ ઉલ્લેખ ઉપરના અર્થમાં આવતાં સહકચ્છ અને ભારુકચ્છનો ભ્રષ્ટ પાઠ છે એ કચ્છ નથી.

૫. ભવિષ્યપુરાણ :

ભવિષ્યપુરાણ કચ્છનો ઉલ્લેખ કરતાં કેટલીક ઐતિહાસિક માહિતી પણ આપે છે. શ્રી ઉમાશંકર જોશીના મતે તે સિંધ, કચ્છ અને ભુજ એ દેશોનો એક રાજવંશ સાથે સંબંધ નોંધે છે. તેમના જણાવ્યા મુજબ સિંધુ નદીના તટપ્રદેશોમાં રાજ્ય કરતાં સિંધુવર્માના પુત્ર સિંધુદ્વિપના પુત્ર શ્રીપતિનાં લગ્ન કચ્છ દેશમાં થતાં એ ત્યાં જઈ પુલિંદયવન પર વિજય પામ્યો અને એણે સિંધુના કાંઠા ઉપર 'શ્રીપતિ' નામથી દેશ આબાદ કર્યો. એના પુત્ર ભુજવર્માએ શબરો - ભીલોને હરાવી વસાહત કરી. જે ભુજ દેશના નામે ઓળખાઈ. ભવિષ્યપુરાણની આ હકીકતને અન્ય પ્રાચીન કોઈ ગ્રંથનો ટેકો નથી અને તે તેના સ્વરૂપ ઉપરથી દંતકથાત્મક લાગે છે.

૬. મત્સ્યપુરાણ :

મત્સ્યપુરાણમાં કચ્છને સુરાષ્ટ્ર વગેરેની સાથે 'અપરાંત'ના એક ભાગ તરીકે બતાવવામાં આવ્યો છે. તે 'કાચ્છીક' પાઠ આપે છે. જે સ્પષ્ટતઃ કચ્છ માટે જ વપરાયેલ છે.

૭. માર્કન્ડેયપુરાણ :

માર્કન્ડેયપુરાણ કચ્છનો કચ્છ તરીકે ઉલ્લેખ નથી કરતું, પરંતુ શબ્દપાઠ 'કાશ્મીર' આપે છે. તે મહદઅંશે મત્સ્યપુરાણનો શબ્દપાઠ 'કાચ્છીક'નું પાઠાંતર જ છે. આ ઉપરાંત

માર્કન્ડેયપુરાણમાં કાંચી તામ્રપર્ણી સાથે પણ એક કચ્છને મૂકવામાં આવ્યું છે. પરંતુ તે અર્વાચીન કચ્છ માટે નથી. પાર્ટીજર માને છે તેમ કેરળના કોચીનનો એ ઉલ્લેખ છે.

૮. વામનપુરાણ :

વામનપુરાણ પણ કચ્છનો ઉલ્લેખ કરે છે. તે શબ્દપાઠ 'કચ્છીપ' આપે છે. આ પણ મત્સ્યપુરાણના 'કાચ્છીક'નું પાઠાંતર છે.

૯. વાયુપુરાણ :

વાયુપુરાણ નર્મદા પાસેના દેશોમાં ભાનુકચ્છ, સમ, દેય, શાશ્વત કચ્છીય, સુરાષ્ટ્ર અને આનર્ત ગણાવે છે. તેમાં નિર્દેશેલ 'કચ્છીય' એ સ્પષ્ટ રીતે કચ્છનો જ ઉલ્લેખ છે. સુરાષ્ટ્ર એ અત્યારના દક્ષિણ સૌરાષ્ટ્રનું સૂચન કરે છે. જયારે આનર્તમાં ઉત્તર ગુજરાત તથા ઉત્તર સૌરાષ્ટ્રનો સમાવેશ થતો હતો. તે પહેલાં મુકાયેલ કચ્છીય અત્યારના 'કચ્છ' માટે જ છે.

૧૦. વિષ્ણુપુરાણ :

વિષ્ણુપુરાણનો કર્તા સ્પષ્ટ ઉલ્લેખ કરતો નથી. પરંતુ અપરાતનું કચ્છનું વર્ણન કરતાં જે પ્રદેશોના નામ આપે છે. તેમાં સ્પષ્ટતઃ અત્યારના ગુજરાતનાં છે.

૧૧. સ્કંદપુરાણ :

સ્કંદપુરાણ 'કચ્છ મંડળ' તરીકે કચ્છનો ઉલ્લેખ કરે છે. સાધારણ રીતે પુરાણો ઉલ્લેખ અને અહેવાલમાં અતિશયોક્તિ કરતાં હોય છે. સ્કંદપુરાણ કેટલાક પ્રદેશોનાં ગામોની સંખ્યા લાખો અને કરોડો આપે છે. પરંતુ કચ્છની બાબતમાં આવી અતિશયોક્તિ નથી કરતું તેને બદલે સંભવિત આંકડો આપે છે. આ આંકડો ૧૪૨૨ (અથવા ૧૪૪) ગામોનો છે. તેમ ડૉ. શાસ્ત્રી અને ડૉ. પરીખ માને છે. જયારે શ્રી ઉમાશંકર જોશી તેની સંખ્યા ૧૪૪૦ હોવાનું જણાવે છે. આંકડો ગમે તે હોય પણ સત્યથી ઘણો જ નજીક લાગે છે. આ ઉપરાંત સ્કંદપુરાણ કચ્છની જાહોજલાલીનું પણ વર્ણન કરે છે તેથી સંભવ છે કે સ્કંદનો તે અંશનો લેખક કચ્છ વગેરે પશ્ચિમ ભારતીય પ્રદેશોથી પરિચિત હો.

મધ્યકાલીન ઉલ્લેખો :

જૈન ઉલ્લેખો :

કચ્છમાં જૈન ધર્મનો પ્રચાર પહેલેથી જ હતો. પ્રાચીન સમયમાં ત્યાંના આભીરો ખ્યાતનામ જૈન હતા અને ભારતના બીજા જૈનો કરતાં કેટલાક વિશેષાધિકારો ભોગવતા હતા. આજે પણ કચ્છમાં જૈનધર્મનું પ્રાબલ્ય સારું છે. કેટલાંય જૈન તીર્થો કચ્છમાં આવેલાં છે. તેમાંનાં અમુક મંદિરો તો ભારતભરના જૈનો અને જૈનેતરો માટે આકર્ષણરૂપ બન્યાં છે. ભદ્રેશ્વરનું વસિહ તીર્થધામ, અબડાસાના જૈન પંચતીર્થો અને વાગડમાં કટારિયાનું મંદિર જૈન જગતનાં વિખ્યાત તીર્થો છે. તેથી જૈન સાહિત્યમાં તથા લેખોમાં કચ્છનો ઉલ્લેખ વારંવાર આવે તે સ્વાભાવિક છે.

એક લેખમાં કલ્યાણસાગરસૂરિ નામના આચાર્યની ઓળખાણ કરવામાં આવી છે. આસૂરીને વિક્રમ સંવત ૧૬૪૯માં આચાર્યપદ મળેલું અને વિ.સં. ૧૬૭૩માં તેમણે ચંચળગચ્છનું ગચ્છેદ પદ મેળવેલું. એ કરતાંય તેઓશ્રી જૈન જગતમાં તેમના એક અગત્યના કર્તૃત્વ માટે વધારે જાણીતાં થયેલા. તેઓશ્રી કચ્છના સાસકોને આહેડો ન કરવાનો મંત્ર આપી શક્યા હતા. આ સમયમાં સં. ૧૬૪૨થી ૧૬૮૮ વચ્ચે કચ્છમાં અત્યારના વંશના સ્થાપક ખેંગારજી પહેલાના પુત્ર ભારમલજી રાજય કરતા હતા. તેથી સંભવ છે કે આ ભારમલજી કલ્યાણસાગરસૂરિના સંપર્કમાં આવ્યા હોય.

આરબ ઉલ્લેખો :

પ્રાચીન કાળથી આરબો અને હિન્દીઓ વચ્ચે સારા વ્યાપારી સંબંધો રહ્યા છે. વર્ષોથી આરબ સોદાગરો ભારત વેપાર અર્થે આવતા રહેતા. ભારતના કચ્છથી 'કચ્છથીવું' સુધીના દરિયાને પણ 'આરબોનો સમુદ્ર' એવું નામ મળ્યું છે. તે અકારણ નથી. આ આરબોમાં કેટલાક મુસાફર તરીકે અને કેટલાક એલચી તરીકે પણ ભારતમાં આવેલા. વેપારી આરબો કરતાં મુસાફર કે એલચી આરબો ભારત અને તેના પ્રદેશો વિશે ઘણો જ વિગતથી અહેવાલ આપે છે. એ પછી રાષ્ટ્રકૂટોના વખતમાં આરબો રાષ્ટ્રકૂટ સામ્રાજ્યમાં નોકરી અર્થે આવતા હતા. કેરળમાં ફ્રેરુમલ શાસકોના વખતમાં ભારત તથા અરબસ્તાન વચ્ચે સીધો સંપર્ક સ્થાપાયો હતો. એટલું જ નહીં કેટલાક કેરળના શાસકો અરબસ્તાનની મુલાકાતે ગયેલા દેખાય છે. આમ ભારત અને અરબસ્તાન વચ્ચેનો સંપર્ક ઇસ્લામ સિવાયનાં અન્ય સાધનોથી વિશેષ થયો છે. એનો લાભ ઇતિહાસને પણ મળ્યો છે. અલબેરુની તમામ મધ્યકાલીન આરબ લેખકો મુસાફરોમાં કચ્છનો કચ્છ તરીકે શુદ્ધ સ્વરૂપમાં ઉલ્લેખ કરે છે. તે ઈ.સ. ૯૭૦થી ૧૦૩૧ના ગાળામાં થઈ ગયેલો. કચ્છનો ઉપરાંત કચ્છ વિશે બીજી પણ માહિતી આપે છે. તે કચ્છ ને સોમનાથની માફક ગવારીઝ અથવા મેઢ ચાંચિયાઓનું મુખ્ય મથક ગણે છે. ઉપરાંત સિંધુની એક શાખા જે કચ્છની સરહદ સુધી જતી હતી. તેને તે સિંધુસાગર કહે છે. પ્રાચીન પુરાણોમાં અરબી સમુદ્રને સિંધુસાગર કહ્યો છે. તેથી આ નામે ઉલ્લેખ સૂચક ગણાય. એ જ રીતે જયાં સિંધુની આ શાખા પડતી હતી તે જગ્યાએ નારાયણ સરોવર હતું તેમ ભાગવતકાર પણ નોંધે છે. તેમના મતે સિંધુની છેલ્લી શાખા અને સમુદ્રના સંગમ પાસે આ સરોવર આવેલું હતું. આજે આ સાખાકોરી નામે ઓળખાય છે. અને કોટેશ્વર બંદરની બરાબર સામે સ્પષ્ટ દેખાય છે. અલ્બેરુની આગળ પણ કચ્છને ગુગળની ભૂમિ તરીકે ઓળખાવે છે. આજે પણ કચ્છમાં માતાનો મઢના વિસ્તારમાં ગુગળ અને આશાપુરા પ્રકારનું પુષ્કળ ધૂપ મળે છે. છતાંય અલ્બેરૂનીના મતે કચ્છ ચાંચિયાઓનો જ પ્રદેશ હતો અને તેનો ઉલ્લેખ તે એ માટે વિશેષ કરે છે.

સિંધણ અને આરબો :

કચ્છ વિશેના ઉલ્લેખોમાં સિંધણનો ઉલ્લેખ સર્વ પ્રથમ અને મહત્ત્વનો છે. કદાચ મુસલમાનોનો ઉલ્લેખાયેલો આ પ્રથમ કચ્છ પ્રવેશ હશે. આ વખતે કચ્છમાં (સિંધણમાં) સર્વ પ્રથમ મસ્જિદ બાંધવામાં આવી. એનો બાંધનાર વિજેતા ફજલબિન મહાન હતો.

આ બનાવ ઈ.સ. ૮૧૩થી ૮૩૩ની વચ્ચે બન્યો હોવો જોઈએ. કારણ કે આરબોએ કચ્છનો આ ભાગ જીત્યો ત્યારે ઇસ્લામી જગતમાં વિખ્યાત હારૂન-ઉર-રશિદના વંશજો ખલિફા અબ્બાસી અલમામુનનું શાસન હતું.

ફઝલના મરણ પછી તેનો પુત્ર મુહમદ સાઠ વહાણો સાથે ગુજરાત જીતવા આગળ આવ્યો અને હિંદુસ્તાનના 'મેડ' લોકોને હરાવી 'માલી' કબજે કર્યું. આ મેડ લોકો અત્યારે સોરઠમાં વસતા વિખ્યાત મેર હોવા જોઈએ અને માલીએ માળિયા (મિયાણા)નું સૂચન કરે છે. આ હુમલામાં મુહમદ બીન ફજલે અસંખ્ય મેર લોકોની કતલ કરેલી છતાંય તે અહીંયાં કોઈ સ્થિર શાસનની સ્થાપના કરી શકતો નથી. તેને કચ્છમાંના તેના મુખ્ય મથક સિંધણ તરફ પાછા વળવું પડે છે. મેર લોકોને પણ આ હુમલા પછી મચ્છુકાંઠામાં સલામતી ન લાગવાથી સોરઠ તરફ ગયા અને પોતાની પિતૃભૂમિની સ્મૃતિમાં નવું 'માળિયા' (અત્યારના જૂનાગઢ જિલ્લાના માળિયા-હાટીના તાલુકાનું મુખ્ય મથક) વસાવીને સ્થિર થયા હોય તેમ લાગે છે.

અલ્બેરુનીના આ વર્ણનને ભારતના બીજા ઐતિહાસિક આધારનો ટેકો નથી. તેથી કચ્છ અને મચ્છુકાંઠાનો આરબોનો આ વિજય ક્ષણિક અને રાજકીય દૃષ્ટિએ ઘણો અગત્યનો હોય તેમ લાગતું નથી.

અબુરીહાન :

આ પછી અબુરીહાન નામનો આરબ કચ્છના કિનારે આવ્યો. તે છેક સોમનાથ સુધી આગળ વધ્યો. કચ્છથી સોમનાથ સુધીની વસ્તીને તે 'બવારીઝ' કહે છે. આ કિનારા પ્રદેશના લોકો એ વખતે ચાંચિયાગીરી માટે વિખ્યાત હતા. અને ચાંચિયાગીરી માટે જે વહાણોનો ઉપયોગ કરતા તે 'બૈરા' તરીકે ઓળખાતું. આ 'બૈરા' નામના જહાજ પરથી તેમને આરબોએ બવારીઝ કહ્યા લાગે છે. આજે પણ હિન્દી ભાષામાં હોડી કે નાના કાફલા માટે 'બેડા' શબ્દ વપરાય છે. તે આ બૈરાનો સંબંધી હોવા સંભવ છે. ઉપરાંત તે દેવલ બંદર અને કચ્છ દેશ વચ્ચેનું અંતર પણ જણાવે છે. અંતર માટે વપરાયેલા શબ્દો 'મુક્લ' અને 'બાદ્રુહ' માંથી કાંઈ સ્પષ્ટ અર્થ તારવી શકાતો નથી. ગેઝેટિયરકારે આપેલ ચોવીસ માઈલનું અંતર ઘણું જ ઓછું છે. જ્યાં સુધી દેવલ બંદરનો ચોક્કસ સ્થળ નિર્ણય ન થાય ત્યાં સુધી કચ્છ અને દેવલ વચ્ચે ચોક્કસ અંતર કાઢવું અશક્ય છે.

વિમલ પ્રબંધ :

વિમલ પ્રબંધમાં મુસલમાનોના એક હુમલાનો ઉલ્લેખ આવે છે. આ હુમલામાં આક્રમણકારોએ માળવા, મેવાડ, મચ્છુકાંઠો, બાર અને કર્ણાટકના પ્રદેશો જીત્યા હતા. આ વિજિત પ્રદેશોના ક્રમમાં વિમલ પ્રબંધકારે કચ્છને પણ મૂક્યું છે.

અન્ય ઉલ્લેખો :

સિદ્ધરાજના દરબારના મહારાજા હેમચંદ્રાચાર્યે એ વખતની અપભ્રંશ ભાષાનું વ્યાકરણ લખેલું. તેમણે લખેલા આ વ્યાકરણની પ્રતો કુલ અઢાર દેશોમાં મોકલવામાં

આવેલી તેમાંનો એક પ્રદેશ કચ્છ પણ છે.

અભિલેખિક ઉલ્લેખો :

રૂદ્રદામન :

રૂદ્રદામન પહેલાનું ક્ષત્રપ રાજ્ય કચ્છ પર હતું. તેનું કચ્છ પર આધિપત્ય સૂચવતા કેટલાય લેખો પ્રાપ્ય થયા છે. તેમાં જૂનાગઢનો શિલાલેખ ઘણો જ મહત્ત્વનો છે. આ શૈલકણમાં 'કચ્છ'ની નોંધ કરાઈ છે. આ ઉપરાંત કચ્છમાંથી કેટલાક યષ્ટિ લેખો મળ્યા છે. તેમાં રાજા તરીકે ચષ્ટન અને રૂદ્રદામાનો ઉલ્લેખ છે. આ લેખો ક્ષત્રપ શાસકોની ભગિની, ભ્રાતા, પત્ની અને પુત્રની યાદગીરીમાં કરાવેલી યષ્ટિઓ (સ્તંભો)ને લગતા છે. આ બધા લેખોમાં જૂનાગઢ લેખ અનૂપ અને આનર્તની સાથે કચ્છનો ભૌગોલિકને રાજકીય એકમ તરીકે અલગ ઉલ્લેખ કરે છે.

અવનીજનાશ્રય :

નવસારીનો ચાલુક્ય રાજવી અવનીજનાશ્રય પોતે આરબો (તાજીકો)ને હરાવ્યાનો ઈ.સ. ૭૩૯માં 'ગૌરવલેખ' કોતરાવે છે. તે જણાવે છે કે મુસલમાનોની સેના છેક કચ્છ થઈને દક્ષિણ ગુજરાત આવી. આ દાનપત્રમાં તાજીકોએ રસ્તામાં સૈન્ધ, સૂરાષ્ટ્ર, ચાવડા, મૌર્ય અને ગુર્જરોને હરાવ્યા તેની સાથે કચ્છ (કચ્છેલો)ને પણ હરાવ્યાનો સ્પષ્ટ ઉલ્લેખ છે. આ લેખ આ સિવાય બીજી કોઈ ઐતિહાસિક માહિતી પૂરી પાડતો નથી. તાજીકનું નામ, કચ્છ-સૌરાષ્ટ્રના ચાવડા રાજાઓનો કે અન્ય સ્થળોનો નિર્ણય આ 'દાનપત્ર'ને આધારે થઈ શકતો નથી.

તામ્રપત્રો :

પોરબંદર પાસેના જેઠવાઓના પ્રાચીન નગર ઘુમલીમાંથી કુલ બાર તામ્રપત્રો મળ્યાં છે. તેમાંનું પાંચમા નંબરનું દાનપત્ર ત્યાંના અગ્ગુકે કચ્છના યજૂર્વેદી બ્રાહ્મણ સહોદરો રૂદ્ર અને સાગરને આપ્યું છે. આ તામ્રપત્રમાં કચ્છનો એક દેશ તરીકે સ્પષ્ટ ઉલ્લેખ કરાયો છે.

સોલંકીકાળમાં 'કચ્છ'નો જાણવામાં આવેલો પહેલો નિર્દેશ ભીમદેવ પહેલાના ઈ.સ. ૧૦૨૯ના દાનપત્રમાંનો છે. આ દાનપત્ર વિ.સં. ૧૦૮૬ના કારતક સુદ-૧૫ના રોજ અપાયું હતું. તેનો લેખક વટેશ્વર હતો અને દૂતક ચંડશર્મા હતો. બીજો ઉલ્લેખ પણ ભીમદેવ પહેલાના જ દાનશાસનનો છે. આ દાનપત્ર સંવત ૯૩ ચૈત્ર સુદ અગિયારસ રવિવારનું છે. તેને ડૉ. ફલિટે એડીટ કરેલું. ગૌરીશંકર ઓઝાના મતે સંવત ૯૩એ સિંહ નહિ પણ વિ.સં. ૧૦૯૩ છે. સદી સૂચક ૧૦નો અંક છોડી દેવાયો છે. તેમાં ગોવિંદના સહુચ્ચાણા ગામમાં બાવડીની પાછળની એક હલવાક (લગભગ ૧૦ વીઘા) જમીન દાનમાં આપવામાં આવી છે. તેનો લેખક કાયસ્થ કાંચનનો પુત્ર વટેશ્વર હતો. ઉપરોક્ત બંને દાનપત્રોમાં 'કચ્છ મંડળ' એવું નામ દર્શાવ્યું છે. કચ્છ ચાલુક્ય સામ્રાજયના એક વહીવટી એકમત તરીકે કેટલું મહત્ત્વનું હતું તેનો આથી ખ્યાલ આવે છે. જ્યારે દૂતક મહાસંધિવિગ્રહીક ચંડશર્મા હતો. ઉપરોક્ત બંને દાનપત્રોમાં 'કચ્છ મંડળ' એવું દર્શાવ્યું છે. કચ્છ ચાલુક્ય સામ્રાજયના એક વહીવટી એકમ તરીકે કેટલું મહત્ત્વનું હતું

તેનો આથી ખ્યાલ આવે છે.

અન્ય ઉલ્લેખો :

સિદ્ધરાજ જયસિંહના 'ભદ્રેશ્વર વેલાફૂલ'ના નિર્દેશવાળા ભદ્રેશ્વરની દક્ષિણે થોડા અંતર પર આવેલા ચોખંડના મહાદેવના પ્રાંગણના લેખમાં 'વેકમણ્ડલ' જેવું વંચાય છે. તે પણ 'કચ્છ મંડળ' જ હોય તેવો સંભવ છે.

જામનગરના જામ સતાજીના વખતમાં (૧૮મી સદીના અંતરમાં) કચ્છના રાવનો અભિલેખિક ઉલ્લેખ મળે છે. તેમના વખતમાં બંધાયેલ આ જૈન મંદિરના લેખમાં કચ્છનો શાસકનો વિચિત્ર નાયકીય રીતનો ઉલ્લેખ કરાયો છે.

અન્ય સાધનોની માહિતી :

હોબસન જોબસન :

કચ્છ ઉચ્ચારને યૂલ સંસ્કૃત શબ્દ કાષ્ટમાંથી નિષ્પન્ન કરી સમયાનુક્રમે તેનો ઉલ્લેખ જે મુસાફરો તથા લેખકોએ કર્યો છે તે ક્રમશ જણાવે છે.

(૧) LINSCHOTEN : નામના ફ્રેન્ચ પુસ્તકમાં કચ્છના અખાતનો ઉલ્લેખ જગત તરીકે કરવામાં આવ્યો છે તે જગત બેટ પરથી હશે.

(૨) અલ્બેરુની : યૂલ જણાવે છે તેમ જયારે અલ્બેરુની સિંધનું વર્ણન કરે છે ત્યારે પરોક્ષ રીતે કચ્છ દર્શાવે છે. સિંધમાં મનસુર નામના સ્થળ પાસેથી સિંધુ નદીના બે ફાંટા પડતા હતા. તેમાં પહેલો ફાંટો સમુદ્રને મળે છે. ત્યાં લુહારાની નામનું શહેર આવેલું છે. જયારે બીજી શાખા કચ્છની સરહદે પૂર્વે તરફ જાય છે. કચ્છ વિશે બીજી માહિતી અલ્બેરુની એ આપે છે કે કચ્છમાં ગુંદર પુષ્કળ થાય છે. યૂલ જણાવે છે કે આનાથી આગળ બીજા ત્રણ પરિચ્છેદમાં તે માંડવી બંદરનું પણ વર્ણન કરે છે.

(૩) નીકડાઉન્ટન : હોબસન જોબસનમાં અલ્બેરુની પછી NICDOGNTONનો ઉલ્લેખ કરવામાં આવે છે. તેણે પુરચરા નામનું પુસ્તક લખેલું. તેમાં કચ્છ નગરનું વર્ણન છે. આ કચ્છનગર ઝીન્ડ નદી નજીક હતું. આ નદી કે શહેરનો સ્થળ નિર્ણય થઈ શકતો નથી.

(૪) ડનવર્સ : એ પછી ડનવર્સ નામની વ્યક્તિ પોતાના પત્રમાં કચ્છ નગરનાં વહાણોનો ઉલ્લેખ કરતી દેખાય છે.

(૫) બોકર્રો : તે નોંધે છે કે 'ફ્રાન્સીકો' સાંડ નામના દીવના કિલ્લાના કેપ્ટન મંજરને કચ્છ જવું પડે છે. તે પોતાની સાથે બાર વહાણ લઈ જાય છે. ત્યાં જવાનો તેનો ઉદ્દેશ ત્યાંના લોકોના ગર્વ, અહંકાર, ઉદ્ધતાઈભર્યું વર્તન તથા મગરુબી માટે શિક્ષા કરવાનો હતો. તે માનતો હતો કે જે રીતે પોર (સંભવતઃ પોરબંદરના) નાગરિકોનો ગર્વ ગેરાપરડી મેલોએ ઉતાર્યો હતો તે રીતે તે પણ કરી શકશે. આ અભિયાનનો હેતુ કચ્છના ચાંચિયાઓ વિરુદ્ધ હશે. એ સિવાય આ વર્ણનમાંથી કશુંય નિષ્પન્ન થતું નથી.

(૬) હેમિલ્ટન : એ પછી ઈ.સ. ૧૭૨૧માં હેમીલ્ટને સિંધુની દક્ષિણે કચ્છનગરનો

ઉલ્લેખ કર્યો છે.

સાહિત્યિક ઉલ્લેખો :

પાલનપુર રાજયના એક દીવાન (શાસક) બહાદુરખાનના એક *પ્રશસ્તિગીતમાં* કચ્છનો ઉલ્લેખ થયેલો છે. આજે પણ ઉત્તર ગુજરાત અને રાજસ્થાનની સરહદ પર આ ગીત ગવાતું સંભળાય છે. એની ભાષા હિન્દી, મારવાડી અને ગુજરાતીના મિશ્રણ જેવી છે. લગભગ એ જ પ્રકારનો ઉલ્લેખ બીજા શાસક શમશેરખાનના આવા જ પ્રશસ્તિ ગીતમાં આવે છે.

વિશાળ પ્રદેશના ભાગ તરીકે કચ્છનો ઉલ્લેખ :

કચ્છ સ્વતંત્ર ભૌગોલિક અભિવ્યક્તિ હોવા છતાં પણ તેને દરેક યુગમાં રાજકીય રીતે તથા કેટલાંક સંજોગોમાં પ્રાદેશિક રીતે ગુલામી સહન કરવી પડી છે. પરિણામે તેના સ્વતંત્ર અસ્તિત્વની કળા ઝંખવાઈ છે. તે કારણે પ્રદેશના અવિભક્ત પરિવારના સભ્ય તરીકે તેને ઓળખાવું પડ્યું છે. જેમ આધુનિક ઇતિહાસમાં દિલ્હીના ભવિષ્ય સાથે ગુજરાતનું ભાવિ જોડાયેલું છે. એ જ રીતે ગુજરાતના ભાવિ સાથે જ કચ્છ અને સૌરાષ્ટ્રનાં ભાગ્ય જોડાયેલાં હતાં. આજે પણ એ સ્થિતિ છે. મધ્યકાલીન યુગમાં કચ્છને સંબંધ છે ત્યાં સુધી પાટણ કે અમદાવાદની સાથેસાથે સિંધનું નગર સમૈ અફઘાનિસ્તાનનું કાબુલ અને કેટલાક સંજોગોમાં તેનું ભાગ્ય વડોદરા પૂના સાથે જોડાઈ જતું. તેથી કોઈ મુસાફરને કચ્છ ગુજરાતનો ભાગ દેખાય, કોઈને સૌરાષ્ટ્રનો કોઈને સિંધનો, કોઈને હિંદનો, કોઈ અપરાન્ત, આનર્ત અનૂપ વગેરેનો.

આનર્તના ભાગ તરીકે :

આનર્તની સીમાઓ કદીયે સ્થિર નથી રહી. તેમાં કોઈ વખત કચ્છનો સમાવેશ થયેલો હોય છે. અને કોઈક વખતે નથી પણ થતો. જ્યારે આનર્તની રાજધાની કુશસ્થલી હતી ત્યારે તેમાં અત્યારના ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના ઉત્તર ભાગનો જ સમાવેશ થતો હતો, કચ્છનો નહિ. એ જ રીતે જ્યારે તેની રાજધાની આનર્તપુર (વડનગર) હતી ત્યારે તેમાં ફક્ત ઉત્તર ગુજરાતનો જ સમાવેશ થતો હતો. કચ્છ અને સૌરાષ્ટ્રનો નહીં. જ્યારે મહાભારતકાળમાં અર્જુન દિગ્વિજય કરવા નીકળે છે ત્યારે આનર્ત ઉત્તર ભારતનો ભાગ દેખાય છે. અને તેમાં કચ્છ, સૌરાષ્ટ્ર તો શું ગુજરાત પણ નથી આવતું. પાણિનીએ કચ્છ તથા આનર્તનો અલગ અલગ ઉલ્લેખ કર્યો છે. એ જ રીતે ક્ષત્રપ શાસક રુદ્રદામન પણ અલગ ઉલ્લેખ કરે છે. બોમ્બે ગેઝેટિયરને અનુસરીને ડૉ. આનંદશંકર ધ્રુવે ઉત્તર ગુજરાતની જે વ્યાખ્યા આપી છે. ઉત્ર ગુજરાત + સૌરાષ્ટ્ર + લાર = આનર્ત તેમાં પણ કચ્છનો સમાવેશ થતો નથી. આનર્તમાં કચ્છનો સમાવેશ થતો તેવો મત ગૌરીશંકર હિરાચંદ ઓઝાનો છે. તેઓ આનર્તમાં કચ્છ કાઠીયાવાડ અને દ્વારિકાનો સમાવેશ કરે છે.

સિંધના ભાગ તરીકે :

કચ્છ સિંધનું શાખ પડોશી. રાજકીય રીતે કચ્છને સિંધ સાથે ગાઢતર સંબંધ છે. જાડેજા સમા-સુમરા પહેલાં કેટલીય સવારીઓ કચ્છમાં સિંધ મારફત થઈ છે. તેથી અત્યારે જેમ કચ્છ ગુજરાતનો એક ભાગ બની ગયું છે તેમ ભૂતકાળમાં સિંધના એક ભાગ તરીકે એના એક પ્રાંત તરીકે તેનો ઉલ્લેખ થયો છે. આવો ઉલ્લેખ કરનારાઓમાં કદાચ યુઆન શ્વાંગ પહેલો હશે. કનિંગહામના મત મુજબ પણ કચ્છ એ સમયે સિંધનો એક ભાગ હતું. ઇમ્પિરિયલ ગેઝેટિયરના મતે પણ કચ્છ સાતમી સદીમાં સિંધનો એક ભાગ હતું. યુઆન શ્વાંગે નાલંદા પછી એક ટીએન પો ચીંહ લો નામના દેશની મુલાકાત લીધેલી એ સ્થળ તથા પ્રદેશને કચ્છ ગણે છે. અને એ વખતે કચ્છ સિંધનો ચોથો પ્રાંત હતો તેમ નોંધે છે.

લાટના ભાગ તરીકે :

સિંધના ભાગ તરીકે કચ્છ હોય તે સામાન્ય સરહદોને લીધે સંભવિત છે. પરંતુ લાટ પ્રદેશના ભાગ તરીકે તે ઓળખાય તે સહજ વિચિત્ર લાગે. પરંતુ આઠમી સદી સુધી લાટ પ્રદેશનો વિસ્તાર સમુદ્ર તટ પર આવેલા પશ્ચિમ દેશથી અર્થાત્ કચ્છ સૌરાષ્ટ્રથી માંડીને ઉજ્જૈનના પ્રદેશ સુધી ગણાતો. એ પછી તેરમી સદીના અંતમાં (ઈ.સ. ૧૨૯૫) માર્કોપોલો લાટમાં આવ્યા સિવાય લાટ બ્રાહ્મણો (લાટના)નો ઉલ્લેખ કરે છે. અને લાટને સેન્ટ થોમસની કબરની પશ્ચિમ તરફ (કચ્છ આવતું હશે ત્યાં) મૂકે છે.

પશ્ચિમ ભારતના એક ભાગ તરીકે :

બીજાં પુરાણોની માફક બ્રહ્મપુરાણ સ્પષ્ટ ઉલ્લેખ કરતું નથી. તેટલું જ નહીં પણ અપરાન્તને મજાવતાં તે કચ્છના સીધા ઉલ્લેખને ટાળે છે. છતાંય તેણે પશ્ચિમ ભારતનાં સ્થળોનો ઉલ્લેખ કર્યો છે. તેમાં કચ્છનો સમાવેશ થઈ જતો હોય તેમ લાગે છે.

આરિયાકના ભાગ તરીકે :

પેરીપ્લસ આયાત નિકાસના કેટલાક ઉલ્લેખોમાં આરિયાકા આપે છે. પેરીપ્લસમાં જણાવ્યા મુજબ 'હિંદુસ્તાનનાં લોખંડ અને પોલાદ, સુતરાઉ કાપડ, કમરબંધ, ચામડાંના અને વિવિધ રંગના કાપડનાં અંગરખાં અને થોડીક મલમલ અને રંગીનલાખ દરિયાપારના આરિયાકાના પ્રદેશમાંથી આયાત કરવામાં આવે છે. આફ્રિકાના પ્રદેશને ડૉ. દુષ્યંત પંડ્યા કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતનો કાંઠો માને છે. આરિયાકા શબ્દ લારિકા કે લારિકા પરથી પણ ઊતરી આવ્યો હોય. લારિકા શબ્દ ટોલેમી પણ આપે છે. એ જ રીતે સંસ્કૃત અપરાન્ત કે અપરાન્તિનું પણ તે રૂપ હોય તેવો પંડિત ભગવાનલાલ ઇન્દ્રજીનો મત પણ કાંઈક અંશે સાચો લાગે છે. ગમે તે હોય પણ આરિયાકામાં કચ્છ અભિપ્રેત છે તે નક્કી છે.

સૌરાષ્ટ્રના એક ભાગ તરીકે :

કચ્છ પ્રાચીન સમયમાં સૌરાષ્ટ્રના એક ભાગ તરીકે ઓળખાતો હોય તેવાં પ્રમાણ મળે છે. ખાસ કચ્છમાં (માતાનો મઢના ડુંગરમાં) થતી ફટકડીને 'સૌરાષ્ટ્રી' તરીકે

પણ ઓળખવામાં આવે છે. નરહરિકૃત ચૂંડામણિ ગ્રંથમાં પણ આ જ નામ આવે છે. આ પ્રકારની ફટકડી સમગ્ર ભારતમાં ફક્ત કચ્છમાં જ થાય છે. આજે પણ જૂનાગઢની ગુજરાત આયુર્વેદિક ફાર્મસીની ફટકડીને 'શુદ્ધ સૌરાષ્ટ્રી' જ નામ આપવામાં આવ્યું છે. ફક્ત આ એક પ્રમાણથી કચ્છ એ સૌરાષ્ટ્રનો ભાગ હતો એમ ચોક્કસ કહી શકાય નહીં, કારણ કે પહેલાં ફટકડી સૌરાષ્ટ્રમાં વિપુલ પ્રમાણમાં મળતી હોય, ત્યારબાદ એ ત્યાં ખલાસ થઈ ગઈ તથા કચ્છમાં તે અવિરત મળ્યા કરી હોય તોપણ તેને આવું નામ મળી શકે. દા.ત. વડોદરાનો સોલાપુરી ચેવડો.

કચ્છના એકાદ ભાગનો ઉલ્લેખ :

ભૂતકાળમાં કચ્છ ભલે હિન્દનું નાનકડું રાજ્ય હોય, મુઘલોના સમયમાં એ મોટી જમીનદારી હોય કે આધુનિક યુગમાં બૃહદ મુંબઈ કે ગુજરાત રાજ્યનો જિલ્લો હોય, પરંતુ તે પ્રાદેશિક એકમની દૃષ્ટિએ નિરાળું હોય છે. વિસ્તારની દૃષ્ટિએ ભારતનો બીજા નંબરનો જિલ્લો છે. (પહેલો નંબર કાશ્મીરના લડાખ જિલ્લાનો આવે છે) કચ્છ સ્વયં ભોગૌલિક રીતે અલગ એકમ છે. પરંતુ તેનામાં પણ કેટલાક વાગડ, અબડાસા, મોડાસા, કંઠી, ધ્રાંગ, પ્રાંથલ જેવા પ્રાદેશિક એકમો છે. તેમનું ઐતિહાસિક રીતે મહત્ત્વ ઘણું છે. તેથી તેના અવારનવાર ઉલ્લેખો થયા છે. તેનાં પ્રાચીન નગરો, નદીઓ પુરાણકાલીન તીર્થધામો, સરોવરો અને કચ્છ જેટલો બીજો વિસ્તાર રોકીને પડેલું રણ એ બધા કોઈ પણ મુસાફરની નજર બહાર ન જઈ શકે, કોઈ લેખકની લેખની તેમનાથી વંચિત ન રહી શકે.

વાગડ :

કચ્છનો પૂર્વ ભાગ વાગડ તરીકે ઓળખાય છે. પ્રાચીન યુગમાં તેને કચ્છ દેશ કહેવામાં આવતો. રણની નજીક અને વ્યુહાત્મક માર્ગો પર હોવાને લીધે આ પ્રદેશનું ઐતિહાસિક મહત્ત્વ ઘણું જ છે, તેથી તેનો ઉલ્લેખ વારંવાર થયેલ છે. પ્રાચીન પરંપરાગત ઇતિહાસ મુજબ જ્યારે વાગડને વરછાદેશ તરીકે ઓળખવામાં આવતો ત્યારે મહાભારત યુગમાં વિરાટ રાજાનું રાજ્ય હતું. આ વિરાટ રાજ્ય (ગેડી)માં પાંડવોએ ગુપ્તવાસ કરેલો, એવું કચ્છમાં ઘણા માને છે. પણ તેને દંતકથા સિવાય બીજો કોઈ આધાર નથી. વાગડના ગેડીનગર (ધ્રુતપદી)નો દાવો જૂના વિરાટનગર તરીકેનો છે. વિરાટનગરના દાવાઓ ઘણા પ્રદેશો કરે છે. તેમાં વાગડનું ગેડી, તળ ગુજરાતનું ધોળકા, બિહારના દિનાજપુર, નારંગપુર, રાજસ્થાનમાં જયપુર પાસેનું વૈરાટ અને મહારાષ્ટ્રમાં ધારવાડ પાસેનું હનગળ પણ વિરાટનગર તરીકે ઓળખાય છે. તેથી જ્યાં જ્યાં વિરાટનો ઉલ્લેખ છે ત્યાં કચ્છનું વાગડ અભિપ્રેત છે. તેમ માની શકાય નહિ.

રાજપૂતાના મ્યુઝિયમ અજમેરમાં એક જૈન મૂર્તિ છે. તેના પરના વિ.સં. ૧૦૫૧ના લેખમાં 'જયતિ શ્રી વાગર સંઘ' એવું લખેલું છે. એ જ રીતે એક બીજા હર્ષનાથ લેખમાં પણ વાગડનો ઉલ્લેખ આવે છે. આ બંને ઉલ્લેખો કચ્છના વાગડને લગતા

હોય તેમ લાગતું નથી. તે રાજસ્થાનના ડુંગરપુર, વાંસવાડા તથા બિકાનેર જિલ્લાના એક ભાગ હોવાનો વધારે સંભવ છે. કારણ કે આ બંને પ્રદેશો આજે પણ વાગડ તરીકે ઓળખાય છે. વળી રાજસ્થાનમાં ઘણા બ્રાહ્મણોને આ પ્રદેશ પરથી વાગડે અથવા વાગડીયે ગણવામાં આવે છે.

ચાલુક્ય યુગમાં વાગડનો દંડનાયક વિમળશાહ હતો ત્યારે તેણે કંથકોટમાંના એક હુમલાને મારી નખાવ્યો હતો તેવો ઉલ્લેખ વિમલ પ્રબંધમાંથી મળે છે. ચાલુક્ય યુગના અંતમાં અલ્લાઉદિનનો સેનાપતિ ઉલુઘખાન કચ્છમાં થઈ કંઠકોટ, થક્કા વગેરેને હરાવી ઝાલોરના કાન્હડદે એ રસ્તો આપવાની ના પાડી તેથી તેને સજા કરવા તે મારવાડ આવે છે. પોતાના આ રસ્તામાં તે કચ્છના વાગડ પ્રદેશમાંથી પસાર થયેલો તેવા તીર્થકલ્પમાં ઉલ્લેખ છે. તેમાં ઉલુઘખાનનો આખો રસ્તો આપેલો છે.

પેથડાદિ ચરિતમાં વટપદ્ર નામના ગામનો બે વખત ઉલ્લેખ થયો છે. જોકે આ વટપદ્ર તે સમયના લાટદેશનું વડોદરા છે. વાગડમાં આ નામનું કોઈ અન્ય ગામ હોય તેનો ખ્યાલ આવતો નથી. ઈ.સ. ૧૬૭૬માં સૂરિપદ પામેલા એક જૈન આચાર્ય શ્રી વિજયરત્નસૂરિનો વાગડ સાથે સંબંધ હતો. તેમની ઓળખાણમાં 'તેમણે વાગડ દેશના રાણા ખુમાણસિંહની સભામાં વાદવિવાદ વિજય મેળવ્યો, અવધાનોથી પ્રસન્ન કર્યા. રાણીઓએ મોતીના સાથિયા કરી જેમને સન્માન આપ્યું.' એવું કહેવાય છે કે આ રાઉલ ખુમાણસિંહ કચ્છનો કોઈ સ્થાનિક નાનો રાવ જાગીરદાર હોય તેવો સંભવ છે.

શેષાપટ્ટણ :

કચ્છની ઉત્તરે આવેલ અને આજે 'પચ્છમ' નામે ઓળખાતા આ બેટનો પ્રાચીન સમયમાં શેષાપટણ તરીકે ઉલ્લેખ થયેલો છે. કચ્છની ઉત્તરે સિંધની સરહદ પર આ બેટ વ્યૂહાત્મક મહત્ત્વ ધરાવે છે. તેથી જ્યારે પ્રાચીન સમયમાં તે સમુદ્ર દ્વિપ હશે ત્યારે તેનું મહત્ત્વ આધુનિક યુગ કરતાંય વધારે હશે.

સૌવિર :

સાધારણ રીતે સિંધ કે સિંધના કચ્છને અડીને આવેલા ભાગને સૌવિર તરીકે ઓળખવામાં આવે છે. છતાંય તેના સ્થાન વિશે મતમતાંતરો છે. કનિંહગામ સૌવિરને બહરી કહીને ઈડર સાથે મેળવે છે. પરંતુ તે બરાબર નથી. રત્નમણિરાવ ભીમરાવ જોટે તેને કાઠિયાવાડ, કચ્છ અને મારવાડની વચ્ચે કોઈ જગ્યાએ રણની પૂર્વેના સમુદ્ર ઉપર મૂકે છે. આ સૌવિરનું મહત્ત્વ એટલું બધું હતું કે તેના ઉત્તર પ્રાચીન યુગ અને પૂર્વ મધ્યકાળમાં ખૂબ જ ઉલ્લેખ આવે છે. એ વખતે એક ભાગ તરીકે પણ દેખા દે છે.

કચ્છનો અખાત :

ભારતીય દ્વિપકલ્પને બે જ અગત્યના અખાત મળ્યા છે. જોગાનુજોગ એ બંને ગુજરાતને મળ્યા છે. પરિણામે અંગ્રેજો આ દેશમાં જામ્યા તે પહેલાં આ અખાતોમાંના

બંદરોનું ઘણું જ મહત્ત્વ હતું. તે બધા અખાત આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા હતા. આ દેશમાં આવતા કોઈપણ યાત્રિકને ગમે તે એક અખાતમાં આવવું પડતું. પરિણામે છેક પ્રાચીન સમયથી કચ્છના અખાતના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. તેમાં પેરીપલ્સમાં કરેલો ઉલ્લેખ વિગતવાર ને રસપૂર્ણ છે.

પેરીપ્લસમાં સિંધુની પેલે પાર કચ્છના (ઇરિનોનના) અખાતને બતાવ્યો છે. કચ્છના અખાતમાં એ વખતે રણનો પણ સમાવેશ થઈ જતો. કારણ કે રણ એ વખતે અત્યારની માફક સૂકું ન હતું અને અત્યારે જેને કચ્છના અખાત તરીકે ઓળખવામાં આવે છે. તેને પેરીપ્લસમાં બરાકાનો અખાત કહ્યો છે. આ બરાકા દ્વારિકા પરથી કે 'બાહ્લિક' પરથી આવ્યો છે. પુરાણોમાં સૌરાષ્ટ્ર માટે 'બાહ્લિક' શબ્દ વપરાયેલો છે.

અખાત પરની પેરીપ્લસની નોંધ ઘણી જ રસપ્રદ છે. તે મુજબ, 'સિંથશ નદીની પેલે પાર ઓતરાદો વળતો, છીછરો બીજો અખાત છે. એનું નામ છે ઇરિનોન અને એના બે ભાગ નાનો ને મનોટો એમ બે નોખા નામે ઓળખાય છે. બેઉમાં પાણી સાવ છીછરાં છે. રેતીના ઢગ કાયમ આઘાપાછા થયા કરે છે. જેને પરિણામે કાંઠો હજુ પૂરો વરતાતો ન હોય ત્યાં તો વહાણ છીપી જાય છે અને છીપેલું વહાણ ફરી તરવાની મહેનત કરે તો ભાંગી જાય છે. પહેલા ઊગમણા પછી દખ્ખણ અને પછી આથમણા તરફ વળકાતો ઊંચો કાંઠો આ અખાતમાંથી ફરાય છે. જે સાત ટાપુવાળા બરાકાના અખાતને આવરી લે છે. આ અખાતના મોઢા પાસેથી વરાતાં વહાણવટીઓ તરીને હંકારે તો જ બચ્યા નહીં તો અંદર દાખલ થનારો તો ગયો જ સમજવો. કારણ કે લોઢ ખૂબ જોરદાર છે. ને દરિયો તોફાની તથા છેતરામણો છે. તેમ જ તાણવાળી ઘૂમરીઓ અને ભમરીઓવાળો છે. કાંઠો કોઈક જગ્યાએ ઓચિંતો ધસી આવે છે. તો બીજી જગ્યાએ અણિયારી ભેખડોવાળો છે. જેથી ત્યાં નાખેલા લંગર કાં તો કપાઈ નોખા પડે છે ને કાંતો તળિયે ભરાઈને ભાંગી જાય છે. દરિયા માર્ગે આ કાંઠે આવનારાઓને લાંબા કાળા સાપ સામા મળે છે. આ કાંઠાના બીજાં સ્થળોએ અને બારીગાઝાની આજુબાજુ સાપ નાના છે. ને રંગે સોનેરીમાં ભળી જતાં લીલા રંગના છે.'

કંઠી :

કચ્છની દક્ષિણ તરફનો પ્રદેશ કંઠીના નામે ઓળખાય છે. આ કંઠી પ્રદેશના બે ભાગ પડે છે. માંડવીથી શિકારપુર સુધીનો પટ્ટો ઊગમણી કંઠી તરીકે અને માંડવીથી જખૌ સુધીનો પટ્ટો આથમણી કંઠી કહેવાય છે. આ કંઠી પ્રદેશનો ઉલ્લેખ છેક પ્રાચીન સમયથી કરવામાં આવ્યો છે. ઘણી વખત એવું બન્યું છે કે કંઠીને લીધે ખુદ કચ્છ પાર્શ્વભૂમિકામાં ઢંકાઈ જાય છે. ટોલેમી કચ્છના અખાતને કંઠી કહે છે. અને કરાંચી પાસે કંઠી વહાણોને લાંગરવાનું સ્થાન હતું તેવો નિર્દેશ કરે છે. એ પછી પ્રખ્યાત વહાણવટી માર્કોપોલોએ પોતાની પ્રવાસ નોંધમાં ચાંચિયાઓનો ત્રાસ કંઠીના દરિયા કિનારે ખૂબ જ છે તેવો ઉલ્લેખ કર્યો છે.

પ્રદેશ તરીકે કંઠીનો ઉલ્લેખ રાષ્ટ્રકુટ રાજા ગોવિંદ ત્રીજાના ઈ.સ. ૮૦૮ના રાધનપુરના

તામ્રપત્રમાં આવે છે. આ ગોવિંદ ત્રીજો તેના પિતા ધ્રુવ ધારાવર્ષ કે ધ્રુવ નિરુપમ જેવો પરાક્રમી હતો. પોતાના દાનપત્રમાં ગોવિંદ તેના પિતાએ મારવાડમાં વત્સરાજને કઈ રીતે હરાવ્યો તે ઉલેખ્યું છે. આગળ આ જ દાનપત્રના જણાવ્યા અનુસાર પોતાના પુત્ર ગોવિંદની કૃષ્ણ જેવી અલૌકિક શક્તિઓ જોઈને એને જ પોતાનું પૃથ્વીનું સામ્રાજ્ય આપવા માંડ્યું પણ એણે 'મારે તો આ કંઠી (કંઠિકા) બસ છે. એમ કહીને ના પાડી.

આ કંઠિકા શબ્દનો અર્થ ડૉ. આલ્તેકર માળા, કંઠી કે ડોકમાં પહેરવાનું ઘરેણું કરે છે. હ. ગં. શાસ્ત્રી તે અર્થને સમર્થન આપે છે. જ્યારે પંડિત ભગવાનલાલ ઇન્દ્રજી ગોવિંદ ત્રીજાની રાજધાની મયુરખંડી કે મોરખંડી (નાસિક)માં હતી તેથી કંઠિકા એટલે વલસાડની ઉત્તરનો પ્રદેશ તેમ માને છે. જ્યારે રામસિંહજી રાઠોડ જેવા કચ્છી વિદ્વાનો આ કંઠિકાને કચ્છનો પ્રદેશ ગણે છે. જે વઢિયાર પ્રદેશ (રાધનપુર)માંથી દાનપત્ર મળ્યું ત્યારથી કંઠીનો પ્રદેશ દૂર નથી. ખુદ રાધનપુરને ઊગમણી કંઠીની પ્રચ્છાયાનો પ્રદેશ કહી શકાય. તેથી કંઠિકામાં કંઠી પ્રદેશ અભિપ્રેત હોય તો તે સંભવને નકારી શકાય નહીં.

રણ :

કોઈપણ પ્રવાસીની નજરમાં તરત વસી જાય અથવા તો જો અહેવાલ આંખે દેખ્યો ન હોય તોપણ કચ્છના રણનો તો અવશ્ય ઉલ્લેખ આવે જ. કારણ કે રહેઠાણ લાયક જમીન કરતાં રણનો વિસ્તાર વધારે છે. અને વિશ્વના અનીચલ પ્રદેશોમાંનો એક પ્રદેશ હોવાથી પણ તે ઘણું મહત્ત્વ ધરાવે છે.

રણ એ કચ્છની ધરતીનું અલ્લાહબંધ પહેલાનું છેલ્લું સર્જન લાગે છે. ટેક્ષસ સમુદ્ર જ્યારે ઉત્તર અને દક્ષિણ ભારતને જુદો પાડતો અને સૌરાષ્ટ્ર ટાપુ હતો ત્યારે રણ ચોક્કસપણે સમુદ્ર તળે હતું. એ પછી પેરીપ્લસમાં તેને છીછરા અખાત તરીકે ઉલ્લેખ્યું છે.

યૂલ રણનો અર્થ રેતીરાળી સપાટ ભૂમિ કે જેમાં ક્ષારતા વધુ છે તેવો કરે છે. ભરતીનાં મોજાં તથા નદીઓનાં પૂર તેના નિર્માણમાં અગત્યનો ભાગ ભજવે છે. તે સંસ્કૃત શબ્દ અરણ્ય કે ઈરિણ પરથી આવ્યો છે. જેનો અર્થ રણ કે ખારોપાટ થાય છે. તેને જંગલ સાથે કે જે તેનો બીજો અર્થ છે અત્યારે કોઈ સંબંધ હોય તેમ લાગતું નથી.

રણનો જૂનામાં જૂનો ઉલ્લેખ પેરીપ્લસમાં છે. તેમાં રણ ઇરિનોના શબ્દ વપરાયો છે. (અલબત્ત, અખાત કે છીછરા પાણીના પ્રદેશ તરીકે) આજે પણ ચોમાસામાં રણ ઉપર પાણી ફરી વળે છે ત્યારે અખાત જેવો આભાસ ઊભો કરે છે. ભૂકંપને લઈને આ પ્રદેશ સમુદ્રની સપાટીથી ઉપર આવી ગયો હોવાનાં સબળ કારણો છે. (કચ્છનો ૨૦૦૦નો ધરતીકંપ તો તાજો જ કહેવાય.) રણને પૂર્વકાંઠે નગરપારકર અને શ્રીમાળ બંદર હોવાના પુરાવા સાંપડે છે. એ જ રીતે નીરોણા અને વિરાવાવ બંદરો હતાં. નાના રણની પૂર્વ તરફ સમી તાલુકામાં તારાનગર તથા કોડધા ગામોમાં આજેય વહાણો નાંગરવાનાં કડાં છે. ટૂંકમાં ડૉ. દુષ્યંત પંડ્યા કહે છે તેમ પેરિપ્લસના જમાનામાં આ પ્રદેશને પાણી તળે હતો

પછી ભલે ખરાબો જ કેમ ન હોય.

પાણિની કેટલાંક જનપદોનાં નામ આપે છે. તેમાં એ પાટકર છે. આ પાટકર ડૉ. અગ્રવાલના મત મુજબ કચ્છ કે કચ્છના રણનું સૂચન કરે છે. ગંડક તંત્રમાં પાટકરનો અર્થ પર્વત વગરનો આપ્યો છે. આજે પણ કચ્છના રણથી ઘેરાયેલો પાકિસ્તાનનો નગરપારકર તાલુકો આવો જ ઉજ્જડ વિસ્તાર છે.

દેશને વિદેશીઓના હુમલાથી આ રણપ્રદેશે સારું રક્ષણ આપ્યું છે. સિકંદર રણની ભયંકરતા સાંભળીને ગુજરાત તરફ નહોતો આવ્યો. મુહમદ ગઝનવીનો ગુજરાત વિજય રણના રસ્તે પાછા વળતાં લગભગ પરાજયમાં પલટાયો હતો. તેના આવા ઐતિહાસિકપણાને લીધે ઘણાય મુસ્લિમ ઇતિહાસશાસ્ત્રીઓએ તેને ઉલ્લેખ્યું છે. શમ્સ-ઇ-શિરાઝ અફીક તેની ગરમી અને ખારાશને વર્ણવા શબ્દો શોધે છે.

સિંધ પર આક્રમણ કરવા ગયેલા ફીરોઝશાહ તુઘલકના કચ્છમાં રણમાં ભૂલા પડેલા લશ્કરના સમાચાર મુખ્ય વઝીર ખાન ઇ-જહાં મકબુલને છ માસ સુધી મળ્યા નહોતા અને જયારે સુલતાન સલામત હોવાના સમાચાર મળે છે ત્યારે ઉત્સવ ઊજવવામાં આવે છે.

મુહમદ બેગડાને પણ આવી જ મુશ્કેલીઓ પડેલી. તબકાત-ઇ-અકબરીનો કર્તા મુઝફ્ફર ત્રીજાની પાછળ રણ ઓળંગે છે. તેણે પણ રણનો સુંદર અહેવાલ આપ્યો છે. એવો જ રણનો ઉલ્લેખ આઈન-ઈ-અકબરીમાં છે.

સિંધાણ :

સિંધાણ અથવા સંજાણ બે છે. એક દક્ષિણ ગુજરાતમાં તથા બીજું કચ્છમાં. કચ્છનું સિંધાણ એ ભારતમાં મુસલમાનોના પ્રાથમિક વિજયોમાંનો એક વિજય હતો. મહાન અબ્બાસી ખલીફા અલ્કમામૂનના સમયમાં થઈ ગયેલ મહામનો પુત્ર ફજલે સર્વ પ્રથમ સિંધાણ જીત્યું તેમ અલબેરુની નામનો ઇતિહાસકાર નોંધે છે. સિંધાણ વિજય પછી ફજલે ખલીફાને એક હાથી અને એક કીમતી પાલખી (સાજ) મોકલાવી. તેણે સિંધાણમાં જુમ્મા મસ્જિદ બાંધેલી પરંતુ જયારે હિંદુઓએ તે ફરી જીત્યું ત્યારે તેના પર મંદિર બાંધ્યું.

ઈ.સ. ૯૧૨માં આવેલો ઇબ્ન ખુરદાવિદહ નામનો મુસાફર પણ સિંધાણનો ઉલ્લેખ કરે છે. તે બખ્ખરથી સિંધાણને ૭૨ માઈલ દૂર મૂકે છે. આ ઉપરાંત તે ભરૂચ તથા સિંધનાં બીજાં સ્થળોનો ઉલ્લેખ કરે છે.

સિંધાણનો એક રત્નોનો વેપારી દરિયાપાર જાય છે અને તેને મક્કામાં બજાર મળતાં 'તૈમકાન' તરીકે ઓળખાય છે. તેનો ઉલ્લેખ અલમસુદી નામનો લેખક (ઈ.સ. ૯૧૫-૪૪) પણ કરે છે.

અલ ઇસ્કરી (ઈ.સ. ૯૫૧) જે સિંધાણનો ઉલ્લેખ કરે છે. એ કચ્છનું નથી પણ કોંકણનું છે. જયારે ઇબ્નીહકલ (ઈ.સ. ૯૬૮)નું સિંધાણ કચ્છનું છે. તે જે શહેરનો ઉલ્લેખ કરે છે તેમાં સારા પ્રમાણમાં મુસલમાનોની વસ્તી છે. અને દરેકમાં જુમા મસ્જિદ છે.

આ બધાં વર્ણનો પરથી લાગે છે કે ૧૭મી સદીમાં અંતમાં સિંધાણ મોટું વ્યાપારી મથક હતું. તેની આયાત નિકાસ ઘણી જ રહેતી. ઉદ્યોગો ખિલ્યા હતા. તેમાં શસ્ત્રો

બનાવવાનો ધંધો મુખ્ય હતો. વસ્તી પણ ઘણી જ હતી.

ધૃતઘટી :

અત્યારનું વાગડમાંનું ગેડી ઘણું જ પ્રાચીન છે. દંકતથા તો તેને જ વિરાટનગરી માને છે. મધ્યકાલીન યુગમાં તે વાગડના કોઈ પ્રાદેશિક એકમનું મુખ્ય મથક હતું તેથી ચાલુક્યોનાં કેટલાંક દાનપત્રોમાં તેનો ઉલ્લેખ આવે છે. તેને એ વખતે ધૃતઘટી કહેવામાં આવતું.

અર્જુનદેવ વાઘેલાના સમયનો ધૃતઘટી (ગેડી) જેનું મુખ્ય મથક છે તેવા મંડલમાંનો રવેચી માતાના મંદિરનો ઈ.સ. ૧૨૭૨નો લેખ છે. તેમાં 'કચ્છ'નો ઉલ્લેખ નથી. પરંતુ ધૃતઘટી મંડળથી તે નિર્દેશાયેલ છે. આ લેખ અર્જુનદેવનો એક માત્ર લેખ છે તેથી પણ મહત્ત્વનો છે.

ખડીર :

પચ્છમની માફક ઉત્તરમાં આ રણબેટ આવેલો છે. તેથી તેનું વ્યૂહાત્મક મહત્ત્વ વધુ છે. પરિણામે આ ટાપુના કેટલાય ઉલ્લેખો મળે છે. સારંગદેવ વાઘેલાના આરંભના કચ્છમાંથી મળેલા અપૂર્ણ અને વર્ષ વિનાના અભિલેખમાં છેલ્લી લીટીમાં ખડીર દેશ એવું વંચાય છે. તે સ્પષ્ટ 'ખડીર' ટાપુનો જ ઉલ્લેખ કરે છે.

કચ્છ કોટેશ્વર :

યુઆંન શ્વાંગે કોટેશ્વરની મુલાકાત લીધી હોય તેવો કનિંગહામનો મત છે. યુઆનશ્વાંગે નોંધ કરી છે. તેમ તેણે સિંધથી નૈઋત્યમાં ૧૫૦૦લી અથવા ૧૬૦૦લી દૂરના કી-તેન-પો-સીલો નામના પ્રદેશ-સ્થળની મુલાકાત લીધેલી. આ સ્થળ પ્રદેશને ૫૦૦૦ લીના ઘેરાવામાં ગણે છે. તેની રાજધાની ''કાચી સુફાલ્વે' હતી. તેનો ઘેરાવો ૩૦ લી. કરતાં વધારે હતો. તે પશ્ચિમમાં સિંધુ નદીની સહેજ દૂર હતું અને સમુદ્રથી નજીક હતું. તેનાં ઘરો સુંદર હતાં અને બહુ જ સારી રીતે બાંધેલા હતા. આ દેશ પછીથી સિંધનો ગુલામ બન્યો. તેની ભૂમિ નિચાણવાળી અને ભીની છે. જ્યારે તેની સપાટી ક્ષારવાળી છે ત્યાં ૮૦ મઠ હતા. જેમાં ૫૦૦૦ સાધુઓ રહેતા. મોટા ભાગના ભિક્ષુકો હીનયાન સંપ્રદાયની સંમતીય નિકાયના હતા. રાજધાનીમાં સુંદર આભૂષણોથી શણગારેલું માહેશ્વરનું મંદિર હતું. તેની પ્રતિમામાં અલૌકિક શક્તિ હતી. આ ભૂમિમાં બુદ્ધ ભગવાન વિચર્યા હતાં અને ઉપદેશ આપ્યો હતો. આ પ્રદેશમાં જે-જે સ્થળોની બુદ્ધ ભગવાન મુલાકાત લીધેલી તેવા છ સ્થળો પર તેમની મુલાકાતની યાદમાં છ સ્તૂપો ઊભા કરવામાં આવેલા.

યુઆન શ્વાંગના પ્રવાસવર્ણન પરથી એવું લાગે છે કે પશ્ચિમ તરફ સોરઠથી ગયેલો અને 'પોફાલો' નામના સ્થળેથી અગ્નિખૂણામાં નાલંદા તરફ ગયેલો. તેણે જોયેલ આ કી.એન.પો. ચીહલોનું ભારતીયરૂપ જુલીઅન 'અધ્યેકિલ' આપે છે. પરંતુ મુરાસ અને ડેવીક્સ તેને સ્વીકારતા નથી. તેમના મતે આડીએનમો. ચીહ લો સંસ્કૃત

અધિનવક્ટીલોનું ચાઈનીઝ રૂપ છે. કનીંગહામ આ પ્રદેશને સાતમી સદીનું કચ્છ માને છે. તે વખતે એ સિંધનો ચોથો પ્રાંત હતો. અને તે માટે ભારતીય નામ 'ઔદુમ્બર' મૂકે છે. પ્રોફેસર લાસેન 'કચ્છેશ્વર' મૂકે છે. સંભવતઃ સાચો શબ્દ છે. પરંતુ કનિંગહામે વાપરેલ 'કોટેશ્વર' શબ્દ તદ્દન અશક્ય લાગે છે.

કચ્છના નામેરી ઉલ્લેખો :

કચ્છ શબ્દના ઘણા જ અર્થો થાય છે. કોઈએ તેનો અર્થ 'બેટ' તરીકે કર્યો છે. આમેય આજે પણ ચોમાસામાં રણમાં પાણી ફરતા કચ્ચ બેટ જેવો જ બની જાય છે. કચ્છની ઉત્તરના અફાટ ગરમ પ્રદેશ થરપારકર કરતા કચ્છનું ઉષ્ણતામાનનું પ્રમાણ પ્રમાણમાં થોડું ભેજવાળું હોવાથી કચ્છનો એક અર્થ 'ભેજવાળો પ્રદેશ' પણ કરવામાં આવ્યો છે. કચ્છનો કાંઠા પાસેનો પ્રદેશ ભીની અને પોચી માટીનો બનેલો હોવાથી સંસ્કૃતમાં તેનો એક અર્થ 'કિનારો' અને 'નિચાણવાળી ભેજવાળી જમીન' એવો આપવામાં આવ્યો છે. કચ્છનો ભૌગોલિક આકાર કેટલાકને કરચલા જેવો લાગ્યો છે. તેથી કચ્છનો અર્થ ક્યાંક 'કર્ક' પણ આપવામાં આવ્યો છે. જ્યારે કચ્છ સમુદ્ર બેટ હશે ત્યારે તેનો કાચબા જેવો આકાર જોઈને કચ્છનો એક અર્થ સંસ્કૃતમાં 'કાચબો' પણ કરવામાં આવેલ છે. કચ્છ શબ્દનો સંસ્કૃતમાં એક અર્થ લંગોટ પણ થાય છે. પણ પ્રદેશ નામ માટે તેનો સંભવ અસ્થાને લાગે છે. છતાંય ડૉ. સાંડેસરાના મતે 'કાછ', 'કાછડી', 'કાછોટો' વગેરે શબ્દો પ્રાકૃતરૂપ 'કચ્છ' ઉપરથી આવ્યા છે. કેટલાકને કચ્છનો આકાર તુંબડા જેવો લાગ્યો છે અને તેથી કચ્છનો એક અર્થ 'તુંબડું' કરવામાં આવે છે. કેટલાય પ્રાચીનોએ કચ્છની વ્યાખ્યા નદીના જળથી વીંટળાયેલો ઝાડીવાળો પ્રદેશ બતાવી છે.

અમરકોશ કચ્છ શબ્દની વ્યાખ્યા શાસ્ત્રીય ઢબે આપે છે. કચ્છના પ્રથમ શબ્દ 'ક'ની વ્યુત્પત્તિ 'ક'માંથી જણાવે છે. જેનો અર્થ પાણી થાય છે. તેના મતે કંછયતિ (જુદો પાડતો) ઇતિ કચ્છ. આ ઉપરાંત અમરકોશ કચ્છના બીજા પણ અર્થ આપે છે. જેમાં પાણીથી ભેદાયેલો નૌકાનો વિશેષ ભાગ, પાણીથી ભરપૂર કિનારવાળો પ્રદેશ, કાછડી, લંગોટ, છેડો (પાલવ) અને કપડાં મુખ્ય છે. વળી કચ્છનો અનૂપ પર્યાય અપાયો છે. જેનો અર્થ ચરક 'અહિતકારી' અને 'અનારોગ્ય કરનાર જલપ્રાય પ્રદેશ' કરે છે. જ્યારે અમરકોશ તેથી સુંદર અર્થ ધરાવે છે. કચ્છનો એક અર્થ 'પાણી અને કાદવવાળો પ્રદેશ' કરવામાં આવે છે. દક્ષિણ ભારતમાં કચ્છનિલય નામનો પાણી અને કળણવાળો પ્રદેશ હતો તેમ મહાભારતકાર પણ નોંધે છે. આમ કચ્છ પાણી અને કાદવનો પર્યાય પણ બન્યો છે. આજે પણ રણ વિસ્તારમાં એજ પરિસ્થિતિ છે. સૌરાષ્ટ્રમાંથી કચ્છમાં આવતો કોઈપણ ટ્રેન કે બસનો મુસાફર આજે પણ સૂરજ બારીની ખાડી પાસે પંદર કિલોમીટર સુધીનો કાદવ અને પાણી મિશ્રિત રસ્તો જોઈ શકે છે.

પાલી અને પ્રાકૃતભાષામાં કચ્છની વ્યુત્પત્તિ સામાન્ય રીતે સંસ્કૃત 'કક્ષા'માંથી આપવામાં આવી છે પણ ડૉ. હસમુખ સાંકળિયાને મતે 'કચ્છ' શબ્દ ઓસ્ટોએશિયન મૂળનો હોવાનું સાબિત થયું છે. તેથી મૂળ શબ્દનું 'કક્ષા' એ બનાવી કાઢેલું સંસ્કૃત

રૂપ હોય અને 'કાઢી'નો અર્થ એમાં સાદશ્યતાથી નિષ્પન્ન થયો હોય તેમ લાગે છે.

આમ કચ્છ શબ્દના વ્યાકરણીય મહત્ત્વને લીધે તથા કચ્છ પ્રદેશની અસરને લીધે ભારતીય ભાષાઓમાં તથા પ્રાચીન ગ્રંથોમાં એવા અસંખ્ય કચ્છ સાથેના શબ્દો નામેરીઓ મળે છે કે જેના ઉલ્લેખો કચ્છ પર પણ પ્રકાશ પાડે છે. આ ઉલ્લેખોના મોટા ભાગના શબ્દોને કચ્છ પ્રદેશ સાથે કાંઈક સંબંધ દેખાય છે. જ્યારે આ વિસ્તૃત સૂચિમાં બહુ ઓછા શબ્દો એવા નીકળે છે કે જેને કચ્છ પ્રદેશ સાથે કાંઈ સંબંધ ન હોય. આ બધા શબ્દોનો જન્મ ભારતીય ઇતિહાસના પ્રાચીન અને કાંઈક અંશે પ્રણાલિકાગત પ્રાચીન યુગમાં થયો હોવા છતાં આજે પણ વ્યવહારમાં એવા ને એવા પ્રચલિત છે.

ગ્રામનગર :

કચ્છ શબ્દ ઉપરથી કેટલાંય ગામો અને નગરો ઊતરી આવ્યાં છે. જેમાં કેટલાંકનું અસ્તિત્વ અત્યારે નથી. જ્યારે કેટલાંક આવાં ગામોનાં નામ અપભ્રંશ થઈને હજુ પણ અન્ય સ્વરૂપે ચાલુ છે.

કચ્છાવલી :

આ ગામના લેખોમાં પણ ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. તે ગુજરાતનું કોઈ પ્રાચીન ગામ છે. કદાચ આધુનિક 'કછોલી' પણ હોય. તેનું પ્રાકૃત કચ્છાવલી હતું.

ભરૂકચ્છ :

ગુજરાતનું ઇતિહાસ પ્રસિદ્ધ ભરૂચ શહેર સામાન્ય રીતે સંસ્કૃત શબ્દ દ્વારા પ્રાચીન સમયમાં ઓળખાયું છે. ડૉ. સાંડેસરાના મતે વાગ્વ્યાપારના ક્રમે ભૃગુકચ્છથી 'ભરૂચ' સિદ્ધ થતું નથી. પ્રાચીન ગ્રંથોમાં ભૃગુકચ્છને બદલે ભરૂકચ્છ કે મરૂકચ્છ વપરાયેલું જણાય છે. જ્યારે પ્રાકૃત તથા પાલિભાષાનાં પુસ્તકોમાં ભરૂકચ્છ છે. જે ભરૂકચ્છમાં સહેલાઈથી વ્યુત્પન્ન થઈ શકે.

ગિરનારના રૂદ્રદામનના લેખમાં મરૂકચ્છ શબ્દ વંચાય છે અને તે મારવાડને ઉદ્દેશીને છે, તેમ ડૉ. સાંકળિયા માને છે. પણ શ્રી અમૃત પંડ્યા જણાવે છે કે ઉપરોક્ત શિલા તૂટેલી છે. એટલે તે 'મ' નહીં પણ 'ભ' હોવો જોઈએ. પોતાના આ વિધાનના સમર્થનમાં શ્રી પંડ્યા નાસિકના વસિષ્ઠીપુત્ર પુલુવર્મનનો લેખ ટાંકે છે. દ્રદામનનાં લેખમાં જે નામો આપેલાં છે તે જ ભૌગોલિક નામોનું પુનરાવર્તન છે. તેમાં આ નામ સ્પષ્ટ ભરૂકચ્છ છે. પાણિનીના અષ્ટાધ્યાયીના આધારે ડૉ. અગ્રવાલ કેટલાક શબ્દોનો ગુજરાત સાથે સંબંધ બતાવે છે તેમાં ભરૂકચ્છ પણ એક છે.

ડૉ. સાંકળિયા જેવાના મતે ભરૂકચ્છ શબ્દ ઓસ્ટ્રેએશિયાથી મૂળનો હોવાનું પુરવાર થયું છે. જેમ ગંગાએ આવા જ ઓસ્ટ્રોએશિયાયી સમાજના શબ્દ નદીનો પર્યાય છે. તો અહીંયાં 'કચ્છ'નગરનો કે બંદરનો પર્યાય બન્યાનો સંભવ નકારી ન શકાય. ઉત્તરોત્તર લંબાતો ઇતિહાસને કારણે સંસ્કૃત કરતાં પણ અર્વાચીન ભારતીય ભાષાઓમાં (વિશેષતઃ આર્ય ભાષાઓમાં) આર્યેતર શબ્દોનું પ્રમાણ વધારે છે. તેનું સુંદર ઉદાહરણ ભરૂચ

છે. આમાંનું કેટલુંક સંસ્કૃતના વારસારૂપે છે અને કેટલુંક સ્વતંત્ર રીતે આવેલું છે.

ભાનુકચ્છ :

વાયુપુરાણ ભાનુકચ્છનો ઉલ્લેખ કરે છે. તેના વર્ણન અને નર્મદાના સૂચનથી તે અત્યારના ભરૂચ માટે વપરાયો છે તે સ્પષ્ટ છે.

ભીરૂકચ્છ :

મહાભારત કાળમાં આ નામનું કોઈ નગર હોય તેમ લાગે છે. શીખંડીના જૂના મંત્રીઓ જે પ્રદેશમાં જઈને વસ્યા હતા તે પ્રદેશમાં તેમના નામના પરથી હિરૂક અને ભિરૂકચ્છ નામનાં નગરો વસ્યાં હતાં તેવા ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.

ડૉ. સાંડેસરાનું વ્યુત્પત્તિશાસ્ત્ર :

ડૉ. ભોગીલાલ સાંડેસરા ગુજરાતનાં કેટલાંક સ્થળ નામો કચ્છ પરથી આવ્યાનું નોંધે છે.

૧. આંબચ-અચ-અછ-અચ્છ-કચ્છ
૨. લીંચ-લીઅચ-લીઅચ્છ-લીકચ્છ
૩. ભરૂચ-ભરૂઅછ-ભરૂકચ્છ.
૪. વેડછી-અછી-અચ્છી-કચ્છિ-કચ્છ
૫. વેડછા-અછા-અછ-કચ્છ
૬. ધમડાછા-આછા-અચ્છ-કચ્છ

પ્રદેશ :

જેમ ગામો-નગરોને કચ્છ પરથી નામ મળ્યું છે તેમ ભારતમાં કેટલાય એવા પ્રદેશો છે કે જેમની આગળ પાછળ કે વચ્ચે કચ્છ શબ્દ આવતો હોય. તેમને મળેલાં આ નામો 'કચ્છ' શબ્દના વ્યાપને લીધે હોય. કેટલાક શબ્દોમાં કચ્છ વિશેષણ હોય છે. તો ક્યાંક તે વિશેષરૂપે પણ દેખાય છે. કેટલાક પ્રદેશો, શહેરો, નગરનાં નામોમાં આવતાં 'કચ્છ' શબ્દનું રહસ્ય ઘણું જ ઘેરું ભાસે છે. તેમાં ઈતિહાસને બદલે વ્યાકરણ શાસ્ત્રનો વધુ આધાર લેવો પડે છે. અને કેટલાંક સ્થળોનાં આવાં નામોમાં કચ્છના શાસકો અને કચ્છની પ્રજાનો પ્રત્યક્ષ ફાળો છે.

પ્રાચીન યુગનાં નામો :

કચ્છનિલય :

દક્ષિણ ભારતમાં આ નામનો પાણી અને કળણવાળો પ્રદેશ આવેલો છે તેવા પૌરાણિક ઉલ્લેખો જોવા મળે છે. કચ્છ શબ્દનો અર્થ સમજવામાં પ્રદેશ દૃષ્ટાંતરૂપ છે.

મરૂકચ્છ :

ગિરનારના રૂદ્રદામનના લેખમાં મરૂકચ્છ શબ્દ આવે છે. તેથી ડૉ. સાંકળિયા એમ માને છે કે, પાછળથી જે પ્રદેશ ગુર્જર દેશ તરીકે ઓળખાયો છે તેને જ માટે મરૂકચ્છ શબ્દ વાપર્યો છે. જ્યારે શ્રી અમૃત પંડ્યા એમ માને છે કે જૂનાગઢ લેખનો

મ તૂટી ગયેલો છે અને મૂળ શબ્દ ભરૂકચ્છ છે. તેના આધારે તે પુલુવર્મનના નાશિક લેખનો સંદર્ભ આપે છે. ઉપરાંત જણાવે છે કે, આ સમયના બીજા કોઈ ઉત્કીર્ણ લેખમાં 'મરૂભૂમિ'ની નોંધ નથી. અત્યારનાં પુરાણો ગુપ્તકાળમાં સંકલિત થયાં તેથી તેમાં આવતું 'મરૂ' નામ બીજી સદી જેટલું પ્રાચીન ન લેખી શકાય. બીજી સદીમાં કચ્છનું નામ કચ્છ નહીં પણ આભીર હતું. એટલે 'મરૂકચ્છ' નામ એ જમાનામાં ડૉ. સાંકળિયા માને છે તેમ કચ્છ માટે સંભવી શકે નહીં.

ગોપાળ કચ્છ :

મહાભારતનો સભાપર્વ અયોધ્યા અને હિમાલયના ઉલ્લેખોની વચ્ચે ગોપાલકચ્છનો ઉલ્લેખ કરે છે. તે પૂર્વના ભીમસેનના દિગ્વિજયમાં આવે છે. તેથી શ્રી ઉમાશંકર જોશી તેને ગંગોતર અથવા પૂર્વસમુદ્ર તરફના પ્રદેશમાં મૂકે છે. જ્યારે ભીષ્મપર્વ જંબુખંડ-નિર્માણ ઉપપર્વમાં 'કચ્છ' અને 'ગોપાળકચ્છ'નો પાસે નિર્દેશ કરે છે. આથી વિરોધાભાસ ઉત્પન્ન થાય છે અને ચોક્કસ સ્થળે નિર્ણય થઈ શકતો નથી. પદ્મપુરાણ ઉપરોક્ત વાક્ય સહેજ સુધારો કરીને મૂકે છે.

કાચ્છિક :

પુરાણો અનુસાર કાચ્છિક સારસ્વત અને સુરાષ્ટ્રની વચ્ચે આવેલો છે. વાયુપુરાણ સારસ્વતને બદલે 'શાશ્વ' રૂપ આપે છે. અત્યારની ભૌગોલિક સ્થિતિ જોઈએ તો ઝાલાવાડ કે વઢિયારનો પ્રદેશ ત્યાં આવી શકે છે. પણ કાચ્છિક એ કચ્છનું જ ભ્રષ્ટરૂપ દેખાય છે. તેથી કચ્છનો ઉલ્લેખ લાગે છે. મત્સ્યપુરાણ અને વાયુપુરાણ પણ આવું ભ્રષ્ટરૂપ આપે છે.

કાચ્છિયા :

વાયુપુરાણ શુધાકાર સાથે દક્ષિણના એક દેશનું નામ કછક આપે છે. અને આગળ પર નર્મદા પાસેના દેશોમાં ભાનુકચ્છ, સમધ્ય, સુરાષ્ટ્ર, શાશ્વત અને આનર્તની સાથે કાચ્છિયા નામનો દેશ ઉલ્લેખે છે જે અત્યારના કચ્છ માટે વપરાયો છે તેમ ચોક્કસ લાગે છે.

પીપલી કચ્છ :

ડૉ. અગ્રવાલના મતે ખંભાતના અખાતની પાસેનો સમુદ્રકિનારો આ નામે ઓળખાતો જેમાં સાબરમતી, મહી, નર્મદા અને તાપીના ડેલ્ટાનો સમાવેશ થતો. આજે પણ પીપલી કચ્છ શબ્દ રાજપીપળામાં સચવાયો છે.

કાર્યાવત કચ્છ :

અનુમૈત્રક કાલમાં કાર્યાવતકચ્છ નામનો વિષય (વહીવટી વિભાગઃ) હતો. આ વિષયમાં ગોમુત્રિકા નામનું સ્થળ હતું. જેને ડૉ. હ. ગં. શાસ્ત્રી અત્યારના ગોંડલ પાસે આવેલું ગોમટા માને છે. તેથી ઉપરોક્ત કાર્યાત કચ્છ વિષય પણ ગોંડલની આજુબાજુ

ક્યાંક આવ્યો હોવાનો સંભવ છે.

મધ્યકાલીન નામો :

નાનું કચ્છ :

સામાન્ય રીતે થોડાં વર્ષ પહેલાં હાલાર પ્રદેશને નાનું કચ્છ તરીકે ઓળખવામાં આવતો હતો. કારણ કે આ પ્રદેશનો પહેલો જાડેજા શાસક જામ રાવલ કચ્છથી ખેંગારજી પહેલા દ્વારા ભગાડવામાં આવેલો. બંને પિત્રાઈ હતા. ટૂંકમાં કચ્છના બે શાસકોએ જુદા જુદા પ્રદેશોમાં શાસન સ્થાપતાં જામરાવલનું રાજ્ય નાનું કચ્છ તરીકે ઓળખાયું. નાનું કચ્છ તરીકેનો પ્રથમ ઉલ્લેખ આપણને આઇન-ઈ-અકબીર અને તારીખ-ઈ-તાહિરીમાં મળે છે. અબૂલ ફજલ તો નવાનગરની સ્થાપનાનો અહેવાલ પણ આપે છે. તે નોંધે છે કે 'સોરઠનો ઉત્તર ભાગ જે નાના કચ્છના નામથી ઓળખાય છે તેમાં જામ છત્રસાલ (સતાજી) નામનો જોરાવર જમીનદાર સાત હજાર સવાર અને આઠ હજાર પાયદળનું લશ્કર પૂરું પાડે છે.' અબૂલ ફજલ સૌરાષ્ટ્રનો સોરઠ તરીકે ઉલ્લેખ કરે છે જ્યારે નવા સોરઠમાં (હાલનો જૂનાગઢ જિલ્લો) ચુડાસમાને બદલે ગેલોટી જાતિના જમાદાર લખે છે એ ભૂલ હોય તેમ લાગે છે.

સિંધમાં પણ એક પ્રદેશ નાના કચ્છ તરીકે ઓળખાય છે. હિજરી સંવત ૧૧૫૭ (ઈ.સ. ૧૭૪૪)માં થટ્ટાના શાહ કુલીખાને નાના કચ્છનો સાંચીનો કિલ્લો જીતેલો એ પછી શેરબુલંદનખાન આ આખો વિસ્તાર જીતે છે. ઈ.સ. ૧૭૬૦માં આ નાના કચ્છનો શાસક જામ કંકલ બધુંય ગુમાવે છે અને કચ્છમાં આશ્રય લે છે.

કચ્છપાળિયા :

બુલંદ એ ઝિનૂલ બેલાદના સંદર્ભમાં અમદાવાદમાં શ્રી ચુનીલાલ પુ. બારોટ શેવડા ઉર્ફે યતિના ચોરાસીગચ્છમાં ૧૩ કચ્છપાળિયાનાં નામ આપે છે. જે તેમના વસવાટ પરથી પડ્યું છે. એટલે એવું કોઈ સ્થળ પ્રદેશ હોવાનો સંભવ નકારી ન શકાય.

અર્વાચીન યુગનાં નામો :

કલાત :

કચ્છ ગંગાવા :

કચ્છ ગંગાવા નામનો પ્રદેશ પણ સિંધમાં છે. ઈ.સ. ૧૭૮૩ માં મીર ફતેહઅલીખાને જે રાજ્ય વિસ્તાર કર્યો તેના રાજ્યની પશ્ચિમ સરહદ કચ્છ ગંગાવા સુધી પહોંચતી હતી.

કચ્છીગઢ :

ઓખા મંડળના વાઘેલ ચાંચિયા જગવિખ્યાત હતા જ. સાથે સાથે કચ્છીઓ પણ કેટલાક સંજોગોમાં ચાંચિયાગીરી કરતા. આવી પરિસ્થિતિમાં કચ્છી જહાજો લૂંટવાનો ભય ઘણો ઓછો રહેતો. પરંતુ ઓખામંડળના આરંભડાના રાજાની કન્યા કચ્છના શાસકને પરણાવેલી તે રિસાઈને પિયર આવતાં વાઘેરોએ કચ્છનો પણ માલ લૂંટવાનું શરૂ કર્યું.

તેથી સંવત ૧૭૭૫માં (ઈ.સ. ૧૭૨૦) મહારાવ શ્રી દેશળજીની સત્તા નીચે ઓખા મંડળના દરિયાકાંઠા પર વરવાળા ગામથી ઉત્તરે દોઢ માઈલને અંતરે પથ્થરનો મજબૂત કિલ્લો બાંધવામાં આવ્યો તે જ કચ્છીગઢ. આ કચ્છીગઢ કચ્છ રાજ્યના કબજામાં રહેતો હતો. પાછળથી આ ગઢ પ્રતિષ્ઠા ખાતર સાચવી રખાયો હતો. આ કચ્છી ગઢની વસાહતનું અસ્તિત્વ છેક ૧૯૨૦/૨૧ સુધી રહેલું.

કચ્છજો ગઢ :

એક 'કચ' કે 'કછ'ના ગઢના નામે ઓળખાતો કિલ્લો સિંધના કફરલ્લા પ્રદેશમાં છે. સિંધના શાસક ગુલામશાહે પોતાની પાછલી જિંદગી અહીંયાં ગુજારેલી. આ ગઢના વિસ્તારનો શાસક પણ 'જામ'ની જ ઉપાધીથી ઓળખાતો. જેમ કચ્છ અને નવાનગરના શાસકો ઓળખાય છે તેમ. આ ગઢને સિંધના ઇતિહાસમાં ઘણો જ મજબૂત ગણવામાં આવ્યો છે. તેની કેટલીક દીવાલો કુદરતી છે.

કચ્છી બરોડા :

આઝાદી પહેલાં મધ્યપ્રદેશની ભોપાલ એજન્સીમાં કચ્છી બરોડા નામે એક દેશી રાજ્ય હતું. સંસ્થાનનું મુખ્ય ગામ પણ તેજ હતું. વસતી ઘણી જ ઓછી હતી. ઈ.સ. ૧૮૧૮માં સરજોન માલ્કમે ભગવતસિંહ નામના શાસક સાથે સંધિ કરીને તેને બ્રિટિશ સામ્રાજ્ય અંતર્ગત લીધેલું. આનો કચ્છ સાથનો કોઈ સંબંધ જ્ઞાત નથી.

પ્રાણીઓ :

કોઈ વ્યક્તિ, પ્રાણી કે પદાર્થની જે પ્રદેશમાં વસતી હોય કે ઉત્પન્ન થયું હોય તેને સંબંધિત પ્રદેશનું નામ મળ્યું હોય છે. દા.ત., સિંધુનો વતની સૈંધવ કે મથુરાનો વતની માથુર તરીકે ઓળખાય. પાણિનીના વખતમાં શંકુ પ્રદેશના બળદને શંકવાયન તરીકે ઓળખવામાં આવતો.

(૧) કાચ્છક :

એવું જ કચ્છનું બન્યું છે. કચ્છના બળદો પ્રાચીન સમયથી વિખ્યાત છે. તેથી તેમને 'કાચ્છક' તરીકે જ ઓળખવામાં આવે છે.

(૨) કચ્છનીર :

આ નામના એક જાતિના નાગને પણ આ નામે ઓળખવામાં આવે છે. તેને પણ કચ્છ સાથે કોઈ સંબંધ હોવા સંભવ છે.

પુસ્તકો :

એક પાલી ભાષાના જૂનામાં જૂના વ્યાકરણને 'કચ્છાયન્' તરીકે પણ ઓળખવામાં આવતું તેના લેખકનું નામ પણ કચ્છાયન જ હતું.

રીતભાત :

પાણિની ઉલ્લેખિત કાચ્છક શબ્દના જે ચાર અર્થે ડૉ. અગ્રવાલે આપ્યા છે. તેમાં કચ્છના લોકોની બોલવાની રીતભાત (ખલપતિ) તથા કચ્છી લોકોનું હાસ્ય (હસિત)

એ બે મુખ્ય છે. પ્રદેશનું નામ ભાવોને મળે તે પણ અજાયબ કહેવાય.

લોકો :

સાધારણ રીતે કચ્છ નામથી ઓળખાતા કે તેની સાથે અન્ય નામો દ્વારા ઓળખાતા અસંખ્ય પ્રદેશો સ્થળો હોવાને લીધે આ નામ ઘણા જ લોકોને મળ્યું છે.

જેમાં નીચેના ઉલ્લેખનીય છે.

દારૂકચ્છ :

વામનપુરાણે ભુવનકોશ વર્ણનમાં અપરાન્ત પ્રદેશમાં વસતા લોકોનાં નામ આપ્યા છે. તેમાં પશ્ચિમ દિશા તરફના પ્રદેશમાં દારૂ કચ્છ નામના લોકો વસે છે, તેમ જણાવ્યું છે. એ પછી આવતા સારસ્વત, સુરાષ્ટ, આવન્ત્ય અને આર્બુદ લોક પરથી દારૂકચ્છ એ 'કચ્છ'ના લોકો માટે જ વપરાયું છે તે સ્પષ્ટ છે. ડૉ. અગ્રવાલ પણ કાઠિયાવાડનો સમુદ્રકિનારો દારૂકચ્છ તરીકે ઓળખાતો તેમ માને છે. પણ તે કચ્છના સંદર્ભમાં નથી. કારણ આવી જ રીતે દક્ષિણ ગુજરાતનો સમુદ્રકિનારો પણ એકકાળે પીપલીકચ્છ તરીકે ઓળખાતો જ હતો.

કચ્છકા :

દ્વયાશ્રયમાં હેમચંદ્ર સૈંધવો અને કચ્છકોનો સંબંધ બતાવે છે. આ કચ્છકો સ્પષ્ટ રીતે કચ્છીઓ જ છે. દ્વયાશ્રય આગળ રસપ્રદ અહેવાલ આપે છે.

કચ્છકો :

કચ્છકો કચ્છના પ્રસિદ્ધ બળદોને ખાંદે તણાતા અને સૈંધવો એ દેશના ઉત્તમ ઘોડાઓ ઉપર જતા. પરસ્પરને અથડાતાં છતાં પરસ્પર ગુસ્સે થતાં નથી.

કાચ્છક :

પાણિનીના સમયમાં કાચ્છક શબ્દના ચાર અર્થ થતાં તેમ ડૉ. અગ્રવાલ માને છે.

વનસ્પતિ :

જે પ્રદેશની ભૂમિમાંથી જે વસ્તુ ઉત્પન્ન થાય છે તેને તે પ્રદેશનું નામ મળે છે. તે સ્વાભાવિક છે. દા.ત. સૌરાષ્ટ્રની ભૂમિમાંથી ઉત્પન્ન થતી ફટકડીને સૌરાષ્ટ્રની કે શુદ્ધ સૌરાષ્ટ્રી કહેવામાં આવે છે. આવું વનસ્પતિ વિશે પણ બન્યું છે અને તેને વિશેષતા તરીકે સંબંધિત પ્રદેશનું નામ મળે છે. કચ્છ સંબંધિત આવી બે વનસ્પતિઓનાં નામ મળે છે. કૌંચ કે કેવંચિના નામે ઓળખાતી વનસ્પતિને સંસ્કૃતમાં 'કવિકચ્છુ' નામ આપવામાં આવે છે. એ જ રીતે કાશ્મીરમાં થતાં એક પ્રકારના ઘાસને કચ્છગુચ્છના નામે ઓળખવામાં આવે છે.

વસ્તુઓ :

વસ્તુઓ કે પદાર્થો જે પ્રદેશોમાં ઉત્પન્ન થતાં હોય છે તેમને સંબંધિત પ્રદેશનાં નામે મળે છે. પાણિની પણ નોંધે છે કે ફાજલમધુ પ્રકારનો એક દારૂ કાપિસિ નામના

સ્થળે બનતો હતો તેથી તેને 'કાપિસાયન' તરીકે ઓળખવામાં આવતો. સૂત્રોમાં પણ આવા અનેક દાખલાઓ જોવા મળે છે. દા.ત., કાશીમાં વણાયેલા કાપડને 'કાશીક' તરીકે ઓળખવામાં આવતું.

કાચ્છક :

ડૉ. અગ્રવાલ કાચ્છક શબ્દના જે ચાર અર્થ આપે છે તેમાં એક અર્થ કચ્છના લોકોની પાઘડી (ચુડા)નો પણ સમાવેશ થાય છે. આમ વસ્તુને કચ્છનું નામ મળ્યું છે.

કચ્છપિ :

સરસ્વતીની વીણાને કચ્છપિના નામે ઓળખવામાં આવે છે. જ્યારે પૌરાણિક કથાકોશ મહાભારતના શલ્યપર્વનો સંદર્ભ આપતાં આ વીણાને નારદ જેને સતત પોતાના હાથમાં રાખે છે તે ગણાવી છે. ગમે તે હોય પણ આ બંને વીણાને કચ્છપિ નામ મળ્યું હતું તે નિર્વિવાદ છે.

વ્યક્તિઓ :

વ્યક્તિઓને પણ કચ્છ પરથી નામ મળેલા દેખાય છે. તેમાં કચ્છને સંબંધિત કચ્છપાળજી મુખ્ય છે. મધ્યકાલમાં 'કચ્છના રક્ષકો જેમાં કેટલીક વ્યક્તિઓ નામો ધારણ કરતી દેખાય છે. તેમાં રાજગઢના રાજ્યમાં એક રાજકુમાર નામે 'કચ્છપાણીજી' હતા તેવી નોંધ મળે છે.

શાસકો :

કેટલાક વંશો અને વ્યક્તિગત રીતે શાસકોને પણ કચ્છ નામો મળ્યાં છે. જેમાંનાં કેટલાંક આ પ્રમાણે છે.

કચ્છપ :

વડનગરની નાના પ્રકાર પ્રશસ્તિમાં એક કચ્છપ નામના શાસકનો ઉલ્લેખ આવે છે. તેમાં જણાવ્યું છે કે જેમ ગુરુડે પૂર્વે ગજ અને કચ્છપને હરાવ્યા હતા. તેમ એ રાજાએ મોટા વિગ્રહ (શરીર) ધારી રહેલા યાધ્વેશ્વર અને માળવેશ્વરને લડાઈમાં હરાવ્યા. આ ઉપરાંત કુબેર ભંડારીની મૂર્તિમાં નવ નિધિમાં જે પાંચમો નિધિ છે તેને પણ આ નામ આપવામાં આવ્યું છે.

કચ્છપઘાતો :

મધ્ય પ્રદેશના ગ્વાલિયર આજુબાજુના પ્રદેશોમાં આ વંશના શાસકો શાસન કરતા હતા. તેમાં વ્રજાદમ, અભિમન્યુ, કીર્તિરાજ વગેરે ખૂબ મહત્ત્વના પ્રાચીન 'કચ્છપઘાતો' શાસકો હતા.

કચ્છવાહા :

આ નામવાળા પણ કેટલાક શાસકો મધ્યકાલીન સમયમાં રાજસ્થાનમાં થઈ ગયા જેમાંનો એક જયસિંહ કછવાડા ઇતિહાસ-પ્રસિદ્ધ છે.

કચ્છ-મહાકચ્છ :

કેટલાક રાજાઓને આવાં નામો મળ્યાં છે. જૈન કથાનકોમાં આવે છે કે ઋષભદેવનો વિરહ સહન ન થવાથી કચ્છ અને મહાકચ્છ વગેરે અનેક મિત્ર રાજાઓએ દીક્ષા લીધી હતી.

આમ કચ્છોચ્ચાર અને નામોલ્લેખવાળાં અસંખ્ય નામો પ્રાપ્ત થાય છે. એક અલગ ભૌગોલિક અભિવ્યક્તિ હોવાને લીધે તમામ યુગોમાં એનું મહત્ત્વ સવિશેષ છે. નહિતર તેનું મહત્ત્વ એક જિલ્લાથી વિશેષ ન હોઈ શકે. આજે પલટાયેલી પરિસ્થિતિમાં તે વારંવાર અછતગ્રસ્ત ભલે બનતું હોય પરંતુ પ્રાચીન સમયમાં તેના નામના જુદા જુદા ઉલ્લેખો જોતાં તે આકર્ષણરૂપ બન્યું હતું. આને લીધે તે તમામ લેખકો-પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. એનો લાભ ઇતિહાસને મળ્યો પણ મળેલો લાભ પ્રમાણમાં ઓછો છે. છેક પંદરમી સદી સુધીનો ઇતિહાસ અંધકારમાં રહેવાનું મુખ્ય કારણ જેઓએ તેનો ઉલ્લેખ કર્યો તેમને ફક્ત તેના ભૌગોલિક અસ્તિત્વનો જ ખ્યાલ આવ્યો જ્યારે જેઓએ ઐતિહાસિક ખ્યાલ આપવાનો પ્રયત્ન કર્યો તે સામગ્રી મેળવવામાં નિષ્ફળ ગયા હતા. પરિણામે ઐતિહાસિક ઉલ્લેખ પણ ધૂમકેતુ જેવા જ બની ગયા છે. તેથી કચ્છને દરિદ્રનારાયણ તરીકે ઓળખાવનારને સૌએ પ્રથમ ઇતિહાસનું આ દારિદ્ર્ય દૂર કરીને કચ્છની ઘનિષ્ઠતાને પારખવી પડશે.

(૩) કચ્છમાં કણબીનો વિસ્તાર અને સ્થળાંતર :

ગુજરાતના ઇતિહાસનું આનુવંશિક પરિપ્રેક્ષ્યમાં પરિશીલન કરવામાં આવે તો સ્પષ્ટ થશે કે ગુજરાતી પ્રજાનો સિંહ ભાગ બહારથી આવીને અત્રે વસી ગયો છે. એ જ રીતે કચ્છના ઇતિહાસનું અધ્યયન કરવાથી પણ મોટા ભાગની કચ્છી પ્રજા બહારથી આવીને ત્યાં વસી ગયેલી દેખાય છે. પાટીદારો પણ આ રીતની એક ફરારી જાતિ તરીકે સ્થળાંતર કરતા-કરતાં પંજાબમાંથી માળવા થઈને ગુજરાતમાં આવ્યા.

કચ્છ આગમનનો પ્રથમ પ્રારંભ :

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે પંજાબમાંથી માળવા થઈને ઉત્તર ગુજરાતના ઊંઝા આસપાસના વિસ્તારમાં સ્થાયી થયેલ આ કૂર્મી ક્ષત્રિય જાતિ સમયાંતરે મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં સ્થળાંતર કરી ગઈ. પરંતુ કચ્છી સાધનો પરથી એવી એક સંભાવના ઊભી થાય છે કે ઈસુની ત્રીજી સદીના અંતમાં કૂર્મિ ક્ષત્રિયોનું એક જૂથ પંજાબમાંથી સીધું કચ્છમાં આવ્યું હતું.[૩૯]

આ જૂથ કચ્છમાં તળ ગુજરાતની માફક પોતાની ઓળખ કણબી પાટીદાર તરીકે પ્રસ્થાપિત કરવાને બદલે ક્ષત્રિય ખત્રી તરીકે ઓળખાયું. આજે પણ કચ્છના હિંદુ અને મુસ્લિમ ખત્રીઓની અરોરા જેવી પંજાબી શાખો આ બાબતને સમર્થન આપે છે.

તદુપરાંત એક અનુશ્રુતિ મુજબ કચ્છમાં બાજરાનું સર્વ પ્રથમ વાવેતર પાટીદારોએ કર્યું હતું. બાજરાનું મૂળ નામ 'શીતળો' હતું. અર્થાત્ આ ધાન્ય ઠંડા પ્રદેશમાં થતું અને ઠંડા પ્રદેશની પ્રજાનો ખોરાક હતો. આનો અર્થ એ થાય કે પાટીદારોનો પ્રથમ જથ્થો કચ્છમાં ઉત્તર ગુજરાતના ગરમ પ્રદેશને બદલે ઉત્તર ભારતના પંજાબ જેવા ઠંડા

પ્રદેશમાંથી કચ્છમાં આવ્યો હશે. શીતળાને તો કચ્છીઓ પચાવી શક્યા તેથી 'ભા-જર્યો' અર્થાત્ બાજરો નામ મળ્યું. (હે ભાઈ પચ્યો કે ? હા ભાઈ પચ્યો અર્થાત્ ભાજર્યો. બાજરો એમ નિષ્પન્ન થયું.)

કડવા પાટીદારોના કચ્છ સ્થળાંતરનાં કારણો :

કચ્છના પાટીદારોના વિવિધ જ્ઞાતિસમૂહમાં કડવા પાટીદારોની સંખ્યા નોંધપાત્ર છે. અત્યારે તેમની સંખ્યા ચાર લાખ ઉપરાંત છે. જેમાં દોઢ લાખ તો કચ્છમાં નખત્રાણા, માંડવી, ભૂજ, લખપત અને અંજાર તાલુકાનાં કુલ ૧૪૦ જેટલાં ગામોમાં વસે છે. જ્યારે અઢીલાખ જેટલા કડવા પાટીદારો સાબરકાંઠા, મુંબઈ અને ભારતના અન્ય ભાગોમાં વસે છે. ભૂતકાળમાં પણ તેઓ કચ્છમાં મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવતા હતા. ઈ.સ. ૧૮૮૦ની જનસંખ્યા પ્રમાણે કચ્છમાં તમામ શાખાના પાટીદારોની કુલ વસ્તી ૨૯૪૪૬૬ હતી જેમાં કડવા પાટીદારો તો ૧૩૮૧૪ હતા.[૪૦] આવી નોંધપાત્ર સંખ્યા ધરાવતો પ્રજા સમૂહ કચ્છ જેવા તળ ગુજરાતની તુલનામાં ઓછા આકર્ષક પ્રદેશમાં વિના કારણ વસે નહીં. એ માટે મહત્ત્વનાં કારણો આ પ્રમાણે આપવામાં આવે છે.

ધાર્મિક કારણ :

ઈમામશાહ સૈયદ નામના સૂફી સંત ઈરાનથી ગુજરાતમાં આવ્યા અને અમદાવાદ પાસેના ગીરમથા ગામમાં સ્થાયી થયા. તેમની પ્રતિભાથી અંજાઈને ગુજરાતના અહમદશાહી વંશના સુલતાન મહમદશાહ બીજાએ પોતાની શાહજાદી તેમને પરણાવતા આજુબાજુની મુસ્લિમ તેમ જ હિંદુ પ્રજા પર તેમનો પ્રભાવ વધી ગયો. 'કાગને બેસવું અને ડાળને ભાંગવું એ ન્યાયે એક વખત યોગનોયોગ એમના કહ્યા પ્રમાણે વરસાદ વરસવાથી પાટીદારોની એમના પર શ્રદ્ધા બેસી ગઈ. આ ઘટનાને નોંધતા શ્રી પુરુષોત્તમભાઈ પરીખ નોંધે છે કે દૂર દૂરના ઘણા લોકો એના શિષ્ય થવા લાગ્યા. એ જ પ્રમાણે કચ્છમાં વાસ કરી રહેલા કણબીઓના પૂર્વજો પણ પરચો જોઈ તેના શિષ્ય થયા. તેમને અત્રેના (અમદાવાદ પ્રદેશના) પ્રાંત તરફથી વિટંબણા પડવા માંડી એટલે તેઓ સઘળા કચ્છમાં વસ્યા.[૪૧] આ જ બાબતને સમર્થન આપતી નોંધ વાંઢાય (કચ્છ)થી પ્રસિદ્ધ થતાં 'ઉમાદર્પણ' નામક સામયિકમાં છે. આ નોંધ પ્રમાણે ઈસુની ૧૫મી સદીમાં ગુજરાતમાં મુસ્લિમ ગુરુ ઈમામશાહના પ્રભાવમાં આવીને કેટલાંક કડવા પાટીદાર કુટુંબોએ પીરનો પંથ કે પીરાણા પંથ સ્વીકાર્યો.[૪૨]

આ યુગની ધાર્મિક સંકીર્ણતાના સંદર્ભમાં પીરાણા પંથના અનુયાયીઓ બનેલા પાટીદારો માટે તળ ગુજરાતમાં હિંદુ તરીકે રહેવું દુષ્કર બન્યું. પરિણામે તેમણે વતનથી દૂર કચ્છમાં વસવાટ કરવાનું પસંદ કર્યું.

કચ્છના ગરાસદારોનું પ્રોત્સાહન :

પાંખી વસ્તીને કારણે પહેલાં કચ્છમાં ખેતપેદાશોની ઊણપ વર્તાતી નહોતી. પરંતુ પાછળથી વસ્તી વધતાં કૃષિકર્મમાં પ્રવીણ હોય તેવી જાતિઓને વસાવવાનું કચ્છના ગરાસદારોને યોગ્ય લાગ્યું. પરિણામે તેમના પ્રયત્નોને કારણે જ હાલારમાંથી લેઉવા પાટીદારો કચ્છમાં પહોંચ્યાં. એ જ રીતે તળ ગુજરાતમાંથી કડવા પાટીદારો અત્રે આવ્યા.

આ ઘટનાના સંબંધિત કારણને સ્પષ્ટ કરતાં શ્રી સી. કે. પટેલ નોંધે છે કે કચ્છના ગરાસદારોએ ખાસ ખેતીના વિકાસ માટે જ આ ખડતલ અને મહેનતુ પ્રજાને પ્રોત્સાહન આપી કચ્છમાં વસવાટ કરાવ્યો.[૪૩]

મુસલમાનોનો ત્રાસ :

ઈ.સ. ૧૩૦૪માં પાટણમાં દિલ્હીની મુસ્લિમ સલ્તનતની સત્તા સ્થપાતાં પાટણની પડોશના ઊંઝા વિસ્તારમાં વસતા પ્રમાણમાં સુખી અને નિરુપદ્રવી પાટીદારો મુસ્લિમોના અત્યારના સર્વ પ્રથમ સ્વાભાવિક શિકાર બન્યા. પરિણામે તેમને ઊંઝા છોડીને અસારવા, ચાંપાનેર અને કચ્છ જવું પડ્યું. શ્રી પરીખના શબ્દોમાં અણહિલપુર રાજધાનીનું શહેર કાયમ રહેવાથી નજીકનાં ગામડાં પર મુસલમાનોનો અત્યાચાર વધતો ગયો. તેમ તેમ કણબીઓ નાસીને અસારવા નજીક આવ્યા હતા. પરંતુ અસારવા અને અમદાવાદ રાજધાનીનાં શહેર થયાં એટલે તેઓ વધારે નજીક વસ્યા. પરિણામે તેઓમાંના કેટલાક કાઠિયાવાડ અને ત્યાંથી કચ્છ ભણી ગયા.[૪૪]

અત્રે એ નોંધવું જરૂરી છે કે ગુજરાતમાં ચૌલુક્ય (સોલંકી) શાસન દરમ્યાન ઉત્તર ગુજરાતમાં કડવા પાટીદારો વ્રજપાલજી અને તેમના વંશજોની સત્તાને કારણે શાસક પ્રજાવર્ગમાં આવતા હતા. તેથી સ્વાભાવિક રીતે નવા સાર્વભૌમ મુસલમાનો અને મગરુર કડવા પાટીદારો વચ્ચે સંઘર્ષ થાય. જેને કારણે કેટલાક વિશેષ સ્વમાની પરિવારો કચ્છમાં વસી ગયા.

સ્થળાંતરકારીઓનો વિસામો-શિકરા :

કચ્છી સાધનો મુજબ પ્રવર્તમાન કાલમાં કચ્છ સ્થિત કડવા પાટીદાર સમૂહના પૂર્વજો ઈ.સ. ૧૬મી સદીમાં ઉત્તર અને મધ્ય ગુજરાતમાંથી કચ્છમાં આવીને વસ્યા.[૪૫] શ્રી પરીખ જણાવે છે તેમ પીરાણા પંથના ધર્માધ્યક્ષ પીર ઈમામશાહના આદેશથી ઈ.સ. ૧૫૨૪માં વેલા પટેલ અને નાકર પટેલે કચ્છમાં જઈને શિકરા ગામ વસાવ્યું. ત્યાં વેલા પટેલે પોતાના નામે વેલાસર તળાવ બંધાવીને કાયમી વસવાટ કર્યો.[૪૬]

ત્યારબાદ જેમના પૂર્વજો અડાલજના હતા તે અજા પટેલે પીરાણા પંથ સ્વીકારતાં તેમને પણ શિકરા આવીને વસવાટ કરવો પડ્યો. એ જ રીતે મૂળ ધોળકા વિસ્તારના સારંગજીને પણ પીરાણા પંથ સ્વીકારતાં શિકરા આવવું પડ્યું. તેમને પગલે પગલે બારેજાના વતની એવા અત્યારે ઠાકરાણી અને હલપાણી શાખથી ઓળખાતા પાટીદારો શિકરે આવી વસ્યા.

ત્યારબાદ વસઈના ગોવા પટેલને પીરાણા પંથ સ્વીકારતાં શિકરા આવવું પડ્યું. એ જ રીતે પીરાણા પંથના સ્વીકારને કારણે શિકરા આવવું પડ્યું હોય તેવો સિલસિલો ચાલુ જ રહ્યો. ફક્ત ઉત્તર ગુજરાતના અનેક પરિવારો વાગડમાં શિકરા ખાતે સ્થાઈ થયા. જેમાં ઊંઝાના સોમા પટેલ, દેવજી પટેલ, નાગજી પટેલ અને સાંખલા શાખાનાં કુટુંબો નોંધપાત્ર ગણાયાં. આ ઉપરાંત અડાલજનો દીપાણી પરિવાર, ભાલેજના જેસિંહ દેસાઈના ત્રીજા પુત્રનો પરિવાર, અમદાવાદના છ ભાઈઓ શાખાનાં કુટુંબ, મહેસાણાના પોકાર શાખાના પૂંજા પટેલનો પરિવાર, ભાલેજનું રામાણી શાખાનું કુટુંબ, વોસા ભાવી

પટેલનો પરિવાર, અડાલજના જીવા પટેલ તથા પસલા પટેલના કુટુંબો, નડિયાદના હંસરાજ અને મોહન પટેલનો પરિવાર અને ધોળકાના પચાણ પ઼ ; વેલા પટેલ અને નાકર પટેલના કુટુંબોનો સમાવેશ થાય છે.

આમ શિકરા ગુજરાતમાંથી સ્થળાંતર કરીને આવેલા પાટીદારોનું કેન્દ્ર બન્યું. આમાંનાં મોટા ભાગનાં કુટુંબો પીરાણા પંથના સ્વીકારને કારણે કચ્છમાં આવતાં હતાં. જ્યારે કેટલાક પરિવારો, ઉપર ચર્ચિત અન્ય કારણોવશાત કચ્છમાં આવ્યા હતા.

શિકરાથી કચ્છનાં અન્ય ગામોમાં સ્થળાંતર :

આગળ જોયું તેમ મુખ્યત્વે પીરાણા પંથના સ્વીકારને કારણે કડવા પાટીદારોનાં કેટલાંક કુટુંબો વાગડમાં શિકરા આબાદ કરીને વસી ગયા. કાલક્રમે શિકરામાં તળ ગુજરાતના અન્ય વિસ્તારમાંથી આવતાં કુટુંબોમાં સતત વધારો થતો ગયો. આને કારણે શિકરાની જમીન પર ભારણ વધ્યું પરિણામે તેમને કચ્છનાં બીજાં સ્થળો પર દૃષ્ટિપાત કરવો પડ્યો. આ પ્રકારના શુષ્કી ભવનના દબાણને કારણે શિકરાથી કચ્છનાં અન્ય સ્થળોએ જવાનો દોર શરૂ કર્યો. તેથી શિકરામાંથી કેટલાંક પરિવારો વિશેષતઃ માનકુવા, ભડલી, વિરાણી, અંગિયા, કોટડા, નખત્રાણા, નેત્રા, વિથોણ, કરબોઈ, મથલ, ગડાંણી, ખોંજાણી, મગવાણા, દરશડી, ઉપરાણી, ડોઝા પર, સરવાણા જેવાં અનેક ગામોમાં વસી ગયા. આનાં દૂરગામી પરિણામ, સ્વરૂપે આજે કચ્છના નખત્રાણા, ભૂજ, માંડવી, અંજાર અને લખપત તાલુકાઓના લગભગ ૧૪૦ જેટલાં ગામોમાં તેમના વારસદારો વસે છે.

માનકૂવામાં વેલાણી, ગોગારી, ચવાણ અને હલપાણી અટક ધરાવતાં પરિવારો વસી ગયાં. જ્યારે વિરાણીમાં નાકરાણી, દીવાણી અને ગોગારી શાખાઓ વસી. એ જ રીતે અંગિયાનાં ચોપડા, કોટડામાં પારેખ, નખત્રાણામાં પોકાર, રામાણી અને લીંબાણી નેત્રામાં સાંખલા, વિથોણમાં સુરાણી, કરબોઈમાં ભાયાણી, મજાલમાં પોકાર, ગડાંણી ગામમાં ગદુણી અને લીંબાણી, ખોભડીમાં પોકાર, દરશડીમાં બાર બાથાણી શાખવાળા કડવા પાટીદારો પરિવાર વસી ગયાં.[૪૭]

આ પ્રમાણે વિક્રમના પંદરમા તથા સોળમા સૈકામાં તેઓએ પોતાના અસલ હિંદુ ધર્મ બદલી મુસલમાનને ગુરુ કર્યા, તેથી તેમને કુટુંબ, જ્ઞાતિ અને ગામ સાથે પણ કલહ થાય તે સ્વાભાવિક હતું. તેથી ધાર્મિક અગવડને લીધે સઘળા પીરાણાપંથી કણબીઓ ક્રમે ક્રમે ગુજરાતના ભિન્ન ભિન્ન ભાગોમાંથી નીકળી વાગડ (કચ્છ)માં શિકરા ગામે આવ્યા અને ત્યાં પોતાના સહોદર સમાન સ્વધર્મીઓ સાથે મળી જુદી જ્ઞાતિ કરી. કચ્છનો પ્રદેશ વર્ષો થયાં. ખેતીવાડીમાં પછાત હતો તેથી ગુજરાતના કાબેલ ખેડૂતો કચ્છના રાવને અનાયાસે મળવાથી, તેણે તેમનો સારો સત્કાર કરી જમીનો આપી, તેથી શિકરેથી પછી સહુ સવડે જુદાં જુદાં ગામોએ જઈ રહ્યા અને આબાદ થયા. જોકે, તેમણે મુસલમાનોને ગુરુ કર્યા હતા તોપણ તેમની સઘળા પ્રકારની રીતભાત હિંદુની જ હતી. તેઓ માત્ર વાર્ષિક ભેટ પીરાણે મોકલતા; સિવાય મુસલમાનનું એક પણ વર્તન તેમનામાં નહોતું. આ પ્રમાણે કેટલાક કાળ પર્યંત ચાલ્યું. તેમની વસ્તી વધી

પ્રથમનાં ૧૨-૧૩ ગામોનાં ૨૫-૩૦ ગામો થયાં. તેવામાં તેમણે ત્યાં એકાદ વિવાહ પ્રસંગે પીરાણાનો ધર્મગુરુ પ્રાગજીકાકા, જે મહાકાબેલ હતા તે આવ્યા અને તેમને હિંદુથી નિરાળા કરી શુદ્ધ પીરના અનુયાયી બનાવવા ખટપટ કરી, વહીવંચા તથા ગોર સાથે તકરાળ પડાવી; તેનો મર્મ ન સમજતાં બિચારાં અંધશ્રદ્ધાળુ કણબીઓએ તે પ્રાગજીકાકાની સલાહ પ્રમાણે નખત્રાણા ગામે મળી ગોર તથા વહીવંચાને સદાને માટે તજી દેવાનો ઠરાવ કર્યો જે નીચે પ્રમાણે છે.

ઠરાવ :

'સં. ૧૮૩૨ના પોષ વદ ૧૩ને દિને ગ્રામ શ્રી નખત્રણા મધે જ્ઞાતિ પંચ ભેળા થઈ બારોટ-ગવરીદાસ શામદાસ તથા ગોર જાની દયાશંકર ભગવાનજીને રજા દીધી છે. આજ દિવસ પછીથી બારોટ પાસે વહીવંચો લખાવવો નહીં; તેમ બારોટને કાંઈ પણ આપવું નહીં, તેમ જ ગોર દયાશંકર ભગવાનજીના વંશજ તેમ જ કોઈ પણ બ્રાહ્મણ પાસે ચોરી તથા લગ્ન પ્રસંગે પણ કાંઈ કર્મ કરાવવું નહીં અને જે કોઈ ભાટ તથા બ્રાહ્મણને માનશે તે નાતનો ગુનેગાર છે. બાવા ઈમામશાહના ધર્મને માનનારા આ કણબી ભાઈઓ જેણે સં. ૧૫૯૨ના કારતક સુદ ૨ શુક્રવારે બાવાનો ધર્મ અંગીકાર કરેલ છે તે ભાઈઓએ આજ દિવસ સુધી વહીવંચો લખાવ્યો છે અને બ્રાહ્મણો પાસે સૂતકકર્મ, મરણની ક્રિયા તથા લગ્નની ક્રિયા કરાવી છે; પણ હવેથી આ ગુરુ ઈમામશાહના ધર્મનો ખરો રસ્તો બાવા ઈમામશાહના વંશના શહીદો તથા હાલમાં જે પીરાણાની ગાદી ઉપર ટિલાયત કાકા પાગજીના હુકમથી અને ધર્મને સમજીને બ્રાહ્મણ તથા ભાટને નહીં માનવા નીચે મુજબ ગામના પટેલોના પંચે ભેગા થઈ ઠરાવ કર્યો છે તે આપડી આખી નાતને કબૂલમંજૂર છે.

૧. ગામશ્રી નેત્રાના પટેલ લખમણ સૂતનારણ નાકરાણી, પટેલ નારણ આબજીયાણી, તથા પા. સામા ભાવાનણી.
૨. ગામશ્રી વીરાણીના પા. માંડણ તથા રૈયા નાકરાની, પટેલ પાંચા પાંચાણી, લાધા દિવાણી તથા માના બાથાણી.
૩. ગામશ્રી વિંથોણના પા. દેવજી, ભગત કાનજી, ગણેશ સેંઘાણી, વાલા નાંધાણી, તથા વિરારામ સુરાણી.
૪. ગામ શ્રી નખત્રાણાના પા. ભોજા માંનાણી, પા. સુરા, પા નાંથા સેંઘા, ગોરાવાલા, દેવરાજ તથા કમા સુરાણી.
૫. ગામશ્રી મથલના પા. હરભમ પોકાર, મેઘા નાનજીઆણી, તથા રતના ચોધરી.
૬. ગામશ્રી ગડાણીના પા. કેસરા નીરજી તથા પેથા પોકાર,
૭. ગામશ્રી ખોંભડીના પા. પાંચા, તથા અબજી પોકાર.
૮. ગામશ્રી અંગીઆના પા. અખઈ, મેઘા, માના, તથા કાનજી પારસિયા.

૯. ગામશ્રી ડોઝાપરના પા. મનજી સોમજાણી, પા. સુરા, મુખી જીવા તથા ભીમા રઈયાણી.

૧૦. ગામશ્રી દશરડીનાપા. ડુંગર ગોપાલ, લકમણ, કરસન પોકાર, દેવજી સેંઘાણી, ખેતા પુંજાણી તથા હરભમ.

૧૧. ગામશ્રી સરવાના પા. કેસરા તથા કરસન હરજી પબાણી.

૧૨. ગામશ્રી કરબોઈના પા. દેવસી તથા મૂળા

૧૩. ગામશ્રી મગવાણાના પા. ગોરા ચોપડા તથા કચરા

૧૪. ગામશ્રી ભડણીના પા. ગોવા ઠાકરાણી તથા માંડણ ભોંજાણી.

૧૫. ગામશ્રી માનકવાના પા. કરમસી, સુતં ભીમજી, ધનજી, રામજી તથા કરસન.

નાત સમસ્ત મળી ખાનામાં, ગામ નખત્રાણાનામાં, બાવાના પાટ આગળ, ધૂપ દીવો કરી ઈમામશાહના ધર્મના માટે નક્કી કરી, ગોર દયાશંકર ભગવાનજી તથા બારોટ ગવરીદાસ સામદાસને રજા દીધી છે. આખી નાતે મળીને કહ્યું, કે સં. ૧૫૯૨ના કારતક સુદ-૨ શુક્રવારના દહાડાથી ધર્મ ઈમામશાનો લીધો છે તે આજ દિન સુધી ગોર તથા ભાટની પાસે પોતાનો વહીવંચગીરી તથા ધાર્મિક ક્રિયા કરાવી, પણ હવેથી નહીં કરાવવા તે દાનકી સંવત ૧૮૩૨ના વર્ષે પોષ વદ ૧૩ને દને રજા દીધી છે. તે માટે આજદિન પછી બ્રાહ્મણ કે ભાટને લાવે તો ઊભા રહેવાની આજદિવસ પછી ગોર કે ભાટને માનસે તે નાતનો ગુનેગાર થાશે. બાવા ઈમામશાહના ઘરથી નાત બહાર છે. તે ગામ શ્રી નખત્રાણાના ખાનામાં બાવાના પાટ આગળ ધૂપ કરીને આખી નાત મળીને લખત (લખાણ) કીધું છે અને કાકા પ્રાગજીના તથા બાવા ઈમામશાહના વંશના સૈયદ વલીમિયાંની રૂબરૂ પ્રતિજ્ઞા કરી છે, તે આખી નાતને વંશપરંપરા કબૂલ મંજૂર છે. આ લખતનો મુસદ્દો ગામ વીરાણીના કણબી માંડલ અખીઆણી તથા વીરજી વેલાણી તથા નાત સમસ્ત મળી પહોર દિવસ ચડ્યે કર્યો છે.'

આ બનાવ પછી બારોટ અને બ્રાહ્મણોની તદ્દન ગેરહાજરીમાં તેઓને પોતાની અસલ સ્થિતિનો ઈતિહાસ બિલકુલ વિસ્મૃત થઈ ગયો, તે એટલે સુધી કે, તેઓ અસલ 'ચોરી અને ચિતા'એ ચડતા હતા તે વાત માનવી પણ મુશ્કેલ થઈ પડી. વખત જતાં તેમનું વર્તન તદ્દન જુદા જ પ્રકારનું થઈ ગયું. સઘળી શુભ અને અશુભ ક્રિયાઓ પીરાણાના પ્રતિનિધિ તરીકે ગામનો મુખ્ય પટેલ કરાવવા લાગ્યો. હાલ ધર્મમાં તેઓ 'શિવોહં શિવોહં' એ મંત્રની માળા ફેરવે છે.[૪૯] ઈમામશાહની બનાવેલી શિક્ષાપત્રી વાંચે છે. બારે માસની બીજ અને ગુરુવારે અપવાસ કરે છે. રોજા મહિનો પાળે છે પણ તાબૂત કાઢતા નથી. સુન્નત કરાવતા નથી, દાઢી રખાવતા નથી, બ્રાહ્મણ પાસે કોઈ ક્રિયા કરાવતા નથી. મઠના ગુરુ જેઓ કણબીકાકા કહેવાય છે તેમને દાટે છે, જ્યારે શિષ્યોનાં મડદાંને બાળી તેનાં વધેલાં હાડકાં પીરાણે દટાવે છે. આ પ્રમાણે ઘણા કચ્છી કણબીઓનું વર્તન છે, છતાં હજુ સુધી કોઈ પ્રકારનો ખાનપાનાદિનો ભ્રષ્ટાચાર થયો નથી, આ ધર્મના કેટલાક કણબી અનુયાયીઓ અમદાવાદ તળમાં તથા ગુજરાતનાં અન્ય ગામોમાં

પણ છે.

પીરાણા-પંથીઓ આ પ્રમાણે એક જ લાકડીએ ગામ હાકતા હતા. તેવામાં સ્વામિનારાયણ ધર્મના સાધુઓના ઉપદેશથી ગામ રેવાપરના કેશરા પટેલને કાંઈક ભાન થયું અને તેના પૂર્વજોની થયેલ ગંભીર ભૂલ જણાઈ આવી. એટલે તે ડાહ્યા, દઢ મનના અને ધર્મસુધારક વીરનરે તરત જ વધારે મોડું થઈ જાય તે પહેલાં ભૂલ સુધારીને પીરાણાના પંથને પગે લાગી (તજીદઈ) સ્વામિનારાયણના શિષ્ય થયા. કચ્છી કણબીઓમાં હાહાકાર થઈ ગયો. સઘળાએ એકઠા થઈ તેનો સર્વાંશે બહિષ્કાર કર્યો; એટલું જ નહિ પણ એ અજ્ઞાન દશાવશ કણબીઓએ પોતાનો વાડો કુદાવી બહાર જનારા તે કેશરા ભક્ત પર અનેક પ્રકારના અત્યાચાર ગુજાર્યા, જે તેણે શાંતિથી સહન કર્યો અને ઈશ્વરમાં શ્રદ્ધા રાખી પોતાના અન્ય બંધુઓને પણ સદુપદેશ દેવો ચાલુ જ રાખ્યો. તેના સત્સંગથી વખત જતાં કેટલવાકે જુદા પડી સ્વામિનારાયણનો સંપ્રદાય સ્વીકાર્યો અને ધીમે ધીમે તે સંખ્યા વધવા લાગી. હાલ તેઓ બારસો જણ થઈ ગયા છે. કચ્છના કણબીઓની આવી દયાજનક દશા સુધારવા એક દયાળુ પરોપકારી પરમહંસ સ્વામી જ્ઞાનાનંદજીએ ગઢશીશાના પ્રખ્યાત પંડિત પીતાંબરજી (વિચારસાગરના ટીકાકાર)ની સલાહથી કેટલાક સમય પછી પ્રયાસ કરવા માંડ્યો, જેના પરિણામે એક પછી એક ગામો પીરાણાપંથની સાંકળમાંથી અંકોડાની માફક છૂટા પડવા લાગ્યા અને સહુએ વેદધર્મ અંગીકાર કરી ઉપવિત ધારણ કર્યા.

સ્વામીજીના પરદેશ ગયા પછી કણબી આગેવાનોએ વેદધર્માનુયાયી સ્વામીજીના સઘળા શિષ્યોને દંડી દંડી, જુલ્મ કરી કંઠી અને ઉપવિત ઉતરાવી નાખી, પાછું ચાલતું હતું તેમ જ પીરાણાપંથનું જોર ચલાવ્યું. ઝીંઝાઈ ગામના વૃદ્ધ પટેલ માનાભાઈએ અનેક સિતમો થવા છતાં લીધેલો ધર્મ ન બદલ્યો, પણ આખરે સં. ૧૯૫૨-૫૩માં પોતાની માતાના મરણ વખતે, કોઈએ મરદું ન ઉઠાવ્યું તેથી ડરી જઈ, કંટાળીને દંડ આપી પાછો પીરાણાપંથીઓમાં પેઠો અને ચાલતું હતું તેમ ચાલવા લાગ્યું; પરંતુ ચારસો વર્ષથી ચાલતો જમાનો હવે બદલાયો હતો. ભાગ્યદેવીએ પણ કણબી પ્રતિ કરુણદષ્ટિ કરી હતી. તેથી ખેતીવાડીમાં જ માત્ર જીવન ગાળનારા કણબીઓ પુત્રો હુન્નર-ઉદ્યોગ માટે દેશ છોડી પરદેશ જવા લાગ્યા. ત્યાં દેશાટનથી જ્ઞાન વધે છે, તે સિદ્ધાંત તેમને યથાર્થ ફળદાયી બન્યો. પરદેશમાં જુદી જુદી હિંદુકોમો સાથે પરિચયમાં આવતાં તેમની આંખ ઉઘડી અને પોતાના ધર્મપ્રતિ એક સાચા હિંદુ તરીકે તિરસ્કાર આવવા લાગ્યો. તેમાં સુધારો કરવા કેટલાકની ઊર્મિઓ ઊછળવા લાગી, પણ પોતાના પહેલાં આવો પરમાર્થ કરનારાએ વારંવાર વેઠવો પડેલો ત્રાસ મનમાં તાજો હોવાથી કેટલાક આરંભશૂરાઓની ઊછળતી ઊર્મિઓ ઊંડી દબાઈ ગઈ; પરંતુ કેટલાક સાચા શૂરાઓને તો 'ક્ષણમપી સજ્જન સંગતિરેકા ભવતિ ભવાર્ણવ તરણેનૌકા.' એટલે કે એક ક્ષણ માટે પણ કરેલો સજ્જનનો સત્સંગ સંસારસમુદ્ર તારવાને નૌકા થઈ પડે છે. ઉદ્ધારક લાગણી વિટંબણાના ડરથી ઊંડી ન જતી રહેતા વિશે, તીવ્ર બની અને આખરે કોઈ પણ કુટુંબીની, જ્ઞાતિજનની કે માતાપિતાની સલાહ લીધા વિના માત્ર સાત જ જણે પીરાણા પંથ વિરુદ્ધ ધર્મ ધ્વજ

ખડો કરી વિગ્રહ આરંભ્યો. જેની સવિસ્તર બીના નીચે પ્રમાણેના મિસ્ત્રી નારાયણજીભાઈના જીવનવૃત્તાંત પરથી સમજાયા સિવાય રહેશે નહીં.

રા. નારાયણજી રામજીભાઈ મિસ્ત્રી (મુંબઈ) :

આ હિંમતવાન યુવાનના પિતાજી રામજીભાઈ ભોજાભાઈ લીંબાણી, કચ્છ દેશના નખત્રાણા તાલુકાના વિરાણી ગામના રહેવાસી છે. પોતે કેળવાયેલા, પરોપકારી અને બુદ્ધિશાળી શિલ્પશાસ્ત્રી હોવાથી, રાજયના ઈજનેરી ખાતામાં મિસ્ત્રી તરીકે માન સાથે નોકરી કરી છે. તેથી તેઓ માત્ર પોતાની જ્ઞાતિમાં જ નહિ, પણ કચ્છના ઘણા ભાગમાં પ્રસિદ્ધ છે. તેમના ત્યાં સંવત ૧૯૩૯ના વૈશાખ સુદ-૧૫ સોમવારના શુભદિવસે (તા. ૨૨-૫-૮૩) રા. નારાયણજીનો જન્મ થયો હતો. બાળવયની બાળલીલા પરિપૂર્ણ થતાં નવ વર્ષની વયે તેમને વિરાણીની ગ્રામ્ય શાળામાં વિદ્યાભ્યાસ માટે મૂકવામાં આવ્યા. જયાં પાંચ વર્ષ સુધી અભ્યાસ કરી, ૧૩ વર્ષની મધ્યવયે ગુજરાતી પાંચમી ચોપડીની પરીક્ષા શાબાશી સાથે ઊંચા નંબરે પાસ કરી. ગ્રામ્યશાળામાં એ કરતાં વિશેષ વિદ્યાભ્યાસની જોગવાઈ ન હોવાથી તથા આગળ અભ્યાસ કરવા દૂરના શહેરમાં બાળકને મોકલવાની અગવડ હોવાથી, રા. રામજીભાઈએ પુત્રનો અભ્યાસ એટલેથી જ દિલગીરી સાથે પતાવ્યો અને એટલી નાની વયમાંથી જ તેને શિલ્પશાસ્ત્રનો સ્વાનુભવી અભ્યાસ કરાવવા એક કારીગર તરીકે પોતાની દેખરેખ નીચે કામે લગાડ્યો. જેમ ઉત્તમ હીરો ઉત્તમ ઝવેરીના હાથે સરાણ પર ચઢતાં અજાયબી પમાડે તેવું નૂર પ્રકાશી દીપી ઊઠે છે. તેમ આ બાળક પોતાના પિતાના ધંધામાં પૂર્ણતા પામ્યો. એટલું જ નહિ, પણ નક્શીદાર રૂપ કામ પણ ઉત્તમ રીતે શીખ્યો. કેટલીક વાર તો મકાનો અને પુલોની કમાનો વગેરેના ગૂંચવાડા ભરેલા શિલ્પ શાસ્ત્રના ગૂઢ પ્રશ્નોથી પોતાના પિતાને પણ વિસ્મય પમાડતો. તેથી તે વિદ્યા પ્રતિ તેની અભિરુચિ જોઈ, તેની વિનંતી પરથી તેને તે કળામાં પારંગત કરવા મુંબઈ શહેર તરફ રવાના કર્યો.

દુનિયાના પૂર્વ-પશ્ચિમના દેશોની કારીગરીના ખજાના રૂપ મુમ્બાપુરીમાં આવતાં જ, યુવાન નારાયણજીને જાણે કોઈ નવીન સૃષ્ટિમાં પગ દેતો હોય તેમ લાગ્યું. પોતાની બુદ્ધિ પણ મૂંઝાઈ તેવા શિલ્પશાસ્ત્રનાં એક બીજાથી ચઢી જાય તેવાં અપાર કામો અને કારીગરી જોઈ તે મોહ પામી ગયો. લગભગ એક-બે માસ તો તેણે શિલ્પકલાના નમૂનારૂપ ગણાતા ઘણા મહાલયો બારીકીથી જોવામાં જ વિતાવ્યા. જેમ પોતાની શક્તિના અભાવે એક નિર્માલ્ય નર, મુશ્કેલીઓ જોતાં નિસાસા નાંખી નાસીપાસ થાય છે. તેમ ન થતાં સર્વ શોભાના સમુદ્રરૂપ મુમ્બાપુરીમાં, પ્રકૃતિદેવીએ બહોળા હાથે પાથરેલી કારીગરી અને વૈભવનો, કુદરતના એક પુરા પુરુષાર્થી પુત્ર તરીકે પોતાનો, પુરુષાર્થના પ્રમાણમાં તે સઘળું પ્રાપ્ત કરવાનો અબાધિત હક છે તેમ તે સમજવા લાગ્યો અને દિનપ્રતિદિન નવીન નવીન જોવાથી, તેની નસોમાં આશા ભરેલું નવીન લોહી ઉમંગભેર દોડવા લાગ્યું. આવા વિશાળ શહેરમાં કોઈની પિછાન ન હોવાથી, એક બાહોશ કોન્ટ્રાક્ટરને ત્યાં હાથે કારીગરી કરવા પગારદાર તરીકે જોડાઈ તેણે પોતાનું પ્રારબ્ધ અજમાવવા પુરુષાર્થ શરૂ કર્યો. વખતના વહેવા સાથે તેણે પોતાના કામથી પોતાના ઉપરીનું મન

હરણ કર્યું. હથિયાર છોડી દઈ તેને નકશી ટાંકણાં સોંપાયાં અને રૂપકામમાં પણ તે પાસ થયો. એ પ્રમાણે એક વર્ષમાં તો મુંબઈના ઇજનેરી ખાતાની સંપૂર્ણ માહિતી મેળવી તરત જ તેણે સ્વતંત્ર રીતે મકાનો બાંધવાનું સાહસ કર્યું. વડગાદી પર શેઠ કેશવજી દામજીનો પ્રથમ માળો બાંધ્યો, પછી માંડવી બંદરના પણ બીજા કેટલાક બાંધ્યા અને તેની મ્યુનિસિપાલિટીમાં, ઇજનેરોમાં, શેઠિયાવર્ગમાં અને કોન્ટ્રાક્ટર, કારીગર વર્ગમાં વગેરેમાં તે એક નામાંકિત નર તરીકે પિછાણાયો. સારા સારા સદ્‌ગૃહસ્થાનોમાં જતો-આવતો થતાં, જાહેર પેપરો વાંચવાનાં શોખથી તેની વાચન તરફ રુચિ વધતી ગઈ, જેના વડે તે ગુજરાતી પાંચ ચોપડીનો વિદ્યાર્થી સાહિત્યનો સમજદાર શોખીન બન્યો. દેશના ઇતિહાસો, નામાંકિત નરો, સુધારકો, ઉદ્ધારકો વગેરેનાં પુસ્તકો વાંચતાં, તે લાગણીવાળાને રોમાંચ થતો હતો. ધર્મગ્રંથો પ્રતિ પણ તેણે તેવું જ લક્ષ આપ્યું. એક ગુજરાતી કણબીના મેળાપ થતાં તેને કચ્છના અને ગુજરાતના કણબીઓ વચ્ચેનો પડી ગયેલો જમીન આસમાન જેટલો તફાવત પ્રત્યક્ષ થયો. એટલે વધારે લાગણીથી તપાસ કરતાં તેને કચ્છીઓ કરતાં ગુજરાતી જ્ઞાતિ બંધુઓની સ્થિતિ કચ્છ કરતાં સર્વેવાતે ઉન્નત માલૂમ પડી. વળી, તેઓ તરફથી પોતાની જ્ઞાતિનું નીકળતું 'કડવા વિજય' પત્ર પણ વાંચવા મળ્યું. એટલે પોતે તેના કાયમી ગ્રાહક થયા; અને તેનું બારીકાઈથી અવલોકન કરવા માંડ્યું. હૃદયમાં કોઈ નવીન જાગૃતિ આવી હોય તેમ, તેને પોતાના દેશની-જ્ઞાતિની દશા, સૃષ્ટિની રંગભૂમિ પર પ્રત્યક્ષ રીતે દયાજનક દેખાવા લાગી. તેમની વ્યાવહારિક અવનતિ, ધાર્મિક વિચારોની સંકડાશને લીધે થઈ શકે છે તે તે જોઈ શક્યો. તેણે નિસાસો નાખ્યો. પોતાનું કુટુંબ પીરાણાધર્મને અનુસરનારું હોવાથી 'ન હિંદુ કે ન મુસલમાન' અસ્થિતિ વારંવાર તેની સમક્ષ ખડી થતી અને મુંબઈ શહેરનાં ગૃહસ્થ કુટુંબો સાથે તેનો પરિચય થતાં, તે મનથી છૂપોછૂપો સંકોચાવા લાગ્યો. પીરાણાના ધર્મપ્રતિ તેને તિરસ્કાર આવવા લાગ્યો અને છેવટે તે ધર્મ તજી, ઉત્તમ એવા શુદ્ધ વેદધર્મને સ્વીકારવા અને સઘળા જ્ઞાતિબંધુઓને સુધારી દેવાના હવાઈ વિચારોની એક્સપ્રેસ ટ્રેનો તેના વિશુદ્ધ મગજમાં દોડવા લાગી. જો કે તેના આ વિચારોને તે તાત્કાલિક અમલમાં મૂકી શક્યો નહિ, તોપણ તેમને કદી પણ પોતાના હૃદયમાંથી દૂર કરી શક્યો નહીં. ગુજરાતની જ્ઞાતિ સાથે એક જ ધર્મ અને આચાર વિચારથી શી રીતે સંમિલન થવાય. તે વિચારે તેના હૃદયપ્રદેશ પર મજબૂત ઘેરો ઘાલ્યો. વારંવારના વિચારોથી તેનું મન આખરે પોતાના ખાનગી પુરુષાર્થમાં વિરાગી બનવા લાગ્યું. એટલે શાંતિ મેળવવા જૂજ સમયને માટે તે ધંધો છોડી પોતાનાં પિતા-માતા પાસે દેશમાં ગયો પરંતુ :

ચાતક ચકવા ચતુર નર, નિતનિત ફરત ઉદાસ;
ઘુવડ ઓર ખર મૂરખ નર, સુખે સૂવે નિજ વાસ.

તદનુસાર, જેના માટે શાંતિ નિર્મી જ નથી તેને તે ક્યાંથી મળે ? તે દેશમાં ફરવા ગયો, ત્યાં એક હૃદયભેદક કરુણરસ બનાવ દૃષ્ટિએ પડતાં વળી બળતામાં ઘી હોમાયું. એક વૃદ્ધ કણબી પોતાના ખળામાંના અનાજનો રાજભાગ આપી, બાકીનું અનાજ પોતાના લેણદાર વણિકને આપવા એકઠું કરતો હતો. તેની સ્ત્રી અને પુત્ર,

પુત્રવધૂ-મુગ્ધ બાલુડાં-ની કંગાલ દશા જોઈ તેનું હૃદય દયાથી પીગળી ગયું. ત્યાં તો લેણદારે આવી દાણે દાણો ભરી લેવા માંડ્યો. પટેલે કહ્યું કે, 'શેઠ ! મારી સ્ત્રી, મારા પુત્રો, તેમની વહુઓ અને બાળકો કહે છે કે, બધુ અનાજ ભલે લઈ જાઓ, પણ આ નવું ધાન બે દિવસ ચાલે તેટલું ખાવા આપો તો સારું.' પરંતુ તેની આ દયાજનક વિનંતી પર તે પાષાણ દિલના લેણદારે દાદ ન દીધી. તે સઘળું સમેટીને લઈ ગયો. ક્ષણભર સહુ સૂનમૂન થઈ ગયા. ડોસો-ડોસી કાંઈ પણ ન બોલ્યાં, આંખમાંથી ડળક ડળક અશ્રુ ખરવા લાગ્યાં એટલે પુત્રો, પુત્રવધૂઓ અને બાળકોએ પણ પિતાજીના પગલે ચાલી રોવા માંડ્યું. મૌન ક્રંદન શરૂ થયું. કયા પાષાણ હૃદયના માનવીનું કાળજું આ કારમી વેદનાથી કકડા કકડા ન થઈ જાય ? આ દશા જોઈ પોતે (નારાયણજી) પણ પ્રારબ્ધ પ્રમાણે બે આંસુડાં પાડી મ્લાન વદને ઘેર આવ્યો અને સઘળું વૃત્તાંત પિતાજીને સંભળાવ્યું. વધારામાં બોલ્યો કે, 'પિતાજી ! દેશમાંથી કણબીઓ લાખો કોરી દર વર્ષે પીરાણે મોકલે છે, તે ન મોકલતાં આવા ગરીબોને ઓછે વ્યાજે ધીરે તો તેમને સાચા-ખોટા દેવામાં વંશપરંપરા દટાઈ મરવું ન પડે. માટે મારો વિચાર તો, આ વાત પટેલોને કહેવાનો છે. પીરાણાના સૈયદો અને કાકાઓ કાંઈ ભૂખે મરતા નથી, પણ આ બિચારા તો હવે આવી રહ્યા છે. માટે ગમે તેમ કરી તે પૈસા ત્યાં જવા અટકાવી, આવા દેવાદારોને ધીરવા અને વધેલા પૈસા બાળકોને ભણાવવામાં વાપરવા જોઈએ.' એ સાંભળી પિતાજીએ, પટેલોની સત્તાનો ડર બતાવી, તેમના સાથે થવામાં અને પીરાણા વિરુદ્ધ બોલવામાં સમાયેલું સંકટ સમજાવ્યું; પરંતુ તેથી તે લેશ પણ ન ડરતાં નારણજી વધુ ને વધુ આવેશમાં આવી આગળ પગલાં ભરવા નક્કી કરવા લાગ્યો.

આગેવાનો એવા અંધસ્વાર્થપરાયણ હતા કે, દેશના ગરીબ કણબીઓએ ઉત્તેજન આપવું તો બાજુપર રહ્યું, પણ જો કોઈ ગરીબ કણબી વાર્ષિક ધર્માદા રકમ ન ભરી શકે તો તેને જ્ઞાતિની બહાર કરી દેવામાં આવતો. આવો અનર્થ થતો અટકાવવા તેણે નિશ્ચય કર્યો અને ખિન્ન વદને માતા-પિતાની રજા લઈ મુંબઈ આવ્યો. અહીં આવી તેણે પીરાણપંથનો બારીક અભ્યાસ કર્યો, તો તેમાં તદ્દન પોલ માલૂમ પડ્યું. બીજી તરફ સનાતન ધર્મનાં પુસ્તકો વાંચવાથી તથા પ્રતિદિનના સત્સંગથી તેની તેમાં અભિરુચિ વધવા લાગી, તેમ તેમ પોતાના પુરાના પીરાણાપંથ પ્રતિ પુષ્કળ તિરસ્કાર આવવા લાગ્યો. પોતે ગુજરાતના કણબીઓ જેવા શી રીતે થઈ શકે ? તેને ઉપવિત કોણ આપે ? વગેરેના નિશદિન વિચારો થવા લાગ્યા. તેને પ્રભુકૃપાએ અનુમોદન આપનારા તેના કેટલાક મિત્રો મળ્યા. પ્રાયશ્ચિત્ત કરી શુદ્ધ થવાય છે તથા ઉત્તમ કર્મો કરવાથી ઉન્નત થવાય છે. તેમ તેને વાલ્મીકિ મહર્ષિના દૃષ્ટાંતોથી પ્રતિત થવા લાગ્યું. એટલે તેને આનંદ આવવા લાગ્યો પણ પોતાના દેશની જ્ઞાતિની સખ્તાઈ-જુલ્મનું ચિત્ર દૃષ્ટિ સમીપે તરવરવા લાગતાં તેને મહા વિઘ્નો જણાયાં અને વિષાદ-શોક થયો. એ પ્રમાણે હર્ષ અને શોક વચ્ચેની અર્ધદગ્ધ દશામાં તે ડૂબકાં ખાતો દુભાવા લાગ્યો. પરંતુ લાંબા વખતના પશ્ચાત્તાપથી હવે તેનું હૃદય પાવન થઈ વિશુદ્ધ કાંચનમય બન્યું હતું. પરમાત્માએ તેના હૃદયમાં અપૂર્વ શૌર્ય ઉત્પન્ન કર્યું. હવે તે કહેવા લાગ્યો કે, 'મારી સાથે સંમત થઈ

દિક્ષા લેનાર જ મારું સર્વસ્વ છે, નહિ તો હું એકલો જ છું, એકલો જ આવ્યો હતો અને એકલો જ જઈશ; એવા અણીના પ્રસંગે તેને પ્રભુની કૃપા વડે રાજકોટ નજીક ઢોલરાના મહાનુભાવ જ્યોતિષી રામેશ્વર મોરારજીનો સમાગમ થયો. એટલે તેમણે તેને પ્રતિદિન પ્રોત્સાહન આપવા માંડ્યું અને તેને કોઈ મહાત્માની આજ્ઞા લીધા પછી દેહશુદ્ધિ-પ્રાયશ્ચિત્ત-કરાવીને ઉપવિત ધારણ કરાવવા ખાતરી આપી સંતોષ્યો. કેટલાક સમયે આ બંને પુરુષો કાઠિયાવાડમાં બિલખા ગામે આવી, મહાત્મા શ્રી નથુરામ શર્માને મળ્યા અને અથઈતિ સહુ વિગત વિદિત કરી. જે પરથી મહાત્માશ્રીએ મનુ, યાજ્ઞવલ્ક્ય, પારાશરાદિ સ્મૃતિઓ અને ધર્મસિંધુ વગેરે ગ્રંથો જોઈ દેહાશુદ્ધિના પ્રાયશ્ચિત પછી, યજ્ઞોપવિત લેવામાં વાંધો આવશે નહિ, તેમ ખુશીથી જણાવ્યું. પરંતુ કચ્છના કણબી આગેવાનોને કેરનો (જુલ્મ) કાંક તેમને ખ્યાલ હોવાથી, એકલા પડેલા યુવાનને એવું મોટું સાહસ ખેડવા કરતાં, પાંચ-સાત જણ સાથે દીક્ષા લે તો ઉત્તમ થાય તેમ તેમણે કહ્યું. રા. નારાયણજી તથા વિદ્વાન રામેશ્વરજી બંને મુંબઈ આવ્યા. ત્યાં એ યુવાને પોતાનો સત્-સંકલ્પ સહુ સ્નેહીઓને સમજાવી દીધો., પોતાની સાથે દેહશુદ્ધિ કરી પાવન થઈ ઉપનયન સંસ્કાર કરાવવા અને કાં તો હંમશને માટે છૂટા પડવાનું કહ્યું. સહુ મિત્રો દેશના આગેવાનોના અમલના અચ્છા જ્ઞાતા હતા છતાં પણ ધર્મને યથાર્થ સમજનારા હોવાથી, આવા પવિત્ર કાર્યમાં ઉમંગભેર સામેલ થયા. એટલે શ્રીયુત્ રામેશ્વરજી પંડિત સાથે રા. રામજીભાઈ જેઠાભાઈ (ગઢશીશા), રા. નારાયણજી રામજીભાઈ (વિરાણી), રા. રતનસિંહ કરસન (રાજપર), રા. વિશ્રામ દેવજી (વિરાણી), રા. કરસન ભાણજી (વિરાણી) રા. હરજી લદ્ધા (લોડવા) અને રા. નાંયા સેવજી (વિરાણી) એ સાત જણાઓએ સહકુટુંબ નાસિક જઈ ત્યાંના વિદ્વાન બ્રાહ્મણોના હસ્તે શ્રી ત્ર્યંબકેશ્વર ક્ષેત્રમાં ગોદાવરીના પવિત્ર તટ પર પ્રાયશ્ચિત્ત કરીને ઉપવિત ધારણ કરી. આ વાતની મુંબઈમાં રહેતા અન્ય કચ્છી કણબીઓને જાણ થતાં, તેમણે તાર માફક દેશના આગેવાનોને આ સઘળા સમાચાર ઠામઠામ મોકલી આપ્યા અને દેશમાં એક જબર હિલચાલ શરૂ થઈ. સાતે જણના પિતૃપક્ષ, માતૃપક્ષ અને સ્વશુર પક્ષાદિ સગાંસંબંધીઓને જ્ઞાતિ બહાર કરી 'પાડાના વાંકે પખાલીને પણ ડામ' દીધા. આવા પરાક્રમના જાહેરનામાં તેમણે દેશ-પરદેશ રહેનારા સઘળા કણબીઓને પણ મોકલી આપ્યાં. તેમના આવા છેલ્લા પુરુષાર્થથી દેશમાં જ્ઞાતિ બહાર થયેલ સગાંવહાલાં તો કંપી ઊઠ્યાં, પણ આ સાત વીરપુરુષોનાં સપ્તસમુદ્ર સમાન હૃદયોમાં જરા પણ અસર થઈ નહીં. તેઓ લેશ પણ ક્ષોભ પામ્યા નહિ, પણ વધુ ઉત્સાહમાં આવી, આગેવાનોને તેમની ભૂલ, પીરાણાનું પોલ તથા સતપંથનો રાહ જણાવવા અને છેવટે જો તેઓ શાસ્ત્રાર્થ કરવા તૈયાર હોય તો તેને માટે પણ જાહેર પેપરોમાં આમંત્રણ આપવા લાગ્યા. પરંતુ આ અંધાધૂંધીમાં કોણ જવાબ દેવા મેદાનમાં આવે? આ દ્વિજ બનેલાએ આગેવાનોથી રજ પણ રડતા નથી; એવું તેમને લાગ્યું ત્યારે તેઓએ તેમના દેશમાં રહેતા સગાંસંબંધીઓને હેરાન કરવામાં કચાશ રાખી નહીં. પણ આ લોકો કશાથી ડગ્યા નહિ. સઘળાં સગાંવ્હાલાં અશ્રુપૂર્ણ નયને, આ ધર્મ[illegible]-હઠીલા, ટેકીલા, સત્યાગ્રહીઓને વીનવી વીનવી ઉપવિત ઉતારી તાબેદારી કબૂલવા

અને પોતાના ભેગા જમવા કાલાવાલા કરવા લાગ્યા. પિતા-માતા, ભગિની, ભાઈ વગેરેના અશ્રુપાતથી કોનું હૃદય કંપી ઉઠે નહિ ? પણ અહીં તો પોતાના પુત્રની અચળ શ્રદ્ધા જોઈ રા. રામજી ભોજાભાઈ મનમાં ઘણા પ્રસન્ન થયા. દેશ-પરદેશ રહેનારા કેટલાક સમજુ, પણ બીકણ હૃદયના ભીરુઓ અંતઃકરણથી અભિનંદનો આપવા લાગ્યા પણ ખુલ્લા થઈ શક્યા નહિ.

આવો મામલો મચી રહ્યો હતો તેવામાં રા. રામજીભાઈએ એક નવો માર્ગ શોધ્યો. ૫૦-૬૦ વર્ષથી જે બંધુઓ સ્વામિનારાયણપંથના અનુયાયી બન્યા હતા તેઓ ઘણું કરી પોતાનાં સંતાનોના લગ્નસંબંધ માંહોમાંહે જ કરતા અને વળી પીરાણાપંથીઓમાંએ કરતાં અને ભોજનાદિ વ્યવહાર પણ ચાલું જ રાખી રહ્યા હતા. રા. રામજીભાઈએ તેમને પીરાણાપંથીઓથી તદ્દન અલગ થઈ પોતાના પુત્રો સાથે ભળી જવા પ્રેર્યા અને તેઓના આગેવાન પુરુષો જીવરાજ ખેતસિંહ, નારાયણ ધર્મસિંહ (ગડાણી) તથા રવાપર અને નેત્રાના પટેલો સાથે તેમના ધર્મધામ અમદાવાદ આવ્યા અને મુંબઈથી સાત જણના સ્વધર્મવર્ધકમંડળને પણ તેડાવ્યું. સ્વામિનારાયણના સાધુ મહાત્માઓને સઘળી બિના વિદિત કરી. જે પરથી તેઓએ ઘણી ખુશીથી એવો નિર્ણય કર્યો કે અમુક વખત પછી આચાર્ય શ્રી મહારાજ કચ્છમાં પધારે ત્યારે ત્યાંના સઘળા કણબી સ્વામિનારાયણોને યજ્ઞ વિધિથી પ્રાયશ્ચિત્ત કરાવી પાવન કરવા અને પીરાણાપંથીઓનો સઘળો સંબંધ બંધ કરાવી દેવો એ ઠરાવ પ્રમાણે અલ્પ સમયમાં આચાર્ય શ્રી મહારાજ તથા સાધુ મહાત્માઓ કચ્છમાં પધાર્યા અને સં. ૧૯૬૭ ના ફાગણ વદ ૫ ને દિવસે ગડાણી મુકામે મોટો યજ્ઞ કરી સઘળા સ્વામિનારાયણપંથી કણબીઓને સહકુટુંબ દેહશુદ્ધિ પ્રાયશ્ચિત્ત કરાવ્યું. માત્ર સાત જ જણામાંથી આજે સત્તરસોની મોટી સંખ્યા થઈ અને પીરાણાપંથી પટેલિયાઓના વદનકમળ સદાને માટે મ્લાન થયા.

આ પ્રમાણે સનાતન ધર્મીઓની એકત્ર થયેલી મોટી જ્ઞાતિએ, પોતાના પૂર્વજોએ પીરાણાનો પંથ ક્યારે અને કયા કારણથી સ્વીકાર્યો. પોતાના અસલ વસવાટનાં સ્થાને, તે છોડી કચ્છમાં આવવાના કારણ અને સમય વગેરે અગત્યની બાબતોનું જ્ઞાન સંપાદન કરવા વહીવંચાની શોધ કરવા માંડી. તેમના આગેવાનો અને સ્વધર્મવર્ધકમંડળના ઉત્સાહપૂર્ણ વિજયી સભાસદો ગુજરાતમાં આવ્યા. 'કડવા વિજય'નાં તંત્રી રા. પુરુષોત્તમદાસને મળ્યા. તેમના ભલામણપત્રો લઈ અમદાવાદ તથા ધોળકામાં શોધ કરી. પરંતુ પત્તો લાગ્યો નહિ તેથી કંટાળી ગયા પણ સ્વધર્મ વર્ધકમંડળના નેતા, આવી આવી ઘણી વિપત્તિઓના વેઠનારા હોવાથી થાક્યા નહિ. અમદાવાદમાં અને જેજે ગામે વહીવંચા વસે છે ત્યાં જુદી જુદી તપાસ કરવા માંડી. તેમાં પોતાના ધનનો પણ છૂટથી ઉપયોગ કરવા માંડ્યો. છેવટે રા. નારાયણભાઈ ગુજરાતમાં આવ્યા. ગુપ્ત વેશે પીરાણે ગયા અને ત્યાંની હૃદયભંગ સ્થિતિ જોઈ આવ્યા. અમદાવાદમાં વહીવંચાની બારીક શોધ કરતા કેટલાક દિવસે તેમને શાહપુર વિભાગમાં બારોટ રામસિંહ દોલજીની મુલાકાત થઈ. પરંતુ બારોટ અને બ્રાહ્મણોના મૂળ સ્વભાવ પ્રમાણે તેમને સહેલાઈથી હકીકત મળી નહીં. પુષ્કળ યુક્તિ પ્રયુક્તિ અને છૂટા હાથે ધનનો ઉપયોગ કરવાથી આખરે

બારોટજીનું આશાપૂર્ણ હૃદય પીગળ્યું. એકવાર ફરીથી કચ્છી કણબી કોમને પોતાનું કલ્પવૃક્ષ બનાવવાની લાલચે યથાવિધિ થયેલ ઠરાવની નકલ મળી આવવાથી થઈ. જે હકીકત આપણે ગામ અને કુટુંબવાર આગળ વાંચી ગયા છીએ. આ સઘળા ઉપરથી આપણને ખાતરી થાય છે કે માનવજીવનની ઉત્કૃષ્ટતા, તેના આત્માનું ઉચ્ચગામીપણું તેનું હૃદયબળાદિ ઉચ્ચગુણોની પરીક્ષા, આવી પડતી વિપત્તિઓ જ કરાવી આપે છે. ભાગ્યદેવી પણ તેવા જ વીરનરને વિજયમાળા આરોપે છે. આખી આલમ આપત્તિમય બની જવા છતાં પણ, જેમ જેમ કાંચનને વધુ વધુ તપાવી કૂટવામાં આવે છે તેમ તેમ તે વધુ ને વધુ પ્રકાશિત બને છે. તેમ આ વીરનર સંકટ સમયે નિરાશ ન થતાં વધુ ને વધુ દેદીપ્યવાન બન્યો છે, જેના ઉત્તમ ફળ તરીકે આજે કચ્છના કણબીઓની સ્થિતિનું શાંત પરિવર્તન આપણી સમક્ષ મોજૂદ છે. હજુ પણ તેમનો અને તેના સ્વધર્મવર્ધક મંડળના બાહોશ પ્રેસિડેન્ટ રામજીભાઈ જેઠાભાઈ વગેરે ઉપવિત ધારી યુવાનોનો જ્ઞાતિ સુધારણાર્થે પુરુષાર્થ ચાલુ જ છે. અમને આશા છે કે તેમની પ્રગતિ પ્રતિદિન ચાલુ રહી અજ્ઞાનદશાવશ કણબીઓ જલદી સત્ય સમજી સિધા પંથે પ્રયાણ કરશે જ.

ઉપર પ્રમાણે રા. નારાયણજીભાઈ તથા સ્વધર્મવર્ધકમંડળના ઉપવિત ધારણ કરનારા સઘળા સભાસદોના શાંત પ્રયાસથી આજે કચ્છ દેશમાં કણબી આગેવાનોનો જુલ્મી જમાનો જતો રહ્યો છે. તેમના પંથનું પોલ ખુલ્લું પડ્યું છે. તેના સામે થનારાને કાંઈપણ નશિયત નહીં કરી શકતા, સહુ ઉપરનાં તેમનાં બંધનો અને અંધશ્રદ્ધા મંદ પડી ગયા છે. હવે આગેવાનો અને સઘળાં કણબી ભાઈઓ પોતાની ભૂલ અને સત્ય વાત સારી રીતે સમજી ગયા છે, પણ પોતાની હઠ છોડવાનું હૃદયબળ - હિંમત ચાલતી નથી. તેથી જાણી-સમજીને પેટમાં પસ્તાવો કરી રહ્યા છે. પ્રભો ! તેમને સત્યવાન ગ્રહણ કરવાનું યોગ્ય હૃદયબળ આપો, તેવી અમારી તે દયાળુ પ્રતિ પ્રાર્થના છે.

કચ્છમાંથી પુનઃ મહાભિનિષ્ક્રમણનો પ્રારંભ :

આમ, તળ ગુજરાતમાંથી કડવા પાટીદારો કચ્છમાં આવીને વસી ગયા. આગળ જોયું તેમ મુખ્યત્વે ધાર્મિક કારણોસર તેમને સ્થળાંતર કરવા ફરજ પડી હતી. એમાં કેટલાંક આર્થિક કારણો પણ હતાં અને તેથી જ કચ્છની આગળ પણ તેમનું આ મહાભિનિષ્ક્રમણ ચાલુ રહ્યું. કાળક્રમે કચ્છમાંથી પુનઃ ઉત્તર ગુજરાતમાં વિશેષતઃ સાબરકાંઠામાં અને ત્યાંથી મુંબઈ સહિત ભારતમાં ફેલાયા. આજે સાબરકાંઠાના ૨૫૦થી ૩૦૦ જેટલા કંપાઓમાં લગભગ પોણા લાખ જેટલા કચ્છી કડવા પટેલો ખેતી અર્થે સ્થાયી થયેલા છે. ઉત્તર ગુજરાતના આ વિસ્તારોમાં કૃષિક્ષેત્રે હરિયાળી ક્રાંતિ થઈ હોય તો તેનો યસ કચ્છી પાટીદારોને ફાળે જાય છે.

કૃષિકાર ઉપરાંત બિલ્ડર અને સો મિલના ક્ષેત્રે સમગ્ર ભારતમાં કચ્છી કડવા પાટીદારોનો ડંકો વાગે છે. આજે ભારતમાં કાશ્મીર, પંજાબ, હરિયાણા અને ઈશાન ભારતના કેટલાંક નાનાં રાજ્યોને બાદ કરતાં સમગ્ર ભારતમાં ૫૦૦૦ થી વધુ વસ્તીવાળું એક પણ ગામ નહિ હોય કે જ્યાં કચ્છી પાટીદારોની સો-મિલ ન હોય.

(૪) પટેલ-કચ્છી પટેલ કેમ કહેવાયા :

ડૉ. મફતભાઈ પટેલના મંતવ્ય મુજબ પટેલ શબ્દ મૂળ 'પટ્ટલિક'માંથી આવ્યો છે. ઈ.સ. ૧૪૧૨થી ઈ.સ. ૧૫૭૩ના ગાળામાં, મુસ્લિમ સુલતાનોના સમયમાં, ગામડાંઓના સરકારના મુખ્ય માણસ તરીકે મુખી નીમવામાં આવતા. મુખી એટલે મુખતાર. મુખી શબ્દ અરબી ભાષાના 'મુક્તા' શબ્દ પરથી આવ્યો છે. અન્ય મત મુજબ મુખી શબ્દ સંસ્કૃત શબ્દ 'મુખ' = મોઢું ઉપરથી થયો છે. તેમાંથી મુખ્ય અને મુખી શબ્દ કાળાંતરે વપરાતા થયા. જુદી જુદી રાજસત્તાઓએ તેને પ્રતિનિધિ તરીકે નિમ્યો. કેટલેક સ્થળે મહેસૂલ ઉઘરાવવાના પટ્ટા આપ્યા અને સત્તાધીશ બનાવ્યા. 'મુખી'નો મોભો વધ્યો અને જેમને મહેસૂલી પટ્ટા મળ્યા તે પટ્ટલિક અને પછી પટેલ કહેવાયા. આ શબ્દ મૂળે મોભાદર્શક અને સત્તાદર્શક તેમ જ મોવડીપણાનો યા આગેવાન પ્રતિનિધિના મોભાનો સૂચક છે તે જાતિવાચક શબ્દ ન હતો. મુખીને માનવાચક શબ્દમાં પટ્ટલિક અથવા અક્ષપટલિક અને અક્ષપટલના અપભ્રંશ તરીકે પટેલ કહેવા લાગ્યા. ક્રમે ક્રમે મુખી (પટેલ)ના સગાસંબંધીઓને પટેલ કહેવા લાગ્યા.

ગુજરાતમાં પટેલ શબ્દની શરૂઆત ઈ.સ. ૧૪૦૦ પછી થયેલ છે. ઈ.સ. ૧૪૦૦ સુધી ગુજરાતના બધા જ પટેલો 'કણબી' કહેવાતા હતા. આમ, પટેલ શબ્દ કણબીઓની અટક બની છે, જ્ઞાતિ નથી. મહારાષ્ટ્રમાં 'પટલિક' ઉપરથી પાટીલ શબ્દ બન્યો છે. ગુજરાતમાં પટેલ શબ્દની શરૂઆત થયે લગભગ ૩૦૦ વર્ષ થઈ ગયાં હતા, એ અરસામાં પીપળાવ (જિ. ખેડા)માં વીર વસનદાસ નામના પટેલને તે સમયના બાદશાહ ઔરંગઝેબ સાથે સારો સંબંધ હતો. તેમણે ધોળકા, માતર, પેટલાદ તાલુકાનું મહેસૂલ ઉઘરાવવાનો ઈજારો મેળવ્યો હતો. ઈ.સ. ૧૭૦૩માં પીપળાવમાં શાહજાદા બહાદુરશાહને આમંત્રણ આપ્યું. આ મેળાવડામાં વસનદાસે ઔરંગઝેબના દફતરમાં કણબીના બદલે પાટીદાર શબ્દ દાખલ કરાવ્યો. પાટી એટલે જમીન અને 'દાર' એટલે વાળું હોવું. જમીનદાર હોવું તે પાટીદાર. 'પાટી' એ સંસ્કૃતમાંથી બનેલો પ્રાકૃત અને અપભ્રંશ શબ્દ છે જ્યારે 'દાર' ઈરાની શબ્દ છે.

વીર વસનદાસના સમયમાં ગામડાંઓમાંથી મહેસૂલ ઉઘરાવવાના ઈજારા નાગર બ્રાહ્મણો રાખતા. તેઓ મહેસૂલ સમયસર ન આપનારને કોડિયા (કોરડા મારફત) કોરડા મરાવતા. તેઓ કણબી ઉપર જુલમ કરતા. વીર વસનદાસે મહેસૂલના ઈજારાઓ પાટીદારોને અપાવ્યા. આ ઈજારા રાખનારા પાટીદારો અમીન કહેવાયા. પેશ્વાના સમયમાં મહેસૂલ ઉઘરાવનાર ઈજારદારો દેસાઈ કહેવાયા. અમીન અને દેસાઈ અટકો ચાલુ થઈ.

પટેલ નામની મૂળે કોઈ કોમ જ નથી. મૂળે એ દરજ્જા અને મોભાસૂચક શબ્દ છે અને તેથી જ પારસી, મુસ્લિમ, વોરા, ખ્રિસ્તી, આદિવાસીઓ, રજપૂતો, વણિકો, બ્રાહ્મણો અને અનુસૂચિત જનજાતિઓ અને અનુસૂચિત જાતિઓ, વિમુક્ત જાતિ અને ભટકતી જાતિઓના અનેક વર્ગોમાં પટેલોનો મોભો ભૂતકાળમાં હતો તે શાખ તરીકે ઊભરી આવ્યો છે અને કણબીમાં તો પાટીદાર અને તેમાંથી પટેલ શબ્દને પોતાની મૂળ શાખ છોડીને શાખ તેમ જ જ્ઞાતિદર્શક તરીકે પ્રચલિત કરેલ છે. એટલે પટેલને

વિદેશોમાં તો સર્વને એક જ માનવામાં આવે છે. પણ ગુજરાતમાં તો જરૂર પડે સ્પષ્ટતા માટે પૂછવું અનિવાર્ય બને છે. આથી પ્રથમ તો આ મોભા તથા દરજ્જા-સૂચક શબ્દના ઉદ્‌ગમના સ્રોત અંગે એક દૃષ્ટિપાત કરી લઈએ.

આપણે અગાઉ જોયા મુજબ પટેલ શબ્દ તો મૂળે મોભા યા દરજ્જા-સૂચક છે. પરંપરાથી દરેક ગામમાં ગામનો મુખિયો અથવા મુખી તો રહેતો જ અને તે ગામના નાનામોટા પ્રશ્નો તે ઝઘડાનો નિકાલ કરતો. અગાઉ તે ગામના વડીલ અને ડાહી વ્યક્તિને મુખીઓ બનાવવામાં આવતો. સમય જતાં મોટા ભાગનાં ગામડાંમાં મુખીનો હોદ્દો વારસાગત બનતો ગયો. પણ સામંતશાહી ગામોમાં ગામનો દરબાર આવાં કામો સંભાળતો. વળી જુદી જુદી જાતિ-જ્ઞાતિઓમાં પોતાના આંતરિક ઝઘડા પતાવવા માટે જ્ઞાતિનો મુખી યા પટેલ રહેતો. આમ ગ્રામજીવનના અનેકવિધ નાના નાના ઝઘડા, સંરક્ષણ, સમાધાન આ મુખી સંભાળતો, અનેક રાજ્યો આવ્યાં અને ગયા. મુખી પ્રથા તો યથાવત્ રહી, પછી તે આદિવાસી ગામ હોય કે ગ્રામ્ય વિસ્તારનાં ગામો હોય. આ એક ભારતીય પરંપરા હજારો વર્ષ જૂની છે. તેમાં સમય જતાં મુખી એકલો પડી ગયો. બધા પાસા જળવાય તે માટે ગ્રામપંચો પણ પરંપરાગત ગોઠવાતાં ગયાં. એવા જ જ્ઞાતિપંચો પણ રચાતાં ગયાં. વખત જતાં જુદી જુદી રાજ્યવ્યવસ્થાઓએ આ તંત્રનો ઉપયોગ શરૂ કર્યો. તેમને મહેસૂલ ઉઘરાવવાનાં કાર્યોમાં સાથે રાખવા માંડ્યા. પટ્ટા આપવા માંડ્યા, પટ્ટાદાર અને છેવટે પટેલનું બિરુદ મળ્યું. ગુજરાતમાં ગાયકવાડી સત્તાએ અને ઈસ્ટ ઈન્ડિયા કંપની સરકારે તેમને ક્રમાંક ઈજારા આપ્યા. મહેસૂલ ઉઘરાવવા સત્તા આપી પટ્ટા લખી આપ્યા. 'પટેલ' તરીકે નીમ્યા અને માન્યતા આપી. મહેસૂલી અને ફોજદારી ફરજો નિયત કરી મહેનતાણું પણ નક્કી કર્યું. આમ, ગામ-પટેલનો મોભો કાનૂની મોભો બન્યો. હાલ પંચાયતી રાજ થવાથી અને પંચાયતી મંત્રીની નિમણૂક થતાં નવા 'પટેલ' નિમાતા નથી. જે જૂના પોલીસ પટેલો અને કોટવાળો છે તેમને જીવે ત્યાં સુધી જાળવી રાખવાના છે. તેના ગયા પછી અથવા જ્યાં આવા પટેલ હયાત નથી ત્યાં ફોજદારી કાર્યો સ્થાનિક પોલીસ સંભાળે છે અને મહેસૂલી બાબતો તલાટી સંભાળે છે. નાના નાના પ્રશ્નો પંચાયતો સંભાળે છે. આ 'પટેલ' તે ગમેતે જાતિનો હોઈ શકે. આદિવાસી વિસ્તારમાં તે ગામના આદિવાસીની પેટા કોમનો હોય છે. મુસ્લિમ વસ્તી ધરાવતાં ગામોમાં સ્થાનિક મુસ્લિમ હોય છે તે પઠાણ પણ હોઈ શકે, એટલે પટેલો બધા પાટીદાર જ એમ કદી માનિ નહિ લેવું.

આથી 'પટેલ' અટક ધરાવનાર વર્ગમાં પાટીદાર સિવાય અન્ય ગમે તે કોમ અને ધર્મની કે વર્ગની વ્યક્તિ હોઈ શકે છે. પટેલ એટલે માત્ર કડવા કે લેઉવા પટેલ જ છે એવા ભ્રમમાં કદી ન રહી શકાય. વળી પટેલનો મોભો વધતાં અનેક આદિવાસી વર્ગોએ પટેલ અટક ધારણ કરી છે. સુરત અને ભરૂચ બાજુ આદિવાસી ઉપરાંત, વોરા પટેલો, પારસી પટેલો, કોળી પટેલો પણ 'પટેલ' અટક લખાવે છે. એકંદરે લગભગ બધી જ કોમોમાં પટેલ અટક જોવા મળે છે. પછી તે નાગર હોય કે વણિક હોય. હવે કણબીમાંથી સમગ્ર કોમ, વર્ગ પટેલ તરીકે કેવી રીતે થઈ? હકીકતે તો મોભો

અને એકત્વ જાળવવા મોટા ભાગના કણબીઓએ પોતાની બાપદાદાની મૂળ અટક અથવા પાછળથી પટેલ વ્યવસાયી નામ તેમ જ ગામ ઉપરથી પટેલ અટકો ત્યજી દીધી છે અને માત્ર હવે 'પટેલ' જ દર્શાવે છે.

ભૂજ, અંજાર, માંડવી, નખત્રાણા તથા ભચાઉ વગેરે સ્થળે લેઉવા કણબીનાં ઘરો ખરાં. શાંતિથી ખેતી કરી રોટલો રળે છે. બાકી અંજાર બાજુ કડવા કણબીનાં ઘરો છે. કચ્છમાં લેઉવા કણબીનાં ૨૪ ગામ ગણાય છે અને તે હાલારી કણબીની ચોવીસી ગણાય છે. તેમાં જામનગરના કોઠાના પણ કેટલાંક ગામોનો સમાવેશ થાય છે. કચ્છમાં તેઓ ઈ.સ. ૧૬૦૦ હાલારના ગામોમાં આવી વસ્યા છે. પ્રથમ તેઓ અંજાર તાલુકાના ભુવડ, ભચાઉ તાલુકાનાં વોંધ અને શિકરા ગામે આવ્યા અને પછી ભુજ, માંડવી, નખત્રાણા ગામે પ્રસરતા ગયા. જો કે હાલારી લેઉવા કણબીઓ કચ્છમાં રાધનપુર બાજુથી આવીને વાગડમાં વસેલા. તેમાં મહદ્અંશે કડવા કણબી હતા. તેઓએ માનકૂવા થઈ નખત્રાણા તાલુકાનાં ગામો વસાવેલ. નખત્રાણાના કણબીઓની ગુજરાતમાં લાકડાની લાટીની મોનોપોલી મનાતી આવી છે.

ભૂતકાળમાં ગુજરાતમાં કેટલાક કણબીઓએ પીરાણાપંથ અપનાવેલ અને તેમાંથી શિકરા ગામે આવી વસ્યા. પણ પાછળથી તેઓએ હિંદુ ધર્મ સ્વીકારેલ આજે આ કડવા લેઉવા અને પીરાણાપંથી એમ ત્રણ છે. બધાનો રોટી-વ્યવહાર છે. લગ્ન-વ્યવહાર સૌના જુદા-જુદા છે.

કચ્છમાં વસતા કણબીઓ કુટુંબમાંથી કોઈ ને કોઈ બહાર મુંબઈ કે સૌરાષ્ટ્રમાં યા પ્રદેશમાં સ્થિર થયેલા હોય છે. કચ્છ કણબીઓનાં કુટુંબો મહદ્અંશે વિદેશોમાં જઈને વસ્યાં છે. મોટા ભાગના કણબીઓ કચ્છમાંથી સ્થળાંતર કરીને જ્યાં-જ્યાં ગયા છે ત્યાં તેઓ કચ્છી કણબી કે કચ્છી પટેલો તરીકે ઓળખાય છે. આ કણબીઓના સ્થળાંતરના સાબરકાંઠા જિલ્લામાં પણ કચ્છમાંથી આવેલા કચ્છી પટેલોએ વસવાટ કર્યો છે. આ પ્રજા શાંતિપ્રિય, વેપારી અને નમ્ર છે. તેમનો મુખ્ય વ્યવસાય ખેતી છે. આ જિલ્લાના કચ્છી કણબીઓ દરેકની સાથે હળીમળીને રહે છે. અને કોઈપણ સામાજિક પ્રવૃત્તિમાં તન, મન, ધનપૂર્વક આખા સાબરકાંઠા જિલ્લામાં અગ્રેસર રહ્યાં છે.

(૫) કચ્છ કડવા પાટીદારોનું સાબરકાંઠા જિલ્લામાં આગમન :

ભારત દેશમાં અનેક રાજ્યો અને પ્રદેશો અને જાતિઓ સાથે સંગમ થયેલ છે. હિમાલયથી કન્યાકુમારી, આસામથી ગુજરાત એમ ચારે દિશાઓમાં પ્રદેશ, જાતિ અને ભાષા સાથે અલગ જોવા મળે છે. અને ઉત્તર પ્રદેશ રાજ્ય પ્રમાણે અનેક મુખ્ય ભાષા તેમ જ પ્રાદેશિક ભાષા જોવા મળે છે. આબોહવા અને હવામાનની અસર પ્રદેશવાર અલગ જોવા મળે છે. ભૌગોલિક પ્રદેશ પ્રમાણે ભાષા-રીતરિવાજ જોવા મળે છે. ભારતમાં રાજ્યો પ્રમાણે ભાષા-ખોરાક પહેરવેશ અને આબોહવા જોવા મળે છે. આજનો અખંડ ભારત દેશ પહેલાં હિંદુસ્તાન તરીકે ઓળખાતો હતો. શરૂઆતમાં ભારતમાં આર્યો અને દ્રવિડો જેવી જાતિઓએ આક્રમણ કરી ભારતમાં આવી વસવાટ કરેલ છે. વર્ષો પછી વિદેશી આરબ દેશમાંથી મુસ્લિમ સેનાએ આક્રમણ કરી ભારત દેશમાં આગમન

કરેલ. ભારતમાં એ સમયમાં ક્ષત્રિયોનાં રજવાડાં હતાં. ક્ષત્રિય રાજાઓમાં અંદરોઅંદર કુસંપ હતો. એકબીજા પર આક્રમણ કરી ચડાઈ કરી રાજ કરતાં. આવા રાજપૂતોના કુસંપથી મુસલમાન રાજાઓ ભારતમાં આક્રમણ કરી રાજ કર્યું. એટલે રાજપૂતોએ જયારે મુસલમાન રાજાઓ ચડાઈ કરતા ત્યારે કોઈ રજપૂત રજવાડામાં કુસંપ હોવાથી મદદ ના કરતાં. આમ, ભારતના ઉત્તરના ભાગમાં કેટલાક દક્ષિણના ભાગમાં કેટલાંક વર્ષો ભારત દેશમાં મુસલમાન રાજ રહ્યું હતું.

વર્ષો પસાર થવાથી ભારતની શાન - ભારતની સમૃદ્ધિ વિશ્વમાં પ્રથમ હતી. યુરોપિયન દેશો વેપાર માટે ભારતમાં આવતા. આમ, ધીમે ધીમે ભારતમાં વેપાર અર્થે આવી ભારતની અર્થવ્યવસ્થા જોઈ અંગ્રેજો ઈસ્ટ ઇન્ડિયા કંપની બનાવી સ્થાપના કરી. ધીમે ધીમે અંગ્રેજો છેતરપિંડી કરી ભારતના રાજાઓને ગુલામ કરી ભારત દેશને ગુલામ કર્યા. આમ, અંગ્રેજોએ ભારતને લગભગ ૨૫૦ વર્ષો સુધી ગુલામ બનાવ્યો.

એ સમયે ભારતના અનેક લોકોએ ભારતને આઝાદ કરવા બલિદાન આપેલ. કેટલાંય ભાઈઓ/બહેનો અંગ્રેજો સામે લડત આપી. એવા કેટલાય નેતાઓએ પોતાના પ્રાણ આપેલા છે. જેમ કે ગાંધીબાપુ, સરદાર વલ્લભભાઈ પટેલ, સુભાષચંદ્ર બોઝ, લાલા લજપતરાય, જવાહરલાલ નહેરુ, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, લોકમાન્ય ટિળક, ચંદ્રશેખર આઝાદ એવા નામી અને અનામી નેતાઓએ ભારત દેશને આઝાદ કરવા પોતાનાં બલિદાન આપેલ. આમ છેવટે અંગ્રેજોની ગુલામીમાંથી ૧૫મી ઑગસ્ટે ભારત દેશ આઝાદ બન્યો. અને ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ ભારતમાં પ્રજાસત્તાક તરીકે સ્થાપના થયેલ. આમ, લોકશાહી એટલે લોકોનું લોકો માટે અને લોકોથી ચાલતું રાજ તેને લોકશાહી કહેવાય. ત્યારથી દર વર્ષે લોકશાહી રીતે ચૂંટણી થાય છે. અને બહુમતી પક્ષ ભારત દેશમાં લોકશાહી રીતે રાજ કરે છે.

અત્યારે અનેક રાજયોથી બનેલ અખંડ ભારત દેશ લોકશાહીને વરેલો દેશ છે. આપણા ભારત દેશની આ ટૂંકી પૂર્વભૂમિકા આપણને જોવા મળેલ છે. આવા અખંડ ભારત દેશમાં અનેક જાતિ, સમાજ આવેલ છે. ભારત દેશ પહેલા હિંદુ રાષ્ટ્ર તરીકે ઓળખાતો. પણ ભારતમાં વિદેશી આક્રમણ અનેક થયાં. જેમ કે, મુસલમાનો આવ્યા, અંગ્રેજો આવ્યા, પારસી આવ્યા અને કેટલીય જાતિઓએ ભારતમાં આવી વસવાટ કર્યો અને નાગરિક બન્યા એટલે ભારત આઝાદ બન્યા પછી ભારત દેશ વિશ્વમાં બિન સાંપ્રદાયિક તરીકે ઓળખ થઈ. એમાં આ સમાજ સુદઢ અને વિકાસના પંથે વિકાસશીલ જોવા મળે છે. લોકશાહી દેશ તરીકે જાણીતો બન્યો. અત્યારે ભારતમાં અનેક સમાજ અને જાતિ રહે છે.

પ્રાચીન ભારત સમાજવ્યવસ્થા ચાર વર્ગોમાં વહેંચાયેલી હતી. (૧) બ્રાહ્મણ (૨) ક્ષત્રિય (૩) વૈશ્ય (૪) શૂદ્ર. હજારો વર્ષ સુધી વ્યવસ્થા ક્ષત્રિયોના હાથમાં રહી હતી. પૌરાણિક કાળમાં ક્ષત્રિયોના બે ભાગ જોવા મળે છે. (૧) સૂર્યવંશી (૨) ચંદ્રવંશી. ઈ.સ. પૂર્વે ૧૮૦૦ની આસપાસ સિચ્યિાની રાણી, સેમી રાનીએ પંજાબ ઉપર આક્રમણ કરેલું. પરંતુ પંજાબના ચંદ્રવંશી રાજાએ હાથીઓની સેના લઈ યુદ્ધ કરતાં દુશ્મન લશ્કર

ભયભીત બની નાસી છૂટ્યું હતું.

ત્યાર બાદ મિસર દેશના રાજા સેસાંટીએ પણ પંજાબ પર આક્રમણ કરેલ. પરંતુ ચંદ્રવંશી રાજાએ તેને હરાવીને ભગાડી મૂકેલ. ઈ.સ. પૂર્વે ૫૧૮માં ઈરાનના રાજા હરવેસે પંજાબ પર ચડાઈ કરી લૂંટફાટ કરેલી. ઈ.સ. પૂર્વે ૩૨૭માં ગ્રીસ મહારાજા સિકંદરે ભારત પર આક્રમણ કરેલું જેનો તાત્કાલિક હિંદુ રાજા પોરસે બહાદુરીપૂર્વક સામનો કરેલો. સિકંદરને તેના સૈનિકનો અસંતોષના કારણે ઉત્તર ભારતમાંથી પણ ગ્રીસ તરફ પ્રયાણ કરવું પડ્યું હતું. પરંતુ બેબીલીનો આગળ સિકંદર અપુત્ર મરણ પામેલો. પરિણામે સિકંદરે જીતેલા પ્રદેશો તેના સુબાઓએ અંદરોઅંદર વહેંચી લીધા. આમાં હિંદનો પૂર્વ સરહદનો ભાગ સેલ્યુક્સના હાથમાં આવેલો. જેને પંજાબ પર ચડાઈ કરી હતી. પરંતુ મગધ દેશના રાજા ચંદ્રગુપ્તે સેલ્યુક્સને હરાવેલો. પરિણામે સેલ્યુક્સે સંધિ કરી. પોતાની પુત્રી હેલનનું ચંદ્રગુપ્ત સાથે લગ્ન કરેલું. ચંદ્રગુપ્ત પછી ભારતમાં કોઈ બળવાન રાજા નહીં હોવાને કારણે ઈ.સ. પૂર્વે ૩૦૬થી ૩૭૮ સુધીના કાળ દરમિયાન સપ્તસિંધુ પ્રદેશમાં પંજાબ ઉપર જુદા જુદા પરદેશીઓમાંથી શક, હૂણ, બલ્ખ, તાર્તાર વગેરેનાં વારંવાર આક્રમણો થયાં હતાં. આથી છિન્નભિન્ન થયેલ રાજ્યવ્યવસ્થાને કારણે પંજાબના કૂર્મીઓને પટલાઈની પાઘડી પહેરાવી ન્યાય કરવાની સત્તા આપી. તેથી વડીલો પટેલ ઉર્ફે પાટીદાર તરીકે સંબોધાયા જે વડીલો શાંતિકાળમાં ખેતીકામ કરનાર કૂર્મી ક્ષત્રિયો હતા.

ઈ.સ. પૂર્વે બીજી સદી સુધીમાં પંજાબમાંથી સ્થળાંતર કરી ગંગા-જમનાના સપાટ પ્રદેશ માળવા, ગુજરાત (આનર્તપ્રદેશ) તરફ વસવાટ કરેલો. (બૉમ્બે ગેઝેટીયર પ્રમાણે) ઈ.સ. પૂર્વે ૭૮ની આસપાસમાં એટલે ક્ષત્રિય રાજા કનિષ્કના સમયમાં પંજાબના ગુજરાનવાલા વિસ્તારની આસપાસના ગૂર્જરો અને કૂર્મીઓએ મૂળ પ્રદેશ છોડી મથુરા તરફ પ્રયાણ કર્યું હતું. કાળાંતરે ત્યાંથી આગળ વધી માળવા ગુજરાત પ્રદેશના વિસ્તારો સુધી ફેલાયેલા હતા.

સ્થળાંતર કરીને જુદી જુદી ભૂમિઓમાં સ્થિર થયેલા કૂર્મીઓ પોતાના મૂળ વતન પંજાબના વિવિધ વિસ્તારો પરત્વે ખૂબ જ મહત્ત્વ ધરાવતા હતા. પરિણામે પોતાના મૂળ વતન ભુલાઈ ન જાય તેમ જ પોતે કયા વિસ્તારમાંથી સ્થળાંતર કરીને આવેલા છે તે માટે પોતાની ટોળી માટે વિશિષ્ટ વિશેષણોના ઉપયોગ કરવા લાગ્યા. જેમાં પંજાબના કરડ વિભાગમાંથી આવેલા કૂર્મીઓએ કડવા કૂર્મી અને લીયા વિસ્તારમાંથી આવેલા લીયા કૂર્મી, આ વિશેષણોના અપભ્રંશ થઈ કડવા અને લેવા-કણબી તરીકે પ્રચલિત બન્યા.

ઈ.સ. પૂર્વે પહેલાથી ત્રીજા સૈકાના અંત સુધીમાં પંજાબ પ્રદેશ છોડી મગધ પ્રાંતની રાજધાની કુસારવતી (પાટણ)માં આવી વસેલ કૂર્મીઓ સમ્રાટ અશોકના સમયમાં સુખાગીરી સાથે સરદારી ભોગવી હતી.

પહેલા સૈકાના અંત સુધીમાં કૂર્મી સરદારીએ કેટલાક પ્રદેશ હસ્તગત કરીને તે પ્રદેશમાં મધ્યાવતી નગરીને પોતાની રાજધાની બનાવીને સ્વતંત્ર કૂર્મી રાજ્ય સ્થપાયું

હતું. આ સમયમાં સુરાષ્ટ્ર (સૌરાષ્ટ્ર) ગીરનાર (ગીરનગર)ના ક્ષત્રિય રાજા જયદામાના સમયમાં મહંત દેશના રાજા મદ્રેસેને મધ્યાવતી પર ચઢાઈ કરી. મધ્યાવર્તી કૂર્મી રાજા વ્રજપાલજી માલમિલકત અને નાનો રસાલો લઈ માતૃ-શ્રદ્ધાર્થે શ્રી સ્થળ સિદ્ધપુર આવેલા.

આ સમયે કૂર્મી રાજા વ્રજપાલજીને પંજાબમાંથી સ્થળાંતર કરી ગુજરાતમાં વસેલા કૂર્મી જ્ઞાતિબંધુઓ મળ્યા અને અંગ્રેજ રોકાઈ જવા આગ્રહ કર્યો. વળી આ પ્રદેશમાં કોનું રાજ્ય શાસન નહીં હોવાથી અહીં કૂર્મીઓએ ખેતી કરી સમૃદ્ધ બન્યા. જે સાતમા સૈકા સુધી ઊંઝાની આજુબાજુ કૂર્મી રાજાઓ શાસન કરતા હતા.

વિ.સં. ૭૪૬માં ચાવડાવંશના મૂળ પુરુષ વનરાજ ચાવડાએ પોતાની નવી રાજધાની માટે સરસ્વતી કિનારે અણહિલપુર (પાટણ) વસાવ્યું. તેના કુશળ મંત્રીએ રાજ્યનો વિસ્તાર પોતાના પ્રદેશમાં વધાર્યો. જેમાં પાટણથી ઊંઝા આસપાસના પ્રદેશ પણ આવરી લીધેલ. વળી આ મંત્રીના કાર્યમાં જેને રાજ્ય ચલાવવા મહેસૂલ વસૂલી વધુ થાય તે કારણે મહેસૂલ વધારેલ. આથી કૂર્મી રાજા વ્રજપાલજી (બીજા)ના પ્રદેશનો પણ સમાવેશ થયો. તે આ વાંધાના કારણે તે વખતે વ્રજપાલજી બીજાએ તેની નીચે સહી કરી રાજ્ય કરવાનું માંડવાળ રાખ્યું. કેટલાંક કુટુંબોને લઈ ઇડરની આજુબાજુના વિસ્તારમાં સ્થળાંતર કરવા લાગ્યા. આ તરફ વનરાજ ચાવડાના રાજ્યમાંથી કૂર્મીઓની વસ્તી સ્થળાંતર કરવા લાગી. મંત્રીશ્રીઓની યોજનામાં મહેસૂલ આવક ઘટવા લાગીને જમીન ફળદ્રુપ હોવા છતાં વેરાન બનવા લાગી. ચતુરમંત્રી માળરાજે તે સમયે ઉમિયા માતાજીના મંદિરના પૂજારીને પાટણ બોલાવી તેમનું બહુમાન કરી પોશાક તથા દ્રવ્ય વગેરે આપી રાજ્યાશ્રય આપેલો તેમ જ તેની સાથે રહી સ્થળાંતર અટકાવવા યોજના કરી.

જેના અનુસંધાનમાં ચૈત્રી પૂનમના રોજ માતાજીના ઉત્સવ પ્રસંગે માતાજીની સમક્ષ પોતે ધુણવા લાગ્યો. પોતાનો માતાજીનો વાસ છે. તેવું આગેવાનોને કહેવા લાગ્યો કે હે આબકારી કણબીઓ (કૂર્મીઓ) હું તમારા પર કોપિત છું. તમો અત્યાર સુધી મારા આશ્રયને કારણે સમૃદ્ધ થયા છે. વળી મહારોગથી મેં તમારું રક્ષણ કર્યું છે અને હવે તમો મને છોડીને ચાલ્યા જાઓ છો ? અને લગ્નકાર્ય તથા ધાર્મિક કાર્યમાં મળતું નૈવેધ પણ બંધ થયું તો મારી આજ્ઞા છે કે તમો કોઈ પણ કારણસર ચાલ્યા જશો નહીં. અહીં રહો અને સુખી થાવ તેમ જ દરેક સિંહ વર્ષે (દર બાર વર્ષે સિંહ વર્ષ આવે છે.)ના તમારાં નાનાંમોટાં બાળકોના લગ્ન મારા સાંનિધ્યમાં કરવા ચારેય દિશાએ અંબિકા, કાલકા, બહુચરાજી, તુળજા સ્વરૂપે તમારું રક્ષણ કરીશ. આમ, કહી દેવી સ્વરૂપે પૂજારી શાંત થયા.

જે સમયે મંત્રી ચંપરાજ તથા હાજર હતા તેમણે આગેવાનો રાજ્ય તરફથી બધી જ મદદ આપવાનું વચન આપ્યું. આમ કણબીઓમાં બાર વર્ષે લગ્નપ્રથા શરૂ થઈ હોય તેમ જણાય છે. આ રીતે ચાવડા શાસન દરમિયાન સ્થિર થયેલા કણબીઓ સુખી અને સમૃદ્ધ હતા તેનું સોલંકી રાજાઓના ઇતિહાસ જોતા તારવી શકાય છે.

સોલંકી યુગના રાજ્ય શાસનકાળ દરમિયાન સોલંકી રાજાઓએ સૌરાષ્ટ્ર, પાલનપુર, આબુ, મારવાડ સુધી પોતાનું રાજ્ય વધાર્યું હતું. જે સમયે કૂર્મી (કણબી) શાંતિ, સુખી

અને સમૃદ્ધ હતા તે છેક ગુજરાતના ગાયકવાડનું રાજય સ્થપાવું ત્યાં સુધી જણાય છે. તે પછી બ્રિટિશના સમયમાં કણબીની શાંતિ છિન્નભિન્ન થઈ હશે.

ત્યાર બાદ કડવા પરિવારનો ઇતિહાસ જોતાં મૂળ સ્થાન પંજાબ, પંજાબના વડીલો મૂળ કૂર્મી તરીકે ઓળખાતા અને ત્યાં ખેતીવાડી કરતા જયારે પંજાબ ઉપર વિદેશી આક્રમણો થયાં. જેમાં દરવેશે ૨૫ હજારની ફોજ સાથે પંજાબને લૂંટ્યો અને બાળ્યો. તેમ જ હૂણ જાતિના પહાડીઓએ પણ પંજાબને લૂંટ્યો અને બાળ્યો. તેમ જ ઊભા પાકને નુકસાન કરતા. જેથી વારંવાર થતાં આક્રમણોથી પંજાબ મજબૂર થયાં. પંજાબમાં બે પ્રાંત હતા. લીયા તેમ જ કરડ પ્રાંતમાં વડીલો રહેતા હતા. તે કરડ પ્રાંતમાંથી નીકળ્યા એટલે કરડવા તરીકે ઓળખાયા. તેમ જ લીયા પ્રાંતમાંથી નીકળ્યા એટલે તેઓ લેવા કહેવાયા. પરશુરામના વખતમાં ૧૮ વર્ણાશ્રમ થઈ ત્યારે તેમાં કોઈ ઝઘડો કે ડખો પડે ત્યારે આ વડીલો ન્યાયનીતિવાળા હતા. જેથી તેમના ન્યાયને ૧૮ વર્ણાશ્રમો ભેગી થઈને માન્ય રાખી અને પાઘડી પટલાઈની પહેરાવી જેથી પટેલ ઉર્ફે પાટીદાર તરીકે ઓળખાયા. 'પાટી' એટલે જમીન અને 'દાર' એટલે ધારણ કરનાર. પાટીદાર એટલે જમીન ધારણ કરનાર એવો અર્થ થાય. કડવા અને લેવા પાટીદારોને લવ અને કુશ સાથે સંબંધ છે એ માત્ર દંતકથા છે.

પંજાબમાંથી આવીને ઉત્તર ગુજરાતને પોતાનું વતન બનાવનાર કૂર્મિઓ સમયાંતરે મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વિસ્તર્યા. ઇતિહાસકારોનું માનવું છે કે પાટીદારો ઘણા લાંબા સમયથી ગુજરાતમાં વસતા હતા. પરંતુ કચ્છમાં વસનાર કડવા પાટીદારોનું જૂથ ઘણું પાછળથી ગુજરાતમાં આવ્યું હોવું જોઈએ અને મધ્ય ગુજરાતમાં એ પાટીદારો મોટી સંખ્યામાં વસ્યા હોવા જોઈએ.

જયારે પંજાબ છોડી ઉત્તર ગુજરાતમાં વિ.સં. ૨૦૨માં ઊંઝા આવીને વસ્યા તેથી ઘણી પેઢીઓ બાદ લાઘણજ વસ્યા. વસઈ થઈ ગીરમથા (પીરાણા) વસ્યા. જુદા જુદા પુસ્તકમાં એકસરખો ઉલ્લેખ છે કે ઇસુની પંદરમી સદીમાં ગુજરાતમાં ગુરુ ઇમામશાહના પ્રભાવમાં આવીને કેટલાંક પાટીદાર કુટુંબોએ પીરાણાપંથ સ્વીકાર્યો જે પાછળથી જ્યોતિધામ અને સતપંથને નામે ઓળખાયો. આ અલગ પંથને કારણે કુટુંબમાં અને નાતમાં કલહ ન થાય એ માટે તે હેતુથી આ પંથમાં માનનારા કડવા પાટીદારોનાં કેટલાંક કુટુંબો ક્રમેક્રમે કચ્છમાં આવ્યાં. વિ.સં. ૧૫૯૨માં કચ્છમાં મહારાજા ભોજરાજ તેમ જ ખેંગારજીના કહેવાથી કચ્છમાં ભચાઉ તાલુકાના શીકરામાં વસ્યા. ત્યાંથી દુધઈ થઈ ઈ.સ. ૧૬૮૦માં માનકૂવા આવી વસ્યા. એટલે એ સમયે સમય જતાં ત્યાંથી કચ્છના વિભિન્ન વિસ્તારનાં ગામડાંઓમાં ફેલાયાં. કચ્છના રાજવીઓએ આવા કાબેલ અને અનુભવી ખેડૂતોને પ્રોત્સાહન આપ્યું.

કડવા પાટીદાર જ્ઞાતિમાં પ્રચલિત મૂળ શાખ પંજાબના તેમના વસવાટના પ્રદેશો પરથી પડી છે. તો તેમાં કેટલીક શાખ તે શાખના સમુદાય દ્વારા કામના કાર્યવિશેષ પરથી પડી હોય એવું પણ જણાય છે. વળી કચ્છમાં આવ્યા બાદ જુદાંજુદાં ગામોમાં વસતા વડીલોનાં નામ પરથી પ્રચારમાં આવી છે. વળી કેટલીક પેટા અટકો વાડી,

ખેતરના નામ પરથી પણ પડી હોય એવું પણ જોવા મળે છે.

એ સમયે કચ્છ પ્રાંતમાં રા'ખેંગાર મહારાજનું રાજ હતું. એ રાજમાં કચ્છ કણબીની રહેણકરણી સારી હતી. જેમ વર્ષો પસાર થતાં બીજા રાજાઓ આવ્યા. ઠકુરાઈનાં રાજ આવ્યાં. કૂવા પર કોષ મૂકી ખેતી થતી. મહેનતમજૂરી કરી અનાજ પાકતું. જ્યારે તૈયાર માલ થાય ત્યારે દરબારના માણસો તૈયાર અનાજ લેવા આવતા. એ ઠકરાઈના માણસોની રૂબરૂમાં અનાજના ભાગ પાડવા પડતા. એમ ધીમે ધીમે એ લોકોની કનડગત વધુ થતી. એ વખતે કોઈ ઝઘડો કે કોઈ પ્રશ્નનું સમાધાન કરવાનું થાય ત્યારે આ વડીલો (ગેડીયા) સરસ ન્યાય કરતા. ઘણી વખતે રાં'ખેગાર મહારાજ ન્યાય માટે આ સમાજના વડીલોએ ન્યાય કર્યો હોય તે ન્યાયને માન આપતા.

રાજદરબારોની કનડગત તેમ જ દુષ્કાળ જેવાં વર્ષોની અસર વગેરે પરિબળોથી કેટલાક વડીલો કરાંચી લાકડાના ધંધા માટે બહાર ગયા. કેટલાક આફ્રિકા જેવા દેશમાં ધંધા માટે ગયા. કેટલાક ભારતના અન્ય રાજ્યોમાં લાકડાના કામ માટે ગયા. તો વળી કેટલાક ખેતી માટે ગુજરાતમાં સાબરકાંઠા જિલ્લામાં ગયા. શરૂઆતમાં પ્રથમ કપડવંજ બાજુ કચ્છીપુરા ગામ વસાવ્યું. પાછળથી એ ગામનું નામ સુખપુરા પડ્યુ. કેટલાક વડીલો ખેતી ભાગમાં કરતા. તો કેટલાક નોકરી (વાંરુદી) કરતા. વડીલોના એકબીજાના સગામાં કે સગાના સંબંધમાં સાબરકાંઠામાં ખેતી કરવા આવ્યા.

પહેલાથી પાટીદાર વડીલો સાહસિક હતા. અજાણ્યા પ્રદેશમાં પણ વસાવટ કરી ત્યાંના સ્થાનિક રહીશો જોડે ભળી જતા. એ વખતે વડીલોએ જમીન રાખી અથવા સાબરકાંઠામાં આગમન થયું તે સમય કઠિન હતો. જંગલવિસ્તાર હતો. ગરીબાઈ ચાલતી હતી. પૈસાની સગવડ ન હતી, એવા કપરા સંજોગોમાં વડીલો દરિયાઈ, રેલવે, ગાડામાં બેસી સાબરકાંઠા, ખેડા જિલ્લામાં આગમન થયું. સાબરકાંઠા જિલ્લામાં સ્થાનિક વાણિયા શેઠ શાહુકારે મદદ કરી હતી. આ સમાજના વડીલોમાં એવા ગુણ છે જેના પાસેથી પૈસા લીધા હોય તેને વ્યાજ સાથે પૈસા પાછા આપતા.

આમ, વાણિયા-શેઠની મદદ તેમ જ સગાસંબંધીના સહકારથી સાબરકાંઠાના વિવિધ વિસ્તારમાં જંગલ જેવી જમીનો લઈ વસવાટ કર્યો.

જેમ કચ્છમાંથી સ્થળાંતર કરી પાટીદાર સમાજનાં કેટલાંક કુટુંબો વિદેશમાં લંડન, આફ્રિકા તેમ જ ગુજરાતમાં સાબરકાંઠા તેમ જ અન્ય પ્રાંતોમાં તેમ જ અન્ય રાજ્યમાં વસવાટ કર્યો. પારસી સમાજ પ્રથમ ગુજરાતના સજાણા બંદરે વહાણોમાં આવેલ ત્યારે ત્યાંના રાજા પાસે તે પ્રદેશમાં વસવાટ કરવા માગણી કરી. રાજાની અનુમતિ મળતાં આ સમાજ દૂધમાં સાકર ભળે તે રીતે ભળી ગયો. આ સમાજમાં સાહજિક રીતે અજાણ્યાં પ્રદેશમાં ભળી જવું એ એમનો મહત્ત્વનો ગુણ છે. આ સમાજના લોકો જે-તે પ્રદેશમાં ગયા છે ત્યાં સૌની સાથે ભળી ગયા છે.

સાબરકાંઠા વિસ્તારમાં કચ્છ કડવા પાટીદાર સમાજના લોકોએ સૌથી પહેલાં કપડવંજ વિભાગમાં કચ્છીપુરા નામે કંપામાં વસવાટ કર્યો અત્યારે આ કંપાનું નામ સુખપુરા

તરીકે ઓળખાય છે. લગભગ સંવત ૨૦૦૦ પહેલાથી કંચ્છમાંથી પાટીદાર સમાજના વડીલોનું આગમન થયું. ત્યાર પછી સાબરકાંઠા જિલ્લામાં વિવિધ કંપાઓમાં વસવાટ કર્યો. જેમાં માધવકંપા, ગઢકંપા, હીરાપુરકંપા, ધરમેડાકંપા, લાલુકંપા, એમ બાયડ, ધનસુરા વિભાગમાં કેટલાય કંપાઓમાં નવી જમીન રાખી વસવાટ કર્યો. ત્યાર બાદ મોડાસા વિભાગમાં ત્યાર પછી વડાલી, ખેડબ્રહ્મા વિસ્તારમાં નવા કંપાઓ બનાવી વસવાટ કર્યો.

આ જિલ્લામાં કચ્છ કડવા પાટીદાર સમાજનો મુખ્ય વ્યવસાય ખેતી રહ્યો. ખેતીની સાથે સાથે લાકડાના વ્યવસાય સ્વીકારી સો-મિલ (બેન્સાઓ) નાંખી. આ સમાજના સૌથી વધારે કુટુંબો ભારતભરમાં જો વસવાટ કરતા હોય તો તે સાબરકાંઠા જિલ્લામાં છે. સાબરકાંઠા જિલ્લામાં આવ્યા ત્યારે આ સમાજની સામાજિક આર્થિક સ્થિતિ નબળી હતી. પરંતુ તેમની ધર્મભાવના ઘણી ઊંચી હતી. આ સમાજમાં બે પંથ જોવા મળે છે. જેમાં સતપંથ અને સનાતન પંથ. આ બે પંથો અલગ હોવા છતાં ક્યાંય એવું જાણવા નથી મળ્યું કે આ બંને પંથો વચ્ચે કોઈ સંઘર્ષ થયો હોય. સાબરકાંઠાના ઘણાખરા કંપા એવા છે કે જેમાં સતપંથ અને સનાતન બંને પંથના લોકો એકસાથે રહે છે. જો કે બંનેનાં મંદિરો અલગ અલગ બનાવેલાં જોવા મળે છે.

સાબરકાંઠા જિલ્લાના કચ્છ કડવા પાટીદારો આજે સમૃદ્ધિના ક્ષેત્રે હરણફાળ પ્રગતિ કરી રહ્યા છે. તે માત્ર સાબરકાંઠાના નહીં પરંતુ સમગ્ર ભારતનો પટેલ સમાજ છે. તેઓ મૂળ તો 'કણબી' (કૂર્મી) જ છે. એટલે કે તે ખેડૂત છે કે જેને કવિઓએ તેમની કવિતામાં 'જગતના તાત-પિતા'તરીકે નવાજ્યો છે. ભારતનો કોઈ પણ છેડો એવો નહિ હોય કે જ્યાં કચ્છી પટેલ ન વસ્યાં હોય. ગામડાંઓમાં ગ્રામજીવનનો પ્રાણ હોવા છતાં નિષ્પ્રાણ હતો. આવી અર્ધચેતન અવ્યવસ્થામાં પણ ગ્રામ-વિસ્તારમાં તો સદા ખેતીની જમીનો નવસાધ્ય કરવા પ્રસરતા રહેતા. એક કાળે જમીન કોઈની માલિકી ન હતી. ખેડે તેની જમીન ગણાતી પણ જે કાળથી જમીનની માલિકી રાજા અને રાજયની ગણાવા લાગી ત્યારથી જગતના આ તાતની અવદશા મંડાલી સ્થાપિત હિતવાળા સામંતોના વિસ્તારોમાં તેને 'કણબા' કહી તુચ્છકારતા. તેની પરસેવાની કમાણીનો મોટો ભાગ તો પાકતા તૈયાર ખળામાંથી જે સામંતો, શાહુકારો અને લાગાવાળા બળજબરીથી ઉપાડી જતા. તેની પાસે વેઠો પણ કરાવતા. ધાન પકવનારનાં સંતાનો ધાન વગરના લાચાર બની રહેતાં. કણબી તો લઘરવઘર કપડાંઓ પહેરી કાળી મજૂરીમાંથી જ ઊંચો ન આવતો. બીજી તરફ નિરક્ષરતા, અજ્ઞાનતા, ગરીબી તેને ઘેરી વળી તો હતી જ. શોષણથી તે સદા કણસતો હતો. ઓછામાં પૂરું અંધશ્રદ્ધા, વહેમ અને કુરિવાજોની આંધીમાં પણ તે છૂટી ન શકે તે સતત ચુસાતો રહ્યો.

પાદનોંધ :

૧. મનુસ્મૃતિ, ૧-૨૧-૨૩.
૨. મહાભહારત આદિપર્વ, ૬૫-૧૦-૧૧.
૩. ડૉ. રાઘેય રાઘવ, પ્રાચીન ભારતીય પરંપરા ઔર ઇતિહાસ, આત્મારામ ઍન્ડ સન્સ, દિલ્હી, ૧૯૫૩.
૪. સેન-ક્ષિતિમોહન આચાર્ય, ભારતવર્ષ ને જાતિભેદ, ઇ. થર્સ્ટર્ન, પૃ.-૧૧૪.
૫. એન્સાઇક્લોપીડિયા ઓફ બ્રિટાનિકા, વોલ્યુમ-૧૩, પ્રથમ આવૃત્તિ : ૧૯૨૯, પાન-૫૧૭.
૬. કૂર્મી ક્ષત્રિય હિતૈપી, ઇ.સ. ૧૯૧૨, અંક-૧૪.
૭. ડૉ. મંગુભાઈ પટેલ, પાટીદારોની ગૌરવગાથા, પાટીદાર સંશોધન અને પ્રકાશન કેન્દ્ર, અમદાવાદ, પૃ. ૨૯.
૮. એજન, પૃ. ૨૯
૯. પ્રો. જી. વી. પર્ટ 'ઓરિજીનલ ઇન્હેબીટન ઑફ ભારત વર્ષ', ભાગ-૨, પૃષ્ઠ ૨૩૭-૩૯
૧૦. એજન, પાના નં. ૩૨૪
૧૧. ડૉ. દિલાવરસિંહ જયસવાર, પ્રાગ-ઐતિહાસિક કાલમે કૂર્મી જાતિ, નઈ દિલ્હી, ૧૯૯૩ પૃ. ૨૦૧
૧૨. સ્કંધપુરાણ, ૩૩-૬૬
૧૩. શ્રી ભગવત દત્ત કૃત, ભારતવર્ષનો ઇતિહાસ, બીજી આવૃત્તિ, ૧૯૪૬, પાન-૪૪.
૧૪. પદ્મપુરાણ, સ્વર્ગ ખંડ, પાન-૩૯૯
૧૫. ડૉ. રાઘેય રાઘવ, 'પ્રાચીન ભારતીય પરંપરા અને ઇતિહાસ, પાન-૯૭.
૧૬. ડૉ. સંપૂર્ણાનંદ 'વેદાર્થપ્રવેશિકા' ભારતીયી જ્ઞાનપીઠ પ્રકાશન, દિલ્હી, પાન-૫૫.
૧૭. ઠાકર ભરતકુમાર પી. અને ઠાકર સંજય પી. કચ્છમિત્ર ભુજ, સુરખાબપૂર્તિ. તા. ૨૩-૮-૯૮ માં 'કુળકથા કણબી કોમની નામ લેખ, પૃષ્ઠ-૩.
૧૮. પરીખ પુરુષોત્તમ લલ્લુભાઈ, કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઇતિહાસ, પૃ.૨૭
૧૯. ઠાકર ભરતકુમાર પી. અને ઠાકર સંજય પી. ઉપરોક્ત તા. ૨૬-૭-૧૯૯૮.
૨૦. એજન, પૃ. ૩
૨૧. ડૉ. ઈશ્વરલાલ ઓઝા, અતિક્રાન્ત, ગુજરાત સાહિત્ય અકાદમી, અમદાવાદ ૨૦૦૫, પૃ.૪૨
૨૨. પરીખ પુરુષોત્તમ લલ્લુભાઈ, કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઇતિહાસ, પૃ.૧૧
૨૩. ડૉ. ઈશ્વરલાલ ઓઝા, અતિક્રાન્ત, ગુજરાત સાહિત્ય અકાદમી, અમદાવાદ, ૨૦૦૫, પૃ.૪૨
૨૪. ઠાકર ભરતકુમાર પી. અને ઠાકર સંજય પી. પૂર્વોક્ત તા. ૨૬-૭-૯૮, પૃ.૩
૨૫. પટેલ સી.કે. કચ્છ તારી અસ્મિતા, કચ્છ મિત્ર વિશેષ પ્રકાશનમાં 'ધીંગી ધરતીનાં ખંતીલાં છોરું પાટીદાર' નામક લેખ, પૃ. ૨૯૭
૨૬. ડૉ. ઈશ્વરલાલ ઓઝા, અતિક્રાન્ત, ગુજરાત સાહિત્ય અકાદમી અમદાવાદ, પૃ.૪૩

૨૭. પટેલ સી.કે. પૂર્વોક્ત

૨૮. સાર્થ જોડણીકોશ, પૃ. ૫૨૯

૨૯. ડૉ. ઈશ્વરલાલ ઓઝા, અતિકાન્ત, ગુજરાતી સાહિત્ય અકાદમી, અમદાવાદ, પૃ. ૪૪

૩૦. એજન.

૩૧. સાર્થ જોડણીકોશ, પૃષ્ઠ-૫૦૬

૩૨. દીપનારાયણસિંહ 'કૂર્મી ક્ષત્રિયત્વ નિર્ણય' પૃષ્ઠ ૨૦૩-૨૦૬, આવૃત્તિ-બીજી, ૭૬'-'૭૭, ઈ.સ. ૧૯૦૯

૩૩. પરાશરસ્મૃતિ, શ્લોક ૧૮-૧૯, અધ્યાય બીજો

૩૪. દીપનારાયણસિંહ : 'કૂર્મી ક્ષત્રિયત્વ નિર્ણય', પૃષ્ઠ-૨૦૩, ૨૦૫, દીપનારાયણસિંહજી અખિલ ભારતીય કૂર્મી ક્ષત્રિય મહાસભાના અમદાવાદના અધિવેશનમાં ગુજરાતમાં આવ્યા હતા.

૩૫. દીપનારાયણસિંહ : 'કૂર્મી ક્ષત્રિય નિર્ણય' બીજી આવૃત્તિ ૧૯૭૨, પાન ૭૬-૭૭

૩૬. ડૉ. મંગુભાઈ પટેલ, પાટીદારોની ગૌરવગાથા, પાટીદાર સંશોધન અને પ્રકાશન કેન્દ્ર, અમદાવાદ, પૃ. ૨૨

૩૭. એજન, પૃ. ૫૨

૩૮. એજન, પૃ. ૫૩

૩૯. પટેલ સી.કે. કચ્છી તારી અસ્મિતા, કચ્છ મિત્ર વિશેષ પ્રકાશનમાં 'ધીંગી ધરતીના ખંતીલા છોરુ પાટીદાર' નામક લેખ, ભૂજ-૧૯૯૬, પૃ.૨૯૭

૪૦. ઠાકર ભરતકુમાર પી. અને ઠાકર સંજય પી. કચ્છ મિત્ર ભુજ, સુરખાબપૂર્તિ તા. ૨૩-૮-૯૮ માં 'કુળકથા કણબી કોમની' નામક લેખ, પૃ.૩

૪૧. પરીખ પુરુષોત્તમ લલ્લુભાઈ, કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઈતિહાસ, પૃ. ૧૯૫-૯૬

૪૨. 'ઉમા-દર્પણ' પ્રથમ વિશેષાંક, સપ્ટેમ્બર ૧૯૯૬, પૃ. ૧૯

૪૩. પટેલ સી.કે. 'કચ્છ તારી અસ્મિતા', કચ્છ મિત્ર વિશેષ પ્રકાશનમાં 'ધીંગી ધરતીના ખંતીલા છોરુ પાટીદાર' નામક લેખ, પૃ. ૨૯૭

૪૪. પરીખ પુરુષોત્તમ લલ્લુભાઈ, કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઈતિહાસ, પૃ. ૧૯૫-૯૬

૪૫. કચ્છમિત્ર તા. ૨૩-૮-૯૮નો અંક સુરખાબપૂર્તિ પૃ.૩

૪૬. પરીખ પુરુષોત્તમ લલ્લુભાઈ, કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઈતિહાસ, પૃ. ૧૯૬

૪૭. ડૉ. મંગુભાઈ રા. પટેલ સામિપ્ય ઑક્ટોબર ૮૬માં કચ્છમાં કડવા પાટીદાર સમાજ અને સુધારા પ્રવૃત્તિ એક સમીક્ષા નામક લેખ, પૃ.૪૨-૪૩

૪૮. 'ગુજરાત સર્વ સંગ્રહ', પા. ૧૩૦-૪૨૮.

realpatidar.com



ડૉ. દિવ્યા પટેલ

જન્મ તારીખ : ૨૩-૧૧-૧૯૮૫

વતન : કોઠીકંપા, તા. વડાલી, જિ. સાબરકાંઠા

શિક્ષણ :

- ધોરણ ૧થી ૯ સુધી વડાલી.
- ધોરણ ૧૦થી ૧૨ ખેડબ્રહ્મા.
- બી. એ. (ઈતિહાસ) ૨૦૦૬, આર્ટ્સ કૉલેજ, વડાલી.
- એમ. એ. (ઈતિહાસ) ૨૦૦૮, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ. પાટણ.
- બી.એડ. (ઈતિહાસ) ૨૦૧૦, કૉલેજ ઓફ એજ્યુકેશન, દરામલી.
- પીએચ.ડી. (ઈતિહાસ) ૨૦૧૧, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ. પાટણ.
- એમ.ફીલ. (ઈતિહાસ) ૨૦૧૨, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ. પાટણ.

લેખનકાર્ય :

- 'શબ્દસર', 'વિ-વિદ્યાનગર' જેવાં સામયિકોમાં લેખોનું પ્રકાશન.
- 'રિસન્ટ થૉટ્સ', 'ઈન્ટરનેશનલ રિસર્ચ ઍક્સપો' જેવા નેશનલ જર્નલ્સમાં લેખોનું પ્રકાશન.
- 'પાટીદારગાથા', 'સાબરકાંઠા જિલ્લાનો કચ્છી કડવા પાટીદાર સમાજ', 'વિશ્વયુદ્ધ : આરંભ અને અંત' વગેરે પુસ્તકોનું પ્રકાશન .

પાટીદારગાથા

ડૉ. દિવ્યા પટેલ

જ્ઞાનમંદિર પ્રકાશન

ISBN 978-93-82614-02-9

9 789382 614029

₹ 100/-